BAOU
Education for All

# Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## એમ.એ.: ઈતિહાસ

## MAHIS-201

## દ્વિતીય સત્ર

# ભારતીય ઈતિહાસમાં નારી (ઈ.સ.1800-1950)



BAOU
Education
for all

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છેઃ **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્ સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**કુલપતિશ્રી, પ્રો.ડૉ. અમી ઉપાધ્યાય**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

ભારતીય ઈતિહાસમાં નારી (ઈ. સ. 1800-1950)

**નિદર્શન (Direction)**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ.) યોગેન્દ્ર પારેખ* | *નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનીટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**સંપાદક (Editor)**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ , ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**સહ –સંપાદક (Co-Editor)**

| | |
|---|---|
| *ડૉ. ગાયત્રી ગોહેલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. અલ્પેશ પરમાર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રા. વંદન ગોર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિ (Subject Committee)**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ.) અરુણ વાઘેલા* | *પ્રોફેસર & અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ.) જીગીશ પંડ્યા* | *પ્રોફેસર & અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, એસ.પી.યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.* |

**વિષય પરામર્શન (Subject Review)**

| | |
|---|---|
| *ડૉ. પ્રફુલ્લા બ્રહ્મભટ્ટ* | *પ્રિન્સિપાલ અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, આર્ટસ કોલેજ, ધનસુરા.* |
| *ડૉ. ફાલ્ગુની પરીખ* | *અધ્યાપક, એચ. કે. પટેલ આર્ટસ કોલેજ, અમદાવાદ* |

**લેખન (Writing)**

| | |
|---|---|
| *ડૉ. ગાયત્રી ગોહેલ* | *આસીસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| *ડૉ. હસીના બાબરીયા* | *આસીસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન કોલેજ, સુરેન્દ્રનગર* |
| *ડૉ. ઉષાબેન ગઢવી* | *આસીસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાત કોલેજ, અમદાવાદ* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *અધ્યાપક અને વિભાગાધ્યક્ષ, ઈતિહાસ વિષય, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| *ડૉ. તૃપ્તિ આચાર્ય* | *આસીસ્ટન્ટ પ્રોફેસર, કવિશ્રી બોટાદકર આર્ટસ એંડ કોમર્સ કોલેજ, બોટાદ* |
| *ડૉ. તસ્લીમા શેખ* | *આસીસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન કોલેજ, બાવળા.* |

**ભાષા પરામર્શન (Language Review)**

ભક્તિ વોરા

**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

*આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.*

**પ્રથમ આવૃત્તિ – 2026**

**ISBN : 978-93-5598-766-2**

978-93-5598-766-2

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**એમ.એ. : ઈતિહાસ**

**MAHIS-201**

**દ્વિતીય સત્ર**

## ભારતીય ઈતિહાસમાં નારી (ઈ.સ.1800-1950)


**એકમ : 1** **01**

**નારી ઈતિહાસને લગતા માહિતીના સાધનો**

**એકમ : 2** **22**

**નારી અધ્યયન માટેના અભિગમો –ઉદારવાદી અને ઉદ્દામવાદી**

**એકમ : 3** **34**

**19 મી સદીમાં ભારતીય સમાજમાં નારીનો દરજ્જો**

**એકમ : 4** **57**

**સાંસ્થાનિક ભારતમાં સામાજિક ચેતના-સુધારણા ચળવળો, નારી શિક્ષણ, નારી સંબંધિત કાયદાઓ**

**એકમ : 5** **81**

**19મી સદીમાં સ્ત્રી નેતૃત્વ- રાણી લક્ષ્મીબાઈ, ઝલકારીબાઈ, પંડિતા રમાબાઈ, ગંગાબહેન યાજ્ઞિક, જમનાબાઈ પંડિત, સાવિત્રીબાઈ ફૂલે**

**એકમ : 6** **96**

**સ્વાતંત્ર્યના આંદોલનો અને સ્ત્રીઓની ભાગીદારી- સરોજિની નાયડુ, કમલાદેવી ચટ્ટોપાધ્યાય, સુચેતા કૃપલાણી, ઉષાબહેન મહેતા, મણિબહેન પટેલ**

**એકમ : 7** **106**

**સ્ત્રી સંગઠનો - વનિતા વિશ્રામ સુરત - અમદાવાદ (1907) હિંદ સ્ત્રી મંડળ (1911) ઓલ ઈન્ડિયા વિમેન્સ કૉન્ફરન્સ (1927)**

એકમ : 8 116
સાહિત્ય અને ઈતિહાસ લેખનના ક્ષેત્રમાં સ્ત્રીઓનું પ્રદાન 1850 થી 1950

એકમ : 9 131
ભારતીય બંધારણ અને નારી સંબંધી કલમો

એકમ : 10 145
રાજકારણમાં મહિલાઓની ભાગીદારી, પંચાયતો અને મ્યુનિસિપલ કાઉન્સિલ,
રાજ્ય વિધાનસભા અને સંસદભવન

એકમ : 11 176
મહિલા પ્રતિનિધિત્વ અને તેમાં ભાગીદારી-સંગીત નૃત્ય, ચિત્રકામ, ફિલ્મો અને થિયેટર
અને બીજી કલા (1800 થી 1950)

એકમ : 12 195
ગુજરાતી સ્ત્રી સામયિકો : નારી ચેતનાનો આવિષ્કાર 1850 થી 1947

એકમ : 13 208
સર્વહારા અભ્યાસમાં મહિલાઓ અને યોગદાન

એકમ : 14 219
આધુનિક સ્ત્રી આંદોલનો અને કાયદો

# પાઠ્યક્રમ પરિચય

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એમ.એ. સેમ-02 ના ઈતિહાસ વિષયમાં પેપર-૦૧ ભારતીય ઈતિહાસમાં નારી (( ઈ.સ.1850 થી 1950 સુધી ) આ પાઠયક્રમમાં આપનું સ્વાગત છે.*

*વિદ્યાર્થી મિત્રો, ભારતીય ઈતિહાસમાં નારી ( ઈ.સ.1800 થી 1950 સુધી ) આ પેપરના અભ્યાસથી ઈ.સ.1800 થી 1950ના સમયગાળામાં ભારતની સ્ત્રીઓની ભૂમિકા,સ્થાન,અધિકાર અને સમાનતાના સંઘર્ષને સમજવામાં સહાય રૂપ થશે.*

*આ સમયની સુધારણા ચળવળો થવા પાછળના કારણો, ચળવળોનો ઈતિહાસ,નારી શિક્ષણ ,નારી સબંધિત કલમો અને કાયદાનો અભ્યાસ કરી શકશો.*

*સ્વતંત્રતા આંદોલનના અલગ અલગ પડાવો ઉપર સ્ત્રીઓની ભાગીદારી ઉજાગર થશે. મહિલા વિષયક સુધારણા ક્ષેત્રે જોડાયેલ સુધારક સન્નારીઓએ કરેલા કાર્ય તથા આવી સંસ્થાઓનો પરિચય થશે. રાજકારણ, સાહિત્ય અને કલા ક્ષેત્રે પ્રવૃત નારીઓથી પરિચિત થશો.*

*સંવિધાનમાં આપવામાં આવેલા સ્ત્રીઅધિકારોનો અભ્યાસ વિદ્યાર્થીઓમાં જાગૃતતા વધશે. વિદ્યાર્થીઓને જાતિભેદ,પુરુષપ્રધાન માન્યતાઓ અને સામાજિક માપદંડોને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી વિશ્લેષણ કરવાની ક્ષમતા વધશે.*

*આ પેપરના અભ્યાસથી નારી સંશોધનના ક્ષેત્રમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે એક નવી દિશા ઉભી થશે.*

| એકમ : 1 | નારી ઈતિહાસને લગતા માહિતીના સાધનો |
|---|---|

**:: રૂપરેખા ::**

**1.1 ઉદ્દેશો**

**1.2 પ્રસ્તાવના**

**1.3 નારી ઈતિહાસને લગતા માહિતીના પ્રથમ કક્ષાનાં સાધનો**

**1.3.1 નારી પ્રધાન લખાણો**

**1.3.2 સ્ત્રી સામયિકો**

**1.4 નારી ઈતિહાસને લગતા માહિતીનાં દ્વિતીય કક્ષાનાં સાધનો**

**1. 5 સંદર્ભ**

**1.6 ચાવીરૂપ શબ્દો**

**1.7 તમારી પ્રગતિ ચકાસો**

**1.8 સંદર્ભગ્રંથો**

## 1.1 ઉદ્દેશો

- *નારી ઈતિહાસનાં અભ્યાસ માટે ઉપયોગી પ્રથમ કક્ષાનાં સાધનો જાણી શકાય.*
- *નારી ઈતિહાસનાં અભ્યાસ માટે ઉપયોગી દ્વિતીય કક્ષાનાં સાધનો જાણી શકશો.*
- *નારી અભ્યાસ માટે ઉપયોગી સ્ત્રી- સામયિકો વિશે માહિતગાર બનશો.*

## 1.2 પ્રસ્તાવના

*સબલ્ટૅન ઈતિહાસ એટલે એવો ઈતિહાસ જે સત્તાના કેન્દ્રોમાં રહેલા રાજાઓ કે મહાનુભાવોને બદલે સમાજના છેવાડાના, દબાયેલા અને હાંસિયામાં ધકેલાયેલા સમુદાયોના દૃષ્ટિકોણથી લખાયો હોય. નારીઓ સબલ્ટૅન ઈતિહાસનો અત્યંત મહત્ત્વનો ભાગ છે કારણ કે તેઓ સદીઓથી "બમણા શોષણ"નો શિકાર રહી છે. સબલ્ટૅન વિચારધારા મુજબ, જ્યાં દલિત કે મજૂર પુરુષ માત્ર સામાજિક કે આર્થિક રીતે દબાયેલો હોય છે, ત્યાં સ્ત્રીઓ સમાજની સાથે સાથે ઘરના પિતૃસત્તાક માળખામાં પણ હાંસિયામાં ધકેલાયેલી હોય છે, જેને ' સબલ્ટૅન મધ્યે સબલ્ટૅન 'ની સ્થિતિ કહેવાય છે. પરંપરાગત ઈતિહાસમાં હંમેશા સત્તા, યુદ્ધો અને પુરુષોના વર્ચસ્વની વાતો નોંધાઈ છે, જ્યારે સ્ત્રીઓનો અદ્રશ્ય શ્રમ, તેમની રોજિંદી વેદનાઓ અને*

*સામાજિક પરિવર્તનમાં તેમનો પાયાનો ફાળો કાયમ 'મૌન' રહ્યો છે. સબલ્ટ્ન દૃષ્ટિકોણ આ મૌનને તોડીને સ્ત્રીઓના અવાજને તેમના નાનામાં નાના પ્રતિરોધને ઈતિહાસના મુખ્ય પ્રવાહમાં લાવવાનું કામ કરે છે.*

*નારી ઈતિહાસ લેખનની જરૂરિયાત મુખ્યત્વે પરંપરાગત ઈતિહાસમાં પ્રવર્તતા 'પુરુષ-કેન્દ્રી' દૃષ્ટિકોણને સુધારવા અને સ્ત્રીઓના અદ્રશ્ય પ્રદાનને ન્યાય આપવા માટે ઊભી થઈ છે. સદીઓ સુધી ઈતિહાસ માત્ર રાજાઓ, યુદ્ધો અને રાજકીય સત્તાના દસ્તાવેજ તરીકે લખાયો, જેમાં સમાજનો અડધો હિસ્સો એવી સ્ત્રીઓના શ્રમ, સંઘર્ષ અને સામાજિક ભૂમિકાને અવગણવામાં આવી હતી. સ્ત્રીઓ જે સામાજિક અને ઘરેલું માળખામાં જીવતી હતી, તેમની ગૂંગળામણ, તેમની આકાંક્ષાઓ અને પિતૃસત્તાક દૃષ્ટિથી વ્યવસ્થા સામેના તેમના છૂપા પ્રતિરોધને સમજવા માટે નારીના દૃષ્ટિકોણથી ઈતિહાસ લખવો અનિવાર્ય બન્યો. વધુમાં, સ્ત્રી-વિશિષ્ટ અનુભવો જેવા કે માતૃત્વ, ઘરગથ્થુ અર્થતંત્રમાં ફાળો અને સાંસ્કૃતિક વારસાના જતનમાં તેમની ભૂમિકાને પિતૃસતાક દ્રષ્ટિથી જોવાથી સત્ય અધૂરું રહેતું હતું. આમ, ઈતિહાસને વધુ સર્વગ્રાહી, સંતુલિત અને માનવીય બનાવવા માટે, તેમજ સ્ત્રીઓને માત્ર 'પાત્ર' મટાડીને 'ઈતિહાસના સર્જક' તરીકે સ્થાપિત કરવા માટે નારી ઈતિહાસ લેખનની જરૂરિયાત ઉભી થઈ છે.*

"No Document no History" *દસ્તાવેજ વગત ઈતિહાસ લખી હાય નહી. નારી ઈતિહાસના અભ્યાસ માટે વિપુલ પ્રમાણમાં સાધનો ઉપલબ્ધ છે. જેમાં* 1. *પ્રથમ કક્ષાના અને,* 2. *દ્વિતીય કક્ષાના સાધનોનો સમાવેશ થાય છે.*

*નારી ઈતિહાસ લેખન એટલે 'નારીને વિષય બનાવી, કેંદ્રમાં રાખી, નારીને નારી તરીકે આલેખવી.*

*નારી ઈતિહાસને લગતા માહિતીનાં સાધનોની વિગતે ચર્ચા નીચે મુજબ કરીએ.*

## 1.3 નારી ઈતિહાસને લગતા માહિતીના પ્રથમ કક્ષાનાં સાધનો

### 1.3.1 નારી પ્રધાન લખાણો

- **જીવન સંભારણા**

*શારદાબહેન મહેતાની આત્મકથા 'જીવન સંભારણા' એ માત્ર એક સ્ત્રીના સ્મરણો નથી, પરંતુ વીસમી સદીના પૂર્વાધમાં ગુજરાતમાં જાગેલી નારી ચેતનાનો એક જીવંત દસ્તાવેજ છે. જેમાં તે સમયની સ્ત્રીઓના જીવનમાં વણાયેલી મર્યાદાઓ, રૂઢિચુસ્તતા અને પિતૃસત્તાક માળખાના પડકારો સ્પષ્ટપણે જોઈ શકાય છે. લેખિકાએ દર્શાવ્યું છે કે તે યુગમાં સ્ત્રી શિક્ષણને મહત્ત્વ આપવામાં આવતું ન હતું. અને સ્ત્રીઓનું જીવન માત્ર રસોડા કે બાળઉછેર પૂરતું મર્યાદિત હતું, છતાં તેમણે સામાજિક અવરોધોને ઓળંગીને બૌદ્ધિક વિકાસનો માર્ગ અપનાવ્યો. સમાજ નિરુપણના સંદર્ભમાં જોઈએ તો, આ કૃતિમાં તત્કાલીન હિંદુ સમાજની જ્ઞાતિપ્રથા, બાળલગ્ન, વિધવાઓની સ્થિતિ અને અંધશ્રદ્ધાનું ચિત્રણ અત્યંત ઝીણવટપૂર્વક થયું છે. શારદાબહેનની જીવન સંભારણા કૃતિમાંથી સમાજમાં પ્રવર્તતા કુરિવાજો સામે સુધારાવાદી અભિગમ પણ*


જાણી શકાય  છે. તેમના જીવન પર તેમના નાના ભોળાનાથ સારાભાઈનો ગાઢ પ્રભાવ હતો, જે કૃતિના દરેક પૃષ્ઠ પર દેખાય છે. આ કૃતિના આધારે જાણી શકાય છે કે, તત્કાલીન સમયમાં સ્ત્રી ઘરની ચાર દીવાલોમાંથી બહાર જાહેર જીવન, શિક્ષણ અને રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં કઈ રીતે સક્રિય ભૂમિકા ભજવી હતી.

- **પાર્વતીકુંવર આખ્યાન**

મહિપતરામ રૂપરામ નીલકંઠ દ્વારા લખાયેલ 'પાર્વતીકુંવર આખ્યાન' ગુજરાતી સાહિત્યમાં એક મહત્ત્વપૂર્ણ સામાજિક દસ્તાવેજ તરીકે માનવામાં આવે છે. આ કૃતિ માત્ર સાહિત્યિક આખ્યાન નથી, પરંતુ નારી ઈતિહાસ લેખન માટે એક મહત્ત્વપૂર્ણ સ્રોતરૂપ છે. આ આખ્યાનમાં નારી જીવનનું આલેખન એક 'સહધર્મિણી' અને 'સાથી' તરીકે થયું છે, જે તે સમયની રૂઢિચુસ્ત પરંપરાઓ સામે અડગ ઊભી રહી શકે છે. પાર્વતીકુંવરના પાત્ર દ્વારા લેખકે સાબિત કર્યું કે સ્ત્રી માત્ર ઘરેલું કામકાજ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે બૌદ્ધિક રીતે સક્ષમ બનીને સામાજિક બદલાવમાં મોટું પ્રદાન આપી શકે છે. સમાજ નિરૂપણની દ્રષ્ટિએ આ કૃતિ તે સમયની જડતા અને જ્ઞાતિવાદનું જીવંત ચિત્ર રજૂ કરે છે; જ્યારે મહિપતરામ ઈંગ્લેન્ડ ગયાં ત્યારે સમાજે તેમને અને પાર્વતીકુંવરને જે રીતે નાતબહાર કર્યા અને ભારે માનસિક યાતનાઓ આપી, તે તત્કાલીન સમાજની કઠોર વાસ્તવિકતા અને અંધશ્રદ્ધાને ઉજાગર કરે છે. આ કૃતિ દર્શાવે છે કે એ યુગમાં સુધારકોએ સ્ત્રીઓને શિક્ષિત કરવા માટે માત્ર ઘરની દીવાલો સાથે જ નહીં, પણ આખા સમાજના વિરોધ સામે ઝઝૂમવું પડતું હતું. આમ, આ આખ્યાન એક આદર્શ નારીના જીવનચરિત્રની સાથે સાથે ગુજરાતના સામાજિક પુનરુત્થાનની ઐતિહાસિક ગાથા બની રહે છે. 'પાર્વતીકુંવર આખ્યાન' નારી ઈતિહાસ લેખનમાં એક મૂલ્યવાન સ્રોત છે, કારણ કે તે 19મી સદીના ગુજરાતી સમાજમાં સ્ત્રીની સ્થિતિ, સમસ્યાઓ અને સંઘર્ષોને જીવંત રીતે રજૂ કરે છે. આ કૃતિ સાહિત્ય અને ઈતિહાસ વચ્ચેનો સેતુ બનીને નારીજીવનના અધ્યયન માટે મહત્ત્વપૂર્ણ આધાર પૂરું પાડે છે.

## 1.3.2 સ્ત્રી સામયિકો

- **સ્ત્રીબોધ**




ગુજરાતી ભાષાનું સૌપ્રથમ માસિક સ્ત્રીબોધ ઈ.સ. 1857માં શરૂ થયું. બહેરામજી ગાંધી, સોરાબજી બંગાળી, કરસનદાસ મૂળજી, મંગળદાસ નાથુભાઈ, નાનાભાઈ હરિદાસ જેવા તેના પ્રણેતાઓ મુંબઈની એલ્ફિન્સટન લિટરરી એન્ડ સાયન્ટિફીક સોસાયટી સાથે સંકળાયેલા હતા.

*મહિલાઓ માટે શરૂ થયેલા ભારતના પ્રથમ માસિક 'સ્ત્રીબોધ'ના મુખ્ય સ્થાપક અને તંત્રી કેખુશરો કાબરાજી હતા. સ્ત્રી બોધમાં મહિલાઓના લેખો પ્રસિદ્ધ થતા સૌપ્રથમ લેખિકા જરબાઈ વાડિયા હતા. તેમણે ઈ.સ.* 1863 *થી પતિવ્રતા બાયડીનો વહેમી ભરથાર જેવી સમાજ સામે ઠઠ્ઠા મશ્કરી કરતી વાર્તાઓ પ્રસિદ્ધ કરી. આ વાર્તાઓમાંથી સમાજની નરી વાસ્તવિકતા વિશે માહિતી મળે છે. ઈ.સ.* 1904 *થી ઈ.સ.* 1914 *સુધીના સમયગાળા દરમિયાન તેમણે સંગીત, પાકશાસ્ત્ર, સ્ત્રીઓની તંદુરસ્તી અને સુવાવડ તેમજ બાળઉછેર જેવા લેખો પર ભાર મૂકીને સ્ત્રી બોધે તેને નવો વળાંક આપ્યો હતો. આ લેખો પરથી તત્કાલિન સ્ત્રી જીવન અને સમસ્યા વિશે માહિતી મળે છે. સ્ત્રી મિત્ર માસિક મહિલાઓના પ્રશ્નોની પણ ચર્ચા કરતું તેમજ પુરુષ પ્રધાન સમાજ વિશે ટીકા કરતું જે સંદર્ભે પણ માહિતી મળે છે.*

- **સ્ત્રી જ્ઞાનદીપક :**

*'સ્ત્રી જ્ઞાનદીપક' ,મેગેઝિન ઈ.સ.* 1867*માં પારસી શિક્ષક શોરાબજી મંચેરજી ભાગોલિયાએ શરુ કર્યું હતું. સ્ત્રી જ્ઞાન દીપકમાંથી સ્ત્રી જીવન ઉપયોગી નિબંધો, સુંદર કાવ્યો, સ્ત્રીને માટે અત્યંત મહત્ત્વનાં શરીરની તંદુરસ્તી અંગેના લેખોની શ્રૃંખલા મળે છે. શોરાબજી મંચેરજી ભાગોળીયા ઈ.સ.* 1868*થી મુંબઈના યુનિયન પ્રેસમાં સ્ત્રી જ્ઞાનદીપકનો અંક છપાવતા. 'સ્ત્રી જ્ઞાનદીપક : હિંદુ તથા પારસી બાઈઓને જ્ઞાન ઉપજે એવો ઉપયોગી વિષયોનો સંગ્રહ' જ્ઞાનદીપક અનેક વિષયોને સ્પર્શતું હતું. તંદુરસ્તીને ઉપયોગી સૂઝાવો, વાળ, ચામડી, શરીરની કાળજી વિશે કસરતો, ઈલાજોને લગતી બાબતોનો તેમાં સમાવેશ થતો.*

- **સ્ત્રી સદબોધ રત્ન :**

*'સ્ત્રી સદબોધ રત્ન' મહિલાઓ માટે મહિલાએ શરૂ કરેલું પ્રથમ ગુજરાતી સામયિક છે. તેની શરૂઆત ઈ.સ.* 1882*ના ઑક્ટોબર માસમાં ખેડાં ગામનાં તુલસીબાઈએ કરી હતી. આ સામયિક શરૂ કરીને તુલસીબાઈએ તે સમયનાં સંયુક્ત ગુજરાત મહારાષ્ટ્રનાં પ્રથમ મહિલા પત્રકાર થવાનું માન મેળવ્યુ હતુ. સ્ત્રીઓના પ્રશ્નોના વ્યાપક રીતે લોકો સુધી પહોંચાડવા માટે તથા આ પ્રશ્નોના વિશે સમાજમાં જાગ્રુતિ લાવવાના હેતુથી તેમણે આ સામયિક શરૂ કર્યુ હતુ.*

- **સુંદરી સુબોધ**

*'સુંદરી સુબોધ' ગુજરાતનું સૌથી લોકપ્રિય સામયિક હતું. આ સામયિક રામમોહનરાય દેસાઈના તંત્રીપદ નીચે ઈ.સ.* 1903*માં શરૂ થયું. મુસ્લિમ અને પારસી સ્ત્રીઓ આ સામયિકમાં લેખો પ્રસિદ્ધ કરતી આ લેખોમાંથી આપણને સ્ત્રી જીવનને સ્પર્શતા મુદ્દાઓ વિશે જાણકારી મળે છે. 'સુંદરી સુબોધ' માં સ્ત્રી શિક્ષણ પર ખાસ ભાર મુકવામાં આવતો. હિંદુ સમાજમાં પરિવર્તન લાવે તેવા લેખો દ્વારા સ્ત્રીઓની સામાજિક સ્થિતિ સુધારવાના જે પ્રયાસો થયા એ વિશેની માહિતીથી માહિતગાર થઈએ છીએ. સમાજસુધારણાના પ્રયાસો વિશે જાણકારી મળે છે. સુબોધમાં સ્ત્રી શિક્ષણ પર ખૂબ ભાર મુકવામાં આવતો હતો. સુંદરી સુબોધમાં*

*અવારનવાર લેખો પ્રસિદ્ધ કરનાર અમદાવાદના સુલોચનાબહેન દેસાઈ, સુરતના નાનીબહેન ગજ્જર તથા બાજીગૌરી મુનશી હતા.*

*માત્ર શહેરની કે કેળવણી પામેલી સ્ત્રીના જ નહીં પરંતુ ગામડામાં રહેતી નારીઓનાં જીવન સંબંધી લેખો પ્રસિધ્ધ થતા. સુંદરી સુબોધમાં તત્કાલીન સમાજમાં પ્રચલિત રૂઢિઓની નિંદા થતી, પડદા પ્રથા, વિધવા વિવાહ, મુત્યુ પછી રડવાની પ્રથા વગેરે જેવી પ્રથાની નિંદા કરતા લેખો છપાતા હતા. જેથી આ સામયિક દ્વારા આપણને તત્કાલીન પરિસ્થિતિની જાણકારી મળે છે. જે નારી ઈતિહાસ લેખન માટે ઉપયોગી સાધન છે .*

- **સ્ત્રી હિતોપ્રદેશ :**

*સ્ત્રી હિતોપ્રદેશની શરૂઆત ઈ.સ. 1909માં જમનાબહેન સ્કકાઈ, જડાવબહેન મોતીવાલા, લક્ષ્મીબહેન જગમોહનદાસ અને જમનાબહેન માળવી જેવી મુંબઈની શ્રીમંત વર્ગની આગેવાન મહિલાઓએ કરી હતી. સ્ત્રી હિતોપ્રદેશ ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળનું મુખપત્ર હતું. આ સામયિકમાંથી મુંબઈ ઉપરાંત તળગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની સ્ત્રીઓના જીવન વિશે જાણકારી મળે છે. સ્ત્રી સમાજમાં પ્રચલિત રિવાજો સમાજના કુરિવાજો વિશે જાણકારી મળે છે.*

*મુંબઈના ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળની ઈ.સ 1913માં ભાવનગરમાં શાખા કઈ રીતે ખુલી, અને તેમાં મહારાણી નંદકુંવરબા અને હરિસુખ ગૌરી મહેતા ઉપરાંત અન્ય બીજી કઈ કઈ મહિલાઓએ ભાગ ભજવ્યો તેની ઉપયોગી વિગતો આ સામયિકમાંથી પ્રાપ્ત થાય છે.*

- **વનિતા વિજ્ઞાન**

*'વનિતા વિજ્ઞાન' વનિતા વિશ્રામ નામની સંસ્થાનું મુખપત્ર હતું. ઈ.સ. 1909માં સામયિક શરૂ કરવામાં આવ્યુ હતુ. નાનીબહેન અને બાજીગૌરી તેના તંત્રી હતા. વનિતા વિશ્રામમાં રહેતી વિધવાઓ પોતાના અનુભવો આ મુખપત્રમાં છાપતી. સ્ત્રીઓ વનિતા વિશ્રામમાં રહી આત્મનિર્ભર કઈ રીતે બની એ વિશે આપણને જાણકારી વનિતા વિજ્ઞાન માંથી મળે છે.*

*'વનિતા વિજ્ઞાન' એ 19મી સદીના અંતમાં અને 20મી સદીની શરૂઆતમાં સ્ત્રીઓને ઘરગથ્થુ વ્યવહાર, સ્વાસ્થ્ય, અને કેળવણી આપવાના ઉદ્દેશ્યથી શરૂ થયેલું એક મહત્ત્વનું સાહિત્યિક પાસું છે. નારી ઈતિહાસના સાધન તરીકે તેનું મહત્ત્વ વિશેષ છે. તે સમયના સમાજમાં સ્ત્રીની ભૂમિકા કેવી રીતે જોવામાં આવતી હતી અને આધુનિકતાના પવનો સ્ત્રીઓના રસોડા સુધી કેવી રીતે પહોંચ્યા હતા. તેની જાણકારી આપે છે.*

- **સ્ત્રી જીવન**

*સ્ત્રી જીવન સામયિકનું સૂત્ર હતુંઃ 'જીવનમાં શીલ, સંસ્કાર અને સૌંદર્યને પ્રેરતું સ્ત્રી માસિક. સ્ત્રી જીવન સામયિકના સંપાદકનું કાર્ય મનુભાઈ મેઘાણી અને વાડીલાલ*

*મેઘાણીએ કર્યું હતું. સ્ત્રી જીવનના વિવિધ પ્રશ્નોને આવરી લઈ આ સામયિક પ્રકાશિત થતું હતું. સાંપ્રત સમયમાં સ્ત્રી જગતમાં ઘટતી ઘટનાઓ જેવી કે, ભારત અને ગુજરાતમાં સ્ત્રીને લગતી અગત્યની ખબરો સ્ત્રીને મળેલ કોઈ વિશેષ દરજ્જો, કોઈ વિશિષ્ટ સિદ્ધિ કે કોઈ વિશેષ ક્ષેત્રમાં સ્ત્રીએ ચંદ્રક પ્રાપ્ત કર્યા હોય વગેરે જેવા લેખો "સ્ત્રી જગત" માં છપાતા. આમ, સ્ત્રી જીવન સામયિકમાંથી નારી જીવનને સ્પર્શતી તમામ બાબતોની માહિતી મળતી હતી.*

- **યશોદા**

*યશોદા સામયિકની શરૂઆત ઈ.સ. 1927માં મણિલાલ નભુભાઈ દોશી દ્વારા કરવામાં આવી હતી. આ માસિકમાં સ્ત્રી જગત, મહિલા ધર્મ, બાળઉછેર, સખીને પત્ર, હાસ્ય, સુવિચાર જગત જેવા વિભાગો રહેતા. સ્ત્રી જગતમાં સ્ત્રીઓની સામાજિક ફરજો, સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ, સ્ત્રી કેળવણીની જરૂરીયાત, હિંદુ વિધવાઓનું નીરાધાર જીવન વિશે, માતૃપદની મહત્ત્વતા વિશે વિગેરે સ્ત્રી જીવનને સ્પર્શતી બાબતો પર લેખો પ્રકાશિત થતા. આ લેખોમાંથી આપણને સ્ત્રી જીવનને સ્પર્શતી વિગતો મળે છે.*

*આ ઉપરાંત સરસ્વતી, ગૂલશન, નાગરમિત્ર, પાટીદાર હિતેચ્છુ, પટેલ બંધુ, કલોલમિત્ર, વડોદરા અનાવિલ સેવક વગેરે જેવા મેગેઝિન, સામયિકમાંથી આપણને સ્ત્રીજીવન, તત્કાલીન સામાજિક પરિસ્થિતિ, તત્કાલીન સમયમાં પ્રચલિત કુરિવાજો વગેરે જેવા સ્ત્રી જીવનને સ્પર્શતા મુદ્દાઓ વિશે માહિતી પ્રાપ્ત થાય છે.*

## 1.4 નારી ઈતિહાસને લગતા માહિતીનાં દ્વિતીય કક્ષાનાં સાધનો

### ગુજરાતમાં નારીચેતના

*ગુજરાતમાં નારીચેતના પુસ્તકનાં લેખક ડૉ. શિરીન મહેતા છે. ગુજરાતની સંસ્કૃતિનાં ચણતર, ઘડતરમાં સ્ત્રીની ભૂમિકા વિશે જાણકારી આ પુસ્તકમાંથી મળે છે. સ્ત્રી-અભ્યાસની શરૂઆત નારીવાદ, સ્ત્રી ઈતિહાસ વિશે માહિતી મળે છે. સિંધુખીણની સંસ્કૃતિથી લઈને આધુનિક ભારત સુધી સ્ત્રીઓની રાજકીય, સામાજિક સ્થિતિ વિશે જાણકારી 'ગુજરાતમાં નારીચેતના' પુસ્તકમાંથી મળે છે. ઉપરાંત પ્રાચીન અને મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓના સામાજિક દરજ્જા વિશે જાણકારી મળે છે. નારીચેતનાનાં સમર્થન સમાજસુધારકો, ગુજરાતમાં સ્ત્રી સંસ્થાનો ઉદ્દભવ અને વિકાસ, તેમની પ્રવુત્તિઓ, સ્ત્રીઓની ઓળખના પ્રતિકશમાં વનિતા આશ્રમો વિષે માહિતી મળે છે.*

### નારી પ્રતિભાઓ

*'નારી પ્રતિભાઓ' પુસ્તકનાં લેખક બેલા ઠાકર છે. બસો વર્ષ પહેલા નારીવાદની પ્રખર હિમાયત કરનાર મહિલા મેરી વુલસ્ટોનક્રાફ્ટ, ઉપરાંત અન્ય વિદેશી મહિલાઓ જેવી કે એડિથ પેચે, એની બેસન્ટ, મીરાબહેન વિષે જાણકારી નારી પ્રતિભાઓ પુસ્તકમાંથી મળે છે. ભારતની આઝાદીની લડતનાં લડવૈયા મેડમ કામા,*

*પ્રખર દેશભક્ત અને સ્વાતંત્ર સેનાની અરુણા અસફ અલી, નાટ્યક્ષેત્રે નામના મેળવનાર સંયુક્ત પાણિગ્રહી, યામિની કૃષ્ણમૂર્તિ, ડૉ. કનક વિશે જાણકારી મળે છે.*

*ગુજરાતનાં અગ્રણી સામાજિક અને રાજકીય કાર્યકર પુષ્પાબહેન મહેતા, સ્ત્રીશિક્ષણ અને સામાજિક કાર્યો કરનારા અરુણાબહેન દેસાઈ વગેરે વિષે તેમના કાર્યો અને જીવન વિષે માહિતી મળે છે. દેશના સહુથી મોટા કામદાર મંડળ અને આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા સેવા સંસ્થાના સ્થાપક ઈલાબહેન ભટ્ટની પ્રવુત્તિથી માહિતગાર થઈએ છીએ.*

**ભારતની વિરાંગનાઓ**

*'ભારતની વિરાંગનાઓ' પુસ્તકનાં લેખક ટીના દોશી છે. ઈ.સ.* 1857*ના વિપ્લવમાં નારીઓ રત્ન બનીને ઝળકેલી. બેગમ હઝરત મહલ, રાણી લક્ષ્મીબાઈ જેવી વીરાંગનાઓએ પોતાની કુશળ રણનીતિ અને વ્યૂહરચનાથી અંગ્રેજોને ધૂળ ચાટતા કર્યા હતા એ વિશે જાણકારી મળે છે. નાયિકાદેવી, રાણી દૂર્ગાવતી, મહારાણી તારાબાઈ, ઝલકારીબાઈ, અવંતીબાઈ, સરોજિની નાયડુ, મીઠુબહેન પીટીટ, રમાદેવી ચૌધરી, કમલા નેહરૂ, સૂચિતા કૃપલાણી વગેરે મહિલા વિશે જાણકારી મળે છે.*

**ભારતીય નારી શોષણના બદલાતા આયામ**

*ભારતીય નારી શોષણના બદલાતા આયામ પુસ્તકના લેખક ડૉ. મંજુલતા છીલ્લર છે. મહાદેવી વર્મા કહે છે કે, નારી માત્ર સાંસપિંડની સંજ્ઞા નથી. પ્રાચીન સમયથી આજ દિન સુધી પુરૂષોનો સાથ આપી, જે વ્યક્તિત્વ, ચેતનાનો વિકાસ થયો તેનો પર્યાય નારી છે. આ પુસ્તકમાં નારી શોષણ વિશે વિગતે માહિતી મળે છે. નારી શોષણના સ્વરૂપ, મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા, મહિલા કાનૂન, બંધારણ દ્વારા મહિલાઓને આપવામાં આવેલ સૂરક્ષા, મહિલાઓની સ્થિતિ સુધારવા માટે લેવામાં આવેલા પગલાંઓ, સરકારની વિવિધ યોજનાઓ જેમકે, બાલિકા સમૃદ્ધ યોજના, બાલિકા સંરક્ષણ યોજના વગેરે મહિલા ઉત્થાન માટેના કાયદાઓ વિશે માહિતી મળે છે.*

**ગુજરાતમાં નારીચેતના અને વંચિત મહિલાઓનાં પડકાર (ભાગ-1 અને 2)**

*ગુજરાતમાં નારીચેતના વિશાળ ઐતિહાસિક ફલક ઉપર ફેલાયેલી પ્રક્રિયા છે. 'ગુજરાતમાં નારીચેતના અને વંચિત મહિલાઓના પડકાર પુસ્તકના લેખક ડો. શિરીન મહેતા છે. આ પુસ્તક બે ભાગમાં વહેચાયેલ છે. પ્રથમ ભાગમાં સ્ત્રી ઈતિહાસમાં સાંપ્રત પ્રવાહો અને તેના ઉપયોગ, પ્રાચીન અને મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓનો સામાજિક દરજ્જો ઈ.સ પૂ.* 2500 *થી ઈ.સ.* 1800 *સુધીની જાણકારી મળે છે. ગુજરાતમાં સ્ત્રી-સંસ્થાઓનો ઉદ્દભવ અને વિકાસ, ગુજરાતમાં સ્ત્રીસામયિકો, ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીની વિભાવના, ગુજરાતના પ્રથમ નારીવાદી સાહિત્યનું સર્જન કરનાર જમનાબાઈ પંડિતાનાં લખાણો અને તેમાં જીવન વિશે માહિતી મળે છે. મોટીબહેન કાપડિયા, મીઠુબહેન પીટીટ, લક્ષ્મીબહેન ડોસાણી, પુષ્પાબહેન મહેતા વિશે તેમના જીવન અને કાર્ય વિશે જાણકારી આ પુસ્તકમાંથી મળે છે.*

*ભાગ-૨ માં સર્વહારા સબઅલર્ટન અભ્યાસ વિશે સ્વાશ્રીય-સ્વાવલંબી બહેનોનાં સ્ત્રી ઈતિહાસની રચનાની સમીક્ષા કરવામાં આવી છે. ગુજરાતની દલિત મહિલાઓમાં ચેતનાનો ઉદય અને વિકાસ થયો. એ સંદર્ભે માહિતગાર થઈ શકાય છે. મજૂરોનાં નેતા અનસૂયા બહેન સારાભાઈ, ઉપરાંત કમલાબહેન ગુર્જર, દર્શના મકવાણાનાં જીવન અને તેમના કાર્યોની માહિતી મળે છે. ગુજરાતના આદિવાસી નારીની વિભાવના, આદિવાસી મહિલાઓની સમસ્યાઓ અને પડકારો વિશે માહિતગાર થઈએ છીએ. સવાશ્રયી સ્વાવલંબી નારીઓનો અવાજ રજૂ કરતી સંસ્થા 'સેવા' જેવી સંસ્થાનાં ઉદ્દેશ, કાર્ય પ્રવુત્તિઓ વિશે જાણકારી મળે છે. આધૂનિક સ્ત્રી આંદોલનો અને કાયદાઓ વિશે વંચિત મહિલાઓના પડકાર ભાગ-૨ માંથી માહિતી મળે છે.*

**જેન્ડર**

*જેન્ડર પુસ્તકનાં લેખક ડૉ. ચંદ્રિકા રાવલ છે. ઉદારમતવાદી નારીવાદ, ઉદામવાદી નારીવાદ, માર્કસવાદી નારીવાદ, સમાજવાદી નારીવાદ, અનુઆધુનિક વિશે જાણકારી 'જેન્ડર' પુસ્તકમાંથી મળે છે. નારીવાદ વિશેનો અભિગમ નારી અને નારીવાદની સમજ આ પુસ્તકમાંથી મળે છે. કોઈ સ્ત્રી તરીકે જન્મતું નથી, પરંતુ તે સ્ત્રી બને છે. સ્ત્રીઓ જન્મતી નથી, પરંતુ એને બનાવવાના વિચાર સાથે 'જેન્ડર; ની વિભાવના સંકળાયેલી છે. ઉદામવાદી નારીવાદ એ 20મી સદીની ઘટના છે. ઈ.સ. 1960ના અંત ભાગમાં થયેલ સ્ત્રી ચળવળમાંથી તેનો ઉદ્દભવ થયો. ઈ.સ. 1970માં સમાજવાદી નારીવાદી સિદ્ધાંતનો ઉદ્દભવ થયો.*

**મહિલા ક્રાંતિકારીઓ**

*મહિલા ક્રાંતિકારીઓ પુસ્તકનાં લેખક જીતેન્દ્ર પટેલ છે. રાણી ચેન્નમાં, બેગમ હજરતમહલ, રાણી લક્ષ્મીબાઈ, શ્રીમતી એની બેસન્ટ, મેડમ ભીખાઈજી કામા, ભગિની નિવેદિતા, કસ્તુરબા, ગાંધી, સરોજીની નાયડુ, મીરાંબહેન, વિજયાલક્ષ્મી પંડિત, અરૂણા આસફઅલી, રાણીમાં ગાઈડિલ્યૂ, ઉષા મહેતા, કેપ્ટન લક્ષ્મી સહગલ, સૂચેતા કૃપલાણી, દુર્ગાભાભી વગેરે જેવી મહાન વિરાંગના તેમના શૌર્ય, દેશભક્તિ, ત્યાગ, બલિદાન, સ્વતંત્રતા સંગ્રામમાં યોગદાન, ઈ.સ. 1857ના વિપ્લવમાં વિરાંગનાની ભૂમિકા, અંગ્રેજ સરકાર સામે નારીરત્નોએ ભજવેલી ભૂમિકાની જાણકારી મળે છે. ભારત માતાની સ્વતંત્રતા માટે જે મહિલાઓએ પોતાના પ્રાણની આહૂતિ આપી એ મહિલાઓની શૌર્ય અને વીરતાની જાણકારી મળે છે.*

**સ્ત્રીઓ અને સમાજ**

*સ્ત્રીઓ અને સમાજ પુસ્તકમાં નારી અભ્યાસનો અર્થ ભારતમાં સ્ત્રીઓના અભ્યાસની આવશ્યકતા, નારી ચળવળ, નારીવાદ, સ્વતંત્ર ભારતમાં સ્ત્રીનો કાનૂની દરજ્જો, સ્ત્રી દરજ્જાનું ઐતિહાસિક અવલોકન, સ્ત્રીઓના કલ્યાણ સંબંધી કાયદા સ્ત્રીનો દરજ્જો સ્વતંત્ર ભારતમાં સ્ત્રીઓનો રાજકીય, આર્થિક, સામાજિક, શૈક્ષણિક દરજ્જાની માહિતી મળે છે. સર્વહારા મહિલાઓની આર્થિક તેમજ સામાજિક જીવન વિશે માહિતી મળે છે.*

**અર્વાચીન ભારતની સામાજિક અને ધાર્મિક સૂધારણાની ચળવળોનો ઈતિહાસ**

*અર્વાચીન ભારતની સામાજિક અને ધાર્મિક સૂધારણાની ચળવળોનો ઈતિહાસ પુસ્તકના લેખક મનુભાઈ શાહ છે. આ પુસ્તકમાં ભારતીય નારીની સ્થિતિ, પ્રાચીન, મધ્યકાલીન ભારતમાં નારીની સ્થિતિ અને દરજ્જો, મહાન નારીરત્નો વિશે માહિતી મળે છે. ભારતમાં સામાજિક જાગૃતિ માટેના કારણો અને પરિબળો એ સામાજિક ધાર્મિક સૂધારણા માટે જે ભૂમિકા ભજવી તેની જાણકારી મળે છે. હિંદુ સમાજમાં રૂઢિચુસ્ત કુરિવાજો, બાળલગ્ન, સતીપ્રથા, દૂધપીતી કરવાનો રિવાજ, પડદાપ્રથા વિશે જાણકારી મળે છે. બ્રહ્મોસમાજ, પ્રાર્થના સમાજ, વેદ સમાજ, આર્ય સમાજ, થિયોસોફિકલ સોસાયટી જેવી સમાજસુધારણાની સંસ્થા દ્વારા ભારતમાં સમાજસુધારના પ્રવુત્તિઓ, વિશેની જાણકારી  મળે છે.  રાજા રામમોહનરાય, દેવેન્દ્રનાથ ટાગોર, દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, શ્રીઘરલુ નાયડુ વગેરે જેવા સમાજસુધારકોએ સ્ત્રીઓની સામાજિક સ્થિતિ સુધારવા અને ભારતીય સમાજમાં રૂઢિચુસ્ત પેસે ગયેલા સડાને ઉખાડી ફેંકવા જે પ્રયાસો કર્યા તેની જાણકારી મળે છે. મુસ્લિમ, શીખ, પારસી ધર્મની સામાજિક-ધાર્મિક સુધારણા ચળવળ વિશેની જાણકારી મળે છે.*

**ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ (ગ્રંથ 7 થી 9)**

*ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ 7, ગ્રંથ 8, ગ્રંથ-9 ભો.જે. વિદ્યાભવન દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. સ્ત્રી સમાજ સુધારકો, સ્ત્રી- સંસ્થાઓ બ્રિટીશકાળમાં સ્ત્રીઓની રાજકીય, આર્થિક,સામાજિક સ્થિતિ વિશે માહિતી આપણની આ ગ્રંથમાંથી મળે છે. ગુજરાતમાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીઓની ભૂમિકા, સમાજસુધારક ક્ષેત્રે સ્ત્રીઓ ને પ્રવુત્તિઓ વિશે જાણકારી મળે છે. ગુજરાતમાં સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળો અને ગુજરાતનાં સમાજસુધારકોનુ સમાજસુધારણામાં યોગદાન વિશે જાણકારી મળે છે. ગુજરાતમાં સ્થાપત્ય, ચિત્ર, નૃત્ય, નાટ્ય, સંગીત ક્ષેત્રે કાર્ય કરનાર વિશિષ્ટ મહિલાઓ વિશે માહિતી મળે છે.*

*વનિતા વિશ્રામ સુરત, વનિતા વિશ્રામ અમદાવાદ ઓલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સ, હિંદુ સ્ત્રી મંડળનો ઉદ્દભવ, વિકાસ અને તેમના કાર્યો વિશે માહિતી મળે છે.*

**ભારતની મહાન મહિલાઓ**

*ભારતની મહાન મહિલાઓ પુસ્તકનાં લેખક જીતેન્દ્ર પટેલ છે. દક્ષિણની મીરાંબાઈ, અહલ્યાબાઈ હોલકર, પંડિતા રમાબાઈ, ભગિની નિવેદિતા, અનસૂયાબહેન સારાભાઈ, મીઠુબહેન, પિટીટ, હંસા મહેતા, રેહાના તૈયબજી, પુષ્પાબહેન મહેતા, ઈરાવતી કર્વ, અમૃતા શેરગિલ, અનુબહેન ઠક્કર વગેરે જેવી મહાન મહિલાઓ વિશે તેમના જીવન અને કાર્ય વિશે જાણકારી મળે છે. કવિયિત્રી મહિલાઓની કવિતા અને તેમના જીવન વિષે જાણકારી મળે છે.*

**ભારતીય નારીઓના પદચિહ્ન**

*ભારતીય નારીઓનાં પદચિહ્નના લેખક રંજના હરીશનાં પુસ્તકનું ગુજરાતી અનુવાદ બેલા ઠાકર દ્વારા કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાંથી રમાબાઈ રાનડે અમૃત પ્રીતમના જીવનનાં અમુક અંશ મૂકવામાં આવ્યા છે.*

**નારીવાદીનું આકલન**

*ઈલા પાઠક લિખિત નારીવાદનું આકલન પુસ્તકમાં ગુજરાતમાં સ્ત્રી સંસ્થાઓ વિશે માહિતી મળે છે. ગુજરાતમાં સ્ત્રી પ્રત્યે આચરવામાં આવતી હિંસા, નારીવાદી ચળવળ નારીવાદ, ગાંધીમાર્ગી ચળવળમાં રચનાત્મક પ્રવુત્તિઓમાં સ્ત્રીઓ, મનુસ્મૃતિમાં સ્ત્રીજીવન વગેરે વિશે માહિતી મળે છે.*

❖ **भारतीय इतिहास में नारी**

भारतीय इतिहास में नारी *પુસ્તકના લેખક ડી. કે. શરણ છે. આ પુસ્તકમાંથી પ્રાચીન અને મધ્યકાલીન ભારતમાં સ્ત્રી શિક્ષા, ગાંધીયુગમાં નારીજીવન, સ્વતંત્રતા સંગ્રામમાં નારીની ભૂમિકા, આધુનિક ભારતમાં મહિલાઓની સાહિત્યમાં ભૂમિકા અને યોગદાન આધુનિક ભારતમાં મહિલાઓ અને ઈતિહાસ લેખન,ધર્મ અને નારી, ઉદારવાદી નારીવાદ, માર્ક્સવાદી નારીવાદ વિશે માહિતી મળે છે. બૌદ્ધ ધર્મમાં મહિલાઓ, મધ્યકાલીન ભારતમાં સ્ત્રીઓનાં કાનૂની અધિકાર તેમજ મધ્યકાલીન સંત કવિયિત્રીઓ વિશે માહિતી મળે છે.*

❖ **स्वतंत्रता संग्राम और महिलाएं**

'स्वतंत्रता संग्राम और महिलाएं' *પુસ્તકના લેખક વિશ્વપ્રકાશ ગુપ્ત છે. આ પુસ્તકમાં સ્વતંત્રતા સંગ્રામમાં મહિલાઓની ભૂમિકા, મહિલા નેતાઓ, ગાંધીજીની એક હાકલને માન આપી સ્વતંત્રતા સંગ્રામમાં ઝંપલાવનાર મહિલાઓની માહિતી મળે છે. દાંડીકૂચ, અસહકારની ચળવળ, સવિનય કાનૂનભંગ જેવી ચળવળમાં મહિલાઓની ભૂમિકા અને તેમના શૌર્યની ચર્ચા કરી છે. ક્રાંતિકારી મહિલાઓ અને તેમની ક્રાંતિકારી પ્રવુત્તિઓ, આઝાદ હિંદ ફોજ અને મહિલા ક્રાંતિકારી પ્રવુત્તિ વિશે માહિતી મળે છે.*

❖ **गुजरात के विकास में विशिष्ट महिलाओं का योगदान**

*પ્રસ્તુત પુસ્તકમાંથી આપણને આરોગ્ય, ઉદ્યોગ, સાહિત્ય, કલા, રમત-ગમત, સમાજસેવા, પ્રશાસન, ઈતિહાસમાં વિશિષ્ટ મહિલાઓ વિશે જાણકારી મળે છે. સમાજસેવાના ક્ષેત્રમાં ઈલાબહેન ભટ્ટ, ચારૂમતિ યૌદ્ધા, અનુબહેન ઠક્કર, પૂર્ણિમા પકવાસા જેવી સમાજસેવિકા વિશે પરિચય અને તેમની સમાજ સેવાકીય પ્રવુત્તિની જાણકારી મળે છે. કલાના ક્ષેત્રે વિશિષ્ટ પ્રતિભા ધરાવતી મહિલાઓ દિવાળીબહેન ભીલ, કુમુદિનીબહેન લાખિયા, મૃણાલિની સારાભાઈ, દર્શન ઝવેરી વગેરે જેવી મહિલાઓ વિશે જાણકારી મળે છે. આ પુસ્તકનું પ્રકાશન સ્ત્રી ચેતના દ્વારા કરવામાં આવ્યું છે.*

### ❖ युग युगीन भारतीय नारी

'युग युगीन भारतीय नारी' *પુસ્તકનાં લેખક શ્યામપ્રસાદ વ્યાસ છે. આ પુસ્તકમાં મહાત્મા ગાંધીની દ્રષ્ટિમાં ભારતીય નારી, બદલતા સમયમાં અને ભારતીય સમાજમાં સામાજિક અને આર્થિક ક્ષેત્રમાં મહિલાઓનું અસ્તિત્વ, ભારતીય સંવિધાનમાં મહિલાઓના કાયદાઓ, મહિલા સશક્તિકરણ, પ્રાચીન ભારતમાં મહિલાઓ, ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં નારીની ભૂમિકા બૌદ્ધ ધર્મમાં નારી વિશે જાણકારી મળે છે.*

### ❖ भारत का स्वतंत्रता संग्राम (ઈ.સ. 1857 થી ઈ.સ. 1947)

भारत का स्वतंत्रता संग्राम *(ઈ.સ.* 1857 *થી ઈ.સ.* 1947*) ઉપરોક્ત પુસ્તકના લેખક પ્રમોદ્કુમાર છે. આ પુસ્તકમાં ઈ.સ.* 1957*નો સંગ્રામમાં રાણી લક્ષ્મીબાઈ, ઝૂલકારીબાઈ જેવી મહાન વીરાંગનાની ગાથા આપી છે. અહિંસક ક્રાંતિકારી પ્રવુત્તિમાં મહિલાઓની ભાગીદારીની ચર્ચા છે.*

### ❖ दलित महिलाओं : इतिहास, वर्तमान, और भविष्य

दलित महिलाओं : इतिहास, वर्तमान, और भविष्य *પુસ્તકનાં લેખક એસ. વિક્રમ છે. આ પુસ્તકમાંથી પ્રાચીન ભારતમાં મહિલાઓની સ્થિતિ, દલિત આંદોલનમાં મહિલાની ભૂમિકા, હિંદુ કોડ બીલ અને મહિલાઓ, સ્ત્રીઓના ઉત્થાનમાં ડૉ. આંબેડકજીનું યોગદાન વિશે ચર્ચા કરવામાં આવી છે. કામકાજી સર્વહારા મહિલા વિશે જાણકારી મળે છે. હિંદુઓ અને મુસ્લિમ નારીઓને અધિકાર આપવામાં ડૉ. આંબેડકરજીનું યોગદાન છે.*

### ❖ भारतीय नारी के उद्धारक : डॉ. बाबासाहेब

भारतीय नारी के उद्धारक : डॉ. बाबासाहेब *પુસ્તકનાં લેખક મેઘવાલ કુસુમ છે. ભારતીય બંધારણમાં મહિલાઓ માટે વિશિષ્ટ અધિકારો આપવા માટે ડૉ. બાબાસાહેબની ભૂમિકા વિશે જાણકારી મળે છે. મહિલા સંબંધી કાયદાઓ મહિલા સહાયતા માટેની જોગવાઈ અને ડૉ. બાબાસાહેબ આંબેડકરનું કાયદાકીય ઘડતરમાં ભૂમિકા વિશે જાણકારી મળે છે.*

### ❖ Role-Conflict in working women by Kala Rani

*પ્રસ્તુત ગ્રંથ* 'Role-Conflict in working women *અનુભવજન્ય સંશોધન છે. તેમાં ભૂમિકા સંઘર્ષ પેદા કરનારા તેમજ ભૂમિકા સંઘર્ષનું નિવારણ કરનારા પરિબળો તપાસવા પ્રયત્ન કર્યા છે. કામ ઉપર સ્ત્રીને મળતી કાર્યપ્રેરણા અને સમાજના વિભિન્ન વર્ગના લોકોના સ્ત્રીઓ પ્રત્યેના વલણો આ પુસ્તક વર્ણવ્યા છે. કામ ઉપર સ્ત્રીને મળતી કાર્યપ્રેરણા અને સમાજના વિભિન્ન વર્ગના લોકોના સ્ત્રીઓ પ્રત્યેના વલણો આ પુસ્તક વર્ણવ્યા છે. નોકરી કરતી શિક્ષિત સ્ત્રીઓની ગૃહિણી તરીકેની તથા વ્યાવસાયિક ભૂમિકા વચ્ચેના સંઘર્ષનું વિશ્લેષણ વિશે માહિતી મળે છે.*

❖ **Indian Women - Change and Challenge**

*ડૉ. નીરા દેસાઈ અને વિભૂતિ પટેલ આ પુસ્તકના લેખક છે. આ ગ્રંથમાં આંતરરાષ્ટ્રીય નારી દાયકાની ભારતમાં સ્ત્રીનાં જીવન, દરજ્જા અને સંઘર્ષ ઉપર શી અસર થવા પામી છે તે તપાસવા પ્રયાસ કર્યો છે. આ પુસ્તકમાં ભારતીય નારી જીવનના વિભિન્ન પાસાંઓનું પરિવર્તન પામતી સામાજિક, આર્થિક અને રાજકીય વાસ્તવિકતાના સંદર્ભમાં વિશ્લેષણ કરવામાં આવ્યું છે. નારીનું સામાજિક-સાંસ્કૃતિક જીવન, કાનૂની સુધારા, રાજકીય પક્ષો અને બેરોજગારની પરિસ્થિતિ, ભારતમાં નારીવાદી ચળવળ વિશે આ પુસ્તકમાથી માહિતી મળે છે.*

❖ **Role of Women is India's Freedom Struggle**

*આ પુસ્તકના લેખક વી. રાજેન્દ્ર રાજ છે. ભારતમાં સ્ત્રીની સામાજિક રાજકીય પ્રવૃત્તિઓ, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં નારીઓની ભૂમિકા, વિશે માહિતી મળે છે. સવિનય કાનૂન ભંગની ચળવળમાં સ્ત્રીઓની સક્રિય ભાગીદારી તથા વ્યક્તિગત સત્યાગ્રહ અને ભારત છોડો આંદોલનમાં સ્ત્રીઓની ભૂમિકાનું વર્ણન કરવામાં આવ્યું છે.*

❖ **The Encylopaedia of Women's Studies**

The Encylopaedia of Wormen's Studies *પુસ્તકના લેખક ગિરિરાજ શાહ છે. તેમના આ પુસ્તકમાં સમકાલીન ભારતીય સમાજમાં સ્ત્રીના દરજ્જાની ચડતી-પડતી, લગ્ન, દહેજ, કુટુંબ જીવન, દાંપત્ય જીવનની સમસ્યાઓ વિશે આલેખન કર્યું છે. ગ્રામીણ કન્યાઓનો શૈક્ષણિક દરજ્જો, ગ્રામીણ વિકાસમાં સ્ત્રીનું પ્રદાન, રાષ્ટ્રીય ઉત્પાદનમાં સ્ત્રીઓનું પ્રદાન, નારી વિકાસલક્ષી વિવિધ કાર્યક્રમો અને તેમાં સ્ત્રીનું સહભાગીપણું વગેરે વિશે માહિતી મળે છે. કાયદો અને વ્યવસ્થા ક્ષેત્રે સ્ત્રીઓની ભાગીદારી વિવિધ ક્ષેત્રમાં મહિલાઓની પ્રવુત્તિઓ વિશે જાણકારી મળે છે.*

❖ **Women in India: Country Paper**

*ભારત સરકારના સમાજકલ્યાણ ખાતા તરફથી પ્રસિદ્ધ થયેલ આ અભ્યાસ નારી અધ્યયન માટે ઉપયોગી છે. આ અભ્યાસમાં વસ્તી શાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીના સ્થાનની સમીક્ષા ઉપરાંત કાનૂન, રોજગારી, આરોગ્ય, શિક્ષણ, રાજકીય સહભાગીપણું તેમજ કુટુંબમાં સ્ત્રીના દરજ્જાની વસ્તુલક્ષી સમીક્ષા કરી છે જે નારી અધ્યયન માટે ઉપયોગી છે.*

❖ **Towards Equality : ભારત સરકાર, 1975 :**

*ઈ.સ.* 1972*માં ભારતમાં રચવામાં આવેલી સ્ત્રીના દરજ્જા વિષયક સમિતિઓ ભારતમાં સ્ત્રીનાં દરજ્જાનો સમગ્રલક્ષી અભ્યાસ કરીને જે અહેવાલ રજૂ કર્યા એ અહેવાલ* Towards Equality : *ભારત સરકાર,* 1975 *શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયો છે. આ અહેવાલ નારી અધ્યયન માટે ઉપયોગી છે. તેમાં સ્ત્રીના દરજ્જાને નિર્ણિત કરતી પરીસ્થિતિઓનું તથા સમસ્યાઓનું આલેખન કરી સ્ત્રી અને કાનૂન,આર્થિક ક્ષેત્રે સ્ત્રીઓની ભૂમિકા, સ્ત્રીઓના હકો અને તકો, સ્ત્રીઓનો શૈક્ષણિક વિકાસ અને*

*રાજકીય દસ્તાવેજો વગેરે જેવી માહિતી મળે છે. નારી કલ્યાણ અને વિકાસ માટેની નીતિ તથા કાર્યક્રમો વિશે જાણકારી મળે છે.*

## 1. 5 સંદર્ભ

*નારી ઈતિહાસને લગતી માહિતીના સાધનો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથોના અધ્યયનથી પ્રાચીન સમયથી લઈને આધુનિક અને વર્તમાન સમયમાં નારીના જીવન, તેમના કાર્યો વિશે જાણકારી મળે છે. પ્રાચીન ભારતમાં સ્ત્રીઓનો સામાજિક, આર્થિક, રાજકીય દરજ્જો, મધ્યયુગીન ભારતમાં સ્ત્રીઓની સ્થિતિ, સ્ત્રી આંદોલનો, ભારતમાં સામાજિક ધાર્મિક સુધારણાની ચળવળો, નારીવાદની વિભાવના, નારીવાદી ચળવળો, સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીઓની ભૂમિકા વગેરેનો ઈતિહાસ રોચક અને રસપ્રદ છે. બંધારણીય દ્રષ્ટિએ નારીઓ, નારીઓનાં ઉદ્ધાર માટેના કાયદાઓ અને ભારતના રાજકીય, આર્થિક, સામાજિક ક્ષેત્રના વિકાસમાં નારીઓની ભૂમિકા, નારીઓનું યોગદાન બહુમૂલ્ય છે. નારી ઈતિહાસને લગતા સાધનોના અભ્યાસથી નારી જીવનની, નારીના ત્યાગ, બલિદાન, શૌર્યની જાણકારી મેળવી શકાય છે.*

## 1.6 ચાવીરૂપ શબ્દો

*વીરાંગના, નારીવાદ, સમાજસુધારકો, સ્ત્રી સંસ્થાઓ, નારી કલ્યાણ, સ્ત્રી જીવન.*

## 1.7 તમારી પ્રગતી ચકાસો

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. Role of Women's in Preedom Struggle *પુસ્તકના લેખક કોણ છે?*

___

2. *'યશોદા' માસિકની શરૂઆત કોણે અને ક્યારે કરી હતી?*

___

3. *વનિતા વિશ્રામ સંસ્થાનું મુખપત્ર કયું છે?*

___

4. *સમાજવાદી નારીવાદ સિદ્ધાંતનો ઉદભવ ક્યારે થયો?*

___

5. *ગુજરાત મેં વિશિષ્ટ મહિલાઓ કા યોગદાન પુસ્તકનું પ્રકાશન કોના દ્વારા કરવામાં આવે છે?*

6. *‘સ્ત્રી જીવન’ સામયિકનું સૂત્ર જણાવો.*

7. *દક્ષિણની મીરાંબાઈ તરીકે કોણ ઓળખાય છે?*

8. *સબલ્ટૅન* (Subaltern) *ઈતિહાસ એટલે શું? નારી ઈતિહાસ સાથે તેનો સંબંધ સમજાવો.*

9. *નારી ઈતિહાસ લેખનમાં સ્ત્રી-સામયિકોની ભૂમિકા સમજાવો.*

10. *સ્ત્રીબોધ’ અને ‘સ્ત્રી જ્ઞાનદીપક’ સામયિકોની વિશેષતાઓ સમજાવો.*

**નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

1. *નારી ઈતિહાસ લેખન એટલે શું? તેના ઉદ્દેશ્યો અને મહત્ત્વની સવિસ્તર ચર્ચા કરો.*

2. *સબલ્ટૅન ઈતિહાસ એટલે શું? નારી ઈતિહાસ સાથે તેનો સંબંધ સમજાવો.*

3. *નારી ઈતિહાસ જાણવા માટેના 'પ્રથમ કક્ષાના સાધનો' વિશે વિગતે નોંધ લખો.*

4. *આત્મકથા નારી ઈતિહાસના સાધન તરીકે કેવી રીતે ઉપયોગી છે? શારદાબેન મહેતાના 'જીવન સંભારણા'ના સંદર્ભમાં સમજાવો.*

5. *ગુજરાતી સાહિત્યની એવી ઐતિહાસિક નવલકથાઓ વિશે જણાવો જેમાં નારી પાત્રો કેન્દ્રમાં હોય ?*

6. *સ્ત્રી સામયિકો* (Magazines) *નારી ચેતના જગાડવામાં કેવી રીતે મદદરૂપ થયા છે? ઉદાહરણો આપી સમજાવો.*

7. *'દ્વિતીય કક્ષાના સાધનો' એટલે શું? નારી ઈતિહાસમાં તેનું શું સ્થાન છે?*

8. *મીનળદેવી અને કુમારદેવી ના પાત્રો દ્વારા મધ્યકાલીન ગુજરાતની નારી સત્તાનું નિરૂપણ કરો.*

9. *પુષ્પાબેન મહેતા અને ઈલાબેન ભટ્ટ જેવી સામાજિક કાર્યકર મહિલાઓએ ઈતિહાસમાં કેવું પરિવર્તન આણ્યું છે?*

10. *'ગુજરાતમાં નારીચેતના' ગ્રંથના આધારે ગુજરાતમાં સ્ત્રીજાગૃતિનો વિકાસ સમજાવો*

**ખરાં-ખોટા જણાવો.**

1. *નારીવાદીઓની આંક્લન પુસ્તકના લેખક ઈલાબેન ભટ્ટ છે.*
2. *હિંદુઓ અને મુસ્લિમ નારીઓને અધિકાર આપવામાં ડૉ. આંબેડકરનું યોગદાન બહુમૂલ્ય છે.*
3. *ઉદામવાદી નારીવાદનો ઉદ્દભવ ઈ.સ.* 1961*ના અંત ભાગમાં થયલ સ્ત્રી ચળવળમાંથી થયો.*
4. *મહિલા ક્રાંતિકારીઓ પુસ્તકના લેખક જીતેન્દ્ર પટેલ છે?*
5. *દક્ષિણની મીરાંબાઈ તરીકે આડાંલને ઓળખવામાં આવે છે?*

*જવાબો :* 1. *ખોટું* 2. *સાચું* 3. *ખોટું* 4. *સાચું* 5. *સાચું* 6. *સાચું*

❖ **સાચા વિકલ્પો પસંદ કરો**

| **પુસ્તક** | **લેખક** |
|---|---|
| 1. *ગુજરાતમાં નારી ચેતના* | A. *જીતેન્દ્ર પટેલ* |
| 2. *ભારતની વીરાંગનાઓ* | B. *શિરીન મેહતા* |
| 3. *નારી પ્રતિભાઓ* | C. *બેલા ઠાકર* |
| 4. *મહિલા ક્રાંતિકારીઓ* | D. *ટીના દોશી* |
| 5. *જેન્ડર* | E. *રંજના હરીશ* |
| 6. *ભારતીય નારીઓને પદચિહ્ન* | F. *ચંદ્રિકા રાવલ* |

**નીચેના બહુવિકલ્પી પ્રશ્નોના જવાબો આપો.**

1. *'જીવન સંભારણા' એ કોની આત્મકથા છે?*

(A) *વિદ્યાબેન નીલકંઠ* (B) *શારદાબેન મહેતા*

(C) *ઈલાબેન ભટ્ટ* (D) *પુષ્પાબેન મહેતા*

*જવાબ:* (B) *શારદાબેન મહેતા*

2. 'ગુજરાતમાં નારીચેતના' પુસ્તકના લેખક કોણ છે?

(A) બેલા ઠાકર (B) ડો. શિરીન મહેતા

(C) જીતેન્દ્ર પટેલ (D) મૃદુલા સારાભાઈ

જવાબ: (B) ડો. શિરીન મહેતા

3. સબલ્ટૅન ઈતિહાસ એટલે કોનો ઈતિહાસ?

(A) માત્ર રાજાઓનો (B) યુદ્ધોનો

(C) હાંસિયામાં ધકેલાયેલા લોકોનો (દલિતો, સ્ત્રીઓ વગેરે)

(D) વિદેશીપ્રવાસીઓનો

જવાબ: (C) હાંસિયામાં ધકેલાયેલા લોકોનો

4. દક્ષિણની મીરાં તરીકે કોણ ઓળખાય છે?

(A) આંડાલ (B) અક્કા મહાદેવી

(C) ગાર્ગી (D) મીરાંબાઈ

જવાબ: (A) આંડાલ

5. 'નારી પ્રતિભાઓ' પુસ્તકના લેખક કોણ છે?

(A) શિરીન મહેતા (B) બેલા ઠાકર

(C) ટીનાદોશી (D) ગિરીરાજ કિશોર

જવાબ: (B) બેલા ઠાકર

6. ભારત સરકારે સ્ત્રીઓની સ્થિતિ (Status of Women) અંગેનું કમિશન ક્યારે નિમ્યું હતું?

(A) 1947 (B) 1950 (C) 1970 (D) 1980

જવાબ: (C) 1970

7. 'ભારતની વીરાંગનાઓ' પુસ્તક કોણે લખ્યું છે?

(A) જીતેન્દ્રપટેલ (B) ટીના દોશી

(C) શારદાબેન મહેતા (D) ક. મા. મુનશી

જવાબ: (B) ટીના દોશી

8. મહાત્મા ગાંધીના પત્ની કસ્તુરબાનું અવસાન ક્યાં થયું હતું?

(A) સાબરમતી આશ્રમ (B) યરવડા જેલ

(C) આગાખાન પેલેસ (પૂના) (D) સેવાગ્રામ

જવાબ: (C) આગાખાન પેલેસ (પૂના)

9. *'મહિલા ક્રાંતિકારીઓ' પુસ્તકના લેખક કોણ છે?*

(A) *શારદાબેન મહેતા* (B) *જીતેન્દ્ર પટેલ* (C) *શિરીન મહેતા* (D) *બેલા ઠાકર*

*જવાબઃ* (B) *જીતેન્દ્ર પટેલ*

10 *સ્ત્રીઓના પ્રશ્નોને વાચા આપતું 'સ્ત્રીબોધ' સામયિક ક્યારે શરૂ થયું હતું?*

(A) 1857 (B) 1901

(C) 1947 (D) 1875

*જવાબઃ* (A) 1857

11. *ઉદારવાદી નારીવાદનો ઉદભવ કઈ સદીમાં થયો હતો?*

(A) 17*મી સદી* (B) 18*મી સદી*

(C) 19*મી સદી* (D) 20*મી સદી*

*જવાબઃ* (B) 18*મી સદી*

12.'Status of Women' *કમિશનનો અહેવાલ* (1974) *કયા નામે પ્રસિદ્ધ થયો હતો?*

(A) *નારી શક્તિ* (B) *ટુવર્ડ્સ ઇક્વાલિટી* (Towards Equality)

(C) *મહિલા સમાનતા* (D) *ભારતીય નારી*

*જવાબઃ* (B) *ટુવર્ડ્સ ઈક્વાલિટી* (Towards Equality)

13. *નારી ઈતિહાસના અભ્યાસમાં દસ્તાવેજોનું મહત્ત્વ શું છે?*

A) *દસ્તાવેજો માત્ર સાહિત્ય માટે ઉપયોગી છે*

B) *દસ્તાવેજો ઈતિહાસલેખનનું મુખ્ય સાધન છે*

C) *દસ્તાવેજોનો ઈતિહાસ સાથે સંબંધ નથી*

D) *દસ્તાવેજો માત્ર રાજકીય અભ્યાસ માટે ઉપયોગી છે*

*જવાબઃ* B) *દસ્તાવેજો ઈતિહાસ લેખનનું મુખ્ય સાધન છે*

14. *'ગુજરાતમાં નારીચેતના અને વંચિત મહિલાઓનો પડકારો' પુસ્તક કેટલા ભાગોમાં વહેંચાયેલુંછે?*

A) *એક* B) *બે* C) *ત્રણ* D) *ચાર*

*જવાબઃ* B) *બે*

15. *'સેવા' સંસ્થાની સ્થાપના કોણે કરી હતી?*

A) *હંસાબેન મહેતા* B) *ઈલાબહેન ભટ્ટ*

C) *રમાબાઈ રાનડે* D) *કમલાબહેન પટેલ*

*જવાબઃ* B) *ઈલાબહેન ભટ્ટ*

16. *‘ભારતીય નારી’ પુસ્તકમાં કયા વિષયની ચર્ચા કરવામાં આવી છે?*

A) *કૃષિ વિકાસ* B) *નારી શોષણ*

C) *વેપાર વ્યવસ્થા* D) *ઔદ્યોગિક ક્રાંતિ*

*જવાબઃ* B) *નારી શોષણ*

17. *‘મહિલા ક્રાંતિકારીઓ’ પુસ્તકના લેખક કોણ છે?*

A) *જિતેન્દ્ર પટેલ* B) *વિશ્વ પ્રકાશ ગુપ્ત*

C) *ચંદ્રિકા રાવલ* D) *બેલા ઠાકર*

*જવાબઃ* A) *જિતેન્દ્ર પટેલ*

18. *‘સ્ત્રીઓ અનેસમાજ’ પુસ્તકમાં કયા વિષયની માહિતી મળે છે?*

A) *વેપાર અને ઉદ્યોગ* B) *સ્ત્રીના કાનૂની અને સામાજિક દરજ્જા*

C) *વૈજ્ઞાનિક શોધો* D) *કૃષિ સુધારણા*

*જવાબઃ* B) *સ્ત્રીના કાનૂની અને સામાજિક દરજ્જા*

19. *‘આધુનિક ભારતમાં સામાજિક અને ધાર્મિક સુધારણા ચળવળોનોઈતિહાસ’ પુસ્તકના લેખક કોણ છે?*

A) *મનુભાઈ શાહ* B) *ગિરિરાજ શાહ*

C) *ટી.કે. શરણ* D) *નીરા દેસાઈ*

*જવાબઃ* A) *મનુભાઈ શાહ*

20. *‘ભારતનું સંવિધાન – એક રૂપરેખા’ પુસ્તકમાં મુખ્યત્વે શું સમજાવવામાં આવ્યું છે?*

A) *કૃષિ વ્યવસ્થા* B) *મહિલા અધિકારો અને બંધારણીયજોગવાઈઓ*

C) *વેપાર નીતિ* D) *પ્રાચીન કલા*

*જવાબઃ* B) *મહિલા અધિકારો અને બંધારણીય જોગવાઈઓ*

21. *‘ભારતની મહાન મહિલાઓ’ પુસ્તકમાં કઈ મહિલાનો સમાવેશ થાય છે?*

A) *ઈંદિરા ગાંધી* B) *આનંદીબાઈ જોશી*

C) *સરોજિની નાયડુ* D) *ઉપરોક્ત બધા*

*જવાબઃ* D) *ઉપરોક્ત બધા*

22. *‘યુગયુગીન ભારતીય નારી’ પુસ્તકના લેખક કોણ છે?*

A) *શ્યામપ્રસાદ વ્યાસ* B) *ટી.કે. શરણ*

C) *ગિરિરાજ શાહ* D) *બેલા ઠાકર*

જવાબ: A) શ્યામપ્રસાદ વ્યાસ

23. *'ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ* (1857-1947)*' પુસ્તકમાં કયા વિષયની ચર્ચા થાય છે?*

A) *મહિલાઓની આર્થિકસ્થિતિ*

B) *સ્વાતંત્ર્ય આંદોલનમાં મહિલાઓનું યોગદાન*

C) *પ્રાચીન કલા*

D) *ધાર્મિક સુધારણા*

*જવાબ:* B) *સ્વાતંત્ર્ય આંદોલનમાં મહિલાઓનું યોગદાન*

24. 'Indian Women – Change and Challenge' *પુસ્તકના લેખક કોણ છે?*

A) *નીરા દેસાઈ અને વિભૂતિ પટેલ* B) *ગિરિરાજશાહ*

C) *વિશ્વ પ્રકાશ ગુપ્ત* D) *ચંદ્રિકા રાવલ*

*જવાબ:* A) *નીરા દેસાઈ અને વિભૂતિ પટેલ*

25. 'Role of Women in India's Freedom Struggle' *પુસ્તકમાં કયા વિષયની ચર્ચા થાય છે?*

A) *કૃષિ નીતિ* B) *મહિલાઓની સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભૂમિકા*

C) *ઔદ્યોગિક વિકાસ* D) *મહિલા શિક્ષણ*

*જવાબ:* B) *મહિલાઓની સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભૂમિકા*

26. *'સ્ત્રી જ્ઞાનદીપક' માં કયા પ્રકારના લેખો પ્રકાશિત થતા?*

A) *રમતગમત* B) *આરોગ્ય અને શિક્ષણ*

C) *વેપાર* D) *રાજકીય ભાષણો*

*જવાબ:* B) *આરોગ્ય અને શિક્ષણ*

27. *'સુંદરી સુબોધ' સામયિકનો મુખ્ય ઉદ્દેશ શું હતો?*

A) *વેપાર પ્રચાર* B) *સ્ત્રીઓની સામાજિક સ્થિતિમાં સુધારો*

C) *કૃષિ વિકાસ* D) *રાજકીય પ્રચાર*

*જવાબ:* B) *સ્ત્રીઓની સામાજિક સ્થિતિમાં સુધારો*

28. *'વનિતા વિશ્રામ' મુખ્યત્વે કોના અનુભવ સાથે સંબંધિત હતું?*

A) *શિક્ષકો* B) *વિધવાઓ*

C) *વેપારીઓ* D) *સ્વાતંત્ર્ય સેનાનીઓ*

*જવાબ:* B) *વિધવાઓ*

29. *‘સ્ત્રી જીવન’ સામયિકમાં મુખ્યત્વે કયા વિષયો આવતાં?*

A) *રમતગમત* B) *સ્ત્રી જીવન અને સમસ્યાઓ*

C) *વેપાર નીતિ* D) *કૃષિ માહિતી*

*જવાબઃ* B) *સ્ત્રી જીવન અને સમસ્યાઓ*

30. *‘યશોદા’ માસિકમાં કયા વિષયોને સ્થાન આપવામાંઆવતું હતું?*

A) *કૃષિ અને ઉદ્યોગ* B) *મહિલા ધર્મ, બાળઉછેર અને સ્ત્રી પ્રશ્નો*

C) *વેપાર અને કરવ્યવસ્થા* D) *વિજ્ઞાન અને ટેકનોલોજી*

*જવાબઃ* B) *મહિલા ધર્મ, બાળઉછેર અને સ્ત્રી પ્રશ્નો*

31. *નારી ઇતિહાસના અભ્યાસથી શું જાણવા મળે છે?*

A) *માત્ર રાજકીય ઇતિહાસ* B) *માત્ર આર્થિક ઇતિહાસ*

C) *સ્ત્રીઓનું જીવન, સંઘર્ષ અને યોગદાન* D) *માત્ર ધાર્મિક પરંપરાઓ*

*જવાબઃ* C) *સ્ત્રીઓનું જીવન, સંઘર્ષ અને યોગદાન*

## 1.8 સંદર્ભગ્રંથો


1. *પંડ્યા, દીપ્તિ., ગુજરાતી નવલકથામાં નારીચેતના, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ,* 2011.
2. bnu;t rNhel, d¸sht;btk lthe au;lt, ’Nof Er;ntm rlr", yb’tJt’, 2009
3. *ચાવડા ગીતા., નારી સૃષ્ટિ : બંધન અને મુક્તિ, અક્ષર ભારતી પ્રકાશન, ભુજ,*2001.
4. *શાહ એ.જી. અને જે.કે. દવે, સ્ત્રીઓ અને સમાજ, અનડા બુક ડીપો, અમદાવાદ,* 2010
5. *ચૌધરી રઘુવીર અને સુનીતા ચૌધરી( સંપા.)., નારી ચેતનાની નવલિકાઓ, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ,* 2019.
6. छिल्लर मंजुलता, 'भारतीय नारी शोषण के बदलते आयाम', अर्जुन पब्लिशिंग हाउस, नई दिल्ली, २०१०
7. Simone De Beauvoir., The Second Sex, Vintage Digital,2015.
8. Ranjana Harish, Indian Womens Autobiographies, Arnold Publishers, New Delhi, 1993.
9. Chaudhari, Maitrayee, Indian Women’s Movement, Reform and Revival, Reliant Publishers, Delhi, 1994.

## એકમ : 2 નારી અધ્યયન માટેના અભિગમો –ઉદારવાદી અને ઉદ્દામવાદી

**:: રૂપરેખા ::**


**2.0** ઉદેશો

**2.1** પ્રસ્તાવના

**2.2** નારીવાદની વિભાવના

**2.3** નારીવાદના મુખ્ય સિધ્ધાંતો

**2.4** નારીવાદનો ઉદ્‌ભવ અને વિકાસ

**2.5** નારીવાદી અધ્યયન અભિગમના પ્રકારો

**2.6** નારીવાદી અધ્યયન માટેના અભિગમો – ઉદારવાદી

**2.7** નારીવાદી અધ્યયન માટેના અભિગમો – ઉદામવાદી

**2.8** મુલ્યાંકન

**2.9** ચાવીરૂપ શબ્દો

**2.10** તમારી જાતે ચકાસો.

**2.11** સંદર્ભ ગ્રંથો


### 2.0 ઉદેશો

- *નારીવાદની વિભાવના વિશે જાણી શકાશે.*
- *નારીવાદના ઉદ્‌ભવ અને વિકાસ વિશે જાણી શકાશે.*
- *નારીવાદી અધ્યયન અભિગમના પ્રકારો સમજી શકાશે.*
- *ઉદારવાદી અને ઉદામવાદી અભિગમોને સમજી શકાશે.*

### 2.1 પ્રસ્તાવના

*નારીવાદી અભિગમની વિચારધારા સમાજમાં સ્ત્રીના સ્થાન, અધિકારો અને સ્વ અંગેના ઉદયનો વિચાર સમૂહ છે. નારીવાદનો મુખ્ય ધ્યેય મહિલા અને પુરુષ વચ્ચે સમાનતાનો રહ્યો છે. ભૂતકાળમાં નજર કરીએ તો ઈતિહાસના વિવિધ યુગોમાં મહિલાઓને પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થામાં ગૌણ ગણાવી હતી. જેના પરિણામે તેઓને શિક્ષણ, રોજગાર, સંપત્તિ અને રાજકીય અધિકારો વગેરેથી વંચિત રાખવામાં*

*આવી હતી. નારીવાદી અભિગમ એ આ અસમાનતાનો વિરોધ કરી મહિલાઓને તેમની ઓળખ, સ્વતંત્રતા અને અધિકાર મેળવવામાં વૈચારીક અભિગમ બદલ્યો છે.*

*નારીવાદી અભિગમની શરૂઆત પશ્ચિમના દેશોમાં* 18*મી સદીના અંત ભાગથી થઈ હતી.ઇ.સ.*1789 *ફ્રાન્સની ક્રાંતિ એ આ વિચારધારાને પ્રેરિત કરી હતી અને "સમાનતા"ના વિચારોને નવી દિશા આપી હતી અને ત્યાર બાદ ઇ.સ.*1792 *મેરી વુલ્સ્ટોન ક્રાફ્ટની કૃતિ છ* Vindication of the Rights of Woman *એ નારીવાદી વિચારનો પાયો નાખ્યો હતો. આ પછીના સમયમાં વિશ્વભરમાં મહિલા અધિકારો માટેના આંદોલનનો પ્રારંભ થયો. જયારે પૂર્વમાં નારીવાદી અભિગમ ભારતના સંદર્ભે રાજા રામમોહન રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, પંડિતા રમાબાઈ વગેરે સામાજિક સુધારકો અને વિવિધ સામાજિક સંસ્થાઓએ મહિલા શિક્ષણ અને અધિકાર માટે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.*

*નારીવાદી અભિગમએ સામાજિક સુધારાઓ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે એક સર્વગ્રાહી વૈચારીક દ્રષ્ટિકોણ છે. જેમાં રાજકીય, આર્થિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક વગેરે તમામ ક્ષેત્રોને સ્પર્શ કરે છે અને સાંસ્કૃતિક વગેરે તમામ ક્ષેત્રોને સ્પર્શ કરે છે અને મહિલા સશ્ક્તિકરણને કેન્દ્રસ્થાને રાખે છે.દા.ત. સાહિત્ય ક્ષેત્રમાં નારીવાદી મૂલ્યાંકનએ મહિલા દ્દષ્ટિકોણથી સાહિત્યનું મૂલ્યાંકન કરે છે. જેમાં સાહિત્ય ક્ષેત્રે મહિલાઓને કેવી રીતે રજૂ કરવામાં આવી છે ? .શું તે સ્વતંત્ર વિચારશીલ વ્યક્તિ તરીકે દેખાડવામાં આવી છે કે પછી પુરુષના આદર હેઠળ રહેલા એક પાત્ર તરીકે ?. ગુજરાતી સાહિત્યમાં પણ નારીવાદી અભિગમનો પ્રભાવ જોવા મળે છે. મહાદેવી વર્મા, મૃણાલ પાંડે, કુમારિકા કપૂર, કુંદનિકા કાપડિયા, કાજલ ઓઝા વૈદ્ય, અનુરાધા પટેલ વગેરે લેખિકાઓએ સ્ત્રીના આંતરિક સંઘર્ષ, સ્વપ્નો અને સ્વાતંત્ર્યની તીવ્ર અનુભૂતિ વ્યક્ત કરી છે. તેઓએ સ્ત્રીના જીવનને માત્ર ઘેરેલું જીવન માનીને નહીં, પરંતુ તેની વ્યક્તિત્વયાત્રા તરીકે રજૂ કર્યું છે.*

*નારીવાદી અભિગમ માત્ર સ્ત્રીઓનો પ્રશ્ન નથી, પરંતુ માનવતાનો પ્રશ્ન છે. જે સમાજમાં મહિલાઓની સમાનતા, સ્વતંત્રતા અને માનવાધિકારના મૂલ્યોને શક્તિશાળી બનાવે છે. નારીવાદી અભિગમ એક સકારાત્મક પરિવર્તનનો રસ્તો બનાવે છે. જેનાથી સંવેદનશીલ સમાજની રચના બને છે.નારી અધ્યયન એટલે મહિલાઓના જીવન, રાજકિય-સાંસ્કૃતિક ભૂમિકા અને પ્રત્યક્ષ અનુભવના વિવિધ પાસાંઓનો ઉંડાણપૂર્વ અભ્યાસ, પ્રાચીન સમયથી લઈ આધુનિક સમય સુધી, મહિલાઓએ અનેક પ્રકારની અસમાનતા, શોષણ અને પીઢ સંસ્કૃતિની વિરૂદ્ધમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.*

*ઈ.સ.*1800 *થી* 1950 *નો સમયગાળો ભારતીય સમાજમાં સ્ત્રીઓના સ્થાન અને અધિકારો માટે અત્યંત પરિવર્તનશીલ રહ્યો હતો. આ સમય પહેલા ભારતીય પરંપરામાં સ્ત્રીને આદર અને સન્માન આપવામાં આવ્યું હતું. જેમ કે ધાર્મિક ગ્રંથોમાં સ્ત્રીને "શક્તિ" તરીકે માનવામાં આવે છે. પરંતુ આ આદર્શ વિચારધારો છતાં વાસ્તવિક સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ ઘણી નબળી હતી. તેઓને સ્વતંત્ર તરીકે નહીં*

*પરંતુ પરિવારના એક અંગ તરીકે જ જોવામાં આવતી હતી. સતીપ્રથા,બાળવિવાહ,વિધવાઓ,પરના કડક નિયત્રણો ,સ્ત્રી શિક્ષણનો અભાવ અને પડદાપ્રથા જેવી કુરીતિઓએ સ્ત્રીઓના જીવનને ખૂબ જ સીમિત બનાવી દીધું હતું. સ્ત્રીઓને પોતાના જીવનના નિર્ણયો લેવા કે સમાજમાં પોતાનું સ્થાન સ્થાપિત કરવાની તક નહોતી.*

*આ પરિસ્થિતિમાં* 19 *મી સદી દરમિયાન સામાજિક સુધારાના આંદોલન શરૂ થયું. જેને સ્ત્રી સન્માન અને અધિકારોની દિશામાં એક નવી શરૂઆત કરી. રાજા રામમોહન રાય જેવા સુધારકોએ સ્ત્રીઓ પર થતી અમાનવીય પ્રથાઓ સામે અવાજ ઉઠાવ્યો. તેમણે સતીપ્રથાનો કડક વિરોધ કર્યો અને તેના પરિણામે* 1829 *માં સતીપ્રથા પર પ્રતિબંધ મુકાયો. આ એક મહત્ત્વપૂર્ણ ઘટના હતી. કારણ કે પ્રથમ વખત કાયદાકીય રીતે સ્ત્રીના જીવનના અધિકારને માન્યતા મળી. ત્યારબાદ ઈશ્વરચંદ્ર વિધાસાગરે વિધવા પુનઃવિવાહ માટે પ્રયત્નો કર્યા,જેના કારણે* 1856 *માં વિધવા પુનઃવિવાહ કાયદો અમલમાં આવ્યો. આથી ફરીથી જીવન જીવવાની તક મળી અને સમાજમાં સ્ત્રીને વ્યક્તિ તરીકે માન્યતા મળવાની શરૂઆત થઈ.*

*આ જ સમયગાળામાં જ્યોતિરાવ ફુલે અને સાવિત્રીબેન ફુલે એ સ્ત્રી શિક્ષણ માટે અદ્ભુત કાર્ય કર્યું. તેઓએ કન્યાઓ માટે શાળાઓ શરૂ કરી અને સમાજના વિરોધ વચ્ચે પણ સ્ત્રીઓને શિક્ષિત બનાવવાનો પ્રયત્ન કર્યો. શિક્ષણ કેવળ જ્ઞાન મેળવવાનુ સાધન નહોતું. પરંતુ તે સ્ત્રીઓ માટે સ્વાભિમાન,સ્વતંત્રતા, અને અધિકારોની સમજણ મેળવવાનો માર્ગ છે.*

20 *મી સદીના પ્રારંભમાં જ્યારે રાષ્ટ્રીય ચળવળ તેજ બની ત્યારે સ્ત્રીઓએ પણ તેમાં સક્રિય ભાગ લીધો. સરોજિની નાયડુ, કસ્તુરબા ગાંધી અને અરુણા અસફઅલી જેવી અનેક સ્ત્રીઓએ સ્વતંત્રતા આંદોલનમાં આગળ આવીને નેતૃત્વ કર્યું. સામાજિક સુધારણા ,શિક્ષણ,રાષ્ટ્રીય ચળવળ અને કાયદાકીય સુધારાઓના સયુક્ત પ્રભાવથી સ્ત્રીઓએ પોતાના અધિકારો માટે જાગૃતિ મેળવી અને સમાજમાં એક સ્વતંત્ર અને સન્માનિત વ્યકતિ તરીકે સ્થાન મળ્યું .*

*આ રીતે* 1800 *થી* 1950 *નો સમયગાળો ભારતીય સ્ત્રીના ઈતિહાસમાં સંઘર્ષથી લઈને સન્માન અને અધિકારોની પ્રાપ્તિ સુધીની એક મહત્ત્વપૂર્ણ યાત્રા તરીકે જોવામાં આવે છે.*

## 2.2 નારીવાદની વિભાવના

*નારીવાદ સામાજિક અને રાજકીય ચળવળોની વિચારધારાનો સમૂહ છે. જે લિંગ સમાનતા માટે કાર્ય કરે છે. તેનો ઉદ્દેશ્ય મહિલાઓને રાજકીય, આર્થિક, વ્યક્તિગત અને સામાજિક રીતે પુરુષો જેટલા જ અધિકારો અને તકો પૂરી પાડવાનો રહ્યો છે. નારીવાદ પિતૃસત્તાક સમાજમાં મહિલાઓ દ્વારા થતા ભેદભાવ અને અન્યાયનો વિરોધ કરે છે.મેરી વોલ્સ્ટન ક્રાફ્ટને ઉદાર નારીવાદ પાયના સ્થંભ, જ્યારે બેટ્ટી ફ્રીડને આધુનિક નારીવાદનો આરંભ કર્યો હતો.*

*નારીવાદની વિભાવના સમજીએ તો "નારીવાદ" શબ્દ સૌપ્રથમ ઈ.સ.*1837*માં ફ્રેન્ચ ફિલસૂફ અને કટ્ટરપંથી સામાજિક આદર્શવાદી ચાર્લ્સ ફોરિયર દ્વારા પ્રચલિત બન્યો હતો. જેને મહિલા અધિકારોના સંદર્ભે ઉપયોગ કર્યો હતો. "નારીવાદ" માટે ફેમિનિઝમ અંગ્રેજી શબ્દ પ્રચલિત છે. જ્યારે મૂળ ફ્રેન્ચ શબ્દને વ્યુત્પત્તિશાસ્ત્રની દ્રષ્ટીએ જોઇએ તો ફ્રેન્ચ ભાષામાં "ફેમિનિન" શબ્દ છે, જે લેટિન શબ્દ "ફેમિના" પરથી આવ્યો છે, જેનો અર્થ "સ્ત્રી" થાય છે.જ્યારે "નારીવાદ" શબ્દ સૌપ્રથમ ઈ.સ.*1841*માં અંગ્રેજી ભાષાનો હિસ્સો બન્યો હતો અને ત્યાર બાદ ઈ.સ.*1890 *પછી વૈશ્વિક ઓળખ મળી હતી. અહિંયા કેટલાક વિદ્વાનો નારીવાદી અભિગમની વ્યાખ્યાઓ કરી છે. જે વિગતવાર સમજીએ.*

*નારીવાદ વિશે સિમોન દ બોવુઆર* (Simone de Beauvoir) *ના મત મુજબ "નારીવાદ એ એવો વિચાર છે. જે કહે છે કે સ્ત્રી જન્મથી સ્ત્રી નથી, પરંતુ સમાજ તેને સ્ત્રી બનાવે છે." અર્થાત્, સમાજના નિયમો અને માન્યતાઓ સ્ત્રીઓને નીચું સ્થાન આપે છે અને નારીવાદએ અસમાનતાનો વિરોધ કરે છે. જ્યારે બેટી ફ્રીડન* (B[e]ty Friedan)*ના મત મુજબ "નારીવાદ એ સ્ત્રીઓ માટે સમાન તક, સમાન હક્ક અને સમાન માન માટેની લડત છે."*

## 2.3 નારીવાદના મુખ્ય સિદ્ધાંતો

*નારીવાદના સિદ્ધાંતો આધારે નારીવાદી ચળવળ વિકસીત થઈ હતી. નારીવાદના નીચે મુખ્ય સિદ્ધાંતો આપેલા છે*

**1. સમાનતાનો સિદ્ધાંત**

*સ્ત્રી અને પુરુષ બંનેને સમાજમાં સમાન અધિકાર, તક, અનેસન્માન મળવું જોઈએ. જેમ કે શિક્ષણ, રોજગાર, અને નિર્ણય લેવાના અધિકારમાં સમાનતા.*

**2. સ્વતંત્રતાનો સિદ્ધાંત**

*સ્ત્રીને પોતાના જીવન, શરીર, અને પસંદગી સંબંધિત નિર્ણયો લેવા સ્વતંત્રતા હોવી જોઈએ.જેમ કે લગ્ન, કારકિર્દી, વસ્ત્રો, અને વિચાર વ્યક્ત કરવાની સ્વતંત્રતા.*

**3. સામાજિક ન્યાયનો સિદ્ધાંત**

*સમાજમાં સ્ત્રીઓ પર થતો અન્યાય, દમન અને ભેદભાવ દૂર કરવા ન્યાય મળવો જોઈએ.જેમ કે દહેજ પ્રથા, બાળવિવાહ, અને લિંગભેદ સામેનો વિરોધ.*

**4. માનવતાનો સિદ્ધાંત**

*સ્ત્રી અને પુરુષ બંને માનવ તરીકે સમાન મૂલ્ય ધરાવે છે. માનવતાના દ્રષ્ટિકોણથી કોઈ ભેદભાવ ન રહે.*

**5. સશક્તિકરણનો સિદ્ધાંત**

*સ્ત્રીઓને શિક્ષણ, આર્થિક સ્વતંત્રતા અનેનેતૃત્વમાં આગળ વધારવા પ્રોત્સાહિત કરવું.*

## 2.4 નારીવાદનો ઉદ્‌ભવ અને વિકાસ

*નારીવાદી અભિગમ મૂળે પશ્ચિમી વિચારધારા છે. જેના મુખ્ય વિચારક મેરી વોલ્સ્ટન ક્રાફ્ટ છે અને તેઓને પશ્ચિમી નારીવાદના સ્થાપક માનવામાં આવે છે. જેમણે ઈ.સ.1792 માં 'એવિન્ડિકેશન ઓફ ધ રાઈટ્સ ઓફ વુમન' પુસ્તક લખ્યું હતું. જેમાં નારિવાદી અભિગમ વિચારો પ્રસ્તુત થયા હતા.*

*નારીવાદ ચળવળનો પ્રારંભિક 18મી સદીના અંતથી 20મી સદીની શરૂઆતમાં યુરોપ, ઉત્તર અમેરિકા, ઈજિપ્ત, ઈરાન અને ભારત વગેરે દેશોમાં થઈ હતી. જેનો હેતુરાજકીય (મતદાનનો અધિકાર), આર્થિક અને મિલકતના અધિકારો વગેરે જેવા સમાન અધિકારો મેળવવાનો હતો. આ ચલવળ પુરુષો અને સ્ત્રીઓ વચ્ચેના અધિકારોની સમાનતા પર શરૂ થઈ હતી. આ ચલવલના વિકાસમાં અન્ના ડોયલ, મેરી વોલ્સ્ટન ક્રાફ્ટ, વિલિયમ થોમ્પસન, હેરિયેટટેલર વગેરેનું યોગદાન મહત્ત્વપુર્ણ રહ્યુ હતું.*

*નારીવાદી ચળવળનો બીજો તબક્કો ઈ.સ.1960 થી 1980 ના દાયકા રહ્યો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ, બ્રિટન અને યુરોપના અન્ય દેશોમાં તેની વ્યાપક અસર થઈ હતી. આ ચળવળનો ઉદ્દેશ્ય સ્ત્રી અને પુરુષ વચ્ચેના સામાજિક અનેમાનસિક ભેદભાવને બદલવાનો હતો. આ તબક્કાના મુખ્ય વિચારકો કેરોલ હેનિશ, સિમોન ડી બ્યુવોઈર, બેટી ફ્રીડન, રોબિન મોર્ગન વગેરે હતા.જેમને સાહિત્યના માધ્યમથી પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.જયારે ઈ.સ.1990 પછી નારીવાદી ચળવળનો ત્રીજો તબક્કો શરૂ થયો. જે સમાન કાયદાઓ, રાજકીય સમાનતા અને મહિલાઓની ઓળખ વગેરે હેતુઓને હતો. આ સમયગાળા દરમિયાન આ નારીવાદી ચળવળો વિવિધ સ્વરૂપે વિભાજીત થઈ હતી. જેમાં ઉદારવાદી નારીવાદ, ઉદામવાદી નારીવાદ, સામાજિક નારીવાદ, સાંસ્કૃતિક નારીવાદ વગેરે. જેની વ્યાપક અસરો વૈશ્વિકસમાન કાપરીપેક્ષ્યમાં જોવા મળે છે.*

*નારીવાદ ચળવળની અસર ભારતીય સમાજ વ્યવસ્થા પર પડી હતી. ભારત એક પુરુષપ્રધાન દેશ છે, જ્યાં પુરુષોની સંખ્યા સ્ત્રીઓ કરતાં ઘણી વધારે છે. 18મી અને 19મી સદીનું ભારતીય સમાજ વ્યવસ્થા અનેક કુપ્રથાઓ,અંધશ્રદ્ધાઓ, માન્યતાઓથી ઘેરાયેલો હતો. આ સમાજ વ્યવસ્થાએ સ્ત્રી શક્તિને અવગણા કરી હતી. વૈદકાલિન સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ મોભાની રહી હતી. સ્ત્રી પુરુષો સાથે સામાજિક-ધાર્મિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં સક્રિયપણે ભૂમિકા ભજવતી હતી. તે પોતાના જીવનસાથી પસંદકરવાનો, પોતાની સ્વતંત્રતા, સમાનતા વગેરે અધિકારો રહ્યા હતા.*

*18મી અને 19મી સદી દરમિયાન બાળલગ્ન, સતી પ્રથા, વિધવાવિવાહ, કન્યાઓને દૂધપીતી રિવાજ, પડદા પ્રથા અને શિક્ષણનો અભાવ વગેરે કુરીવાજોથી ઘેરાયેલી હતી. ભારતીય સમાજમા આ કુપ્રથાઓને નાથવા 18મી સદીના ભારતીય મહિલા કાર્યકર્તા સાવિત્રીબાઈ ફૂલેએ કન્યા શિક્ષણ માટે પહેલ કરનારાં પ્રથમ મહિલા શિક્ષિકા હતાં. જે પહેલા મહિલા વિચારક હતી અને તેઓનું માનવુ હતુ કે " શિક્ષણ દ્વારા જ અન્યાયી પ્રથાઓનો નાશ કરી શકાય છે." ઈ.સ. 1848માં સાવિત્રીબાઈ ફૂલે પુણેમાં*

મહિલાઓને શિક્ષિત કરવા માટે એક શાળા શરૂ કરી. જે છોકરીઓને શિક્ષિત કરવાનું આ પગલું મહિલા વિકાસનો પ્રારંભિક બિંદુ હતું.આ સમયગાળામાં નારીવાદી અભિગમ ધરાવનાર અનેક સમાજ સુધારકો રહ્યા હતા. જેમણે ભારતીય સામાજિક વ્યવસ્થાની કુપ્રથાઓનો વિરોધ કર્યો હતો. રાજા રામ મોહન રાયએ બ્રહ્મો સમાજની સ્થાપના કરી સ્ત્રી અધિકારોનો વિચાર વહેતો મુક્યો હતો. જ્યારે ઈશ્વરચંદ્ર વિધાસાગર, ગોવિંદ રાનડે, જ્યોતિબા ફુલે,સ્વામી વિવેકાનંદ વગેરે સમાજ સુધારકો અને તેમની સંસ્થાઓ સ્ત્રી સ્વતંત્ર્યતા અને અધિકારો વિશે પ્રશંસનીય કાર્યો કર્યા હતા.

ભારતમાં નારીવાદી ચળવળનો ઈતિહાસના ત્રણ તબક્કામાં વિભાજીત થયેલો છે. પ્રથમ તબક્કાનો સમય લગભગ ઈ.સ.1850 થી ઈ.સ.1915નો રહ્યો હતો. જેનો હેતુ મહિલાઓની સામાજિક સ્થિતિ સુધારવાનો હતો. જેમાં પુરુષ સમાજ સુધારકોએ તેની શરૂઆત કરી હતી.ભારતીય સમાજની કુપ્રથાઓ, માન્યાતાઓ વગેરે સામે રાજારામ મોહન રાય ઈશ્વરચંદ્ર વિધાસાગર, મહાદેવ ગોવિંદ રાનદે, નર્મદ અને કરશનદાસ મૂળજી, સાવિત્રીબાઈ ફુલે, જયોતિબા ફુલે વગેરે સમાજસુધારકોએ અને તેમણે સ્થાપીત સંસ્થાઓએ નારીવાદી ચળવળ ને સક્રિયબનાવી હતી. જેમાં શિક્ષણને પ્રાધ્યાન આપવામાં આવ્યું હતું.

ભારતમાં નારીવાદી ચળવળનો બીજો તબક્કો ઈ.સ.1915 થી 1947 સુધી નો હતો. જેનો હેતુ મહિલાઓને સ્વતંત્રતા સંગ્રામમાં ભાગીદારી અને મહિલા સંગઠનનો રહ્યો હતો. ગાંધીજીના નેતૃત્વમાં થયેલ સ્વતંત્રતાસંગ્રામમાં મહિલા રાજકીય ક્ષેત્રે સક્રિય થવાનો તક આપી હતીઅને જેમા અનેક મહિલા સંગઠન ઉદભવ્યા હતા.આ તબક્કામાં કસ્તુરબા ગાંધી, સરલા ચૌધરાનીદેવી, સરોજીની નાયડુ વગેરે અનેક નામિ-અનામી મહિલાઓએ રાજકીય અને સાંસકૃતિક ક્ષેત્રે પ્રભુત્વ સ્થાપીત કર્યુંહતું.

ભારતમાં નારીવાદી ચળવળનો ત્રીજો તબક્કો ઈ.સ.1947 થી આજ દિન સુધીનો રહ્યો છે. સ્વતંત્રતા પછી ભારતીય બંધારણે મહિલાઓને સમાનતા અને ભેદભાવથી મુક્તિ વગેરે મૌલિક અધિકાર આપ્યા છે.જેનો હેતુ સમાન વ્યવહાર, રાજકીય ભાગીદારી, અસ્થાયી હિંસા, અનેસામાજિક ન્યાય વગેરે છે.સમયના પ્રવાહની સાથે આ ચળવળ વિકસિત બની છે. દરેક ક્ષેત્રોમાં મહિલા ભાગીદારી અને મહિલા સશક્તિકરણનો વ્યાપ વધ્યો છે.

## 2.5 નારીવાદી અધ્યયન અભિગમના પ્રકારો

નારીવાદી દષ્ટિકોણના ઘણા પ્રકારો છે. જેમાં ઉદારવાદી, માર્ક્સવાદી, કટ્ટરપંથી અને સાંસકૃતિક નારીવાદ વગેરે મુખ્ય પ્રકારો છે. આ ઉપરાંત, અન્ય સ્વરૂપો પણ છે. જેમ કે પર્યાવરણીય નારીવાદ અને આધ્યાત્મિક નારીવાદ વગેરે. જે સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રો સાથે સંકળાયેલા છે. અહિંયા નારીવાદી પ્રકારોની ટૂંકીચર્ચા કરીએ.

**1.ઉદાર નારીવાદઃ**

*ઉદાર નારીવાદ મહિલાઓને દરેક ક્ષેત્રોએ સમાન કાયદો અને સામાજિક અધિકારોના હેતુઓ પર રહ્યો છે. ઉદારવાદી નારીવાદીઓ વિચારધારા એ રહી છે કે દરેક ક્ષેત્રોએ મહિલાઓના અધિકારો અને તેની ઓળખની અવગણા થાય છે. મહિલાઓ સામેનાભેદભાવપૂર્ણ વ્યવહારથી, મહિલાઓ વિકાસથી વંચિત રહે છે.*

**2.માર્ક્સવાદી/સમાજવાદી નારીવાદઃ**

*આ વિચારધારા આ મહિલાઓની પીડા અને ભેદભાવને મૂડીવાદ અને આર્થિક અસમાનતા સાથે સાંકળે છે.મૂળે પશ્ચિમિ વિચારધારા છે. ઉત્પાદનના સાધનો સાથે શ્રમના સંબંધનાસંદર્ભમાં સ્ત્રીઓની સામાજિક સ્થિતિમાં પરિવર્તન જુએ છે. સમાજ માં સ્ત્રીઓ આર્થિક અને સામાજિક ક્ષેત્રે વિક્સીત બને તે હેતુ તેમણો રહ્યો છે.*

**3.ઉદ્દામવાદી નારીવાદઃ**

*આ વિચારધારાના વિચારકોનું માનવું છે કે સ્ત્રીઓ માટે પિતૃસત્તાક વ્યવસ્થા સામાજિકઅને સાંસ્કૃતિક અત્યાચાર મૂળ છે અને  લિંગ અસમાનતા સમાજના મૂળભૂત માળખા સાથે જોદાયેલી છે. આ વિચારકોએ એ પણ કહે છે કે  સમાજના હાલના માળખામાં સુધારો કરવાને બદલે, પિતૃસત્તાને સંપૂર્ણપણે નાબૂદ કરવી અને તેને સ્ત્રી-કેન્દ્રિત વ્યવસ્થા સાથે બદલવીજરૂરી છે.*

**4.સાંસ્કૃતિક નારીવાદઃ**

*આ વિચારકો મુખ્ય તે મહિલાઓની વિશિષ્ટતા અને "સ્ત્રીલક્ષી" ગુણોને મહત્ત્વ આપે છે. સાંસ્કૃતિક નારીવાદ મુખ્યત્વ જે સ્ત્રીઓ માટે સાંસ્કૃતિક શ્રેષ્ઠતા વધારવા અને સાંસ્કૃતિક નિમ્નતા ઘટાડવાનો પ્રયાસ કરે છે. આઉપરાંત એ પણ કહે છે કે મહિલાઓના શોષણના મૂળ સંસ્કૃતિમાં રહેલા છે. સ્ત્રીઓને આમાંથી મુક્ત કરવી અને તેમને પુરુષો જેટલા સમાન અધિકારો આપવા એ નારીવાદનો સાંસ્કૃતિક સિદ્ધાંત છે.*

**5.અન્ય પ્રકારો**

*આ ઉપરાંત નારીવાદી વિચારધારાનો પ્રચાર અને પ્રસાર થાય એહેતુસર આંતરવિભાગીય નારીવાદ/બહુસાંસ્કૃતિક નારીવાદ,પર્યાવરણીય, નારીવાદ,આધ્યાત્મિક નારીવાદ વગેરેનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યુ છે.*

## 2.6 નારીવાદી અધ્યયન માટેના અભિગમો – ઉદારવાદી

*ઉદાર નારીવાદ મુખ્ય  લિંગ સમાનતા, રાજકીય અને કાયદાકીય અધિકારો વગેરે અધિકારોનોઅભિગમ રહ્યો છે. આ અભિગમનો મત એ રહ્યો છે કે  સ્ત્રીઓને પુરુષો જેટલી જ સામાજિક, રાજકીય અને આર્થિક તકો અને અધિકારો મળવા જોઈએ અને કાયદા અને નીતિઓ દ્વારા પરિવર્તન આવવું જોઈએ.દા.ત.  વેતન સમાનતા, મહિલાઓ સામે હિંસા જેવા મુદ્દાઓ તેની મુખ્ય વિચારધારારહી છે. ઉદાર નારીવાદી અભિગમનો અર્થ સમજીએ તો ઉદારવાદી નારીવાદ એ એવો નારીવાદી અભિગમ છે*

*કે જે સ્ત્રી અને પુરુષને સમાન અધિકાર, સ્વતંત્રતા અને તક આપવાની જોગવાઈ કરે છે અને  સ્ત્રીઓને પુરુષોની જેમ શિક્ષણ, રોજગાર, રાજકારણ અને સમાજના દરેક ક્ષેત્રમાંસમાન તકો અને અધિકારો હોવા જોઈએ.*

**1.ઉદાર નારીવાદના મુખ્ય લાક્ષણિકતાઓ :**

*આ અભિગમની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે રહી છે.*

1. *કાયદાકીય અને રાજકીય સુધારાઃ ઉદાર નારીવાદનો મુખ્ય ઉદ્દેશ્ય કાનૂની અને રાજકીય માળખામાં કામ કરીને સમાનતા પ્રાપ્ત કરવાનોછે.*
2. *સમાન તકઃ મહિલાઓને કામના સ્થળો, શિક્ષણ અને જાહેર જીવનમાં મહિલાઓ માટે સમાન તકો હોવી જોઈએ.*
3. *વ્યક્તિગત સ્વતંત્રતાઃ સ્ત્રીઓના મૂળભૂત અધિકારો અને સ્વતંત્રતાઓ પર ભાર મૂકે છે. જેમાં જાતીય અને નાગરિક સ્વતંત્રતાઓનો સમાવેશ થાય છે.*
4. *. શિક્ષણઅને આર્થિક સ્વાવલંબન*
5. *ઉદારવાદી નારીવાદીઓનું માનવું છે કે શિક્ષણ અને આર્થિક સ્વતંત્રતા મહિલાઓને વિકાસની અનેક તકો  આપે છે.*

**2.મુખ્ય વિચારકોઃ**

*ઉદાર નારીવાદના મુખ્ય વિચારકોમાં પ્રથમ  મેરી વોલસ્ટોનકાફ્ટ* (Mary Wollstonecraft) *આવે છે. તેમના પુસ્તક  છ* Vindication of the Rights of Woman (1792) *માં તેમણે મહિલા શિક્ષણના હકની જોરદાર માંગ કરી. જ્યારે જહોન સ્ટુઅર્ટ મિલ* (John Stuart Mill) *દ્રારા રચિત ગ્રંથ* She Subjection of Women *માં મહિલામોને મતાધિકાર આપવાની માગણી કરી હતી. બેટ્ટી ફ્રિડાન* (B[a]ty Friedan) *રચિત  પુસ્તક* The feminine Mystique (1963) *એ અમેરિકન નારીવાદમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.*

*ભારતીય ઉદાર નારીવાદી વિચારકોમાં રાજા રામ મોહન રાય , ઈશ્વરચંદ્ર વિધાસાગર, જ્યોતિબા ફુલે, સાવિત્રીબાઈ ફુલે, પંડિતા રમાબાઈ, સરોજીની નાયડુ, ડો. બી.આર. આંબેડકર વગેરેનું પ્રદાન અમૂલ્ય રહ્યુ છે. જેમણે સ્ત્રી શિક્ષણ દ્વારા સશક્તિકરણ,કાયદાકીય સુધારાઓ દ્વારા સમાનતા સ્થાપિત કરવી, લગ્ન, સંપત્તિ અને રોજગાર ક્ષેત્રોમાં સમાન અધિકાર,સ્ત્રીઓને વ્યક્તિગત સ્વતંત્રતા અને જાહેર જીવનમાં ભાગીદારી આપવી. વગેરે બાબતો પર ભાર મૂક્યો હતો.*

**3.ઉદારવાદીનારીવાદ અભિગમની મર્યાદાઓ :**

*ઉદારવાદી નારીવાદ અભિગમ સકારત્મક પાસાઓની સાથે કેટલીક મર્યાદાઓ પણ રહેલી છે. નીકે પ્રમાણે આપી શકાય.*

1. *સામાજિક માળખાની અવગણના*
2. *વર્ગ અને જાતિ પ્રશ્નોની અવગણના*
3. *પુરુષ પ્રધાન મૂલ્યોનો સ્વીકાર*
4. *ક્રાંતિ પરીવર્તનકરતાં સુધારાનો માર્ગ*

5. *સાંસ્કૃતિક અને ભાવનાત્મક પરિમાણોની અવગણના*
6. *સમૂહ ચેતનાનો અભાવ*
7. *વૈશ્વિક દ્રષ્ટિકોણનો અભાવ*

## 2.7 નારીવાદી અધ્યયન માટેના અભિગમો – ઉદામવાદી

*નારીવાદ સામાજિક, રાજકીય અને બૌદ્ધિક ચળવળ છે. જે સ્ત્રીઓને પુરુષ સમાન હક્ક, તકોઅને પ્રતિષ્ઠા આપવાના હેતુથી વિકસીત થઈ છે.નારીવાદના વિવિધ સ્વરૂપોમાંથી "રેડિકલ નારીવાદ"* (Radical Feminism) *–ઉદામવાદી નારીવાદ અન્ય સ્વરૂપો કરતા ઉગ્ર, તીવ્ર અને મૂળભૂત પરિવર્તનવાદી વિચારધારાનો અભિગમ રહ્યો છે.. આ અભિગમ મુખ્ય સ્ત્રીઓ ઉપરનાઅત્યાચારો માત્ર કાયદા કે આર્થિક ક્ષેત્રો સુધી સિમિત નથી, પરંતુ તે સમાજના મૂળભૂત માળખામાં, ખાસ કરીને પિતૃસત્તા વ્યવસ્થા* (Patriarchy) *સાથે સંકળાયેલો છે. તેથી સ્ત્રી મુક્તિ માટે આખી પિતૃસત્તાત્મક વ્યવસ્થાને ઉખેડવી એ આધારીત રહ્યો છે.*

**1.ઉદામવાદી નારીવાદનો ઉદ્દભવઃ**

*ઉદામવાદી નારીવાદનો ઉદ્દભવ ઈ.સ.* 1960*ના દાયકામાં થયો હતો. આ વિચારધારા પશ્ચિમી દેશોની દેન છે. આ સમય દરમિયાન નારીવાદની બીજી લહેર* (Second Wave Feminism) *ચાલી રહી હતી. સ્ત્રીઓએ આર્થિક સમાનતા, શિક્ષણ, અને રાજકીયવગેરેની લડત શરૂ કરી હતી. પશ્ચિમિ ઉદામવાદી નારીવાદીઓનો એવું મંતત્વ હતું કે સ્ત્રીઓની શોષણમાં કોઈ એક સંસ્થા જવાબદાર નથી પરંતુ પિતૃસતા વ્યવસ્થા જ તેના માટે જવાબદાર રહી છે. જે દરેક સ્તરે કુટુંબ, ધર્મ, સંસ્કૃતિ, શિક્ષણ અને ભાષા વગેરેમાં વિસ્તારપામી છે. આ વિચારધારાના સમર્થકો સ્ત્રીના શોષણનું મૂળ પુરુષસત્તા અને સામાજિક માળખુ રહ્યુ છે અને સ્ત્રી મુક્તિ માટે સંપૂર્ણ સામાજિક પરિવર્તનની માગણી કરે છે. આ વિચારધારાના અમુક વિદ્વાનો ઉદામવાદી નારીવાદની વ્યાખ્યાઓ આપી છે. જે નીચે પ્રમાણે છે. ઉદામવાદી નારીવાદના વિચારક કેટ મિલેટ પોતાના ગ્રંથમાં પોતાના વિચારો જણાવે છે કે "પિતૃસત્તા એ એક એવી રાજકીય વ્યવસ્થા છે જેમાં પુરુષો સ્ત્રીઓ પર સત્તા ચલાવે છે, અને તે જ સ્ત્રી શોષણનું મૂળ છે."*

*જ્યારેબીજા વિચારક શુલામિથ ફાયરસ્ટોન કથન મુજબના વિચારો છે કે*

*"સ્ત્રીઓની દાસતાનું મૂળ તેમના પ્રજનન પરના જૈવિક નિયંત્રણમાં છે, અને સાચી મુક્તિ માટે આ બાયોલોજિકલ બંધન તોડવું આવશ્યક છે."*

*આ વ્યાખ્યાઓ ઉદામવાદી નારીવાદનું માહાત્મસમજાવે છે.જ્યારે નીચે પ્રમાણે આ વિચારધારાની કેટલીક લાક્ષણિકતાઓ સમજીએ.*

**2.ઉદામવાદી નારીવાદની  મુખ્ય લાક્ષણિકતાઓ**

**1. પિતૃસત્તા વ્યવસ્થા મુખ્ય દુશ્મન તરીકેઃ**

*ઉદામવાદી નારીવાદીઓ માનતા હતા કે પુરુષસત્તા દરેક અસમાનતાનું મૂળ છે. પુરુષો સ્ત્રીઓ પરશારીરિક, માનસિક અને સામાજિક રીતે નિયંત્રણ રાખે છે અને પરિવાર, ધર્મ અને સંસ્કૃતિ વગેરે ક્ષેત્રો આ  સતાના નિયંત્રણ પર છે. જેથી સ્ત્રીઓનો વિકાસ સંભવ નથી.*

**2. સ્ત્રી પર નિયંત્રણઃ**

*સ્ત્રીઓનું સંપૂર્ણ નિયંત્રણ પિતૃસત્તા દ્વારા થાય છે. ગર્ભપાત,  ગર્ભનિરોધક ઉપાયો, લગ્ન, અને માતૃત્વ વગેરે  સ્ત્રીની પસંદગીથી વધુ સમાજના નિયમો પર આધારિત છે.*

**3. શારીરિક શોષણઃ**

*આ વિચારધારાના વિચારકો કેટ બાર્કર, કેટ મિલેટ વગેરેનું માનવું છે કે  પુરુષો સ્ત્રીઓને શારિરિક શોષણ તરીકે જોવે છે અને આ દ્રષ્ટિ એસ્ત્રી શોષણનું કેન્દ્ર છે.*

**4. સંસ્થાગત દમનઃ**

*પરિવાર, શાળા, મીડિયા અને ધર્મ જેવી સંસ્થાઓ પિતૃસત્તાને આધીન રહી છે. આથી બાળકપણેથી જ છોકરાઓને સત્તાવાદી અને છોકરીઓને સતાવિહિન તરીકે ઘડવામાં આવે છે.*

**5. સ્ત્રી સહકાર અને અલગતાઃ**

*ઉદામવાદી નારીવાદીઓસ્ત્રીઓ વચ્ચે એકતા, સહયોગ અને "સિસ્ટરહૂડ" પર ભાર મૂકે છે. તેઓ માનતા હતા કે સ્ત્રીઓએ પોતાના અનુભવોની સમજૂતી માટે પુરુષોથી અલગ સ્ત્રી-કેન્દ્રિત માળખું રચવું જોઈએ.*

**3.ઉદામવાદી નારીવાદના મુખ્ય વિચારકોઃ**

*ઉદામવાદી નારીવાદના મુખ્ય વિચારકોમાં સિમોનદ બોવા* (Simone de Beauvoir)*નું નામ મોખરે છે. તેમની કૃતિ* The Second Sex (1949) *દ્વારા ઉદામવાદી નારીવાદનો પાયો રાખ્યો. તેમણે લખ્યું  હતું કે  "સ્ત્રી તરીકે કોઈ જન્મતી નથી, પરંતુ બની જાય છે." જ્યારે કેટ મિલેટ* (Kate Millet)*એ પોતાના ગ્રંથ* Sexual Politics (1970) *દ્વારા દલીલ કરી કે પિતૃસત્તા એક રાજકીય વ્યવસ્થા છે, જે પુરુષોને સત્તા આપે છે અને સ્ત્રીઓને ગૌણ બનાવે છે.આ વિચારધારાના વધુ એક વિચારક  શુલામિથ ફાયરસ્ટોન* (Shulamith Firestone) *રહ્યા હતા.જેમણે*

The Dialectic of Sex (1970) *ગ્રંથમાં કહ્યું કે સાચી સમાનતા માટે સ્ત્રીના પ્રજનન પરના બાયોલોજિકલ નિયંત્રણમાંથી મુક્ત થવું જરૂરી છે. આ ઉપરાંત આંદ્રિયા ડવર્કિન* (Andrea Dworkin) *અને કેથરીન મેકકિન્નોન* (Catharine MacKinnon) *વગેરે આ વિચારધારાના સમર્થકો રહ્યા હતા.*

ઉદામવાદીનારીવાદી અભિગમને ભારતીય પરિપ્રેક્ષ્યમાં મુલવીએ તો આ અભિગમ ઈ.સ.1970મા જોવા મળ્યો હતો.જે સ્ત્રી ચળવળો સ્વરૂપનો હતો. જેમાં Self Employed Women's Association (SEWA)નું પ્રદાન વિશેષ રહ્યુ હતું. જ્યારે Mathura Rape Case વિરુદ્ધનો વિરોધ, અને Women's Libeaion Movement વગેરે ઘટનાઓએ સ્ત્રીઓના સન્માન અને સ્વતંત્રતાના મુદ્દાઓને ઉગ્ર બનાવ્યો હતો. આ અભિગમના ભારતીય વિચારકોમાં વીના મઝુમદાર, કમલા ભાસિન, ફ્લાવિયા એગ્નેસ વગેરેનું પ્રદાન અગત્યનું રહ્યુ છે.આ વિચારકોએ પિતૃસત્તા સામે અવાજઉઠાવ્યો હતો.ઉદામવાદી નારીવાદી દષ્ટિએ ભારતીય સમાજમાં સ્ત્રીની મુક્તિ માટે માત્ર શિક્ષણ કે રોજગાર પૂરતા નથી પરંતુ પરિવારમાં, ધર્મમાં અને સંસ્કારમાં રહેલા લિંગભેદી માળખાને તોડવું આવશ્યક છે.

**4.ઉદામવાદી નારીવાદની મર્યાદાઓ**

ઉદામવાદી નારીવાદીવિચારધારા ખૂબ શક્તિશાળી હોવા છતાં તેની કેટલીક મર્યાદાઓ પણ છે જેમાં અતિશય ઉગ્રતા, આર્થિક પરિબળોની અસમાનતા, વ્યવહારિકતાનો અભાવ,પશ્ચિમી દષ્ટિકોણ વગેરે બાબતોનો સમાવિષ્ટ  થાય છે. ઉદામવાદી નારીવાદનો ઉદભવ પશ્ચિમમાં થયો હોવાથી તે ઘણી વખત એશિયન કેઆફ્રિકન સમાજો તેની અવગણા કરે છે.આ નારીવાદી અભિગમ સ્ત્રી મુક્તિનો ક્રાંતિકારી વિચાર રહ્યો છે. આ અભિગમે દુનિયાને શીખવ્યું  છે કે સ્ત્રીના દૈનિક જીવનના અનુભવો પણ રાજકીય સત્તા અને અસમાનતાના પ્રતિબિંબ છે.

## 2.8 સંદર્ભ

નારીવાદ સામાજિક, રાજકીય અને બૌદ્ધિક ચળવળ છે. જે સ્ત્રીઓને પુરુષ સમાન હક્ક, તકો અને પ્રતિષ્ઠા આપવાના હેતુથી વિકસીત થઈ છે. નારીવાદ ચળવળની અસર ભારતીય સમાજ વ્યવસ્થા પર પડી હતી. ભારત એક પુરુષપ્રધાન દેશ છે, જ્યાં પુરુષોની સંખ્યા સ્ત્રીઓ કરતાં ઘણી વધારેછે. નારીવાદી અભિગમે સ્ત્રી મુક્તિનો ક્રાંતિકારી વિચાર રજુ કર્યો.

## 2.9 ચાવીરૂપ શબ્દો

નારીવાદ, ઉદામવાદી, ઉદારવાદી, સ્ત્રી મુક્તિ, વૈશ્વિક દ્રષ્ટિકોણ

## 2.10 તમારી પ્રગતિ ચકાસો

નીચે આપેલા પ્રશ્નોના જવાબો આપો.

1. નારીવાદની વિભાવના જણાવો.

2. નારીવાદના ઉદ્‌ભવ અને વિકાસ વિશે ચર્ચા કરો.

3. નારીવાદી અધ્યયન અભિગમના પ્રકારો જણાવો.

4. ઉદારવાદી અને ઉદામવાદી અભિગમો.

## 2.11 સંદર્ભ ગ્રંથો


1. શાહ એ.જી. કે. દવે, 'સ્ત્રીઓ અને સમાજ', અનડા બુક ડિપો, અમદાવાદ, 2010
2. છિલ્લર મંજુલતા,"ભારતીય નારી શોષણ કે બદલતે આયામ", અર્જુન પલિશિંગ હાઉસ, નવી દિલ્લી, 2010
3. દેસાઈ નીરા., ગુજરાતમાં 19મી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 2004.
4. Simone De Beauvoir., The Second Sex, Vintage Digital, 2015.

**એકમ : 3**

# 19 મી સદીમાં ભારતીય સમાજમાં નારીનો દરજ્જો

**:: રૂપરેખા ::**


**3.0** ઉદ્દેશો

**3.1** પ્રસ્તાવના

**3.2** 19 મી સદીમાં ભારતીય સમાજમાં નારીનો રાજકીય દરજ્જો

**3.4** 19 મી સદીમાં ભારતીય સમાજમાં નારીનો સામાજિક દરજ્જો

**3.5** 19 મી સદીમાં ભારતીય સમાજમાં નારીનો શૈક્ષણિક દરજ્જો

**3.6** 19 મી સદીમાં ભારતીય સમાજમાં નારીનો કાનૂની દરજ્જો

**3.7** 19 મી સદીમાં ભારતીય સમાજમાં નારીનો આર્થિક દરજ્જો

**3.8** 19 મી સદીની કેટલીક પ્રતિભાશાળી મહિલાઓ

**3.9** સારાંશ

**3.10** ચાવીરૂપ શબ્દો

**3.11** તમારી પ્રગતિ ચકાસો

**3.12** સંદર્ભો


## 3.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ પછી તમે,*

- 19 *મી સદીમાં ભારતીય સમાજમાં નારીના રાજકીય દરજ્જો વિષે જાણી શકશો.*
- 19 *મી સદીમાં ભારતીય સમાજમાં નારીનો સામાજિક દરજ્જો કેવો હતો તેના વિશે માહિતી મેળવશો.*
- 19 *મી સદીમાં ભારતીય સમાજમાં નારી શિક્ષણ વિશે માહિતગાર થશો.*
- 19 *મી સદીમાં ભારતીય સમાજમાં નારી સંબંધિત કાયદાઓ વિશે માહિતી મેળવશો.*
- 19 *મી સદીમાં ભારતીય સમાજમા નારીની આર્થિક ભૂમિકા વિશે માહિતી મેળવશો.*
- 19 *મી સદીની કેટલીક પ્રતિભાશાળી મહિલાઓ વિશે જાણશો.*

## 3.1 પ્રસ્તાવના

*'ભારતની સામાજિક સંસ્થાઓ' પુસ્તકમાં મહેન્દ્રકુમાર એફ. રાવના જણાવ્યા મુજબ 'વેસ્ટર માર્ક ધી હિસ્ટ્રી ઓફ હ્યુમન મેરેજ'માં કહે છે કે "કોઈપણ સંસ્કૃતિનું માપ તે સમાજમાં સ્ત્રી શું સ્થાન ભોગવે છે તે પરથી નીકળે છે" દરજ્જાને અંગ્રેજીમાં* STATUS *કહેવામાં આવે છે. જે વ્યક્તિના હકો અને અધિકારોનો નિર્દેશ કરે છે. સમાજશાસ્ત્રની વ્યાખ્યા પ્રમાણે વ્યક્તિનો દરજ્જો એટલે સમાજમાં તેને મળતા હકો અને અધિકારો. 19મી સદીમાં યુરોપના વિદ્વાનોએ નોંધ્યુ કે "હિન્દુ મહિલાઓ અન્ય મહિલાઓ કરતાં નૈસર્ગિક રીતે ચારિત્રશીલ અને વધુ ગુણવાન છે" આધુનિક પશ્ચિમની સંસ્કૃતિનો પ્રભાવ અને વિદેશી દ્વારા હાર્યાની ભાવનાએ ગુલામીની સ્થિતિએ લોકોમાં નવી ભાવના જાગૃત થઈ.*

*પ્રાચીન કાળમાં ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન ખૂબ જ સારૂં હતું. સ્ત્રીને દેવી માનવામાં આવતી હતી. આ સમયે સ્ત્રી સામાજિક અને રાજકીય અધિકારો ભોગવતી હતી. તેને બ્રહ્મચર્યાશ્રમમાં શિક્ષણનો અધિકાર પુરુષ જેટલો જ હતો. બાળલગ્ન પણ નહિવત્ હતા. વિધવાઓની સ્થિતિ દયનીય ન હતી. દીકરીને પોતાનો પતિ પસંદ કરવાની તક આપવામાં આવતી હતી જેમકે સ્વયંવર પ્રથા! ઋગ્વેદિક સમયમાં દીકરીના લગ્ન 16 કે 17 વર્ષની વયે મોટાભાગે થતાં હતાં. લોપામુદ્રા, વિશ્વવરા, સિક્તા, નિવાવરી, ઘોષા, સુલભા, મૈત્રેયી, ગાર્ગી વગેરે વેદકાલીન વિદુષી સ્ત્રીઓ હતી. જે વેદકાલીન સ્ત્રીના જ્ઞાન અને ગૌરવની દિશા સૂચવે છે.*

*મધ્યકાલીન ભારતનો સમયગાળો સ્ત્રીઓના માટે અંધકારયુગ જેવો બની રહ્યો હતો. પ્રાચીન ભારતમાં સ્ત્રી જે અધિકારો ભોગવતી હતી તે હવે ભોગવી શકતી ન હતી. આધુનિક ભારતમાં સ્ત્રીઓની સ્થિતિમાં સુધારા માટેના નોંધપાત્ર પ્રયાસો થયા હતા. સંસ્થાનિક ભારતમાં થયેલી આધુનિકરણની પ્રક્રિયાએ પણ સ્ત્રીના સ્થાન પર મહત્ત્વની અસર કરી હતી. સ્વતંત્રતા સંગ્રામમાં સ્ત્રીની બદલાતી ભૂમિકાએ પણ સ્ત્રીનો દરજ્જો બદલવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત સાંસ્થાનિક ભારતમાં સૌપ્રથમ વખત સ્ત્રીઓની દિશા અને દશા સુધારવાના સંગઠિત પ્રયાસો કરવામાં આવ્યા હતા. સંસ્થાનિક ભારતમાં જ સામાજિક ધાર્મિક સુધારણા થઈ, રાષ્ટ્રીય ચેતના ઉદભવી તેની આડ પેદાશ તરીકે નારી મુક્તિની પ્રક્રિયાનો આરંભ થયો તેવુ પણ કહી શકાય.*

*શિરીન મહેતાના જણાવ્યા અનુસાર ભારતીય નારીને વિષય બનાવનાર સૌ પ્રથમ યુરોપીયન વિદ્વાન એચ.ટી.કોલબ્રુક હતા. કોલબ્રુકે આર્યનારીને ખૂબ બિરદાવી. સમગ્ર વિશ્વને પાશ્ચાત્ય સંસ્કૃતિમાં ફેરવો - અંગ્રેજી ભાષા બોલતી કરો એવું માનનારા* anglicists *ચાર્લ્સ ગ્રાન્ટ, કોર્નવોલીસ, વિલિયમ જોન્સ વગેરેએ ખૂબ ભાર મૂક્યો કે આ દેશમાં નૈતિક અને ભૌતિક ભૂમિકાની દ્રષ્ટિએ સુધારા વધારા દાખલ કરવા જોઈએ. ધર્મ - જાતિ સાહિત્યની તો ટીકાઓ થઈ પણ હવે યુરોપિયનો ભારતીય સંસ્કૃતિનું નબળું પાસું સ્ત્રીઓનો સામાજિક દરજ્જો એ મુદ્દો લઈ પ્રહારો શરૂ કર્યા. જી.એસ.મિલ દૂધપીતીની પ્રથા, બાળ લગ્ન, વિધવાઓની દારુણ દશા ઉપર પુષ્કળ*

*પ્રહાર કર્યા હતા. "વિધવાની કાળી કોટડીનો કારાવાસ એ તો સામાજિક મૃત્યુ છે" તેમ તેઓએ કહ્યું હતું. હિંદના ગવર્નર જનરલ વિલિયમ બેન્ટિકે 1830 માં જાહેરમા ચિંતા વ્યક્ત કરી કે ખરેખર હિંદની નારીને ધિક્કારવા લાયક જંગલી રીતરિવાજોથી બચાવવી જોઈએ. 19મી સદીમાં નારીનું સ્થાન કેવું હતું ? નારીની સ્થિતિ શું હતી? તેના વિષે વિગતવાર માહિતી મેળવવાનો પ્રયત્ન કરીએ.*

## 3.2 19 મી સદીમાં ભારતીય સમાજમાં નારીનો રાજકીય દરજ્જો

*રાજકીય દરજ્જો એટલે નારી દ્વારા રાજકીય ક્ષેત્રમાં ભોગવવામાં આવતું સ્થાન. 19મી સદીમાં ભારતીય સમાજમાં નારીનું સ્થાન પુરુષોની સરખામણીમાં ઘણું ઉતરતું હતું. સામાન્ય લોકોમાં નારીનો રાજકીય દરજ્જો સામાન્ય જ હતો. દેશી રજવાડાઓમાં સ્ત્રીઓની સ્થિતિ સામાન્ય સ્ત્રીઓ કરતાં સારી હતી. ક્યાંક ક્યાંક રાજાની સાથે રાજ્ય વહીવટમાં પણ ભાગ લેતી જોવા મળે છે. 1857ના વિપ્લવમાં રાજ પરિવારની સ્ત્રીઓનું અને ક્યાંક સામાન્ય સ્ત્રીઓનું પણ પ્રદાન જોવા મળે છે જેના વિષે થોડી માહિતી મેળવવાનો પ્રયાસ કરીએ.*

**રાણી ચેન્નમા**



*કિત્તુર એ ઉત્તર કર્ણાટકના ધારવાડ પાસે 280 ગામડાનું સામ્રાજ્ય હતું. જેના રાજા મલ્લસર્જના પત્ની રાણી ચેન્નમા અખૂટ શૌર્ય ધરાવતા સ્ત્રી હતા. મલસર્જને બે પત્નીઓ હતી પ્રથમ પત્ની રુદ્રમા અને બીજી ચેન્નમા. પ્રથમ પત્ની રુદ્રમાને બે પુત્ર હતા શિવલિંગ રુદ્રસર્જ અને વીરરુદ્રસર્જ. ચેન્નમાનો પુત્ર શિવબસવસર્જ, જેનું નાની ઉંમરમાં મૃત્યુ થયું હતું. ત્યાર પછી વીરસર્જનું પણ થોડા સમય અવસાન થયું હતું. મલ્લસર્જના મૃત્યુ પછી તેનો પુત્ર શિવલિંગ રુદ્રસર્જ રાજા બન્યો. રાણી ચેન્નમા પોતે તેના સલાહકાર બન્યાં. કિત્તુર સોનાથી સમૃદ્ધ રાજ્ય હતું. શિવલિંગ રૂદ્રસર્ગને ક્ષયનો રોગ થયો હતો. 1844 માં તેની પત્ની વિરમ્માની ઉમર 11 વર્ષની હતી. તેઓ નિઃસંતાન હોવાથી દત્તક પુત્ર લેવાનું નક્કી થયું.*

*શિવલિંગપ્પાને વારસદાર જાહેર કરાયો. જેને અંગ્રેજ કલેક્ટર ઝોન ઠાકરેએ નામંજૂર કર્યો હતો. જેના કારણે 1824માં રાણીની આગેવાનીમાં અંગ્રેજો સામે વિદ્રોહ થયો હતો. પહેલી લડાઈમાં રાણીની સેનાનો વિજય થયો હતો. રામ હબસી નામના સૈનિકે કલેક્ટર ઠાકરેનું માથુ કાપી નાખ્યું હતું પરંતુ 9 ડિસેમ્બર 1826 ના રોજ કિત્તુર પડ્યું હતું. રાણી ચેન્નમાને બૈલ હોંગલના કારાગારમાં કેદ કરાયા હતા. જ્યાં 2 ફેબ્રુઆરી 1929ના રોજ તેમણે અંતિમ શ્વાસ લીધો હતો.*

**ભીમાબાઈ હોલકર**

*ભીમાબાઈ હોલકરએ ઈન્દોરના મહારાણી અહલ્યાબાઈ હોલકરના દત્તક પુત્ર તુકોજીરાવના પુત્ર યશવંતરાયનાં પુત્રી હતાં. જે બાળપણથી ખૂબ જ સાહસિક અને બુદ્ધિ પ્રતિભા ધરાવતા હતા. તેમનો જન્મ 17મી સપ્ટેમ્બર 1795માં પૂર્ણિમાના રોજ માતા લાડબાઈના ખોળે થયો હતો. યશવંતરાયે એ જમાનામાં પણ પોતાની દીકરીને શસ્ત્ર અને શાસ્ત્ર બંનેનું શિક્ષણ આપ્યું હતું. ભીમાબાઈના લગ્ન ધારના ગોવિંદરાવ સાથે કર્યા હતા. બે જ વર્ષના લગ્નજીવન પછી તેઓ વિધવા થયા હતા. પછીથી તેમના પિતા પાસે આવ્યા હતા. યશવંતરાવે ભાનપુરામાં તોપનું કારખાનુ શરૂ કર્યું હતું. જેનો કારભાર ભીમાબાઈએ સંભાળ્યો હતો. ભીમાબાઈ સાથેની લડાઈમાં અંગ્રેજ અધિકારી માલ્કમને 1818માં માર્ચમાં ભાગી છૂટવું પડ્યું. ભીમાબાઈએ અચાનક હુમલો કર્યો હતો પરંતુ ભીમાબાઈનો મુખ્ય સેનાપતિ રોશન ખાન ફૂટ્યો હતો. તેણે આગળ જતા ભીમાબાઈ વિશે માહિતી આપી દીધી. અંતે ભીમાબાઈ કેદ પકડાયા. 26 નવેમ્બર 1858 ના રોજ અવસાન પામ્યા હતા.*

**રાણી જિંદાકૌર**

*શીખ રાજા રણજીતસિંહના પત્ની રાણી જિંદાકૌર હતા. જેમને અંગ્રેજો 'વિદ્રોહી રાણી' તરીકે સંબોધતા હતા. 1835માં રણજીતસિંહ સાથે લગ્ન કર્યા હતા. 1839માં રણજીતસિંહનો સ્વર્ગવાસ થયો હતો. તેમના પુત્ર દિલીપસિંહ બાળવયના હોવાથી શાસનની ધૂરા પોતે સંભાળી હતી. પ્રથમ વખત અંગ્રેજોને ધૂળ ચટાડી હતી પરંતુ પોતાની સેનાના સરદારોએ કરેલ વિશ્વાસઘાતના પરિણામે અંતે શીખ સૈન્ય હાર્યું અને લાહોર કરાર કરવો પડ્યો અંગ્રેજોની સાથે જેમાં બ્રિટિશ સૈન્યને લાહોર રહેવાની મંજૂરી રાણી જિંદા કૌરને ભારે પડી ! બ્રિટિશરોએ રાણીના સૈનિકોને ફોડી લીધા. રાણીને નેપાળમાં નાસી છૂટવું પડ્યું. ત્યાંની સરકારને અંગ્રેજોનો ડર લાગ્યો હતો જેના પરિણામે રાણી નજર કેદ જેવી હાલતમાં જીવ્યા. ત્યારબાદ કોલકત્તામાં પોતાના પુત્રને મળ્યા બ્રિટિશ સરકારની વ્યવસ્થા પ્રમાણે બ્રિટિશ સરકારે માતા પુત્રને ઈંગ્લેન્ડમાં મોકલી દીધા. 1863માં ઈંગ્લેન્ડમાં જ રાણી ઝીંદા કૌરનું અવસાન થયું. પોતાના દેશાભિમાન માટે આજીવન લડનાર રાણી ઝીંદા કૌર ખરેખર મહાન સન્નારી હતા.*

**બેગમ હઝરત મહલ**

*અવધના નવાબ વાજીદ અલી શાહના પરીખાનામાંથી 13-14 વર્ષની ઉંમરે નવાબે ઉમરાવ સાથે લગ્ન કર્યા હતા. આ ઉમરાવ મહેકપરીના નામે ઓળખાવા લાગ્યા. 1846માં પુત્ર બિરજીસ કદ્રને જન્મ આપ્યો અને બેગમ હઝરત મહલ તરીકે જાણીતા બન્યા.*



*1857ના બળવા પછી 1858ના રાણીના ઢંઢેરાના જવાબમાં તેમણે જાહેરનામું બહાર પાડેલ જેમાં પ્રસિદ્ધ કરાવ્યું તે જાહેર ખબરનો સાર હતો કે અંગ્રેજો*

બેઈમાન અને દગાબાજ છે તેઓ માત્ર તલવાર અને ખંજરની જ ભાષા સમજે છે. અંગ્રેજોએ 14 ફેબ્રુઆરી 1858 અવધ પર પોતાનો અધિકાર જમાવી લીધો જેમાંથી અવધની પ્રજા ફરીથી મુક્ત થઈ ગઈ. પછીથી હેનરી લોરેન્સે 30 જૂન 1856ના રોજ અવધ પર 1500 સૈનિકો સાથે આક્રમણ કર્યું. જેમાં બેગમના સૈન્ય સામે તેના લશ્કરની ખુવારી થઈ.

બેગમ હઝરત મહલે પોતાના સૈનિકોનો ઉત્સાહ વધે એના માટે તેમને કહ્યું કે "જો તમે યુદ્ધમાં જીતશો તો પહેલાથી પણ વધુ ઊંચો મોભો અને ઈનામ પામશો. જે અંગ્રેજોને હરાવશે એનો અડધો કરવેરો માફ કરવામાં આવશે. વળી પોતાનો પડદો હટાવીને સ્ત્રીઓના પ્રશ્નો પરત્વે લોકોને ધ્યાન દોર્યું. 1859માં અંગ્રેજો સામે તેમનું સૈન્ય હારતા નેપાળમાં ગયાં જ્યાં તેમનું મૃત્યું થયું હતું.

**જલકારી બાઈ**

1830ના નવેમ્બરની 22મી તારીખે બુંદેલખંડમાં ભોજલા ગામે કોરી સમાજમાં જન્મ્યા હતા. જલકારીબાઈ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની દુર્ગા સેનામાં મહત્ત્વના પદ પર હતા. બાળપણમાં દીપડા સાથે બાથ ભીડી અને એને કુહાડી વડે મૃત્યુને ઘાટ ઉતાર્યો હતો. અપ્રતિમ શોર્ય ધરાવનાર જલકારી બાઈ રંગે રૂપે આબેહૂબ રાણી લક્ષ્મીબાઈ જેવા લાગતા હતા. 1857ના વિપ્લવમાં રાણી લક્ષ્મીબાઈ અંગ્રેજ સૈન્યથી ઘેરાયેલા હતાં. તેમને બચાવવા જલકારીબાઈ પોતે લક્ષ્મીબાઈનો વેશ ધારણ કર્યો અને પોતે શહીદ થયાં હતાં.

**રાણી લક્ષ્મીબાઈ**



પિતા મોરોપંત તાબેએ મણિકર્ણિકા ઉર્ફે મનુના લગ્ન ઝાંસીના મહારાજા ગંગાધરરાવ સાથે કર્યા હતા. લગ્ન પછી મનુ 'લક્ષ્મીબાઈ રાણી'ના નામે ઓળખાવા લાગ્યા હતા. રાણી લક્ષ્મીબાઈને પુત્ર જન્મ થયો હતો પરંતુ ત્રણ માસમાં જ તે મૃત્યુ પામ્યા હતો. ગંગાધરરાવની તબિયત ખૂબ ખરાબ રહેતી હતી તેથી તેમણે રાજ્યના વારસદાર માટે તેમના સંબંધથી વાસુદેવ નેવાલકરના પાંચ વર્ષીય પુત્ર આનંદરાવને દત્તક લીધો હતો. તેનું નામ દામોદર રાવ પાડ્યું હતું. 1853ના નવેમ્બરમાં ગંગાધર રાવનો સ્વર્ગવાસ થયો હતો.

13 માર્ચ 1854ના રોજ ઝાંસી પ્રાંતના બુંદેલખંડના પોટિકલ એજન્ટે ઝાંસીને પોતાના તાબા હેઠળ રાખવું એવું જાહેરનામું બહાર પાડ્યું હતું. દત્તક પુત્ર નામંજૂર કર્યા અને ઝાંસી હડપવાની વાત કરી જે રાણીને મંજૂર ન હતી. તેણે વિરોધ કર્યો અંગ્રેજ સૈન્યએ

હ્યુરોઝની આગેવાનીમાં આક્રમણ કર્યું. રાણી તેમને ખબર ન પડે તેમ કાલપી પહોંચી ગઈ. કાલપીથી ગ્વાલિયર ગયાં અને ગ્વાલિયરમાં અંગ્રેજોને સાથ આપનાર જયાજીરાવ સિંધિયા સામે લડ્યા અને સિંધિયાને મેદાન છોડી ભાગવું પડ્યું. અંગ્રેજોએ ગ્વાલિયરનો ઘેરો નાખ્યો. જ્યાં પરાજય નજીક જણાતા રાણી ત્યાંથી ભાગી છૂટ્યા. પોતાનો ઘોડો ઘાયલ હોવાથી બીજા ઘોડા પર સવાર થયા. નવો ઘોડો નાળુ કૂદ્યો નહીં અને રાણી અંગ્રેજોની સામે વીરતાથી લડતા શહીદ થયા હતા.

**રાણી દ્રોપદી બાઈ**

મધ્યપ્રદેશમાં ધાર નામના નાના એવા રજવાડાના રાણી હતા દ્રૌપદી બાઈ! 22 મે 1857મા ધારના રાજાનું અવસાન થયું હતું. આનંદરાવ બાલાસાહેબને રાજાએ મૃત્યુના આગળના દિવસે દત્તક લીધેલ હતા. બીજા રાજ્ય કરતા અલગ નીતિ અહીં બ્રિટિશ સરકારે અપનાવી હતી. બ્રિટિશ સરકારે દત્તક પુત્ર મંજૂર રાખ્યો હતો કારણ કે તેને આશા હતી કે આવું કરવાથી રાજ્ય બ્રિટિશ સરકારનો વિરોધ નહીં કરે છતા પણ દ્રૌપદીબાઈએ 1857 ના વિપ્લવમાં ક્રાંતિકારીઓને સમર્થન કર્યું હતું.

**નર્તકી અજીજન**

કાનપુરની નર્તકી જાણે ક્રાંતિકારીઓને મદદ કરી હતી. તે પોતે જ્યારે પકડાય છે ત્યારે જનરલ હેવલોક એને પોતાની ભૂલ સ્વીકારવા કહે છે તો તે માફી માગતી નથી અને શહીદ થાય છે.

### (ક) **તમારી પ્રગતિ ચકાસો**

| વિભાગ અ | વિભાગ બ |
|---|---|
| 1. રાણી ચેન્નમા | A અવધ |
| 2. ભીમાભાઈ હોલકર | B ઝાંસી |
| 3. રાણી ઝીંદાકૌર | C કેતુર |
| 4. બેગમ હઝરત મહલ | D ભાનપુરા |
| 5. રાણી લક્ષ્મીબાઈ | E વિદ્રોહી રાણી |

2. ભારતમાં નારીનો રાજકીય દરજ્જામાં રાણી ચેન્નમા અને લક્ષ્મીબાઈ વિશે ચર્ચા કરો.

## 3.4 19 મી સદીમાં ભારતીય સમાજમાં નારીનો સામાજિક દરજ્જો

*સામાજિક દરજ્જો સમાજશાસ્ત્રીય અભિગમથી જોઈએ તો સ્ત્રીનું સમાજમાં શું સ્થાન છે? એને સમાજ દ્વારા કયા કયા અધિકારો પ્રાપ્ત છે? સ્ત્રી સમાજમાં કેવું જીવન જીવી રહી છે તેને સ્ત્રીનો સામાજિક દરજ્જો કહી શકાય. પુરુષ પ્રધાન ભારતીય સમાજમાં નારીને પુરુષ સમોવડી બનાવી શકાય એવી ઘટનાઓ ખૂબ જ ઓછી છે કેવળ પ્રતિનિધિરૂપ મહિલાઓ કે ઘટનાઓ દ્વારા બધી જ સ્ત્રીઓની સ્થિતિનું મૂલ્યાંકન કરવું શક્ય નથી. ભારતીય સમાજ પુરુષ પ્રધાન સમાજ રહ્યો છે. જેના કારણે સ્ત્રી સમાજના ધાર્મિક બંધનો, રૂઢિયો, પરંપરાઓ અને પરિવારના ધાર્મિક બંધનોથી બંદી બનીને રહી ગઈ. તેને કહેવા પૂરતી મા અને શક્તિનું સ્વરૂપ કહેવાઈ. વાસ્તવમાં એને સતી થવા મજબૂર કરવામાં આવી હતી. ધાર્મિક સામાજિક કુરિવાજો ધીમે ધીમે સમાજમાં પ્રથા બની ગયાં હતા. ભારતીય સમાજમાં 19મી સદીમાં નારીનો દરજ્જો મધ્યયુગીન અસર હેઠળ હતો. જેમાં કેટલીક કુપ્રથાઓ પણ વ્યાપ્ત હતી. જેને નારીના વિશેષ સંદર્ભ સાથે જાણવી જરૂરી છે.*

**દેવદાસી પ્રથા**

*19મી સદીમાં ભારતમાં જ્ઞાતિપ્રથા, અસ્પૃશ્યતા, વિધવાની દયનીય સ્થિતિ સતીપ્રથા દૂધપીતીનો રિવાજ વગેરે દૂષણો ભારતીય સમાજમાં વ્યાપ્ત હતા. દક્ષિણ ભારતમાં પોતાની પ્રથમ પુત્રી મંદિરમાં આપવાનો રિવાજ હતો. જે 19મી સદીમાં નાબૂદ થયો હતો. સમગ્ર ભારતમાં દીકરીનો જન્મ આવકારવાની માનસિકતાનો વિકાસ થયો હતો.*

**સતીપ્રથા**

*ભારતીય સમાજ પુરુષ પ્રધાન સમાજ રહ્યો છે. જેના કારણે સ્ત્રી સમાજના બંધનો, રૂઢિઓ, પરંપરાઓ અને પરિવારના બંધનોમાં બંદી બનીને રહી ગઈ. તેને કહેવા પૂરતી મા અને શક્તિનું સ્વરૂપ કહેવાઈ પરંતુ વાસ્તવમાં એને સતી થવા મજબૂર કરવામાં આવી હતી. 'આધુનિક ભારત કા ઈતિહાસ' પુસ્તકમાં બિપિનચંદ્રના જણાવ્યા અનુસાર 1815 અને 1818 સુધીમાં માત્ર બંગાળમાં 800 મહિલાઓએ પોતાનો જીવ સતીપ્રથાના કારણે ગુમાવ્યો હતો.*

*1818 થી રાજારામ મોહનરોયે સતી પ્રથા વિરોધી પત્રિકાઓ વહેંચી હતી. તેમના સામયિક સંવાદ ગૌમુદીમાં પણ એમને સતી પ્રથા વિશે વાત કરી હતી રાજારામ મોહન રોય મહિલાઓના અધિકાર વિશે પણ વાત કરી હતી તેમણે સ્ત્રીઓના સંપત્તિ અધિકાર વિશે પણ જાગૃતિ ફેલાવી હતી.*

**બહુપત્ની પ્રથા**

*એક કરતા વધારે પત્ની રાખવાની પ્રથા એટલે બહુપત્ની પ્રથા. ઓગણીસમી સદીના ભારતીય સમાજમાં આ પ્રથા હતી. અહી પુરુષો એક કરતાં વધારે લગ્નો કરતા હતા. જેના કારણે સ્ત્રીઓને યોગ્ય ન્યાય મળતો ન હતો.તેને અને તેનાં બાળકોને સ્વમાનભેર જીવવું મુશ્કેલ હતું.*

**પડદાપ્રથા**

*સ્ત્રીને હંમેશા પડદામાં રહેવાની ફરજ પાડવામાં આવતી હતી. પરંપરાના નામે આ કુરિવાજ ઓગણીસમી સદીમાં ઘર કરી ગયો હતો. સ્ત્રી કોઈપણ જાહેર કાર્યક્રમમાં પોતાના વિચારો વ્યક્ત કરી શકતી ન હતી. તે પદડાપ્રથાના કારણે અભિવ્યક્તિનો અધિકાર, શિક્ષણનો અધિકાર ગુમાવી ચૂકી હતી. પોતાની પીડાઓને પડદામાં સમેટીને બેઠી હતી.*

*દયાનંદ સરસ્વતીએ પોતાના પુસ્તક 'સત્યાર્થપ્રકાશ'માં લખ્યું કે વૈદિક યુગીન ભારતમાં શિક્ષિત સ્ત્રી પુરુષ એક સમાન છે. તેમને યજ્ઞ પવિત્રનો એક સમાન અધિકાર છે. તેમણે પડદા પ્રથાનો પણ વિરોધ કર્યો હતો. જાહેર જીવનમાં સ્ત્રીને અધિકાર મળે તે માટે તે જરૂરી હતું. સામાજિક અને શૈક્ષણિક હકોમાં સમાનતા પર તેમણે જોર મૂક્યું હતું.*

**બાળલગ્ન પ્રથા**

*દીકરીઓને નાની ઉંમરમાં પરણાવી દેવાનો રિવાજ હતો. જેના કારણે અનેક સામાજિક સમસ્યાઓ સર્જાતી હતી. જેનો શિકાર દીકરીઓ બનતી હતી. નાની ઉમરમાં લગ્ન થવાથી દીકરીઓ શિક્ષણ મેળવી શકતી નહતી. નાની ઉમરમાં વિધવા બનતાં તેનું આખું જીવન નર્કમય બની જતું. બાળ ઉછેરની પૂરતી આવડત આવે તે પહેલાં તે માતા બની જતી. ટૂંકમાં પોતે જ બાળક હોય અને બાળકની માતા બની જતા તેના અને બાળકના આરોગ્યલક્ષી પ્રશ્નો ઉદ્ભવતા.*

**દૂધ પીતી કરવાનો રિવાજ**

*ગુજરાત અને રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં આ રિવાજ ખૂબ પ્રચલિત હતો. દીકરીને જન્મતાની સાથે જ દૂધના પાત્રમાં ડૂબાડી અને મારી નાખવામાં આવતી હતી. દહેજપ્રથાના કારણે અને યુદ્ધોમાં પુરુષોના મોટા પ્રમાણમાં મૃત્યુએ આ રિવાજને પ્રોત્સાહન આપ્યું હતું.*

**દહેજપ્રથા**

*દહેજપ્રથાના કારણે અનેક સ્ત્રીઓનું જીવન યાતનામય બન્યું હતું. દીકરીને લગ્નમાં દહેજ આપવાના કારણે તે એક મિલકત મેળવવાના સાધન તરીકે જોવામાં આવવા લાગી. દહેજ ન લાવનાર કે ઓછો લાવનાર દીકરીઓના જીવન ત્રાસપૂર્ણ બની જતા.*

**સ્ત્રી શિક્ષણનો અભાવ**

*આ સમયના સમાજે સ્ત્રી શિક્ષણને સ્વીકાર્યું ન હતું. જેના કારણે સ્ત્રી પગભર બની ન શકતી. તેને હમેશા પુરુષો પર નિર્ભર રહેવું પડતું. તેને જ્ઞાન મેળવવાનો પણ અધિકાર ન હોવાથી સમગ્ર જીવન ગુલામી અવસ્થામાં પસાર કરતી હતી. જ્યોતિબા ફુલે પણ કહ્યું કે પુખ્ત વિચારણાના અંતે મારું એવું માનવું છે કે બાળ વિદ્યાલયથી વધારે મહત્ત્વપૂર્ણ કન્યાશાળાઓની સ્થાપના છે કારણ કે શિક્ષિત સ્ત્રી પોતાના બાળકને બે ત્રણ વર્ષની ઉંમરથી જ શિક્ષણ આપવાનું શરૂ કરી દેશે.*

**દીકરીનો જન્મ આનંદદાયી ન હતો**

*દીકરીનો જન્મ આનંદદાયી ગણાતો ન હતો. જેના આધારે જ સમજી શકાય છે કે સ્ત્રીનું જીવન કેટલું યાતનામય હશે! સ્ત્રીને સંપતિનો વારસાનો અધિકાર ન હતો.*

*રાજારામ મોહન રોયે સતીપ્રથા સામે, બાળલગ્ન સામે તથા સ્ત્રીઓના સંપત્તિ અધિકાર માટે, દહેજ પ્રથા વિરુદ્ધ બાળકીને વેચી દેતા તેના વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો. કેશવચંદ્રસેને કુમારીકાઓ માટે શાળાઓ શરૂ કરાવી હતી. તેમણે વિધવા વિવાહની તરફેણ કરી હતી. તેમના સમયમાં 'વામાબોધીની' શરૂ કરવામાં આવ્યું હતું. ઉપરાંત સમાજની મહિલાઓની એક શાખા સમાજ 1865માં શરૂ કરવામાં આવી હતી. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે હિન્દુ વિધવાઓની સ્થિતિ સુધારવા તેમના પુનર્લગ્ન, તેમને સંપત્તિમાં ભાગ અને તેમને શિક્ષણ મળે તે માટે લડત આપી હતી.*

**ખ. તમારી પ્રગતી ચકાસો**

**1. નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. *દેવદાસી પ્રથા _______________ ભારતમાં પ્રચલિત હતી.*
2. 1815 *થી* 1818 *સુધીમાં માત્ર બંગાળમાં સતીપ્રથાના કારણે ________ સ્ત્રીઓએ જીવ ગુમાવ્યો હતો.*
3. *દયાનંદ સરસ્વતીએ __________ પુસ્તક લખ્યું હતું.*
4. *સતીપ્રથા વિરુદ્ધ સૌથી વધારે અવાજ ઉઠાવનાર __________ હતા.*
5. *હિન્દુ વિધવાઓની સ્થિતિ સુધારવા લડત આપનારમાં મુખ્ય _______ હતા.*

**2.** 19 *મી સદીમાં ભારતીય સમાજમાં વ્યાપ્ત કુરિવાજો વિશે જણાવો.*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

## 3.5 19 મી સદીમાં ભારતીય સમાજમાં નારીનો શૈક્ષણિક દરજ્જો

*આ યુગમાં નારી શિક્ષણનો અભાવએ નારીના શારીરિક અને માનસિક વિકાસને અવરોધતુ સૌથી મોટું કારણ હતું. શૈક્ષણિક અવગણનાના મુખ્ય કારણોમાં પિતૃત્વવાદી સમાજ, ધાર્મિક અને સામાજિક માન્યતાઓ, માતૃત્વ અને ઘરના કામમાં ધ્યાન. જ્યારે નારીશિક્ષણ માટેના પ્રયત્નો શરૂ થયા ત્યારે ઘણા લોકો આ વિચારોના કટ્ટર વિરોધી હતા. એવું માનતા કે નારી ભણશે તો ઘરમાં ધ્યાન આપી નહીં શકે. નારી શિક્ષણને અશુભ માનવામાં આવતું હતું. દેશ વર્ષોથી ગુલામ હોવાના કારણે ભારતીય સ્ત્રીને શિક્ષણ અને સ્વાવલંબન ન મળ્યું.*

*બંગાળમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, ઉત્તર ભારતમાં દયાનંદ સરસ્વતી, પશ્ચિમ ભારતમાં મહાદેવ ગોવિંદ રાનડે તથા ધોંડો કેશવ કર્વેએ તથા દક્ષિણ ભારતમાં આર.વેંકટરત્નમ અને વિરેશાલિંગમ પુંતુલુએ સ્ત્રી શિક્ષણની હિમાયત કરનાર મુખ્ય*

*હતા. ચાર્લ્સ વૂડના ખરીતા પ્રમાણે મુંબઈ પ્રાંતમાં 65 કન્યા શાળાઓ હતી. જેમાં 8000 થી વધુ કન્યાઓ  ભણતી હતી. બંગાળ પ્રાંતમાં 288 કન્યા શાળાઓ હતી જેની અંદર 7000 કરતાં વધારે કન્યાઓ ભણતી હતી પરંતુ આ સિવાય ભારતના અન્ય પ્રાંતોમાં કન્યાઓની સંખ્યા ખૂબ જ ઓછી હતી.*

*1870માં મ્યુનિસિપાલિટીઓ અને સંસ્થાનિક ફંડ સમિતિઓની સ્થાપનાના કારણે કન્યા શાળાઓની સુવિધાઓમાં વધારો થયો હતો. 1870 થી 80 ના દાયકામાં મહિલા શિક્ષિકા તાલીમ કેન્દ્ર શરૂ થયા. જેના કારણે સ્ત્રી શિક્ષણનો વિકાસ થયો હતો. દક્ષિણ ભારતમાં મદ્રાસ પ્રેસિડેન્સીમાં ખ્રિસ્તી મિશનરી ખૂબ જ ક્રિયાશીલ હતી. 1840માં સ્કોટીશ ચર્ચ દ્વારા માત્ર મદ્રાસમાં જ 6 શાળાઓ ચાલતી હતી. મોટા ભાગની સ્કૂલોમાં ખ્રિસ્તી તથા હિન્દુઓના ઉચ્ચ વર્ગની દીકરીઓ હતી. મદ્રાસમાં શિક્ષિત મહિલાઓએ સામાજિક જાગૃતતા, સ્વાતંત્ર્ય આંદોલન અને મહિલાઓના ઉત્કર્ષમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. જેમાં દુર્ગાબાઈ દેશમુખ, બાલા સરસ્વતી અમ્મા, અમ્મુ  સ્વામીનાથન અને લક્ષ્મી સહેગલ વગેરેનો સમાવેશ થાય છે.*

*રાજા રામમોહનરાયે સ્ત્રીઓના શિક્ષણ માટે પણ પ્રયત્ન કર્યા હતા. 19મી સદીના આરંભમાં તેમણે 'બ્રહ્મો સમાજ'ની સ્થાપના કરી હતી. જેમાં સ્ત્રીશિક્ષણને પણ પ્રોત્સાહન મળે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર એવા સામાજિક સુધારક હતા જેમણે મહિલાઓ માટે શિક્ષણની સુવિધાઓ ઊભી કરવા માટે અનેક અભિયાન ચલાવ્યા હતા. તેમણે બાળવિવાહનો વિરોધ કર્યો હતો. તેઓએ બહુ વિવાહનો પણ સખત વિરોધ કર્યો હતો. તેઓએ સ્ત્રી શિક્ષણની ખૂબ જ તરફેણ કરી હતી સરકારી નિરીક્ષક હોવાના કારણે તેમણે 35 કન્યા શાળાઓની સ્થાપના કરી હતી.*

*તેમણે મહિલાઓ માટે સ્કૂલો શરૂ કરી હતી. તેઓએ નારીને ભણાવવા માટે પુરુષોને પ્રેરિત કર્યાં. જ્યોતિરાવ ફુલે અને તેમના પત્ની સાવિત્રીબાઈ ફુલેએ પ્રથમ વખત શોષિત અને દલિત વર્ગની મહિલાઓ માટે શિક્ષણ સુલભ કર્યું. તેઓએ 1848માં પૂણેમાં મહિલાઓ માટે પહેલી શાળા શરૂ કરી. જેમાં સાવિત્રીબાઈ ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા બન્યા. જે ભારતીય નારી શિક્ષણ માટેનો પહેલો પ્રયત્ન ગણવામાં આવે છે. જ્યોતિબા ફુલેએ તત્કાલીન સામાજિક નીતિઓ સામે લડી અને નારીઓ તેમજ નીચેના વર્ગના લોકો માટે શિક્ષણના પ્રચાર માટે કામ કર્યું હતું. સાવિત્રીબાઈ ફુલેએ ભારતમાં પ્રથમ મહિલા શિક્ષિકા તરીકે નારી શિક્ષણ માટે નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું.*

*આનંદીબાઈ જોષીએ પણ 19મી સદીના અંતમાં પ્રથમ ભારતીય મહિલા ડૉક્ટરની પદવી પ્રાપ્ત કરી અને અન્ય મહિલાઓ માટે એક પ્રેરણારૂપ બન્યા હતા. 1887માં મહાદેવ ગોવિંદ રાનડેએ મુંબઈમાં 'નેશનલ સોશિયલ કોન્ફરન્સ'ની શરૂઆત કરી હતી. કુમારી મેરી કાર્પેન્ટર અંગ્રેજી મહિલા જેમણે ભારતમાં સ્ત્રીઓની કેળવણી વિશે રસ લીધો હતો. રાજા રામમોહનરોય અને સત્યેન્દ્રનાથ ટાગોરને મળવાથી તેમને ભારતમાં આવવાનું મન થયું હતું. તેમણે ભારતમાં મહિલા શિક્ષણ માટે 'ફિમેલ*

*નોર્મલ સ્કૂલ' શરૂ કરી હતી. 1818માં ગુજરાતમાં ખ્રિસ્તી મિશનરીઓએ સુરત અને સૌરાષ્ટ્રમાં કન્યાશાળાઓ શરૂ કરી હતી.*

*મિશનરીઓના પત્નીઓ માર્થા મોલ્ટ ઉર્ફે મીડ, તેની દીકરી એલિઝા કેલ્ડવેલ ઉર્ફે મોલ્ટને દક્ષિણ ભારતમાં છોકરીઓના શિક્ષણ અને તાલીમ મળે તેવા પ્રયાસો કર્યા હતા. જે.ઈ.ડી.બેથ્યુન નામના સજ્જને 1849માં 'ધ કલકત્તા ફિમેલ સ્કૂલ'ની સ્થાપના કરી. એ પણ બિનસાંપ્રદાયિક વિચારધારા પર શરૂ થઈ હતી. શ્રી બેથુનને કેટલાક બંગાળીઓનો સક્રિય ટેકો હતો. બેથુને 1849માં બેથુન શાળાની સ્થાપના કરી જે 1879માં બેથુન કૉલેજ તરીકે વિકસી. આમ તે ભારતની પ્રથમ મહિલા કૉલેજ બની. 1819માં બેપ્ટિસ્ટ મિશન કોલકત્તા દ્વારા સ્થાપવામાં આવેલી 'ધ ફિમેલ જ્યુવેનાઈલ સ્કૂલ' ફી ન માંગે એવી બંગાળી બાળાઓ માટે કલકત્તા શહેરના પરામાં સ્થપાયેલી શાળા હતી. 1849માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ છોકરીઓ માટેની પહેલી શાળા અમદાવાદમાં સ્થાપી હતી. શરૂઆતમાં માત્ર 1 છોકરી પછીના વર્ષે 6 છોકરીઓ! આ જ વર્ષે કોન્વેન્ટ સ્કૂલ ન હોય તેવી છોકરીઓ માટેની પ્રથમ શાળા મુંબઈમાં સ્થપાઈ.*

*1854માં એજ્યુકેશનલ ડિસ્પેચ જે 'વુડ્સ ડિસ્પેચ'ના નામે પણ ઓળખાય છે. જેણે સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપી સક્રિય મદદ કરી હતી. 1857માં મુંબઈ યુનિવર્સિટીએ એક પારસી વિદ્યાર્થિનીને મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં બેસવાની ના પાડી હતી. 19મી સદીના શરૂઆતના દસકાઓ સુધી સ્ત્રી શિક્ષણને અશુભ માનવામાં આવતું હતું.જે સ્ત્રીને વાંચતા લખતા આવડે તો તે લગ્ન પછી વિધવા બને એવી માન્યતા હતી.*

*1865માં બ્રાહ્મિક સમાજની રચના કેશવચંદ્ર સૈને કરી હતી. આ સમાજ બંગાળની સ્ત્રીઓને ધાર્મિક શિક્ષણ આપતો હતો. પ્રત્યેક વર્ષે તેમાં શિક્ષાર્થીઓની સંખ્યામાં વધારો થતો હતો પણ સમાજ એ સ્ત્રીઓને રખડેલ ગણી હલકી નજરે જોતો હતો. 1871માં સમાજમાં આર્થિક રીતે નબળા વર્ગની સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિ મળી રહે તે માટે ભંડોળ ઊભું કરવા નેશનલ ઈન્ડિયન એસોસિએશનની સ્થાપના થઈ હતી. 1873માં ન્યાયમૂર્તિ બદરૂદ્દીન તૈયબજીએ એમની પુત્રીઓને શિક્ષણ અર્થે વિદેશ મોકલી હતી. શિક્ષણના હેતુથી પરદેશ ગયેલી તેઓ પ્રથમ મુસ્લિમ છોકરીઓ હતી.*

*1877માં કલકત્તા યુનિવર્સિટીએ સ્ત્રીઓને મેટ્રીક્યૂલેશનની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપી હતી. 1882માં કેશચંદ્રસેને વિક્ટોરિયા કૉલેજની સ્થાપના કરી હતી. જે સ્ત્રીઓના માટે ઉચ્ચ શિક્ષણની પહેલી સંસ્થા હતી. આ સંસ્થા હિંદુ પત્ની, માતા, સ્ત્રી તત્ત્વનો  આદર્શ વગેરે વિશે તાલીમ આપતી હતી. 1882માં કલકત્તા યુનિવર્સિટીમાં સૌ પ્રથમ સ્ત્રી સ્નાતક થઈ. 1882માં ચંદ્રમુખી બસુ અને કાદંબીની ગાંગુલી ભારત અને બ્રિટિશ સામ્રાજ્યની પ્રથમ મહિલા સ્નાતકો બની. 1886માં કાદમ્બિની ગાંગુલી અને આનંદી ગોપાલ જોશી પશ્ચિમ ઔષધ વિજ્ઞાનમાં તાલીમ હાંસલ કરનાર ભારતના પ્રથમ મહિલા બન્યા. 1891માં મદ્રાસ યુનિવર્સિટી અને મુંબઈ યુનિવર્સિટીમાં સ્ત્રી શિક્ષણને મંજૂરી આપવામાં આવી. 'સ્રી સમાનતા' પુસ્તકમાં જણાવ્યા અનુસાર 1882માં ઈન્ડિયન ઍજ્યુકેશન કમિશને એમ નોંધ્યું કે "શાળાએ*

*જવાની ઉંમર ધરાવતી છોકરીઓ પૈકી 98% શાળાની બહાર જ હતી". 1881-82માં ભારતમાં છોકરીઓ માટે ફક્ત એક જ કૉલેજ હતી. 1901-02માં સંખ્યા વધીને 12 જેટલી થઈ હતી. છેક 1875માં પણ મુંબઈ અને કલકત્તા યુનિવર્સિટીએ દીકરીઓની અભ્યાસની માંગણી નકારી હતી.*

*19મી જુલાઈ 1854માં સર ચાર્લ્સ વુડે એક ખરીતો રજૂ કર્યો હતો. જેમાં સ્ત્રી કેળવણી અંગેની સૌપ્રથમવાર જાહેરાત કરવામાં આવી હતી. જેમાં એવું જણાવ્યં હતું કે સ્ત્રી કેળવણીને સ્પષ્ટ અને સહાનુભૂતિભર્યો સાથ આપવામાં આવશે. 1882માં હન્ટર કમિશન, 1919માં મોન્ટેગ્યુ ચેમ્સફોર્ડ, 1918માં હાર્ટોગા કમિશન વગેરેએ સ્ત્રીકેળવણીની હિમાયત કરી હતી.*

*દાદાભાઈ નવરોજી 'ધી સ્ટુડન્ટ લીટરરી સાયન્ટિફિક સોસાયટી'ની સ્થાપના કરી હતી. તેની શાખાઓ તરીકે એક ગુજરાતી અને એક મરાઠી જ્ઞાન પ્રચારક મંડળી પણ સ્થાપી હતી. જેમાં સ્ત્રી કેળવણી પર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી આ વિષયના અમલ માટે મુંબઈની આજુબાજુના વિસ્તારમાં દાદાભાઈ નવરોજી અને તેમના સાથીદારો કન્યા શિક્ષણ માટેના વર્ગો કાઢ્યા હતા. જેમાંથી મુંબઈ પારસી દીકરીઓ માટે અંગ્રેજી શાળા અને મહારાષ્ટ્રની દીકરીઓ માટે મરાઠી શાળાઓ સ્થપાઈ હતી. આ રીતે દાદાભાઈ નવરોજી મુંબઈમાં સ્ત્રી કેળવણીના આદ્ય પ્રવર્તકોમાના એક હતા. 19મી સદીમાં સ્ત્રી શિક્ષણની વાત કરવી એ પણ ખૂબ સાહસ માગી લેતી બાબત હતી. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરએ ચાર નિરીક્ષકો દ્વારા સ્ત્રી શિક્ષણના પ્રચાર પ્રસારનું કાર્ય આગળ ધપાવ્યું હતું.*

*સ્ત્રીના કાનૂની દરજ્જામાં આવેલા પરિવર્તનોના કારણે તેના સામાજિક દરજ્જામાં પણ ઘણા પરિવર્તનો જોવા મળે છે. મહિલા સ્વાતંત્ર્ય, મહિલા શિક્ષણ અને તેના જીવનની ગુણવત્તામાં ઘણો ફેરફાર જોવા મળે છે. 'ઇન્ડિયન નેશનલ સોશિયલ કોન્ફરન્સ' મહાદેવરાય અને રઘુનાથ રાવની મદદથી 1887માં સ્થાપના થઈ હતી. તેના દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોમાં જ્ઞાતિ સુધારણા, લગ્ન સંસ્થા સુધારા, સ્ત્રીઓની સમસ્યાઓ દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. 1813 ના ચાર્ટર એક્ટમાં સ્ત્રી શિક્ષણની પણ જોગવાઈ કરવામાં આવી હતી. બંગાળમાં સ્ત્રી શિક્ષણ માટેનો સૌ પ્રથમ સંગઠિત પ્રયાસ 1819માં કલકત્તા ફિમેલ જુવેનાઈલ સોસાયટીએ કર્યો હતો. જેનાથી છ વર્ષમાં છ શાળાઓમાં 107 કન્યાઓએ શિક્ષણ મેળવ્યું હતું. જે.ડી.બેથ્યુન અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે કન્યા કેળવણીમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો. મુંબઈમાં પારસી સમાજમાં મહિલા શિક્ષણને આવકારવાદાયક ગણવામાં આવ્યું હતું.*

### (ગ) તમારી પ્રગતિ ચકાસો

**1. નીચેના વિધાન વાંચીને તે સાચાં છે કે ખોટાં તે જણાવો.**

(1) *19 મી સદીમાં નારી શિક્ષણને અશુભ માનવામાં આવતુ હતું.*

(2) *1850 માં સ્નાતક કક્ષાએ મહિલાઓને અભ્યાસની પરવાનગી આપવામાં આવી હતી.*

(3) *સાવિત્રીબાઈ ફૂલે આધુનિક ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા હતા.*

(4) *રાજા રામમોહન રોયએ 'નેશનલ સોશિયલ કોન્ફરન્સ' ની સ્થાપના કરી હતી.*

(5) *દાદાભાઈ નવરોજી મુંબઈમાં સ્ત્રી કેળવણીના આદ્ય પ્રવર્તકો માના એક હતા.*

**2.** 19 *મી સદીમાં નારી શિક્ષણની સ્થિતિ વિશે જાણકારી આપો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

## 3.6 19 મી સદીમાં ભારતીય સમાજમાં નારીનો કાનૂની દરજ્જો

19*મી સદીના પ્રથમ ભાગમાં મહિલાઓ માટે કાનૂની અધિકાર ખૂબ મર્યાદિત હતા. કાયદાઓ અને સામાજિક માન્યતાઓમાં તેમના માટે કોઈ સમાનતા નહોતી. સ્ત્રીઓ પર પરિવારના પુરુષ સભ્યોની સત્તા હતી. તેઓ કાનૂનથી વિમુખ હતી.* 19*મી સદીના મધ્યમાં અને અંતમાં કેટલીક સંસ્થાઓ અને સમાજસુધારકોએ નારી માટે કાનૂની અને સામાજિક પરિવર્તન લાવવાના પ્રયત્નો શરૂ કર્યા. આ પ્રયત્નોનો મુખ્ય ઉદ્દેશ નારીને શોષણમુક્ત કરવાનો અને તેમને કેટલાક કાનૂની અધિકાર પ્રદાન કરવાનો હતો.*

*નારીવાદ વિશે ભારતમાં સૌપ્રથમ મહારાષ્ટ્રમાં મહિલાઓના અધિકાર અને શિક્ષણની વાત કરી તે હતા સાવિત્રીબાઈ ફૂલે. તારાબાઈ શિંદે ભારતમાં પ્રથમ નારીવાદી લખાણ 'સ્ત્રી પુરુષ તુલના'* 1882 *માં લખ્યું હતું. બ્રિટિશ યુગ દરમિયાન ભારતમાં શિક્ષણ મેળવેલ નવો મધ્યમ વર્ગ ઉદય પામ્યો હતો. તેણે સ્ત્રીની દિશા અને દશા સુધારવામાં ઘણી મદદ કરી હતી. વળી આ સમયમાં વિવિધ કાયદાઓ ઘડાયા જેણે સ્ત્રીના દરજ્જાને ઘણે અંશે અસર કરી હતી.* 1894*માં ગુજરાત વરનાક્યુલર સોસાયટીએ સ્રી વકતૃત્વ સભા સ્થાપી હતી.* 19*મી સદીમાં નારીના દરજ્જાને અસર કરતા મહત્ત્વના કાયદાઓ વિષે જોઈએ તો તે નીચે મુજબ છે.*

**ધ બેંગાલ સતી રેગ્યુલેશન**

*સ્ત્રીના સામાજિક અને કાનૂની દરજ્જાની દિશામાં પ્રથમ કાયદાકીય પહેલ એટલે* 1829 *નો સતીપ્રથા વિરુદ્ધનો કાયદો!* 1829*માં 'ધ બેંગાલ સતી રેગ્યુલેશન'નામનો સતીપ્રથાનો નિષેધ કરતો ધારો લોર્ડ વિલિયમ બેન્ટિકે પસાર કર્યો હતો. મદ્રાસ અને મુંબઈમાં એ ધારો* 1830*માં અમલમાં આવ્યો હતો.* 1829*માં રાજા રામમોહનરાયના પ્રયાસો પછી સતીપ્રથા નાબૂદ થઈ.* 1829 *પછી સતીપ્રથા તો નાબૂદ થઈ પરંતુ તેના કારણે વિધવાઓની સંખ્યામાં ખૂબ મોટો વધારો થયો હતો. વિધવાઓને અનેક અનૈતિક યાતનાઓ સહન કરવી પડી. જેમાંથી સ્ત્રીને બહાર લાવવા સમાજ સુધારકો અને મહિલા સંસ્થાઓ દ્વારા પ્રયાસ કરવામાં આવ્યા હતા.*

**વિધવા પુનર્વિવાહનો કાયદો**

*સિરાજ ઉદ્ દૌલાના સમયમાં ઢાંકાના રાજા રાજવલ્લભે પોતાની વિધવા પુત્રીને ફરીથી પરણાવવા માટે હિન્દુ ધર્મશાસ્ત્રમાં તેના આધારો શોધવાનો નોંધનીય પ્રયાસ કર્યો હતો. જો કે તે સમયના સમાજને કારણે તે પોતાની વિધવા પુત્રીને પરણાવી ન શક્યા પરંતુ જાગૃતિ ફેલાવવામાં તેમનો પ્રયાસ ઉલ્લેખનીય છે. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરએ* 987 *લોકોની સહી સાથે બ્રિટિશ સરકારને વિધવા પુનર્લગ્નનો કાયદો કરવા પત્ર લખ્યો હતો. જેના કારણે* 1856 *નો* 25*મો વિધવા પુનર્લગ્નનો ધારો પસાર થયો હતો.*

*ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે વિધવા વિવાહ પર બળ આપ્યું. બહુપત્ની વિવાહનો વિરોધ શ્રી શિક્ષણની તરફેણ પોતાના દીકરાનું લગ્ન વિધવા સાથે કરાવ્યું* 1856*માં તેમના પ્રયત્નોથી વિધવા પુનર્વિવાહનો કાયદો ઘડાયો.* 1872 *'ધ નેટીવ વિધવા પુનર્વિવાહનો કાયદો મેરેજ ઍક્ટ' દેશી લગ્નનો ધારો પસાર થયો હતો. જેમાં આંતરજ્ઞાતિય લગ્ન અને છૂટાછેડાને મંજૂરી અપાઈ હતી. બહુપત્નીત્વનો નિષેધ કરાયો હતો.*

*હાર્ડીજના સમયે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના પ્રયાસોને કારણે* 1856*માં હિન્દુ વિધવા પુનર્વિવાહ* (Hindu Widows' Remarriage Act) *પસાર કરવામાં આવ્યો. આ કાયદાના કારણે વિધવાઓને પુનર્વિવાહ કરવાનો અધિકાર મળી શક્યો હતો. જોકે આ કાનૂનના અમલમાં ઘણી મુશ્કેલીઓ હતી. આ કાયદાનો અમલ કરવામાં કટ્ટર વિચારધારા ધરાવતા લોકોનો વિરોધ હતો. આ કાયદાએ વિધવાઓના જીવનમાં એક નવી શરૂઆત કરી હતી. માત્ર ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના પ્રયાસોથી* 1855 *થી* 1860*ની વચ્ચે* 25 *વિધવા પુનર્લગ્ન થયા હતા. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે* 100 *જેટલી વિધવાઓના પુનર્લગ્ન કરાવ્યા હતા.*

7 *ડિસેમ્બર* 1856*માં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પ્રેરણાથી પહેલો કાનૂની હિન્દુ વિધવા પુનર્વિવાહ કલકત્તામાં થયો હતો. કલકત્તાની નજીક શાંતિપૂરના વણકરોએ એવી સાડી બનાવી હતી જેની કિનારી પર લખ્યું હતું 'વિદ્યાસાગર ચિરંજીવ હો'.*

**ધ એજ ઓફ કન્સેન્ટનો કાયદો**

1881*નો 'ધ એજ ઓફ કન્સેન્ટ'નો કાયદો બહેરામજી મલબારીના પ્રયત્નોથી આવ્યો હતો. જેમાં બાર વર્ષથી નીચેની વયના થતા લગ્ન અટકાવવાની વાત હતી મલબારીએ મુંબઈમાં સ્ત્રીઓના પ્રશ્નોના નિરાકરણ માટે 'સેવા સદન' નામની સંસ્થાની સ્થાપના કરી હતી.*

**બાળ લગ્ન પ્રતિબંધક ધારો**

*બાળલગ્નને રોકવા માટેના પ્રયાસોનું સૌ પ્રથમ કામ રાજા રામમોહનરોય અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે કર્યું હતું. તેમના પ્રયાસોથી* 1807*માં બાળ લગ્ન રોકવાનો સૌ પ્રથમ પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં લગ્ન માટેની વયમર્યાદા* 10 *વર્ષ ઓછામાં ઓછી થઈ હતી. 'બાળલગ્ન પ્રતિબંધક ધારો'* 1929*માં અમલમાં આવ્યો હતો. હરવિલાસ શારદાના પ્રયાસોથી આ કાયદો અમલમાં આવ્યો હોવાથી 'શારદા*

*ઍક્ટ'ના નામથી પણ જાણીતો બન્યો હતો. જેના અંતર્ગત સ્ત્રીની લગ્ન કરવાની ન્યૂનતમ વય 14 વર્ષ અને પુરુષની લગ્ન કરવાની ન્યૂનતમ વય 18 વર્ષ નક્કી કરવામાં આવી હતી. તેનાથી નાની ઉંમરમાં થતા લગ્ન ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યા હતા.*

**બાળકીને દૂધ પીતી કરવા પર પ્રતિબંધ**

*બીજું તે સમય ભારતમાં દીકરીઓને અમુક સમાજમાં અમુક વિસ્તારમાં જન્મતાની સાથે મારી નાખવાની પ્રથા હતી. જોકે આ પ્રથા વધુ પડતી પશ્ચિમ ભારતમાં હતી. કેમકે યુદ્ધોના કારણે યુવાનોના મોટી સંખ્યામાં મૃત્યુ થવાના કારણે અને આર્થિક રીતે પાછળ બિનઉપજાઉ વિસ્તારોના લોકોમાં દહેજ પ્રથાનું દૂષણ પણ ખૂબ વધ્યું હતું. બાળકીને દૂધ પીતી કરવાના રિવાજ પર ઈ.સ. 1795 અને 1802માં કાયદાઓ પસાર કરી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જેનો કડકાઈથી અમલ વિલિયમ બેન્ટિકે અને હાર્ડીજે કરાવ્યો હતો. 19મી સદીમાં પ્રથમ વખત લોર્ડ વેલેસ્લીએ કૈરે નામની પ્રખ્યાત મિશનરી સાથે મળીને ઓગસ્ટ 1802માં જન્મની સાથે દીકરીઓને ગંગાના પ્રવાસમાં કે સમુદ્રમાં ડુબાડવાની સામે બ્રિટિશ સરકાર કાનૂન લાવી.*

**(ઘ) તમારી પ્રગતિ ચકાસો.**

**1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.**

1. *ભારતમાં સૌપ્રથમ નારીવાદ વિશે વાત કરનાર કોણ હતા?*

   ________________________________________

2. *'સતીપ્રથા નિષેધ' નો કાયદો કોણે પસાર કર્યો હતો?*

   ________________________________________

3. *'વિધવા પુનર્વિવાહ' નો કાયદો કયા સમાજ સુધારકના પ્રયાસોથી પસાર કરવામાં આવ્યો હતો?*

   ________________________________________

4. *'બાળ લગ્ન પ્રતિબંધક ધારો' બીજા કયા નામથી ઓળખાયો હતો?*

   ________________________________________

5. *'સતી પ્રથા નિષેધનો' કાયદો ક્યારે ઘડવામાં આવ્યો હતો?*

   ________________________________________

**2.** 19*મી સદીના નારીને લગતા મહત્ત્વના કાયદાઓ વિશે જણાવો. મહત્ત્વ*

## 3.7 19 મી સદીમાં ભારતીય સમાજમાં નારીનો આર્થિક દરજ્જો

*વ્યક્તિનો આર્થિક દરજ્જો તેના સામાજિક દરજ્જાને નક્કી કરવામાં મહત્ત્વનું કારણ બને છે.એ દ્રષ્ટિએ સ્ત્રીનો આર્થિક દરજ્જો તેનો સામાજિક દરજ્જો નક્કી કરે છે. જે સમાજમાં સ્ત્રીઓનો આર્થિક ફાળો હોય છે તે સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો અન્ય સમાજના દરજ્જાના પ્રમાણમાં વિશેષ હોય છે.*

19*મી સદીમાં નારીના આર્થિક દરજ્જાના મહત્ત્વના લક્ષણો નીચે મુજબના કહી શકાય.*

**આર્થિક પરતંત્રતા**

*સ્ત્રીને આર્થિક બાબતમાં સ્વાતંત્ર્ય નિર્ણય લેવાનો કે સંપતિના માલિક બનવાનો સામાન્ય રીતે કોઈ અધિકાર ન હતો. તે સંપૂર્ણ રીતે આર્થિક બાબતમાં પરતંત્ર હતી.* 19*મી સદીમાં ભારતીય સમાજમા નારીની સ્થિતિ ખૂબ જ નબળી હતી. સ્ત્રીઓ મોટાભાગે ઘરકામ કરતી હતી. કૃષિ અને પશુપાલનમાં મદદરૂપ થતી હતી પરંતુ તેને આર્થિક રીતે સ્વતંત્ર હકો પ્રાપ્ત ન હતા.*

**રોજગારીની તકોનો અભાવ**

*સ્ત્રીને યોગ્ય રોજગાર મળે તેવી તકોનો અભાવ હતો. ઘણા બધા વ્યવસાયોમાં સ્ત્રીઓ કામ કરે તો એ અયોગ્ય ગણાતું. નીચલા વર્ગમાં સ્ત્રીઓની આર્થિક બાબતમાં ભાગીદારી ઘણી વધારે હતી. મધ્યમ વર્ગની સ્ત્રીઓની ભાગીદારી પાછળથી આવી હતી.*

**શિક્ષણનો અભાવ**

19*મી સદીના અંત સુધીમાં ભારતમાં બ્રિટિશ શાસન અને નવી કાનૂની અને શૈક્ષણિક વ્યવસ્થાઓના કારણે સ્ત્રીઓની સ્થિતિમાં થોડો સુધાર આવ્યો હતો. સ્ત્રીઓ માટે શિક્ષણના અભ્યાસક્રમ શરૂ થયા હતા. સ્ત્રીઓ શિક્ષિકા, નર્સ, અને શિક્ષિત વર્ગોમાં પ્રવેશવા લાગી હતી. તેમ છતાં આ મર્યાદિત સુધારણાઓ હતી. સનાતન માન્યતાઓ હજી પણ સ્ત્રીઓના મૂલ્યો અને અધિકારોને માટે અડચણરૂપ હતી. ભારતીય પરિવારોમાં સ્ત્રીઓનો મુખ્ય ઉદ્દેશ ઘરકામ અને માતૃત્વમય જીવન સુધી મર્યાદિત માનવામાં આવતો હતો. પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રીઓને શિક્ષણ ઓછું આપવામાં આવતું  હતું. તેને વ્યવસાયિક તાલીમ પણ મળી મળતી ન હતી. તેથી તે સ્વતંત્ર આર્થિક પ્રવૃત્તિઓ કરી શકતી નહતી. જેથી તેને પુરુષો પર નિર્ભર રહેવું પડતું હતું.*

**વ્યવસાયિક તાલીમનો અભાવ**

*સ્ત્રીને એવી કોઈપણ પ્રકારની વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવતી ન હતી. જેના કારણે તે વ્યવસાયમાં કે કૌશલ્યલક્ષી ઉદ્યોગમાં પોતાનું પ્રદાન આપી શકતી ન હતી.*

**સંપત્તિમાં અધિકાર ન હોવો**

*સ્ત્રીને સંપતિમાં અધિકાર ન હોવાથી તેને સંપતિ કમાવવા વિષે પણ કોઈ તક મળતી નહીં. તે પોતાની પાસે નાણા ન હોવાથી કોઈ જગ્યાએ રોકાણ ન કરી શકતી. તેને પોતાને કોઈ પ્રકારનો આર્થિક વિકાસ કરવાની તક મળતી ન હતી.*

**બાળ લગ્ન**

*ખૂબ જ નાનીવયમાં લગ્નો થતાં અને તેના કારણે બાળવિધવાઓનું પ્રમાણ પણ વધતું.વિધવાને ઘરનો ઉંબર ઓળંગવાની પણ મનાઈ કરવામાં આવતી. આ સ્થિતિમાં એની આર્થિક ભાગીદારીનો વિચાર કરવો પણ શક્ય ન હતો.*

**જાતિગત ભેદભાવ**

*19મી સદીમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે જાતિગત ભેદભાવ પ્રવર્તતો હોવાના કારણે સ્ત્રી ઘરકામ પૂરતી સીમિત રહી ગઈ. 19મી સદીમાં સ્ત્રીને પુરુષના જેટલી સમાન આર્થિક વિકાસની તકો ઉપલબ્ધ ન હતી. સ્ત્રી જ્યારે આર્થિક પ્રવૃત્તિ કરવા જાય ત્યારે એ બાબતના કારણે પરંપરાગત મૂલ્ય મુજબ કુટુંબની સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન પહોંચશે એવી માન્યતા તત્કાલીન સમાજની હતી.*

**ખેતી પશુપાલનમાં યોગદાન**

*ખેતી, પશુપાલન જેવા વ્યવસાયોમાં સ્ત્રીઓની ભાગીદારી ખૂબ જ વિશાળ પ્રમાણમાં હતી. એવા કાર્યો જેમાં બજારમાં કંઈ વેચવામાં નથી આવતું પરંતુ એ કાર્ય ખૂબ જ જરૂરી છે. જેની ગણતરી આર્થિક બચતના કાર્યોમાં થાય છે. જેવા કે પશુપાલનમાં પશુઓનું છાણ વાળવું, ચારો નાખવો, બળતણ માટે લાકડા એકત્રિત કરવા, રોજિંદા જીવનની જરૂરિયાત માટે શાકભાજી ઉગાડવા, કપડાને સીવણ કરવું વગેરે.*

**ગૃહ ઉદ્યોગોનું પતન**

*મધ્યયુગીન ભારતીય સમાજમાં સ્ત્રીઓ ઘરમાં રહી અને પુરુષોને નાના નાના ઉદ્યોગમા મદદ કરતી હતી પરંતુ સાંસ્થાનિક ભારતમાં બ્રિટિશ આર્થિક નીતિઓના કારણે ગૃહઉદ્યોગો પડી ભાંગ્યા જેના કારણે હવે સ્ત્રીઓની કાર્યક્ષમતામાં પણ ઘટાડો થયો.*

*આમ 19મી સદીના ઉંબરે ઊભેલી ભારતીય નારીનો આર્થિક દરજ્જો પણ મધ્યયુગીન અંધકાર યુગની અસર હેઠળ હતો. સાંસ્થાનિક બ્રિટિશ સરકારે નારીના આર્થિક દરજ્જાને ધ્યાનમાં લઈને કોઈ જ પ્રગતિશીલ પગલા ભર્યા ન હતા.*

## 3.8 19 મી સદીની કેટલીક પ્રતિભાશાળી મહિલાઓ

*19મી સદીમાં નારીનો રાજકીય, સામાજિક, આર્થિક અને કાયદાકીય દરજ્જો જે પ્રમાણે હતો તેના વિષે માહિતી મેળવીએ પણ જો આ સમયની કેટલીક પ્રતિભાશાળી મહિલાઓ વિષે ન જાણીએ તો માહિતી અધૂરી ગણાય. તત્કાલીન કેટલીક પ્રતિભાશાળી મહિલાઓ વિષે માહિતી મેળવીએ.*

**હર કુંવર શેઠાણી**



*ગુજરાતના પ્રથમ મહિલા સમાજ સુધારક અને સ્ત્રીકેળવણીકાર હતા. અમદાવાદના વેપારી શેઠ હઠીસિંહના ત્રીજા પત્ની (પ્રથમ બેના અવસાન પછી) હતા. હર કુંવર શેઠાણીના લગ્ન થયા ત્યારે શેઠ હઠીસિંહની ઉંમર 36 વર્ષની અને હરકુંવર શેઠાણીની 12 વર્ષની હતી. ખૂબ જ ટૂંકા ગાળાના લગ્નજીવન બાદ તેઓ 26 વર્ષની ઉંમરે વિધવા થયા હતા. શેઠ હઠીસિંહની અઢળક સંપતિના તેઓ માલિક બન્યાં હતાં.*

*જેનો તેમણે ધર્મકાર્યો, સેવા કાર્યો, દાન, સખાવતો અને સમાજ ઉપયોગી કાર્યોમાં ઉપયોગ કર્યો હતો. હરકુંવર શેઠાણીને લગ્નના ખોટા ખર્ચ, મૃત્યુ પ્રસંગે રડવા કૂટવાના રિવાજો પ્રત્યે નારાજગી હતી. મુંબઈ સરકારે 1856મા 'નેક નામદાર સખાવતે બહાદુર'નો ઈલકાબ આપ્યો હતો. ગાયકવાડ સરકારે 'ચોબદાર'નો ઈલકાબ આપ્યો હતો. પોતાના પતિના સ્મારક તરીકે અમદાવાદના હઠીસિંહના દેહરા હરકુંવર શેઠાણીએ બંધાવ્યા હતા. જે આજે પણ તેમની સ્મૃતિમાં ઊભા છે. અમદાવાદમાં સિવિલ હોસ્પિટલનો પાયો નાખનાર હરકુંવર શેઠાણી હતાં.*

*1856માં 56વર્ષની વયે શેઠાણીનું અવસાન થયું હતું. બ્રિટિશ કેળવણીકાર અને નારીવાદી અભિગમ ધરાવનાર કુમારી મેરી કાર્પેન્ટર ભારતમાં આવે છે. તેમણે જે જોયું એના આધારે તેમણે 'સિક્સ મંથ ઈન ઈન્ડિયા' બે ગ્રંથોમાં પુસ્તક લખ્યું છે. જેમાં તેમણે હરકુંવર શેઠાણીની પણ વાત કરી છે. કવિ દલપતરામ, ભોગીલાલ,મગનલાલ કરમચંદ વગેરે જેવા સુધારકોની સાથેનો સંપર્ક અને વિચારશીલતાએ હરકુંવર શેઠાણીને નૈતિક બળ આપ્યું હતું.જેના કારણે તેમણે અમદાવાદમાં પ્રથમ કન્યાશાળા શરૂ કરાવી હતી. જે હરકુંવર 'શેઠાણીની છોડીઓની નિશાળ' તરીકે ઓળખાતી હતી.*

**સાવિત્રીબાઈ ફૂલે (1831 થી 1897)**



ભારતના સર્વપ્રથમ શિક્ષિકા સાવિત્રીબાઈ ફૂલે હતાં.તેમણે મહિલા સેવા મંડળની સ્થાપના કરી હતી. જેમણે 1848માં દીકરીઓ માટેની પહેલી શાળા શરૂ કરી હતી. મહિલા હકો માટે ઝુંબેશ ચલાવી હતી. તેઓ મહિલા શિક્ષણ સમાજ સુધારાના પ્રવર્તક હતા.

તેમને ભારતીય નારીવાદના માતા માનવામાં આવે છે. 1852માં બ્રિટિશ સરકારે તેમને બેસ્ટ ટીચરનો એવોર્ડ આપ્યો હતો. 1853માં તેમને બીજું ઈનામ પણ બ્રિટિશ સરકાર તરફથી મળ્યું હતું. તેઓએ કન્યાશાળાઓ શરૂ કરાવી હતી. તેમના પતિ જ્યોતિરાવ ફૂલેની સાથે 'સત્યશોધક સમાજ'માં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. મહિલા સશક્તિકરણ અને નારીવાદને ભારતમાં ફેલાવનાર આગળ પડતા સ્ત્રીઓમાંનાં એક હતા.

3 જાન્યુઆરી 1831માં નાઈ ગામમાં બોમ્બે પ્રેસિડેન્સી મહારાષ્ટ્ર સ્ટેટના તે સમયના હિંમતનગરમાં ખ્રિસ્તી મિશનરીમાં અભ્યાસ કરીને 1847માં શિક્ષિકા બન્યા હતા. લગ્ન સમયે તેમની ઉંમર માત્ર 9 વર્ષની હતી. લગ્ન પછી પુના રહેવા ગયાં હતા. 1848માં ફુલે પતિ-પત્નીએ નીચલી કક્ષાની દીકરીઓ માટે ભીડેવાડા પુનામાં છ દીકરીઓ સાથે પ્રથમ કન્યાશાળા શરૂ કરી હતી. 1848માં બધા જ સમાજની કિશોરીઓ માટે શાળા શરૂ કરી હતી. રૂઢિચુસ્ત લોકોએ તેમના કાર્યોનો વિરોધ કર્યો હતો. તેમના પર કાદવ કિચડ લોકો નાખતા હતા. જેથી સાવિત્રીબાઈ પોતાની સાથે એક બીજી સાડી રાખતાં હતાં. જેથી શાળામાં જઈને બદલી શકાય. 1851માં ફૂલે દંપતિની ત્રણ શાળાઓ થઈ અને 156 દીકરીઓ ભણતી હતી. તેમણે પુના વિસ્તારમાં 18 સ્કૂલો દીકરીઓ માટે શરૂ કરી હતી. 1864માં તેમણે વિધવાશ્રમ ખોલ્યો હતો. અનાથ આશ્રમ પણ ખોલ્યો હતો. તેમણે બાળ વિવાહ, બાળ હત્યા અને સતીપ્રથાની વિરુદ્ધ પ્રચાર કર્યો હતો. જ્ઞાતિ પ્રથા વિરુદ્ધ પણ પ્રચાર કર્યો હતો.

**પંડિતા રમાબાઈ**

23 એપ્રિલ 1858 મૈસુર નજીક ગંગામુલના જંગલમાં પિતા આનંદ શાસ્ત્રીને ત્યાં જન્મ્યા હતા. 1880 માં બીપીન બિહારી નામના સાથે લગ્ન કર્યા હતા. પોતે બ્રાહ્મણ અને કાયસ્થ સાથે પરણ્યા હતા. માત્ર 19 માસના લગ્ન જીવન પછી વૈધવ્ય પ્રાપ્ત થયું હતું. એ અનુભવે એમને હચમચાવી દીધા હતા. તેઓએ પોતાનું સમગ્ર જીવન સ્ત્રી ઉત્કર્ષમાં પસાર કરવાનો નિર્ધાર કર્યો હતો. 1882 માં પ્રાર્થના સમાજનું જ્યાં કેન્દ્ર હતું એવા પુનામાં આવ્યા. જ્યાં એમણે 'આર્ય મહિલા સમાજ'ની સ્થાપના કરી. મહિલા સમાજ દ્વારા બાળ લગ્ન અને સ્ત્રીઓ પર થતા અત્યાચારનો વિરોધ કર્યો. તેમણે સ્ત્રી શિક્ષણ પ્રસરાવવા માટે લેખો લખ્યા અને પ્રવચનો પણ કર્યા હતા. સ્ત્રીઓને

*પોતાનો ધર્મ સમજાવવા પોતાના કર્તવ્ય સમજાવવા માટે 'સ્ત્રી ધર્મનીતિ પુસ્તક' લખ્યું હતું. આ ઉપરાંત અમેરિકામાં 30000 માઈલનો પ્રવાસ કરી પ્રવચનો કરી અને વિધવા આશ્રમ માટે રૂપિયા એકત્રિત કર્યા હતા. બોસ્ટનની મહિલાઓ તરફથી તેમને વિધવા આશ્રમ સ્થાપવા અને નિભાવવા માટે ઘણી મદદ મળી હતી. 1888માં મુંબઈમાં વિધવાશ્રમની શરૂઆત કરી હતી. જેમાં રહેવા આવનાર પ્રથમ વિધવા સ્ત્રીનું નામ શારદા હતું. તેથી વિધવાશ્રમનું નામ પણ 'શારદા સદન' રાખવામાં આવ્યું હતું. તેઓએ 'મુક્તિ સદન' સ્થાપ્યું હતું. જેમાં 600 દીકરીઓ મધ્ય ભારતના અલગ અલગ વિસ્તારમાંથી રહેવા આવી હતી. 5 એપ્રિલ 1922 માં તેમણે વિદાય લીધી હતી.*

**પંડિતા રમાબાઈ રાનડે**

*25 જાન્યુઆરી 1862 ના રોજ પિતા મહાદેવ માણિકરાઓ કુર્લેકરને ત્યાં પંડિતા રમાબાઈ રાનડે જન્મ્યા હતા. મહાદેવ ગોવિંદ રાંડેની 31 વર્ષની ઉંમર હતી ત્યારે 11 વર્ષની વયના રમાબાઈના લગ્ન તેમની સાથે થયા હતા. તેઓ લગ્ન બાદ મરાઠી, અંગ્રેજી, બંગાળી, સંસ્કૃત ભાષાના જાણકાર બન્યા હતા. સમગ્ર જીવન મહિલાઓને સ્વાવલંબી અને પગભર બનાવવામાં વિતાવ્યું હતું.*

**ગંગાબેન યાજ્ઞિક (1868 થી 1937)**



*ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામમાં બ્રાહ્મણ પરિવારમાં ગંગાબેન યાજ્ઞિકનો જન્મ થયો. નવમા વર્ષે લગ્ન થયા અને 12 મા વર્ષે તો તેમને વૈદવ્ય પ્રાપ્ત થયું હતું. તેમની સાસરીવાળાએ વાળ કપાવવા વાળંદને બોલાવ્યો પણ તેમણે વિરોધ કર્યો હતો. એ સમયે આ પ્રકારનું વર્તન ખૂબ જ હિંમતપૂર્ણ બાબત કહેવાય! વિધવા થયા પછી ભણ્યા અને વાવોલની શાળામાં આસિસ્ટન્ટ શિક્ષિકાની નોકરી સ્વીકારી. માત્ર એટલા સંતોષ ન મેળવ્યો અને અમદાવાદમાં મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનિંગ કૉલેજમાં અભ્યાસ કર્યો હતો.*

*ત્રણ વર્ષના અભ્યાસને અંતે માણસાની કન્યાશાળામાં હેડ મિસ્ટ્રેસ તરીકે બઢતી મેળવી હતી. 'વહેમ ખંડનપોથી' અને 'દ્વિત્રિયા નિષેધ' નિબંધ એમના ગ્રંથો છે. એમનુ સંસ્કૃત ખૂબ સારું હતું. તેમણે અંગ્રેજીનો વિશેષ અભ્યાસ કર્યો હતો. જામનગરના પ્રખ્યાત વૈધ ઝંડુ ભટ્ટજી પાસેથી તેમણે વૈદકનું જ્ઞાન મેળવ્યું હતું.*

## 3.9 સારાંશ

*19મી સદીમાં ભારતીય નારીનો દરજ્જો અત્યંત કઠોર અને અત્યાચારમય હતો. તથાપિ, આ સમયગાળામાં સામાજિક અને શૈક્ષણિક સુધારણાઓએ સ્ત્રીઓને નવી*

*તક અપાવી હતી. 19મી સદીના અંતમાં નારી ઉત્કર્ષ માટેની મર્યાદિત પરંતુ મહત્ત્વપૂર્ણ શરૂઆત થઈ હતી. જેના કારણે 20મી સદીમાં મહિલાઓના અધિકારો માટેની લડતનો મજબૂત પાયો ઊભો થયો. 19મી સદીમાં ભારતીય નારી માટે કાનૂની અધિકારો અને સામાજિક સુધારણાના વિષયોમાં ઘણો મોટો સંઘર્ષ હતો. જો કે સતીપ્રથા, વિધવા પુનર્વિવાહ, બાળવિવાહ જેવી અણગમતી પ્રથાઓ પર નિયંત્રણ મૂકવામાં આવ્યું હતું. નારીની સ્થિતિમાં બહોળા પ્રમાણમાં સુધારો મેળવવા માટે આ પ્રારંભિક પગલાં મૂલ્યવાન સાબિત થયા. 19મી સદીમાં ભારતીય નારીની ભૂમિકા માત્ર સામાજિક સુધારણા જ નહીં, પરંતુ રાષ્ટ્રના વિકાસમાં પણ નિકટત્તર બની હતી.*

## 3.10 ચાવીરૂપ શબ્દો

**સામાજિક મૃત્યુ** - *વ્યક્તિના સામાજિક જીવનનો અંત, જે વ્યક્તિ જીવતી હોય પણ તે સમાજમાં હક,અધિકાર ભોગવી ન શકે,તેના જીવનનું સમાજમાં કોઈ મહત્ત્વ ન હોય તેને સામાજિક મૃત્યુ કહી શકાય.*

**સ્વયંવર પ્રથા** - *પહેલાના જમાનામાં રાજકુમારી પોતાની પસંદગીથી પોતાના માટે વર પસંદ કરી શકતી હતી. આ પ્રથાને સ્વયંવર પ્રથા કહેવામાં આવતી.*

**દત્તકપુત્ર** - *જે રાજાને પોતાનો પુત્ર ન હોય તે વારસદાર તરીકે બીજા કોઈના પુત્રને દત્તક લે તેને દત્તકપુત્ર કહેવાય.*

**વિધવા** - *જે સ્ત્રીનો પતિ મૃત્યુ પામ્યો હોય તે સ્ત્રીને વિધવા કહેવામાં આવે છે.*

**બ્રહ્મચર્યાશ્રમ** - *વૈદિક સમયમાં મનુષ્ય જીવનને ચાર આશ્રમોમાં વહેંચવામાં આવ્યું હતું. જેમાં પહેલા 25 વર્ષમાં વ્યક્તિએ બ્રહ્મચર્યનું પાલન કરી અને વિદ્યા મેળવવાની હતી. આ આશ્રમને બ્રહ્મચર્યાશ્રમ કહેવામાં આવતો હતો.*

## 3.11 તમારી જાતે ચકાસોના જવાબ

*(ક)* (1) (1-C), (2-D), (3-E), (4-A), (5-B)

(2) 1.1.1 *ના તમામ મુદ્દાઓને આધારે જવાબ લખો.*

*(ખ)* (1) *દક્ષિણ* (2) 800 (3) *સત્યાર્થપ્રકાશ* (4) *રાજા રામમોહન રૉય*

(5) *ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર*

(2) 1.1.2 *ના પ્રથમ મુદ્દાના આધારે જવાબ લખો.*

*(ગ)* (1) 1. *સાચું* 2. *ખોટું* 3. *સાચું* 4. *ખોટું* 5. *સાચું*

(2) 1.1. 3 *ના તમામ મુદ્દાઓને આધારે જવાબ લખો.*

*(ઘ)* 1. *સાવિત્રીબાઈ ફુલે* 2. *લોર્ડ વિલિયમ બેન્ટિક* 3. *ઈશ્વરચંદ્ર વિધ્યાસાગર* 4. *શારદા એક્ટ* 5.1829 *માં*

(2) 1.1. 4 *ના તમામ મુદ્દાઓને આધારે જવાબ લખો.*

❖ **બહુવૈકલ્પિક પ્રશ્નો**

(1) ગુજરાતના પ્રથમ મહિલા સમાજ સુધારક કોણ હતા ?

(A) હરકુંવર શેઠાણી (B) કસ્તુરબા

(C) ઈલાબેન ભટ્ટ (D) મીઠુંબેન પિટિટ

(2) લગ્ન સમયે હરકુંવર શેઠાણીની ઉંમર કેટલા વર્ષની હતી ?

(A) 12 (B) 17

(C) 16 (D) 18

(3) અમદાવાદની સિવિલ હોસ્પિટલનો પાયો નાખનાર મહિલા કોણ હતા ?

(A) હરકુંવર શેઠાણી (B) કસ્તુરબા

(C) ઈલાબેન ભટ્ટ (D) ગંગાબેન યાજ્ઞિક

(4) 'સિક્સ મંથ ઈન ઈન્ડિયા' પુસ્તક કોણે લખ્યું હતું ?

(A) ઈલાબેન ભટ્ટ (B) ગંગાબેન યાજ્ઞિક

(C) કુમારી મેરી કાર્પેન્ટર (D) સરોજિની નાયડુ

(5) 1852 માં બ્રિટિશ સરકાર તરફથી બેસ્ટ ટીચરનો એવોર્ડ મેળવનાર કોણ હતા?

(A) સાવિત્રીબાઈ ફૂલે (B) કસ્તુરબા

(C) મેડમ કામા (D) મહાલક્ષ્મી

(6) સત્યશોધક સમાજની સ્થાપના કોણે કરી હતી?

(A) જ્યોતિરાવ ફૂલે (B) રાજા રામમોહન રોય

(C) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (D) બહેરામજી મલબારી

(7) 'સ્ત્રી ધર્મનીતિ પુસ્તક' કોણે લખ્યું હતું ?

(A) સાવિત્રીબાઈ ફૂલે (B) પંડિત રમાબાઈ

(C) સરોજિની નાયડુ (D) કસ્તુરબા

(8) 'વહેમ ખંડન પોથી' પુસ્તક કોણે લખ્યું હતું ?

(A) સાવિત્રીબાઈ ફૂલે (B) પંડિત રમાબાઈ

(C) સરોજિની નાયડુ (D) ગંગાબેન યાજ્ઞિક

(9) ગંગાબેન યાજ્ઞિક ક્યાંની કન્યાશાળામાં હેડ મિસ્ટ્રેસ બન્યા હતા ?

(A) માણસા (B) ગાંધીનગર

(C) અમદાવાદ (D) ખેડા

(10) મુંબઈમાં 'વિધવાશ્રમ' કોણે શરૂ કર્યો હતો ?

(A) કસ્તુરબા (B) મેડમ કામા

(C) મહાલક્ષ્મી (D) પંડિતા રમાબાઈ

**જવાબો** (1- A) (2- A) (3- A) (4-A)

(5-A) (6- A) (7- B) (8-D)

(9-A) (10-D)

❖ **સ્વાધ્યાય**

1. બેગમ હઝરત મહલ અને જલકારીબાઈ વિશે માહિતી આપો.
2. 19 મી સદીના ભારતીય સમાજમાં મહિલાઓની આર્થિક સ્થિતિના મહત્ત્વના લક્ષણો જણાવો.
3. સાવિત્રીબાઈ ફૂલે અને ગંગાબેન યાજ્ઞિક વિશે સમજાવો.
4. હરકુંવર શેઠાણી અને પંડિતા રમાબાઈનું નારી ઉત્થાન કાર્ય સમજાવો.
5. સતીપ્રથાનુ ં દૂષણ અને તેના કાયદા વિશે સવિસ્તાર માહિતી આપો.

## 3.12 સંદર્ભો


1. સ્ત્રી સમાનતા પ્રશ્નો અને પડકારો, સંપાદકો કલ્પના શાહ વિભૂતિ પટેલ, સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ સુરત 1987
2. આધુનિક ભારત કા ઈતિહાસ, બીપીનચંદ્ર, orient blacksvon પ્રાઈવેટ લિમિટેડ 2021
3. ભારત વર્ષ કા બૃહદ ઈતિહાસ, શ્રીનેત્ર પાંડેય, લોકભારતી પ્રકાશન 2006
4. ભારતીય સંસ્કૃતિ સ્વરૂપ અને વિકાસ, ડૉ પ્રવીણચંદ્ર પરીખ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ 2020.
5. સ્ત્રીઓ અને સમાજ, ડૉક્ટર ચંદ્રિકા રાવલ ડૉક્ટર શૈલજા ધ્રુવ પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
6. સ્ત્રીઓનો બદલાતો દરજ્જો અને ભૂમિકા, ડૉક્ટર કલ્પના શાહ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ 2012.
7. ભારતની સામાજિક સંસ્થાઓ, મહેન્દ્રકુમાર એફ રાવ અખિલ હિન્દ પ્રકાશન, અમદાવાદ.
8. નારીવાદ, વી.એન. સિંહ, જન્મેજયસિંહ, રાવત પબ્લિકેશન્સ.
9. અર્વાચીન ભારતની સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળોનો ઈતિહાસ, મનુભાઈ બી. શાહ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ, 2023.
10. ભારતની વિરાંગનાઓ, ડૉ . ટીના દોશી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

**એકમ : 4**

**સાંસ્થાનિક ભારતમાં સામાજિક ચેતના-સુધારણા ચળવળો, નારી શિક્ષણ, નારી સંબંધિત કાયદાઓ**

**:: રૂપરેખા ::**


**4.0 ઉદ્દેશ્યો**

**4.1 પ્રસ્તાવના**

**4.2 સામાજિક ચેતના-સુધારણા**

**4.2.1 ભારતમાં સામાજિક ચેતનાના મુખ્ય લક્ષણો**

**4.2.2 હિન્દુ સમાજમાં સમાજસુધારણા**

**4.2.3 મુસ્લિમ સમાજમાં સુધારણા આંદોલન**

**4.2.4 શીખ અને પારસી સમાજમાં સુધારણા આંદોલન**

**4.2.5 કેટલાક પ્રતિનિધિરૂપ સમાજસુધારકો**

**4.3 સાંસ્થાનિક ભારતમાં નારી શિક્ષણ**

**4.4 સંસ્થાનિક ભારતમાં નારી સંબંધિત કાયદાઓ**

**4.5 સારાંશ**

**4.6 ચાવીરૂપ શબ્દો**

**4.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

- ❖ **બહુવૈકલ્પિક પ્રશ્નો**
- ❖ **સ્વાધ્યાય**

**4.8 સંદર્ભ સૂચિ**


## 4.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે,*

- *સાંસ્થાનિક ભારતમાં થયેલ સમાજ સુધારણાની ચળવળ વિષે જાણી શકશો.*
- *સાંસ્થાનિક ભારતની વિવિધ સંસ્થાઓ વિશે માહિતી મેળવશો.*
- *આધુનિક ભારતના વિવિધ સમાજસુધારકો વિશે મેળવશો.*
- *સાંસ્થાનિક ભારતમાં નારી શિક્ષણ વિશે માહિતી મેળવશો.*
- *સાંસ્થાનિક ભારતમાં નારી સંબંધિત કાયદાઓ વિશે માહિતી મેળવશો.*

## 4.1 પ્રસ્તાવના

*સાંસ્થાનિક ભારતને તે સમયે વ્યાપ્ત કુપ્રથાઓ જેવી કે સતીપ્રથા,બાળ લગ્નો, અસ્પૃશ્યતા, દૂધપીતિ પ્રથા,બહુપત્ની પ્રથા,વિધવાઓની દયનીય સ્થિતિ વગેરેથી ગ્રસ્ત ભારતીય સમાજને બહાર લાવવાની જરૂર હતી. આ કુપ્રથાઓમાથી બહાર આવવાની જે પ્રક્રિયા હતી તેને સામાજિક ચેતના કહી શકાય. આ સામાજિક ચેતનાના કારણો, વિવિધ સામાજિક સંસ્થાઓ અને વ્યક્તિ વિશેષોએ આપેલું યોગદાન ખરેખર ખૂબ જ પ્રેરણાદાયી છે. હાલના સામાજિક પરિપ્રેક્ષ્યમાં તેને જાણવું ખૂબ જ જરૂરી છે. સામાજિક ચેતનાના કારણે સ્રીઓની સ્થિતિમાં આવેલ પરિવર્તન પણ નોંધનીય બાબત છે. જેમાં સાંસ્થાનિક ભારતમાં મહિલા શિક્ષણ અને મહિલાઓ માટેના કાયદાઓ ઘડાયા હતા જેણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પ્રસ્તુત પ્રકરણમાં આ બધા વિષે વિગતવાર વાત કરવામાં આવી છે.*

## 4.2 સામાજિક ચેતના-સુધારણા

*સામાજિક સુધારણાના પાયામાં સમાજને વધારે સારો બનાવવા માટે પરિવર્તન કરવાનો ઉદ્દેશ્ય રહેલો હોય છે. સમાજ સુધારણાનો મૂળભૂત હેતુ લોકોનું પ્રાકૃતિક, સામાજિક, માનસિક, વ્યક્તિગત સ્વાસ્થ્ય સાચવવાનું છે. સામાજિક સુધારણા ચળવળનો મુખ્ય હેતુ સમાજમાં પરિવર્તન લાવવાનો છે."સોશિયલ મુવમેંટ ઈન ઈન્ડિયા" ના વોલ્યુમ એકમાં એમ.એસ.રાવ જણાવે છે કે "સામાજિક ચળવળોએ જાગૃતતા કે સભાન હેતુપૂર્વક પરિવર્તન લાવવા માટેના પ્રયત્નો છે"*

### 4.2.1 ભારતમાં સામાજિક ચેતનાના મુખ્ય લક્ષણો

*ભારતમાં થયેલી સમાજસુધારણાની ચળવળો એ સમાજપરિવર્તનના વિચારોનો ફેલાવો અને તેના સંદર્ભમાં સ્થપાયેલી સંસ્થાઓ તેના મુખ્ય સમાજસુધારકો આ બધાના સામુદાયિક પ્રયાસોના કારણે થયેલ પરિવર્તન હતું. સાંસ્થાનિક ભારતમાં થયેલા સમાજ સુધારણાના આંદોલનોના કેટલાક મુખ્ય લક્ષણો જાણવા ખૂબ જરૂરી છે. એવી કેટલીક બાબતો એવા કેટલાક વિચારો સામાજિક ચેતનાના પાયામાં રહેલા હતા કે જેનાથી સામાજિક ચેતનાના મુખ્ય લક્ષણો ખૂબ સરળ રીતે જાણી શકાય છે.*

1. *કેન્દ્રમાં માનવ*

*માનવજીવનની તમામ બાબતોમાં માણસ હંમેશા કેન્દ્રસ્થાને રહ્યો છે. ભારતીય ઈતિહાસમાં મધ્યયુગીન અંધકારમાં જે અસરો જોવા મળી તેના કારણે માનવનું સામાજિક જીવન અનેક પ્રકારની કુરૂઢિઓથી ઘેરાયેલું હતું. માણસના જીવનને વધારે સરળ અને સહજ બનાવવા માટે સમાજસુધારકો અને વિવિધ સંસ્થાઓએ માનવીના હકોની તરફેણ કરી હતી. જે સામાજિક ચેતનાનું મુખ્ય લક્ષણ કહી શકાય.*

2. સમાજ સુધારણા અને ધર્મ સુધારણા એકસાથે

ભારતમાં ધર્મસુધારણાની ચળવળો અને સમાજ સુધારણાની ચળવળ બંને એક સાથે થઈ હતી. જે સંસ્થાઓ  પોત-પોતાના ધર્મમાં પ્રવેશેલા અનિષ્ટોને દૂર કરવાની લોકજાગૃતિ લાવવાના કાર્યો કરતી હતી. તે સંસ્થાઓ સમાજસુધારણાની પ્રવૃત્તિઓ પણ કરતી હતી.

3. સમાજની કુપ્રથાઓ દૂર કરવા

સમાજ સુધારણાના આંદોલનનું મુખ્ય લક્ષણ એ હતુ કે સમાજ સુધારણાના આંદોલન થવા પાછળના કારણોમાં સામાજિક કુરિવાજો, કુપ્રથાઓ હતી કે જેના કારણે સમાજમાં સ્ત્રીઓ, વંચિતો, પછાત લોકોને અન્યાય થતો હતો. અંધશ્રદ્ધાના કારણે જે સામાન્ય લોકોનું નીચલા સ્તરે શોષણ થતું હતું.

4. જીવનની નૈતિકતા પર ભાર

સમાજ સુધારણાના આંદોલનો એ જે વિચારોનો પ્રચાર પ્રસાર કર્યો હતો. તે વિચારોના મૂળમાં ધાર્મિક પ્રાર્થના ધર્મમાં બતાવેલા નીતિમય જીવનની ઉપર ભાર આપવામાં આવ્યો હતો. સમાજસુધારણાના આંદોલનો થકી વ્યક્તિ સમાજ  પ્રત્યે નૈતિક રીતે કટિબદ્ધ બને એવા પ્રયત્નો આ આંદોલનો દ્વારા કરવામાં આવ્યા હતા.

5. ભાઈચારાની ભાવનાનો ફેલાવો

સામાજિક ધાર્મિક આંદોલનોએ સમગ્ર ઈશ્વર સમગ્ર વિશ્વને એકાત્મતાની નજરથી જોવાનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર સૃષ્ટિના રચયિતા પરમ પિતા પ્રભુ અને પ્રત્યેક માણસ તેનું સંતાન છે એ વિભાવના સામાજિક ધાર્મિક સુધારણાના આંદોલનોએ ઉપસાવી હતી.

6. વર્ણવ્યવસ્થા જાતિવ્યવસ્થા પર પ્રહાર

સામાજિક ધાર્મિક સુધારણાના આંદોલનોએ સમાજમાં પ્રવર્તતી વર્ણવ્યવસ્થા અને જાતિ વ્યવસ્થાનો વિરોધ કર્યો હતો. અસ્પૃશ્યતા કે જેની જડ જાતિ વ્યવસ્થા અને વર્ણ વ્યવસ્થામાં હતી. ધર્મનો આધાર લઈ અને અસ્પૃશ્યતાનો જે કુરિવાજ સાંસ્થાનિક ભારતમાં પ્રવેશ્યો હતો તેને દૂર કરવો અને બધી જ જાતિઓ ભેદભાવ વગર એક થઈ અને રહે એવા પ્રયત્નો આ આંદોલનો દરમિયાન થયા હતા.

7. સ્ત્રીઓની સ્થિતિમાં સુધાર

ભારતમાં થયેલા સમાજ સુધારણાના આંદોલનોના મૂળ કેન્દ્રમાં સ્ત્રીઓની સ્થિતિ હતી. મોટાભાગના સમાજસુધારકોએ સ્ત્રીઓની સ્થિતિ સુધારવાની અને સમાજની સ્થિતિ સુધારવાની વાત કરી હતી. સમાજમાં સ્ત્રીઓને યોગ્ય સન્માન મળી રહે તે માટે વિવિધ પ્રકારે લખાણો દ્વારા અને ભાષણો દ્વારા જાગૃતિ લાવવાના કાર્યો અનેક પ્રકારે કર્યા હતા.

8. *રાષ્ટ્રીય એકતા પર ભાર મુકાયો*

*સમાજ જીવનના સુધારાઓને સમાજની સ્થિતિના સુધારા દ્વારા સમગ્ર ભારતીય લોકોમાં રાષ્ટ્રીય એકતા ઉદભવે તેવા પ્રયત્નો પણ આ સમયગાળા દરમિયાન કરવામાં આવ્યા હતા. લોકો સમાજ સુધારણાની સાથે રાષ્ટ્રની મુક્તિની આઝાદીના ગીત પણ ગાય તેવી વાત પણ તત્કાલીન સમાજસુધારકોએ કરી હતી.*

## 4.2.2 હિન્દુ સમાજમાં સમાજસુધારણા

**બ્રહ્મ સમાજ**

*19મી સદીના સુધારણા આંદોલનના શ્રીગણેશ બ્રહ્મ સમાજ દ્વારા થયા હતા. આ બ્રહ્મસમાજની સ્થાપના કરનાર રાજા રામમોહન રોય હતા. ભારતમાં સુધારાના પ્રવર્તક રાજા રામમોહન રોયને આધુનિક ભારતના જનક કહેવામાં આવે છે. જેની નોંધ "ભારતીય સંસ્કૃતિ સ્વરૂપ અને વિકાસ" નામના પુસ્તકમાં ડો. પ્રવીણચંદ્ર પરીખ દ્વારા કરવામાં આવી છે. 20મી ઓગસ્ટ 1828ના દિવસે કલકત્તામાં રાજા રામમોહન રોય દ્વારા "બ્રહ્મો સમાજ"ની સ્થાપના કરવામાં આવી હતી. જેના દ્વારા સ્ત્રી શિક્ષણનો પ્રચાર, સ્ત્રીઓના અધિકારો, પછાત જાતિઓ તથા ખેડૂતોનો ઉત્કર્ષ તેમજ ગોરી અને કાળી પ્રજાઓ વચ્ચેના રંગભેદ નાબૂદ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા.*

**દેવેન્દ્રનાથ ટાગોરના સમયમાં બ્રહ્મ સમાજ**

*ઈ.સ.1843માં દેવેન્દ્રનાથ ટાગોર (રવિન્દ્રનાથના પિતા) આ 'બ્રહ્મ સમાજમાં'માં જોડાયા હતા. જેનાથી બ્રહ્મ સમાજમાં નવો પ્રાણ આવ્યો. દેવેન્દ્રનાથે સભ્યો માટે 'પ્રતિજ્ઞાપત્ર' દાખલ કર્યું. તેમણે 'તત્વબોધિની પત્રિકા' શરૂ કરી તે દ્વારા સંસ્થાના સિદ્ધાંતોનો પ્રચાર થયો. દેવેન્દ્રનાથે એકેશ્વરવાદ અને અનૈશ્વરવાદનું મિશ્રણ કર્યું.*

**કેશવચંદ્ર સેનના સમયમાં બ્રહ્મ સમાજ**

*ઈ.સ. 1857માં કેશવચંદ્ર સેન બ્રહ્મ સમાજમાં જોડાયા હતા. જેમના પર ખ્રિસ્તી ધર્મનો પ્રભાવ વિશેષ હતો. તેમનો ઉત્સાહ, વકૃત્વ શક્તિ, લોકપ્રિયતાને કારણે ઈ.સ. 1865 સુધીમાં બંગાળમાં 'બ્રહ્મ સમાજ'ની 50 શાખાઓ, વાયવ્ય સરહદમાં પ્રાંતોમાં બે, પંજાબ અને મદ્રાસમાં એક-એક શાખા કામ કરતી થઈ હતી. કેશવચંદ્ર સેનના સુધારાવાદી વિચારોને લીધે તથા વૈચારિક મતભેદના કારણે તેમને બ્રહ્મો સમાજમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. પછીથી કેશવચંદ્ર સેને "નવો બ્રહ્મો સમાજ" સ્થાપ્યો હતો.*

**નવો બ્રહ્મો સમાજ**

*આંતરજ્ઞાતીય લગ્ન, વિધવા- પુનર્લગ્નને બને તેટલી વધારે પ્રસિદ્ધિ આપતા હતા. વળી તેમાં સ્ત્રીઓને પણ સ્થાન હતું. તે એક નવીન બાબત હતી. આ "નવા બ્રહ્મો સમાજ"ની અસરના કારણે જ બ્રિટિશ હિંદ સરકારે ઈ.સ.1872માં બાળલગ્ન અને બહુપત્ની પ્રથા પર પ્રતિબંધ મુકતા તેમજ વિધવા વિવાહને કાયદેસર કરતા કાયદાઓ કર્યા હતા.*

### બ્રહ્મો સમાજનું પ્રદાન

*એક સમાજ સુધારાઓને કારણે અને બીજું વૈષ્ણવ રીત પ્રમાણેના કીર્તનો અને સ્ત્રીઓને મળેલ સ્થાનના કારણે આ સમાજ વધારે લોકપ્રિય બન્યો હતો પરંતુ કેશવચંદ્રસેને જ્યારે પોતાની 14 વર્ષની કન્યાનાં લગ્ન કુચ બિહારના મહારાજા જોડે કર્યા ત્યારે યુવાનોએ સખત વિરોધ કર્યો હતો. બ્રહ્મો સમાજે સમાજ સુધારણાના ક્ષેત્રે ખૂબ સરસ કાર્ય કર્યું હતું. જેમાં સ્ત્રીઓની સામાજિક સ્થિતિ સુધારવા માટે વિધવા વિવાહ, બહુપત્ની પ્રથાનો અંત, પડદા પ્રથાની નાબુદી તથા સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા જેવી બાબતોમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. જ્ઞાતિવાદ દૂર કરવા માટે આંતરજ્ઞાતિય લગ્ન, આંતરજ્ઞાતિય ભોજનોને ઉત્તેજન આપવામાં પણ તેણે ઘણા પ્રયત્નો કર્યા હતા.*

*કેશવચંદ્ર સેને પોતાની સગીર પુત્રીના લગ્ન કુચ બિહારના રાજા સાથે કર્યા અને બ્રહ્મો સમાજના લગ્નની વિધિનો પણ ભંગ કર્યો. તેથી ફરીથી બ્રહ્મો સમાજના ભાગલા પડ્યા. શિવનાથ શાસ્ત્રી, શિવચંદ્ર દેવ, આનંદમોહન બોઝ અને બીપીનચંદ્ર પાલના નેતૃત્વ હેઠળ યુવાનોએ ઈ.સ ૧૮૭૮માં "સાધારણ બ્રહ્મો સમાજ"ની સ્થાપના કરી હતી. કેશવચંદ્ર અને તેમના અનુયાયીઓએ "નવ વિધાન"ની સ્થાપના કરી હતી.સાધારણ જનસમાજ મોટે ભાગે નિરક્ષર હોઈ બૌદ્ધિક બાબતોને સમજી શકતું નહીં.*

*આમ ભારતમાં સમાજ પરિવર્તનની દિશામાં મહત્ત્વનું કાર્ય કરવાની શરૂઆત કરનાર બ્રહ્મો સમાજ હતો. એ.આર. દેસાઈના જણાવ્યા અનુસાર " હિંદના લોકો માટે બ્રહ્મો સમાજે એક નવા યુગનો પ્રારંભ કર્યો".*

### પ્રાર્થના સમાજ

*બંગાળમાં બ્રહ્મો સમાજ જેવી રીતે સમાજ સુધારણાનું કેન્દ્ર બન્યો હતો તે રીતે મહારાષ્ટ્રમાં પ્રાર્થના સમાજ સુધારામાં આગળ પડતો હતો. જેની સ્થાપના મુંબઈમાં ઈ.સ. 1867માં થઈ હતી. જેના આગળ પડતા કાર્યકરોમાં ન્યાયમૂર્તિ રાનડે, ડોક્ટર ભંડારકર, વામન આબાજી મોડક અને ડો. આત્મારામ પાંડુરંગ મુખ્ય હતા. પ્રાર્થના સમાજ અને બ્રહ્મ સમાજની પાયાની વિચારસરણીમાં મુખ્ય તફાવત એ હતો કે પ્રાર્થના સમાજના અનુયાયીઓ બ્રહ્મો સમાજીઓની માફક પોતાને હિંદુ સમાજની બહાર ગણવાને બદલે હિંદુ સમાજ તથા હિંદુ ધર્મના સભ્યો જ ગણતા. એડવાન્સ હિસ્ટ્રી ઓફ ઇન્ડિયામાં જણાવ્યા પ્રમાણે "એક સરખી પરિસ્થિતિઓમાં જન્મેલી આ બંને સંસ્થાઓમાં બંગાળીઓના લાગણીવશ સ્વભાવ અને મહારાષ્ટ્રીયનોના વ્યવહારુ સ્વભાવનું આબેહૂબ પ્રતિબિંબ પડે છે". પ્રાર્થના સમાજે મોટાભાગે સમાજ સુધારા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.*

### પ્રાર્થના સમાજનું પ્રદાન

*પ્રાર્થના સમાજીઓ દ્વારા વિધવા વિવાહ, બાળ લગ્ન વિરોધ, બહુ પત્ની વિરોધ, આંતરજ્ઞાતીય લગ્નો, આંતરજ્ઞાતીય ભોજનો વગેરેની સામાજિક જાગૃતિ માટે ખૂબ જ પ્રયત્નો કર્યા હતા. પંઢરપુરમાં "અનાથ આશ્રમ"ની સ્થાપના પણ કરવામાં આવી*

*હતી. આ ઉપરાંત રાત્રિશાળાઓ, વિધવા ગૃહો અને પછાત વર્ગોના વિકાસ માટે પણ વિવિધ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી હતી.*

*પ્રાર્થના સમાજની સમાજ સુધારક પ્રવૃત્તિઓના મુખ્ય આગેવાનોમાં ન્યાયમૂર્તિ રાનડે અને ડૉ. ભાંડારકર હતા. પ્રાર્થના સમાજના સિદ્ધાંતોના ફેલાવવા માટે "સુબોધ પત્રિકા" નામનું સામયિક ચાલતું હતું. રાનડેના પ્રયત્નોના ફળ સ્વરૂપે પૂનામાં "ડેકન એજ્યુકેશન સોસાયટી" અને મુંબઈમાં "વિધવા લગ્ન મંડળ"ની સ્થાપના થઈ હતી. શ્રીમતી રમાબાઈ રાનડેના પ્રયત્નોને કારણે "આર્ય મહિલા સમાજ"ની પણ સ્થાપના કરવામાં આવી હતી.*

*મહારાષ્ટ્રમાં મુંબઈ, પુના ઉપરાંત ગુજરાતમાં અમદાવાદ, સુરત, નવસારી, વડોદરા, નડિયાદ જેવા શહેરોમાં પણ પ્રાર્થના સમાજની વિવિધ શાખાઓ સ્થાપવામાં આવી હતી. ભોળાનાથ સારાભાઈની આગેવાની હેઠળ અમદાવાદમાં "ગુજરાત પ્રાર્થના સમાજે" સામાજિક રીતે સુધારાવાદી પ્રવૃત્તિઓ હાથ ધરી હતી.*

**વેદ સમાજ**

*પૂર્વ ભારત અને પશ્ચિમ ભારતમાં જે રીતે બ્રહ્મો સમાજ અને પ્રાર્થના સમાજે સમાજ સુધારણાના કાર્ય પોતાની ધાર્મિકનીતિઓને સાથે રાખી કર્યા તે જ રીતે દક્ષિણ ભારતમાં પણ "વેદ સમાજે" કાર્ય કર્યું હતું. 1864માં મદ્રાસમાં શ્રીધરલુ નાયડુ દ્વારા વેદ સમાજની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં નિવૃત ન્યાયાધીશ વિશ્વનાથ મુદ્દા લિપટ, મદ્રાસના નામાંકિત વકીલો વી. રાજગોપાલ ચાર્લુ તથા પી. સુબ્રહ્મણ્ય ચેટી હતા.*

*વેદ સમાજ દ્વારા "ધ હિન્દુ" સમાચાર પત્ર ચલાવવામાં આવતુ હતુ. આ ઉપરાંત ચેન્નાઈથી "ધ બ્રહ્મવાદિની" પ્રકાશિત થતુ હતું. જે પત્રિકા વેદાંતનાપ્રચાર માટે ખુબ અગ્રણી રહી હતી.*

**વેદ સમાજનું પ્રદાન**

*વેદ સમાજે દક્ષિણ ભારતમાં સામાજિક-ધાર્મિક સુધારા ઉપરાંત રાષ્ટ્રીયતાની ભાવનાના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.*

**આર્ય સમાજ**

*આગળની સંસ્થાઓનું પ્રેરકબળ પાશ્ચાત વિચારસરણી હતી જ્યારે આર્ય સમાજનું પ્રેરક બળ ભારતીય સંસ્કૃતિ હતી. આર્ય સમાજની વિચારસરણી ભારતીય વૈદિક જ્ઞાનને આધારે વિકસી હતી.સ્વામી દયાનંદ સરસ્વતીએ 1875માં મુંબઈમાં "આર્ય સમાજ"ની સ્થાપના કરી હતી. લોકોને "વેદો તરફ પાછા વળવાની" હાકલ કરી હતી. ધર્માંતર રોકવા અને ધર્માંતર કરેલા લોકોને પાછા વાળવા "શુદ્ધિ ચળવળ" શરૂ કરી હતી. વર્ણ વ્યવસ્થા જન્મ નહીં પરંતુ કર્મને આધારે હોવામાં માનતા હતા.સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની કાર્યપદ્ધતિ અને પ્રેરણા માટે દસ સિદ્ધાંત આપ્યા હતા.*

1. *ઈશ્વર સચ્ચિદાનંદ છે તે નિર્વિકાર, અજર, અમર, અનંત, દયાળુ, સર્વ શક્તિમાન, સર્વવ્યાપી અને સૃષ્ટિના પાલક છે. મનુષ્યે તેની ઉપાસના કરવી જોઈએ.*
2. *બધી સત્ય વિદ્યાઓ અને પદાર્થો વડે જેને ઓળખી શકાય છે તે સર્વનું મૂળ પરમેશ્વર છે. તેને જાણવાથી આવાગમનના ફેરામાંથી છુટકારો મળી જાય છે.*
3. *વેદ સત્ય વિદ્યાનો ભંડાર છે. પ્રત્યેક વ્યક્તિએ તેનું પઠન-પાઠન અને પ્રસારણ કરવું જોઈએ.*
4. *પ્રત્યેક વ્યક્તિએ સત્યને ગ્રહણ કરવા અને અસત્યનો ત્યાગ કરવા સદા તત્પર રહેવું જોઈએ.*
5. *મનુષ્યએ પ્રત્યેક કાર્ય ધર્મ અનુસાર કરવું જોઈએ.*
6. *આર્ય સમાજનો મુખ્ય ઉદ્દેશ સમસ્ત માનવજાતની શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવાનો છે.*
7. *પ્રત્યેક વ્યક્તિ સાથે તેના ગુણો પ્રમાણે તેની સાથે પ્રેમ અને ન્યાયપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ.*
8. *અવિદ્યાનો અંધકાર હટાવી વિદ્યાનો પ્રકાશ સર્વત્ર ફેલાવવો જોઈએ.*
9. *પ્રત્યેક વ્યક્તિએ કેવળ પોતાની ઉન્નતિ જ નહીં પણ સર્વસાધારણની ઉન્નતિનો પણ પ્રયાસ કરવો જોઈએ.*
10. *લોક કલ્યાણના કાર્યોમાં પારસ્પરિક મતભેદ ભૂલી જવા જોઈએ.*

**આર્ય સમાજનું પ્રદાન**

*સામાજિક ધાર્મિક ક્ષેત્રે લોકોને સંગઠિત કરવાનું કાર્ય કર્યું હતું. મૂર્તિપૂજા, બાળવિવાહ સ્ત્રીઓની ગુલામી, જન્મજાત અસ્પૃશ્યતા વગેરે પર પ્રહારો કર્યા હતા.દયાનંદ સરસ્વતી ઉપરાંત લાલા હંસરાજ, પંડિત ગુરુદત્ત, લાલા લજપતરાય, સ્વામી શ્રદ્ધાનંદ આર્ય સમાજની વિચારધારાને ફેલાવવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું હતું.*

*લાલા હંસરાજે લાહોરમાં "દયાનંદ એંગલો વૈદિક કૉલેજ"ની સ્થાપના કરી હતી. ઉપરાંત વૈદિક યુગના ગુરુકુળોની જેમ ગુરુકુળોની પણ સ્થાપના કરી હતી. જેમાં 'હરદ્વાર' અને 'કાંગડી'ના ગુરુકુળો ઘણા પ્રખ્યાત હતા. આર્ય સમાજ દ્વારા જે ગુરુકુળોની સ્થાપના કરવામાં આવી હતી તે ગુરુકુળોએ કેળવણીના ક્ષેત્રે અને વિશેષ કન્યા કેળવણીને વિશેષ પ્રોત્સાહન આપ્યું હતું. કન્યા કેળવણી દ્વારા સ્ત્રીઓની સ્થિતિ સુધરે તેવા પ્રયત્નો આ સમાજ દ્વારા કરવામાં આવ્યા હતા. તે જ રીતે દલિતોની સ્થિતિ સુધારવામાં પણ ઘણું સારું કામ કર્યુ હતું. આર્ય સમાજ અને ગુરુકુળો દ્વારા હિન્દી ભાષાને પણ મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું હતું. જેનાથી એવું કહી શકાય કે આર્ય સમાજે હિન્દીને રાષ્ટ્રભાષાનું સ્વરૂપ આપ્યું હતું.*

*આર્ય સમાજે કરેલા મહત્ત્વના કાર્યો પૈકી સૌથી મહત્ત્વનું કાર્ય જે કારણથી ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા હિન્દુઓનું ધર્માંતર થતું હતું તે કારણો દૂર કરવાનું કાર્ય કર્યુ હતું. ધર્માંતર કરેલા લોકોને પાછા વળવાની તક પણ તેમણે આપી હતી. કેટકેટલાય અછૂતોને તેમણે જનોઈ ધારણ કરાવી હતી.*

*સ્વામી દયાનંદ સરસ્વતી દ્વારા "સત્યાર્થ પ્રકાશ" લખવામાં આવ્યું હતું. તેના કેટલાક ભાગો પત્રિકા રૂપે પણ પ્રકાશિત થયા હતા. આ ઉપરાંત "આર્યપત્રિકા" તથા "દયાનંદ સંદેશ" તથા "આર્યવીર" જેવી પત્રિકાઓ દ્વારા લોકજાગૃતિ લાવવાનાં પ્રયાસો કરવામાં આવ્યા હતા. "આર્યવીર" પત્રિકા આર્ય સમાજની યુવા શાખાઓથી સંબંધિત હતી.*

**રામકૃષ્ણ મિશન**

*યુગપુરુષ સ્વામી વિવેકાનંદે પોતાના મહાન ગુરુ રામકૃષ્ણ પરમહંસના નામ પરથી 1897માં "રામકૃષ્ણ મિશન"ની સ્થાપના કરી હતી. બ્રહ્મો સમાજ અને પ્રાર્થના સમાજે મુખ્યત્વે પાશ્ચાત વિચારસરણીને માનીને તેને પ્રાધાન્ય આપ્યું હતું. જ્યારે આર્ય સમાજે વૈદિક સંસ્કૃતિને વિચારધારા ને પ્રાધાન્ય આપ્યું હતું. જ્યારે રામકૃષ્ણ મિશન એક એવી સંસ્થા હતી જે સાચા અર્થમાં સમન્વયકારી હતી. આ સંસ્થાએ પાશ્ચાત અને પૌર્વાત્ય બંને વિચારસરણીનો સમન્વયકારી અને પોતાના સિદ્ધાંતો પોતાની કાર્યપદ્ધતિ નક્કી કર્યા હતા. ધાર્મિક અંધવિશ્વાસો, નાતજાતના ભેદભાવ અને અસ્પૃશ્યતા જેવી સામાજિક સમસ્યાઓ પરત્વે અવાજ ઉઠાવ્યો હતો. સામાજિક સમાનતા, વિશ્વબંધુત્વ, સર્વ વ્યાપક ધર્મનો પ્રસાર અને જનસેવાના આદર્શોને મૂર્ત રૂપ આપવું એ મિશનના મુખ્ય ઉદ્દેશો હતા.*

**રામકૃષ્ણ મિશનનું પ્રદાન**

*રામકૃષ્ણ મિશન તેની સ્થાપનાથી સમાજ સેવામાં જોડાયેલું હતું. જેવા કે ધરતીકંપ, રોગચાળો, પુર, દુષ્કાળ જેવી આપત્તિઓમાં લોકોને મદદ કરવી આ ઉપરાંત ગરીબોમાં દાન આપવું, શિક્ષણ, ચિકિત્સાલય, અનાથ આશ્રમ, નાના બાળકોના વિહાર ગૃહો, ઔદ્યોગિક શાળાઓ ચલાવવા જેવા મહત્ત્વના કાર્યો કર્યા હતા.*

*રામકૃષ્ણ મિશન અંતર્ગત સ્વામી વિવેકાનંદ દ્વારા ઈ.સ.* 1896*માં "પ્રબુદ્ધ ભારત" નામની પત્રિકા શરૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત બંગાળી ભાષામાં માસિક પત્રિકા "ઉદ્દબધન" પણ પ્રસારિત કરવામાં આવી હતી. આ બધાનો મુખ્ય ઉદ્દેશ્ય રામકૃષ્ણ મિશનના વિચારોનો*

**માનવ ધર્મ સભા પરમહંસ મંડળી**

*સુધારાના ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ કામગીરી કરી હતી. ગોપાલ કૃષ્ણ ગોખલેએ ઈ.સ. 1905 માં ભારત સેવક સંઘની સ્થાપના કરી હતી. જેણે સમાજ સેવાના કાર્ય ઉપરાંત શિક્ષણના વિકાસમાં પણ ફાળો આપ્યો હતો. શ્રી નારાયણ મેહર જોશીએ ઈ.સ. 1911માં સ્થાપેલ સમાજસેવા સંઘે મજૂરોની સ્થિતિ સુધારવા કરેલી કામગીરી નોંધપાત્ર છે. શ્રી હૃદયનાથ કુંજરુએ સ્થાપેલ સેવા સમિતિએ શિક્ષણના પ્રસારમાં મેળાઓ રોગચાળો અને પુર વખતે પીડાતી જનતાની ખૂબ સેવા કરી હતી.*

ક) **તમારી પ્રગતિ ચકાસો**

| *વિભાગ અ* | *વિભાગ બ* |
|---|---|
| 1. *પ્રાર્થના સમાજ* | A. *ન્યાયમૂર્તિ રાનડે* |
| 2. *બ્રહ્મ સમાજ* | B. *દયાનંદ સરસ્વતી* |
| 3. *વેદ સમાજ* | C. *રાજારામ મોહન રોય* |
| 4. *આર્ય સમાજ* | D. *સ્વામી વિવેકાનંદ* |
| 5. *રામકૃષ્ણ મિશન* | E. *શ્રી ધરાલુ નાયડુ* |

**2. ભારતમાં સામાજિક ચેતનાના લક્ષણો વિશે પરિચય આપો.**

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

## 4.2.3 મુસ્લિમ સમાજમાં સુધારણા આંદોલન

**વહાબી આંદોલન**

*સૈયદ અહમદ અને ઈસ્માઈલ હાજી મૌલવી વહાબી આંદોલનના આગળ પડતા નેતાઓ હતા. તેમણે મુસ્લિમોમાં એકતા અને પવિત્રતા પર ભાર મૂક્યો હતો. આ આંદોલન રૂઢિપરસ્ત હોવાથી વિશેષ ચાલ્યું નહીં, લોકોનો આવકાર મળ્યો નહીં.*

**અલીગઢ આંદોલન**

*પાશ્ચાત શિક્ષણ અને અંગ્રેજીના હિમાયતી સર સૈયદ અહમદખાને અલીગઢ આંદોલન ચલાવ્યું હતું. જેઓને મુસ્લિમ સુધારણા પ્રવૃત્તિના અગ્રદૂત માનવામાં આવે છે. જેમણે અલીગઢમાં મુસ્લિમ કોલેજની સ્થાપના કરી હતી. તેઓ સ્ત્રી કેળવણી અને પડદા પ્રથાના ત્યાગમાં માનતા હતા. તેમના સમાજ સુધારાવાદી પ્રયત્નોથી ઘણી બધી જગ્યાઓએ અંજુમન (સુધારક સંસ્થાઓ) સ્થપાઈ હતી.*

**અહમદિયા આંદોલન**

*અહમદિયા આંદોલનનો પાયો મિરજા ગુલામ અહમદ કાદીનીએ નાખ્યો હતો. તેઓ લોકો કુરાન પ્રમાણે જીવે તથા આધ્યાત્મિકતાને મહત્ત્વ આપે તેવી પ્રેરણા આપતા હતા.*

**ખુદાઈ ખિદમતગાર આંદોલન**

*ઈ.સ. 1926માં ખાન અબ્દુલ ગફાર ખાનના નેતૃત્વ નીચે વ્યાપક બનેલું આ આંદોલન અસરકારક હતું. ઉપરના આંદોલનો ઉપરાંત મૌલવી ચિરાગ અલીએ પણ મુસ્લિમ સમાજમાં સમાજ સુધારાની પ્રવૃત્તિઓ અસરકારક રીતે કરી હતી. તેમણે બહુ પત્ની પ્રથાનો વિરોધ કર્યો હતો. તેઓ શિક્ષણને સમાજમાં વિકસાવવા માગતા હતા.*

### 4.2.4 શીખ અને પારસી સમાજમાં સુધારણા આંદોલન


*શીખ સમાજમાં સામાજિક ધાર્મિક ક્ષેત્રે સુધારા કરવા "પ્રદાન ખાલસા દિવાન" નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. આ ઉપરાંત પાશ્ચાત શિક્ષણ મેળવવા માટે અમૃતસરમાં ખાલસા કૉલેજ તથા અન્ય સ્થળોએ શાળાઓની સ્થાપના કરવામાં આવી હતી. નિરંકારી આંદોલન, નામધારી આંદોલન, સિંહ સભાઓ થઈ હતી.*

*પારસી સમાજમાં 1851માં મુંબઈમાં 'રહેનુમાઇ માજદાયાસન સભા' (પારસી ધર્મ સુધાર સમાજ)ની સ્થાપના કરવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ પારસી ધર્મમાં સુધાર અને પારસી મહિલાઓને શિક્ષણ આધુનિકરણ મુખ્ય હતા. જેના સ્થાપકોમાં મુખ્ય હતા નૌરોજી ફુરદુનજી, દાદાભાઈ નૌરોજી, એસ.એસ. બંગાલી વગેરે. તેઓએ પોતાના વિચારો રજૂ કરવા "રાસ્ત ગોફતાર" (સત્ય વક્તા) પત્ર શરૂ કર્યું. બહેરામજી મલબારીએ સ્ત્રીઓનું સ્થાન ઊંચું લાવવાના પ્રશંસનીય પ્રયત્નો કર્યા હતા.*

*ઉપરોક્ત સંસ્થાઓ ઉપરાંત પણ ભારત સેવક સંઘ, સમાજ સેવા સંઘ, સેવા સમિતિ જેવી સંસ્થાઓ અને વિવિધ મંડળો પણ સમાજ સુધારાના ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ કામગીરી કરી હતી. ગોપાલ કૃષ્ણ ગોખલેએ ઈ.સ. 1905માં ભારત સેવક સંઘની સ્થાપના કરી હતી. જેણે સમાજ સેવાના કાર્ય ઉપરાંત શિક્ષણના વિકાસમાં પણ ફાળો આપ્યો હતો. શ્રી નારાયણ મેહર જોશી એ ઈ.સ.1911માં સ્થાપેલ સમાજસેવા સંઘે મજૂરોની સ્થિતિ સુધારવા કરેલી કામગીરી નોંધપાત્ર છે. શ્રી હૃદયનાથ કુંજરુએ સ્થાપેલ સેવા સમિતિએ શિક્ષણના પ્રસારમાં, મેળાઓ રોગચાળો અને પુર વખતે પીડીત તે જનતાની ખૂબ સેવા કરી હતી.*

### 4.2.5 કેટલાક પ્રતિનિધિરૂપ સમાજસુધારકો

**રાજા રામમોહનરોય**




*પશ્ચિમ બંગાળના બર્દવાન જિલ્લાના રાધાનગરમાં 1772માં જન્મેલા રાજા રામમોહનરોય ભારતીય પુર્નજાગરણના પિતા માનવામાં આવે છે. તેમણે મહિલાઓના અધિકારો જેવા કે ઉત્તરાધિકાર અને સંપત્તિનો અધિકાર, બહુ પત્નીત્વ પ્રથાનો વિરોધ તથા વિધવાઓની દયનીય સ્થિતિનો વિરોધ કર્યો હતો. ઈસ્લામ, બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મમાં સંપર્કના કારણે જે ઘેરો પ્રભાવ રાજા રામમોહનરોયના મન પર પડ્યો તેના કારણે હિન્દુ સમાજને તેમણે હિન્દુ શાસ્ત્રના આધાર પુરાવાઓ વડે સુધારવાના પ્રયત્નો કર્યા. તેમણે સુધારણાની ચળવળોને જન્મ આપ્યો હતો. 1803માં તેમના પિતાનું અવસાન થતાં 1804માં ફારસી ભાષામાં 'તુહફત-ઉલ-મુવાહિદીન' (એકેશ્વરવાદની ભેટ) નામનું પુસ્તક પ્રગટ કર્યું. રાજા રામમોહનરોયે ઈશોપનિષદનો અંગ્રેજી અને બંગાળી ભાષામાં અનુવાદ કર્યો હતો. આ ઉપરાંત તેમણે "કેન*

*ઉપનિષદ"નું અંગ્રેજી ભાષામાં રૂપાંતર તથા મંડૂક અને માંડૂક્ય ઉપનિષદો બંગાળી ભાષામાં બહાર પાડ્યા હતા.*

*શ્રીરામપુરનાં ખ્રિસ્તી મિશનરીઓના અહેવાલમાં જણાવ્યા મુજબ 1804માં કલકત્તાની આસપાસના 30 માઈલના વિસ્તારમાં માત્ર છ માસમાં જ 300 જેટલા સતી થવાના કિસ્સા બન્યા હતા. આજ રીતે 1816-17માં બંગાળમાં જ 800થી વધારે સ્ત્રીઓ સતી થઈ હતી. આના પરથી ખ્યાલ આવે કે સતીપ્રથાનું અનિષ્ટ કેટલું ફેલાયેલું હતું.*

*1911માં જ્યારે રાજા રામમોહનરોયના ભાઈ જગમોહન રોયનું અવસાન થતાં તેમના ભાભી આલોકમંજરી જે રીતે સતી થયા તેણે રામમોહન રોયને આ પ્રથાનો વિરોધ કરવા કટિબદ્ધ કર્યા હતા. તેમણે પોતાની પત્રિકા "સંવાદ કૌમુદી"માં સતીપ્રથા વિરુદ્ધ લેખો લખી જાગૃતતા લાવવાનું કાર્ય શરૂ કર્યું. તેમના અથાગ પ્રયત્નોને કારણે ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિકે 4 ડિસેમ્બર 1824ના દિવસે 17માં અધિનિયમથી સતીપ્રથાને ગેરકાયદેસર અને ફોજદારી ગુનો ગણાવતો કાયદો કર્યો હતો.*

*રાજા રામમોહન રોયે સમાજ સુધારણાની ઘણી બધી પ્રવૃત્તિઓ કરી હતી. તેમણે પાશ્ચાત્ય કેળવણીને ખૂબ મહત્ત્વ આપવાની વાત કરી હતી. તેઓના મતે વૈજ્ઞાનિક જ્ઞાન મેળવવા માટે પાશ્ચાત્ય કેળવણી ખૂબ જરૂરી હતી.  આ કેળવણી સ્ત્રીઓને પણ ખૂબ જ ઉપયોગી હતી તેવું તેઓ માનતા. તેમણે સ્ત્રી શિક્ષણની ખૂબ જ તરફેણ કરી હતી. તેઓ બહુપત્ની પ્રથા, બાળલગ્ન તથા સતીપ્રથા, પડદાપ્રથા વગેરેનો વિરોધ કરી સ્ત્રીઓની સ્થિતિ સુધારવાનો પ્રયત્ન કરતા હતા તો વળી બીજી બાજુ તેઓએ વિધવા વિવાહ, સ્ત્રી કેળવણી અને સ્ત્રીના સંપત્તિ અધિકારની તરફેણ કરીને તેના ઉત્કર્ષની વાત કરતા હતા. તેઓ  પિતાની સંપત્તિ પર પુત્રીનો અધિકાર હોવો જોઈએ તેમ માનતા હતા.*

**કેશવચંદ્ર સેન**



*કેશવચંદ્ર સેન ખ્રિસ્તી ધર્મથી ખૂબ જ પ્રભાવિત હતા. તેઓ ખ્રિસ્તી ધર્મના વિચારોને અમલમાં મૂકવાના હિમાયતી હતા. તેઓ આંતરજ્ઞાતિય લગ્નમાં માનતા હતા. તેમણે ભારતમાં મુંબઈ, મદ્રાસ જેવા અનેક સ્થળોએ બ્રહ્મો સમાજની વિચારધારાઓને ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે "સુલની સમાચાર" સાપ્તાહિક શરૂ કર્યું હતું. દરેક વ્યક્તિ ખરીદી શકે તે માટે તેની કિંમત માત્ર એક પૈસો રાખી હતી.*

**સ્વામી વિવેકાનંદ**



*રામકૃષ્ણ પરમહંસના શિષ્ય એવા સ્વામી વિવેકાનંદનો જન્મ 12મી જાન્યુઆરી 1863ના રોજ માતા ભુવનેશ્વરી દેવીની કૂખે થયો હતો.*

*તેમનું બાળપણનું નામ નરેન્દ્રનાથ હતું. પિતાશ્રીનું નામ વિશ્વનાથ દત્ત હતું. પોતાના કૉલેજ કાળમાં ઈશ્વરને જોવાની પામવાની ઈચ્છાએ તેમને રામકૃષ્ણ પરમહંસની નજીક લાવ્યા અને તેમની પ્રેરણાએ મેધાવી અને કુશાગ્ર બુદ્ધિ ધરાવનાર નરેન્દ્રનાથ આધ્યાત્મિકતાના સુભગ સમન્વયથી વિવેકાનંદ બન્યા.*

*સ્વામી વિવેકાનંદ ભારતીય સમાજમાં જ્ઞાતિ-જાતિના ભેદભાવ દૂર કરવા તથા દીન દુખી લોકોને મદદ કરવામાં લોકોની ભાગીદારી વધે તેવું માનતા હતા. યુવાનોમાં દેશપ્રેમ, ધર્મપ્રેમ, માનવપ્રેમ વધે તેવી વાતો પોતાના ભાષણોમાં કરતા હતા. તેમણે યુવાનોને સંદેશ આપ્યો કે "ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો". સ્વામીજીના વેદાંતના પોતાના વિચારો તથા માનવસેવાના ઉમદા વિચારો તથા જીવન જીવવા માટે પ્રેરણાદાયી શબ્દોની અસર વૈશ્વિક સ્તરે પણ નોંધાઈ છે.*

1893*માં અમેરિકાના શિકાગો શહેરમાં મળેલી "વિશ્વધર્મ પરિષદ"માં ભારતીય સંસ્કૃતિનો વિશ્વને પરિચય કરાવનાર યુગપુરુષ સ્વામી વિવેકાનંદ હતા. તેઓએ પોતાની અમેરિકાની સફર કરી ભારતીયોને સમુદ્ર ઓળંગવો પાપ છે એ અંધશ્રદ્ધા છે એમ સમજાવ્યું. સ્વામી વિવેકાનંદે અંગ્રેજી ભાષામાં પ્રબુદ્ધ ભારત (જે માસિક સમાચાર પત્ર હતું.) આ ઉપરાંત બંગાળી ભાષામાં પાક્ષિક "ઉદબોધના"નું પ્રકાશન શરૂ કર્યુ હતું. તેઓ જ્ઞાતિ-જાતિના ભેદથી પર હતા. આત્મસંયમ, આત્મવિશ્વાસ, સામાજિક સમાનતા અને કર્તવ્ય નિષ્ઠાની પ્રેરણા તેમણે યુવાનોને આપી હતી.*

**દયાનંદ સરસ્વતી**



1824*માં ગુજરાત રાજ્યના મોરબી નજીક ટંકારામાં જન્મેલા દયાનંદ સરસ્વતીનું મૂળ નામ મૂળશંકર હતું. પુનરુત્થાનવાદી ચળવળ શરૂ કરનાર દયાનંદ સરસ્વતીએ લોકોને "વેદો તરફ પાછા વળવા"ની હાકલ કરી. મથુરામાં ગુરુ વિરજાનંદ પાસેથી શિક્ષણ પ્રાપ્ત કરીને વેદધર્મને વધારે જાણ્યો. તેમણે પોતાના વિચારો લોકો સુધી પહોંચાડવા તથા કુરિવાજોનું વેદોના આધાર પર ખંડન કરવા ખૂબ મહત્ત્વના ત્રણ ગ્રંથો લખ્યા હતા. જેમાં "સત્યપ્રકાશ" કે જે હિન્દીમાં લખ્યો હતો. "વેદ ભાષ્ય ભૂમિકા" જે અડધી હિન્દીમાં અને અડધી સંસ્કૃતમાં લખી હતી. ત્રીજો ગ્રંથ "વેદ ભાષ્ય" જે સંસ્કૃતમાં લખ્યો હતો. વેદકાલીન સમાજ રચના હતી તે પ્રમાણેની સમાજ રચનાના તેઓ હિમાયતી હતા. તેમણે વેદકાલીન સમાજના આધારે સમાજ સુધારણાનું કાર્ય કર્યું હતું.*

**મહાદેવ ગોવિંદ રાનડે**



*ઈ.સ. 1887ની "નેશનલ સોશિયલ કોન્ફરન્સ (સમાજસુધારા પરિષદ)ની મુંબઈમાં સ્થાપના કરવી તે મહાદેવ ગોવિંદ રાનડેના સમાજ સુધારક તરીકેના વ્યક્તિત્વને ઉજાગર કરે છે. નેશનલ સોશિયલ કોન્ફરન્સ દ્વારા સમગ્ર રાષ્ટ્ર સ્તરે એવી એક સંસ્થા ઊભી કરવાનો તેમનો ઉદ્દેશ હતો કે જે સમાજ સુધારામાં માનતી હોય. તેના વિવિધ ઉદ્દેશોના મૂળમાં સમાજ કલ્યાણ અને સ્ત્રી કલ્યાણ ની ભાવના હતી. મહાદેવ રાનડે એક પ્રતિષ્ઠિત ન્યાયાધીશ હતા. તેઓએ પ્રાર્થના સમાજના માધ્યમથી સમાજ સુધારાની પ્રવૃત્તિઓ કરી હતી. તેઓ વર્ણવ્યવસ્થા, અસ્પૃશ્યતા, સ્ત્રીઓની સજ્ઞતા તથા વિધવા વિવાહની તરફેણ કરતા હતા. બાળ લગ્નનો વિરોધ કર્યો હતો.*

**ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર**

*જેમના અનેક પ્રયાસોને કારણે અંગ્રેજ સરકારે ભારતમાં 1856ના હિન્દુ વિધવા પુનર્વિવાહ વિધેયક પસાર કર્યો તેવા મહાન સુધારક હતા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે મહિલાઓની સ્થિતિ સુધારવાના ખૂબ જ પ્રયત્નો કર્યા હતા. જેમ રાજા રામમોહન રોયે સતીપ્રથાને કાયદાકીય અવૈદ્ય ગણાવીને વિધવાને પીડાદાયક યાતનામાંથી મુક્ત કરાવવાનો પ્રયત્ન કર્યો હતો તે જ રીતે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરએ વિધવાઓના પુનર્વિવાહને લગતો કાયદો કરાવીને વિધવાના જીવનને યોગ્ય દિશા અપાવવાના પ્રયત્નો કર્યા હતા. તેમણે બાલવિવાહનો વિરોધ કર્યો હતો. આ ઉપરાંત પ્રચલિત બહુપત્ની પ્રથાનો પણ વિરોધ કર્યો હતો. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે સ્ત્રી શિક્ષણને માટે પણ ખૂબ જ જાગૃતિ લાવવાનું કામ કર્યું હતું. જેમણે સંસ્કૃત ભાષા અને બંગાળી ભાષામાં વિવિધ લખાણો દ્વારા સમાજ સુધારણાનું ખૂબ જ પ્રશંસનીય કાર્ય કર્યું હતું.*

**ગોપાલ હરી દેશમુખ**

*ગોપાલ હરી દેશમુખ લોકહિતવાદીના હુલામણા નામથી પ્રસિદ્ધ જેઓ મહારાષ્ટ્રમાં પ્રાર્થના સમાજના અગ્રગણ્ય પ્રચારક હતા. તેઓએ માત્ર સમાજની રૂઢિઓનો વિરોધ જ કર્યો ન હતો પરંતુ સમાજ સુધારા માટેના અસરકારક સૂચનો પણ તેમણે આપ્યા હતા. તેમનું હુલામણું નામ જ તેમની સુધારક તરીકેની છાપ બતાવે છે.*

**મોહનદાસ કરમચંદ ગાંધી**

*ડૉ. અંજના શાહ પોતાના પુસ્તકમાં નોંધે છે કે "દેશની જનતાને રિબાવતા રંજાડતા રોગો કયા છે એ એમની કોઠાસૂઝથી એમણે જોઈ લીધું. એ રોગો હતા નાત, જાત,*

*કોમ, ધર્મના ભેદો એનાથી જોખમાતી સામાજિક સમતુલા સધવા વિધવા ત્યક્તાની સ્થિતિ એમાંથી સર્જાતી કરુણાંતિકા, સાચી જીવન શિક્ષા- દીક્ષાનો અભાવ એમાંથી જન્મતા વહેમ, અંધશ્રદ્ધા તથા ગરીબી ભૂખમરો જેવા દૂષણો દલિત પીડિત શોષિતોની બહુલતા એનાથી ખંડિત થતી ભાવાત્મક એકતા, ભૌગોલિક અખંડિતતા, રાજકીય એકતા, ધાર્મિક સહિષ્ણુતા, સામાજિક સમરસતા, સાંસ્કૃતિક અસ્મિતાનો અભાવ આ દેશની મૂળભૂત સમસ્યાઓ છે એટલું સમજતા જ તેમણે આ રોગ દોગને ડામવા કેટલાક પાયાના કાર્યકર્તાઓ તૈયાર કર્યા જેમણે તન, મન, ધનથી અંત્યોદયથી સર્વોદય સુધીની પ્રવૃત્તિ આદરી" મહાત્મા ગાંધીના સામાજિક કાર્યોને વિવિધ પ્રકારે જોઈ શકાય છે.*

**અસ્પૃશ્યતા નિવારણ**

*ગાંધીજી અસ્પૃશ્યતાને કલંક માનતા હતા. તેઓએ કઠોર શબ્દોમાં અસ્પૃશ્યતાનો વિરોધ કર્યો હતો. તેમના મતે જો સંપૂર્ણ રાષ્ટ્રનું નિર્માણ કોઈપણ ભેદભાવ વગર કરવા માંગતા હોઈએ તો સૌથી પહેલા અસ્પૃશ્યતાને સમાપ્ત કરવી પડશે તેમના મતે અસ્પૃશ્યતા માનવતાની વિરુદ્ધ એક ભીષણ અપરાધ છે. ગાંધીજીએ અસ્પૃશ્યોને હરિજન કહીને સંબોધિત કર્યા હતા. તેઓએ પોતાના આશ્રમનું નામ પણ 'હરિજન' આપ્યું હતું. દુદાભાઈ અને દાનીબેન નામના એક અંત્યજ કુટુંબને પોતાના આશ્રમમાં વસાવ્યું હતુ. જેથી આશ્રમથી જ અસ્પૃશ્યતાના વિરોધની શરૂઆત થઈ શકે.*

**સ્ત્રી જાગૃતિ**

*સ્વતંત્રતાના આંદોલનમાં સ્ત્રીઓની નોંધપાત્ર ભાગીદારીએ ગાંધીવાદી આંદોલનની ખૂબ જ મહત્ત્વની વિશેષતા હતી. ખેડા સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ, અસહકાર આંદોલન, સવિનય કાનૂનભંગ તથા હિંદ છોડો ચળવળ વગેરે જેવા આંદોલનોમાં સ્ત્રીઓની સક્રિય ભાગીદારી નોંધાઈ હતી. દારૂના પીઠા પર પિકેટિંગ, સ્વતંત્રતાની ભાવનાનો ફેલાવો કરવા નીકળતા સરઘસો, બ્રિટિશ સરકાર વિરોધી અહિંસક લડત, ખાદીનો પ્રચાર-પ્રસાર અને વણાટકામ વગેરે જેવી પ્રવૃત્તિઓમાં સ્ત્રી શક્તિને કામે લગાડીને ગાંધીએ એક સામાજિક ક્રાંતિ પણ સર્જી હતી.*

**દારૂનિષેધ**

*દારૂનું દુષણ દૂર થાય એટલા માટે અસહકારની ચળવળ દરમિયાન ગાંધીબાપુએ રચનાત્મક કાર્યક્રમ અંતર્ગત મધ્યપાન નિષેધનો કાર્યક્રમ આપ્યો હતો. જેમાં બહેનોને દારૂની દુકાન પર પિકેટિંગ કરવાની કામગીરી સોંપી હતી. દારૂથી વ્યક્તિ શારીરિક સામાજિક આર્થિક રીતે પાયમાલ થાય છે તેના વિશે લોકજાગૃતિ લાવવા અને પુરુષોને સ્ત્રીઓની શરમ આવે અને તેઓ દારૂ પિતા કે ખરીદતા શરમાય. તેઓ દારૂ ન પીવે તેવી ઈચ્છાએ તેમણે પીકેટીગ શરૂ કરાવ્યા હતા. વગર શસ્ત્ર કે દબાણે ઘણા પુરુષો દારૂથી દૂર થયા હતા.*

### કોમી એકતા અને ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત

*મહાત્મા ગાંધીએ ભારતીય સમાજની પ્રગતિ માટે કોમી એકતા પર ખૂબ ભાર મૂક્યો હતો. તેમણે હિંદુ મુસ્લિમ એકતા માટે (અંગ્રેજોની કુટનીતિના કારણે ઊભી થયેલી અશાંતિના સમયે શાંતિ માટે ) ખૂબ પ્રયત્ન કર્યા હતા. ઘણી વખત જીવના જોખમે પણ તેમણે હિંદુ મુસ્લિમ એકતા વિશે વાત કરી હતી. ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત મહાત્મા ગાંધીએ જૈન ધર્મના અપરિગ્રહના સિદ્ધાંતમાંથી મેળવ્યો હતો. તેમનું માનવું હતું કે અમીર લોકોએ જરૂરિયાતથી વધારાનું પોતાની પાસે ન રાખવું જોઈએ અને ગરીબોને આપવું જોઈએ. તેમનું માનવું હતું કે અમીરો એ સંપત્તિના માલિક નહીં પણ વાલી તરીકે વર્તવું જોઈએ અને ગરીબોને તે વહેંચવી જોઈએ .*

### સર્વોદયની ભાવના

*સર્વોદયના મૂળમાં ભારતીય ચિંતનના માનવતાવાદની ઝાંખી થાય છે. ગાંધીજીના સર્વોદય પર ભારતીય ચિંતન ઉપરાંત ટોલ્સટોય અને રસ્કીનની વિચારધારાની અસરો જોવા મળે છે. રસ્કીનના 'અન ટુ ધી લાસ્ટ' પુસ્તકનો ગાંધીજીએ ગુજરાતીમાં અનુવાદ કર્યો અને એને નામ આપ્યું સર્વોદય. જેનો મુખ્ય ઉદ્દેશ્ય એક એવા સમાજની સ્થાપના કરવાનો હતો જેમાં સત્ય અહિંસા અને પ્રેમ હોય. વ્યક્તિ- વ્યક્તિનું શોષણ ન કરે પરંતુ એકબીજાને સહકાર આપે, દરેકને સમાન તક મળે અને કોઈપણ વ્યક્તિની જાતિ ધર્મ કે લિંગના આધારે ઉપેક્ષા કરવામાં ન આવે, દરેકને સામાજિક સમાનતા મળે અને સર્વનો ઉદય થાય એવી ભાવના હતી .*

### ડૉ. બાબા સાહેબ આંબેડકર




*દલિતોને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત કરનાર બાબાસાહેબ આંબેડકર એક મહાન સુધારક હતા. તેમણે દલિતોને પોતાના રાજકીય અધિકાર અપાવવા માટે પણ ખૂબ પ્રયત્નો કર્યા હતા. આંબેડકરની સમાજ સુધારણાની વાત હો તો મુખ્યત્વે દલિત ઉદ્ધારક પ્રવૃત્તિઓ કેન્દ્રસ્થાને છે આ ઉપરાંત મહિલાઓ વિશે હોય પણ તેમના વિચારો પ્રગતિશીલ હતા. આંબેડકરના મતે દલિતોની દયનીય સ્થિતિના મુખ્ય બે કારણો છે. એક તેમનામાં જ્ઞાનનો અભાવ અને બીજું તેમનામાં સામર્થ્યનો અભાવ. તેમણે દલિતોની સ્થિતિ સુધારવાના પ્રયાસો કર્યા. જેમાં મુખ્ય બે બાબતો હતી એક તેમને કેળવણી આપવી શિક્ષિત કરવા અને બીજું દલિતોની રાજકીય અધિકારો અપાવવા. તેમણે 1924માં 'ડિપ્રેસ ક્લાસીસ' અને 1927માં 'સમાજ સમતા સંઘ', 'અખિલ હિન્દ દલિત વર્ગ'ની સ્થાપના કરી હતી. કોલ્હાપુરના મહારાજાની સહાયથી માસિક 'જૂઠનાયક' શરૂ કર્યું હતું. મરાઠીમાં 'બહિષ્કૃત ભારત'*

શરૂ કર્યું હતું. 'પ્રબુદ્ધ ભારત' પણ તેમણે શરૂ કર્યું હતું. તેમના પુસ્તકો 'જ્ઞાતિ નિર્મૂલન', 'what congress and Mr.Gandhi have done for The untouchables, The untouchables' વગેરેમાં તેમણે દલિતોના હક અધિકાર અને હિત વિશે વાત કરી હતી. દલિતોની સ્થિતિ સુધારવા માટે તેમણે કેટલાક સત્યાગ્રહો પણ કર્યા હતા. જેમકે

**મહાડ સત્યાગ્રહ**

1927 માં મહારાષ્ટ્રના કોલાબા જિલ્લાના મહાડ ના ચવદાર તળાવમાંથી અંત્યજોને પીવા પાણી મળે તેના માટે આંબેડકરના નેતૃત્વ હેઠળ સત્યાગ્રહ થયો હતો. જેમાં કાયદા દ્વારા તો અનુમતિ હતી જ પરંતુ સવર્ણો તેમાંથી દલિતોને પાણી પીવા દેતા ન હતા. જેના વિરુદ્ધમાં આંબેડકરની આગેવાની હેઠળ દલિતો એ સત્યાગ્રહ કર્યો જેના અંતે તળાવમાંથી સવર્ણોએ  દલિતોને પાણી પીવાની છૂટ આપી હતી.

**કાલારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ**

1930માં નાસિકના રામ મંદિરમાં અસ્પૃશ્યોને પ્રવેશ અપાવવા માટે આંબેડકરની આગેવાની હેઠળ દલિતો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. જેના પરિણામે તેમને કાલા રામ મંદિરમાં પ્રવેશ મળ્યો હતો. 1931માં લંડનમાં યોજાયેલી બીજી ગોળમેજી પરિષદમાં દલિતોને રાજકીય અધિકાર મળી રહે તે માટે એમણે દલિતો માટે અલગ મતદાર મંડળ કરવાની માંગણી કરી હતી. પોતે દલિત હોવાથી દલિતોની સ્થિતિને સૌથી સારી રીતે તેઓ સમજી શક્યા હતા અને એટલું જ નહીં જીવનભર દલિતોની સ્થિતિ સુધારવા માટે તેમણે પ્રયત્નો કર્યા હતા. તેઓ સમાનતા, સ્વતંત્રતા અને બંધુતામાં માનતા હતા. સ્ત્રીઓના મિલકતમાં અધિકાર તથા સ્ત્રી કેળવણીની હિમાયત કરી હતી. તેઓએ સ્ત્રીઓના અધિકારોની બાબતમાં વૈદિક સાહિત્યના આધારો આપ્યા હતા.

તેમણે પછાત જાતિઓના ઉત્થાન માટે પછાત જાતિઓને રાજકીય સત્તા મળે, તેમનો વિકાસ થાય, સમાજમાં યોગ્ય સ્થાન મળે તેવા ઉમદા આશયથી "આઝાદ મજૂર પાર્ટી"ની રચના કરી હતી.

**જ્યોતિબા ફુલે**

જ્યોતિરાઉ ફુલેના મતે રાષ્ટ્રના ઘડતરમાં ચાર બાબતો ખૂબ જ મહત્ત્વની હતી. પહેલી બાબત એ કે ભીલ, કોળી મહાર, કણબી વગેરે પછાત જાતિઓ, સ્ત્રીઓને શિક્ષણ મળે જે મુક્ત અને સાર્વજનિક હોય. વળી એવું શિક્ષણ જે જ્ઞાન આપે, ખેતીવાડી તથા કૌશલ્ય આધારિત હોય. બીજી બાબત દરેક પોતાની રીતે જ્ઞાન મેળવે વિદ્વાન બને અને ત્રીજી બાબત દરેક પોતાની સ્વતંત્ર વિચાર શક્તિ ધરાવે અને ચોથી બાબત દરેક માટે સમાન અને એકરૂપ હોય. જ્યોતિબા ફુલેએ "સત્યશોધક સમાજ"ની સ્થાપના કરી હતી. આ સ્થાપનાથી તેઓએ પછાત જાતિ અને તેમની સ્થિતિ સુધારવાના અથાગ પ્રયાસો  કર્યા હતા.

*આ ઉપરાંત અનેક સમાજ સુધારકો જેવા કે ગોપાલ ગણેશ અગરકર, એની બેસન્ટ, લોકમાન્ય તિલક, મહાત્મા ગાંધી, નર્મદ, દુર્ગારામ મહેતા, નવલરામ ત્રિવેદી, મહારાણી ચીમનાબાઈ, મહારાજા સયાજીરાવ ગાયકવાડ વગેરે અનેક લોકોએ સમાજ સુધારણાના ક્ષેત્રમાં પોતાનું ખૂબ જ મહત્ત્વનું યોગદાન આપેલ છે.*

**ખ. તમારી જાતે ચકાસો**

**1. નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. ________________*વહાબી આંદોલનના આગળ પડતા નેતા હતા.*
2. *'રહેનુમાઈ મજદયાસન સભા'* _______________*ધર્મ સુધાર માટે હતી.*
3. *'ભારત સેવક સંઘ' ની સ્થાપના* ________________*એ કરી હતી.*
4. *રાજા રામમોહન રાયના પ્રયાસોથી* ___________ *પ્રથાનો અંત આવ્યો હતો.*
5. *સ્વામી વિવેકાનંદ ના ગુરુ* ________________ *હતા.*

**2. રાજા રામમોહન રોય વિશે 10 લીટીમાં માહિતી આપો.**

________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________
________________________________________________________________

## 4.3 સાંસ્થાનિક ભારતમાં નારી શિક્ષણ

*ખ્રિસ્તી મિશનરીઓના પ્રયત્નોથી અને નવા શિક્ષિત વર્ગના જાગૃત પ્રયત્નોથી સાંસ્થાનિક ભારતમાં સ્ત્રી શિક્ષણની દિશામાં ધીમે ધીમે વિકાસ સાધી શકયો હતો. બંગાળમાં ઈશ્વરચંદ્ર વિધ્યાસાગર, ઉત્તર ભારતમાં દયાનંદ સરસ્વતી, પશ્ચિમ ભારતમાં મહાદેવ ગોવિંદ રાનડે તથા ધોંડો કેશવ કર્વેએ તથા દક્ષિણ ભારતમાં આર.વેંકટરત્નમ અને વિરેશાલિંગમ પુંતુલુએ સ્ત્રી શિક્ષણની હિમાયત કરનાર મુખ્ય હતા.*

19*મી સદીના અંત સુધીમાં શિક્ષિત મહિલાઓની સંખ્યામાં ઘણો વધારો થયો હતો. ઈ.સ.* 1824*માં મુંબઈમાં પ્રથમ કન્યાશાળા સ્થાપવાનું શ્રેય ખ્રિસ્તી મિશનરીઓને ફાળે જાય છે. ઈ.સ.*1908*માં ધોંડો કેશવ કર્વેએ કન્યાશાળા ખોલી હતી. ઈ.સ.*1818*માં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા સુરત અને સૌરાષ્ટ્રમાં કન્યા શાળાઓ શરૂ કરી હતી. જે ગુજરાતમાં શરૂ થનાર પ્રથમ કન્યાશાળાઓ હતી. જે સુરતમાં સ્થપાઈ હતી. સયાજીરાવ ગાયકવાડ ત્રીજાની કન્યા કેળવણીની જાગૃતતાના પરિણામે ઈ.સ.*1857*માં વડોદરા શહેરમાં બે કન્યા શાળાઓ શરૂ કરવામાં આવી હતી.*

1929*માં હાર્ટોડા કમિટી જણાવ્યું હતું કે "સ્ત્રી શિક્ષણની અવગણના ન થવી જોઈએ તથા બાળકના ઘડતર માટે સ્ત્રી શિક્ષણ ખૂબ જ જરૂરી છે. ઈ.સ.* 1936-37*ની આસપાસ વુડ એબોટ સમિતિના જણાવ્યા મુજબ તેણે પ્રાથમિક શિક્ષણ માટેની*

*શાળાઓના નીચલા ધોરણોમાં સ્ત્રી શિક્ષિકાઓની સંખ્યા વધારવાની હિમાયત કરી હતી. મિશનરીઓ તથા સમાજ સુધારકોના અવિરત પ્રયાસોના કારણે નવજાગૃતિકાળ દરમિયાન સ્ત્રી શિક્ષણની દિશામાં લાયક પ્રયાસોને કારણે પ્રગતિ જોવા મળે છે.ચાર્લ્સ વૂડના ખરીતા પ્રમાણે મુંબઈ પ્રાંતમાં* 65 *કન્યા શાળાઓ હતી. જેમાં* 8000 *થી વધુ કન્યાઓ ભણતી હતી.બંગાળ પ્રાંતમાં* 288 *કન્યા શાળાઓ હતી જેની અંદર* 7000 *કરતાં વધારે કન્યાઓ ભણતી હતી પરંતુ આ સિવાય ભારતના અન્ય પ્રાંતોમાં કન્યાઓની સંખ્યા ખૂબ જ ઓછી હતી.*

*સ્ત્રી શિક્ષણથી સાંસ્થાનિક સમાજમાં ભારતમાં નીચે મુજબની અસરો જોવા મળી હતી. મહિલાઓના જીવનના દરેક ક્ષેત્રમાં શિક્ષણ દ્વારા પરિવર્તન આવ્યું હતું.*

1. *મહિલાઓનું કાર્યક્ષેત્ર વિશાળ બન્યું હતું*
2. *સ્ત્રીઓના વ્યક્તિત્વની સ્વીકૃતિ થઈ હતીવ્યક્તિવાદની સંખ્યામાં વધારો થયો હતો. પોતાના વિચારોને અભિવ્યક્ત કરતી થઈ હતી.*
3. *સમાજ અને રાષ્ટ્રના કાર્યોમાં સ્ત્રીઓનો હિસ્સો વધ્યો હતો.*
4. *સ્ત્રી આધુનિકરણનું અંગ બની હતી.*
5. *શિક્ષિત સ્ત્રીઓએ પોતાના બાળકોના અભ્યાસમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.*
6. *કુપ્રથાઓનો શિકાર બનતી અટકી હતી.*

## ગ. તમારી પ્રગતિ ચકાસો

**1. નીચેના વિધાન વાંચીને તે સાચું છે કે ખોટું તે જણાવો.**

1. *સયાજીરાવ ગાયકવાડ ત્રીજા કન્યા કેળવણી પ્રત્યે જાગૃત હતા.*
2. *ગુજરાતમાં પ્રથમ કન્યાશાળા ખેડા જિલ્લામાં ખોલી હતી.*
3. *સ્ત્રી શિક્ષણની અવગણના ન થવી જોઈએ એવું હાર્ટોડા કમિટીએ કહ્યું હતું.*
4. *વુડ અબાઉટ કમિટીએ નીચલા ધોરણોમાં સ્ત્રી શિક્ષિકાઓની હિમાયત કરી હતી.*
5. 1857*માં વડોદરા શહેરમાં* 10 *કન્યા શાળાઓ હતી.*

**2. સાંસ્થાનિક ભારતમાં સ્ત્રી શિક્ષણ વિશે સંક્ષિપ્તમાં જાણકારી આપો.**

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

## 4.4 સંસ્થાનિક ભારતમાં નારી સંબંધિત કાયદાઓ

*સાંસ્થાનિક ભારતમાં ખ્રિસ્તી મિશનરીઓના કારણે,પાશ્ચાત્ય શિક્ષણના પ્રભાવે, સમાજ સુધારકોના કારણે વગેરે જેવા અનેક પરિબળોના કારણે સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં ફેરફાર થાય તેવા નોંધપાત્ર કાયદાઓ ઘડાયા હતા. જેના વિશે જાણ્યા વગર સાંસ્થાનિક ભારતની સામાજિક ચેતના સંપૂર્ણપણે સમજી શકાતી નથી. સામાજિક ચેતનાના વધતા જતા પ્રવાહે નારીને કેટલાક મહત્ત્વના અધિકારો આપ્યા અને કેટલાક કુરિવાજોથી તેને સંરક્ષણ પણ આપ્યું. સાંસ્થાનિક ભારતમાં મહાન સમાજ સુધારકોની સ્ત્રીની દશા અને દિશા બદલવા માટે જે બ્રિટિશ સરકાર પાસે માંગણીઓ થઈ અને જે નારી સંબંધિત કાયદાઓ ઘડયા તે નીચે મુજબ છે.*

### સતી પ્રથા પ્રતિબંધક ધારો

*જે સ્ત્રીનો પતિ મૃત્યુ પામે તે સ્ત્રી પતિના શબની સાથે પોતે પણ અગ્નિ સ્નાન કરતી હતી. મૃત પતિનું માથું પોતાના ખોળામાં લઈ અને જે સ્ત્રી અગ્નિ સ્નાન કરતી તેને સતી કહેવામાં આવતું હતું. મૃત વ્યક્તિની સાથે જીવિત સ્ત્રીને બાળવાની અમાનવીય પ્રથા હતી.*

*પોતાના ભાઈ જગ મોહનરાયનું અવસાન અને ભાભી આલોક મંજરીની સાથે થયેલો અમાનવીય વ્યવહાર એટલે કે સતી થવાની ઘટના. રાજા રામમોહન રાયના માનસ પર આ ઘટના એવી અસર કરી કે જેણે ભારતની તમામ વિધવા સ્ત્રીઓના જીવન માટે જીવન જીવવાનો રાહ ખોલ્યો. રાજા રામમોહનરોય એ સતી પ્રથાનો ખૂબ જ સખત વિરોધ કર્યો હતો. તેમણે પોતાના અખબાર 'સંવાદ કૌમુદી' માં સતી પ્રથાનો વિરોધ કરતા લેખો લખ્યા હતા. તેમણે એવું પ્રતિપાદિત કર્યું કે કોઈ શાસ્ત્ર સતી પ્રથાને ટેકો આપતું નથી. તેમણે સ્થાપેલી બ્રહ્મસભાના માધ્યમથી પણ તેમણે સતીપ્રથાના વિરોધમાં જોરદાર પ્રચાર કર્યો હતો. તેના સંદર્ભમાં તે સમયના ભારતના ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિકે 4 ડિસેમ્બર 1829 ના દિવસે 17માં ધારા પ્રમાણે બંગાળના પ્રદેશમાં સતીના રિવાજને ગેરકાયદેસર જાહેર કરી વિધવા મહિલાઓને પોતાનું નવું જીવન જીવવાની એક તક પૂરી પાડી.*

### દૂધ પીતી કરવાના રિવાજની નાબુદી

*સાંસ્થાનિક ભારતમાં ગુજરાત,રાજસ્થાન જેવા અમુક રાજ્યોમાં અમુક રાજપૂત જાતિઓમાં દીકરીને દૂધ પીતી કરવાનો રિવાજ હતો. આ રિવાજ પ્રમાણે જન્મ સમયે બાળકીને દૂધથી ભરેલા વાસણમાં ડુબાડીને અથવા તો અન્ય રીતે ડુબાડીને મારવામાં આવતી હતી.આ જાતિઓમાં દીકરીનો જન્મ પિતાને માટે ખૂબ જ મુશ્કેલ ગણાતો હતો. કારણ તેમનામાં દીકરીને લગ્નમાં ખૂબ જ દહેજ આપવું પડતું હતું તથા દીકરીના લગ્ન અમુક જાતિમાં અમુક સંબંધમાં તેઓ કરી શકતા નહીં જેના કારણે આર્થિક અને સામાજિક સમસ્યાઓને લઈને પોતાની જ દીકરીને જન્મતાની સાથે જ દૂધ પીતી કરવાનો ક્રૂર રિવાજ હતો. 1870 માં બ્રિટિશ સરકારે દૂધ પીતી કરવાના રિવાજની નાબૂદીના અર્થે બ્રિટિશ સરકાર હસ્તક પ્રદેશોમાં જન્મની નોંધણી ફરજિયાત બનાવી હતી.*

**હિન્દુ વિધવા પુનર્વિવાહ કાયદો**

*રાજા રામમોહનરોય, મહાદેવ ગોવિંદ રાનડે, દયાનંદ સરસ્વતી, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર વગેરે જેવા મહાન સુધારકોએ વિધવાના પુનર્લગ્નની તરફેણ કરતા ભાષણો આપ્યા હતા. કલકત્તાની સંસ્કૃત કૉલેજના આચાર્ય વિદ્વાન પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર વિધવાના પુનર્લગ્નની તરફેણમાં ખૂબ જ મહત્ત્વના કાર્યો કર્યા હતા. પુનર્લગ્ન અંગેનો કાયદો ઘડવા માટે પણ રજૂઆત કરી હતી. જેની સામે તેમણે* 987 *વ્યક્તિઓની સહી સાથેની અરજી બ્રિટિશ સરકારને મોકલી હતી. તેમના અથાક પ્રયત્નો અને ઝુંબેશના કારણે બ્રિટિશ સરકારે* 1856*માં હિન્દુ વિદ્વાના પુનર્વિવાહને કાયદેસર કરતો ઠરાવ પસાર કર્યો હતો.* 1896*માં મહર્ષિ કર્વેએ પુનામાં 'વિધવા આશ્રમ'ની સ્થાપના કરી હતી. પોતાની પ્રથમ પત્નીના અવસાન પછી* 1899*માં તેમણે કુંવારી કન્યા સાથે લગ્ન કરવાની બદલે એક વિધવા સ્ત્રી સાથે લગ્ન કરી અને વિધવા વિવાહનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. મહાત્મા જ્યોતિબા ફુલે સુરતના કરસનદાસ મૂળજી, નર્મદ વગેરેએ પણ વિધવા પુનર્વિવાહને પ્રોત્સાહન આપવા માટે પ્રચાર પ્રસાર કર્યો હતો.*

**બાળ લગ્ન પ્રતિબંધક ધારો**

*હરવિલાસ શારદાના પ્રયાસોથી આ કાયદો* 1929*માં અમલમાં આવ્યો હોવાથી આ કાયદો 'શારદા ઍક્ટ'ના નામથી પણ જાણીતો બન્યો હતો. જેની અંતર્ગત સ્ત્રીની લગ્ન કરવાની ન્યૂનતમ વય* 14 *વર્ષ અને પુરુષની લગ્ન કરવાની ન્યૂનતમ વય* 18 *વર્ષ નક્કી કરવામાં આવી હતી. તેનાથી નાની ઉમરમાં થતા લગ્ન ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યા હતા.*

**વિધવા પુનર્લગ્નનો કાયદો**

1856*માં વિધવા પુનર્લગ્નનો કાયદો ઘડવામાં આવ્યો જેના અંતર્ગત વિધવા સ્ત્રી લગ્ન કરી શકતી હતી.*

**હિન્દુ સ્ત્રી મિલકત ધારો**

*ડૉ.દેશમુખના પ્રયત્નોથી હિન્દુ વિધવા સ્ત્રીને તેના પતિની મિલકતમાં પુત્ર જેટલો જ અધિકાર આપતો આ કાયદો* 1937*માં ઘડવામાં આવ્યો હતો.*

**ઘ. તમારી પ્રગતિ ચકાસો**

**1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.**

1. *સતીપ્રથાનો કાયદો કયા ગવર્નરે કર્યો હતો ?*

2. દૂધ પીતી કરવાનો રિવાજ કયા રાજ્યોમાં મુખ્યત્વે હતો ?

3. વિધવા પુનર્વિવાહની તરફેણ કયા સમાજ સુધારકોએ કરી હતી ?

4. પુનામાં વિધવા આશ્રમની સ્થાપના કોણે કરી હતી ?

5. બાળ લગ્ન પ્રતિબંધક ધારો કોના પ્રયાસોથી અમલમાં આવ્યો હતો ?

**2. સાંસ્થાનિક ભારતમાં નારી સંબંધિત કાયદાઓ વિશે પરિચય આપો.**

## 4.5 સારાંશ

*સાંસ્થાનિક ભારતમાં સામાજિક ચેતનાએ પ્રગતિશીલ સમાજની નવરચનાની દિશામાં ખૂબ મહત્ત્વપૂર્ણ કદમ હતુ.જેમાં ખ્રિસ્તી મિશનરીઓ, નવો ઉદય પામેલો શિક્ષિત મધ્યમવર્ગ, સમાજસુધારકો, મુદ્રણાલયો, કાયદાઓ, શિક્ષણની અસરો વગેરે જેવા અનેક કારણોએ સાંસ્થાનિક ભારતમાં સમાજ સુધારણા પર ખૂબ મહત્ત્વની અસર કરી હતી.*

## 4.6 ચાવીરૂપ શબ્દો

- *સર્વોદય - સમાજના છેવાડે પડી ગયેલાઓનો પ્રથમ ઉદ્ધાર.*
- *સત્યાગ્રહ - સત્ય માટે આગ્રહ સત્ય અને અહિંસાના સિદ્ધાંતો પર આધારિત ગાંધીજી દ્વારા ચલાવાયેલ આંદોલન.*
- *સતી પ્રથા - વિધવા થયેલી સ્ત્રીને પતિના સબ સાથે અગ્નિદાહ દેવાની કુપ્રથા.*
- *સ્વદેશી - પોતાના દેશમાં બનેલ જે તે પ્રદેશમાં બનેલ.*
- *દૂધપીતી પ્રથા - દીકરીને જન્મતાની સાથે જ દૂધના પાત્રમાં ડૂબાડીને મારવાની કુપ્રથા.*

## 4.7 તમારી પ્રગતી ચકાસોના જવાબ

*(ક)* (1) (1-A) (2-C) (3-E) (4-B) (5-D )

(2) 1.2.1 *ના તમામ મુદ્દાઓને આધારે જવાબ લખો.*

*(ખ)* (1) *અબ્દુલ વહાબ* (2) *પારસી* (3) *ગોપાલ કૃષ્ણ ગોખલે* (4) *સતી* (5) *રામકૃષ્ણ પરમહંસ*

(2) 1.2.5 *ના પ્રથમ મુદ્દાના આધારે જવાબ લખો.*

*(ગ)* (1) 1.*સાચું* 2.*ખોટું* 3.*સાચું* 4.*સાચું* 5.*ખોટું*

(2) 1.3 *ના તમામ મુદ્દાઓને આધારે જવાબ લખો.*

*(ઘ)* (1) *વિલિયમ બેંટિક* 2. *રાજસ્થાન,ગુજરાત* 3.*રાજા રામમોહન રોય, મહાદેવ ગોવિંદ રાનડે, દયાનંદ સરસ્વતી, ઈશ્વરચંદ્ર વિધ્યાસાગર*

4. *મહર્ષિ કર્વે* 5. *હરવિલાસ શારદાના*

(2) 1.4 *ના તમામ મુદ્દાઓને આધારે જવાબ લખો.*

❖ **બહુવૈકલ્પિક પ્રશ્નો**

1. 19*મી સદીમાં સામાજિક સુધારણાની શરૂઆત કોના દ્વારા થઈ હતી?*

(A) *બ્રહ્મ સમાજ* (B) *વેદ સમાજ*

(C) *રામકૃષ્ણ મિશન* (D) *થિયોસોફીકલ સોસાયટી*

2. *નીચેનામાંથી બ્રહ્મો સમાજ સાથે કોણ જોડાયેલું હતુ?*

(A) *સ્વામી વિવેકાનંદ* (B) *કેશવચંદ્ર સેન*

(C) *દયાનંદ સરસ્વતી* (D) *ન્યાયમૂર્તિ રાનડે*

3. *આર્ય મહિલા સમાજની સ્થાપના કોણે કરી હતી?*

(A) *કેશવચંદ્ર સેન* (B) *રામકૃષ્ણ પરમહંસ*

(C) *રમાબાઈ રાનડે* (D)*દુર્ગારામ મહેતા*

4. *'શુધ્ધિ ચળવળ' કોણે ચાલુ કરી હતી?*

(A) *દયાનંદ સરસ્વતી* (B) *રામકૃષ્ણ પરમહંસ*

(C) *રામમોહન રાય* (D) *મહાત્મા ગાંધી*

5. *દયાનંદ સરસ્વતીએ કયા સમાજની સ્થાપના કરી હતી?*

(A) *બ્રહ્મ સમાજ* (B) *વેદ સમાજ*

(C) *રામકૃષ્ણ મિશન* (D) *આર્યસમાજ*

6. *ખુદાઈ ખિદમતગાર આંદોલન કયા સમાજમાં સુધાર માટે થયું હતું?*

(A) *હિન્દુ* (B) *શીખ*

(C) *મુસ્લિમ* (D) *પારસી*

7. *નીચેનામાંથી કોણ અસ્પૃશ્યતાને કલંક માનતું હતું?*

(A) *મહાત્મા ગાંધી* (B) *દયાનંદ સરસ્વતી*

(C) *ન્યાયમૂર્તિ રાનડે* (D) *ગોપાલ હરિ દેશમુખ*

8. *અપરિગ્રહનો સિદ્ધાંત મહાત્મા ગાંધીએ કયા ધર્મમાંથી મેળવ્યો હતો?*

(A) *જૈન* (B) *મુસ્લિમ*

(C) *શીખ* (D) *પારસી*

9. *સત્યશોધક સમાજની સ્થાપના કોણે કરી હતી?*

(A) *જ્યોતિબા ફુલે* (B) *મહાત્મા ગાંધી*

(C) *ગોપાલ હરી દેશમુખ* (D) *દેવેન્દ્રનાથ ટાગોર*

10. *પુનામાં વિધવા આશ્રમની સ્થાપના કોણે કરી હતી?*

(A) *દયાનંદ સરસ્વતી* (B) *જ્યોતિબા ફુલે*

(C) *દેવેન્દ્રનાથ ટાગોર* (D) *મહર્ષિ કર્વે*

*જવાબો:* (1- A), (2-B), (3- C), (4-A), (5-D), (6-D), (7-A), (8-A), (9-A), (10-D)

❖ **સ્વાધ્યાય**

1. *ભારતમાં સામાજિક ચેતનાના મુખ્ય લક્ષણો જણાવો.*
2. *હિન્દુ સમાજમાં સમાજ સુધારણા સવિસ્તાર વર્ણવો.*
3. *મુસ્લિમ, શીખ, પારસી સમાજ સુધારણા વિશે માહિતી આપો.*
4. *મહાત્મા ગાંધી અને ડૉ. આંબેડકરની સમાજ સુધારણાની પ્રવૃત્તિ અંગે ચર્ચા કરો.*
5. *સાંસ્થાનિક ભારતમાં મહિલાઓ સંબંધી કાયદાઓ વિશે માહિતી આપો.*

## 4.8 સંદર્ભ સૂચિ


1. *ડૉ. હસમુખ પંચાલ, "મહાત્મા ગાંધીનું સમાજ દર્શન", અનાડા પ્રકાશન, દ્વિતીય આવૃત્તિ,* 2001
2. *શાહ મનુભાઈ બી., " ભારતના નવનિર્માતાઓ", પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ,* 2023
3. *સિંહ વી. એન. સિંહ જન્મે જય, " ભારત મેં સામાજિક આંદોલન" રાવત પબ્લિકેશન, જયપુર,* 2005

4. *ગઢવી જનકકુમાર જયપ્રકાશ, " આધુનિક ભારતનો ઈતિહાસ", મેક મિલન પબ્લિકેશન,* 2013
5. *ગાંધી મોહનદાસ કરમચંદ, " સત્યના પ્રયોગો", નવજીવન પ્રકાશન,* 1927
6. *ધારૈયા રમણલાલ કે, "આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર સંગ્રામો" ભાગ 2,(* 1920 *થી* 1964*) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,* 2011

**એકમ : 5**

# 19મી સદીમાં સ્ત્રી નેતૃત્વ- રાણી લક્ષ્મીબાઈ, ઝલકારીબાઈ, પંડિતા રમાબાઈ, ગંગાબહેન યાજ્ઞિક, જમનાબાઈ પંડિત, સાવિત્રીબાઈ ફૂલે

**:: રૂપરેખા ::**


**5.0** ઉદ્દેશ્યો

**5.1** પ્રસ્તાવના

**5.2** રાણી લક્ષ્મીબાઈ

**5.3** ઝલકારીબાઈ

**5.4** પંડિતા રમાબાઈ

**5.5** ગંગાબહેન યાજ્ઞિક

**5.6** જમનાબાઈ પંડિતા

**5.7** સાવિત્રીબાઈ ફૂલે

**5.8** તમારી પ્રગતિ ચકાસો

**5.9** સમાપન

**5.10** ચાવીરૂપ શબ્દો

**5.11** સંદર્ભ ગ્રંથ


## 5.0 ઉદ્દેશ્યો

*મિત્રો, આ પ્રકરણના અભ્યાસ પછી આપ માહિતગાર થઈ શકશો,*

- 19 *મી સદીના સ્ત્રી નેતૃત્વથી*
- 1857 *ના સ્વાતંત્ર્ય સંગ્રામની અગ્રગણ્ય બે મહિલાઓ વિશે.*
- 19 *મી સદીના સમાજ સુધારણા ક્ષેત્રે મહિલાઓએ આપેલ પ્રદાન વિશે.*
- 19 *મી સદીની મહિલાઓની સ્થિતિ વિશે.*

## 5.1 પ્રસ્તાવના

19*મી સદી દરમિયાન સાંસ્થાનિક (બ્રિટિશકાલીન) ભારતમાં સામાજિક અને સાંસ્કૃતિક પુનર્જાગરણનો એક નવો યુગ શરૂ થયો હતો. તે સમયે ભારતીય સમાજ સતીપ્રથા, બાળલગ્ન, દૂધપીતી પ્રથા, બહુપત્ની પ્રથા, અસ્પૃશ્યતા અને વિધવાઓની દયનીય સ્થિતિ જેવા અનેક કુરિવાજો અને અંધશ્રદ્ધાના અંધકારમાં ઘેરાયેલો હતો. આ અમાનવીય અનિષ્ટોમાંથી સમાજને મુક્ત કરવા અને માનવ*

*અધિકારો, સમાનતા તથા બંધુત્વની સ્થાપના કરવા માટે વ્યાપક સામાજિક ચેતના અને સુધારણા આંદોલનો શરૂ થયા. આ વૈચારિક ક્રાંતિમાં રાજા રામમોહન રોય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, સ્વામી વિવેકાનંદ, મહાદેવ ગોવિંદ રાનડે, સ્વામી દયાનંદ સરસ્વતી, જ્યોતિરાવ ફુલે, મહાત્મા ગાંધી જેવા યુગપુરુષોએ અગ્રણી ભૂમિકા ભજવી હતી. આ સાથે બ્રહ્મો સમાજ, આર્ય સમાજ, પ્રાર્થના સમાજ, રામકૃષ્ણ મિશન તેમજ મુસ્લિમ, શીખ અને પારસી સમાજના સંગઠનોએ પણ જનજાગૃતિ ફેલાવી. આ સામાજિક ચેતનાના કેન્દ્રમાં સ્ત્રીઓની સ્થિતિ સુધારવા પર વિશેષ ભાર મુકાયો, જેના ભાગરૂપે કન્યા કેળવણીનો વિસ્તાર થયો અને સતીપ્રથા પ્રતિબંધક ધારો, હિન્દુ વિધવા પુનર્વિવાહ કાયદો, શારદા એક્ટ તથા સંપત્તિ સંબંધિત કાયદાઓ ઘડાયા.*

## 5.2 રાણી લક્ષ્મીબાઈ

*મહારાષ્ટ્રના સતારા જિલ્લાના વાઈ ગામે બ્રાહ્મણ પરિવાર વર્ષોથી પેશ્વાની સેવામાં રોકાયેલ હતો. આ પરિવારનો પુત્ર મોરોપંત પેશ્વા કામ માટે પોતાની પત્ની ભાગીરથીબાઈ સાથે કાશીમાં આવીને રહેવા લાગ્યા. કાશીમાં* 19-11-1835 *ના રોજ મોરો પંતના ત્યાં કન્યારત્નનો જન્મ થયો. તેનું નામ "મણિકર્ણિકા" રાખવામાં આવ્યું. જે આગળ જતા "મનુ" બની ગયું અને સાથે મહારાષ્ટ્રનો માનવાચક શબ્દ "બાઈ" શબ્દ લાગતા "મનુબાઈ" તરીકે ઓળખાવા લાગ્યા.*

*મનુબાઈએ ચાર વર્ષની ઉંમરમાં માતાની છત્રછાયા ગુમાવી. નાનકડી મનુને લઈને કાશીમાં આશ્રયદાતા ચિમ્માજીનું અવસાન થતા મોરોપંત બાજીરાવ પેશ્વાની સેવામાં બિઠુર ચાલ્યા ગયા. અહીં બાજીરાવ પેશ્વાના દત્તક પુત્ર નાનાસાહેબ, રાવસાહેબ અને બાબાસાહેબ સાથે મનુબાઈનું ઘડતર થવા લાગ્યું. બાળપણથી જ મનુબાઈ ઘોડેસવારી શસ્ત્રક્રિયા, વ્યાયામમાં કુશળ થઈ ગયાં. જોતજોતામાં મનુ* 12-13 *વર્ષના થઈ ગયા.* 13 *વર્ષની મનુબાઈના લગ્ન ઝાંસીના મહારાજા ગંગાધરરાવ સાથે થયાં. લગ્ન બાદ મનુબાઈ"લક્ષ્મીબાઈ" તરીકે ઓળખાવા લાગ્યા.*

*લક્ષ્મીબાઈએ એક પુત્ર રત્નને જન્મ આપ્યો પરંતુ ત્રણ જ મહિના જીવીને બાળક મૃત્યુ પામ્યો. ગંગાધરરાવને ભારે આઘાત લાગ્યો. તેમની તબિયત બગડી પરંતુ નિઃસંતાન ગંગાધર મૃત્યુ પામે તો ઝાંસીની સંપૂર્ણ જાગીરી અંગ્રેજ સરકાર હસ્તર જતી રહે. (ગવર્નર જનરલ ડેલહાઉસી ખાલસા નીતિ મુજબ) ગંગાધરરાવએ એક પુત્ર દત્તક લઈ તેનું નામ દામોદરરાવ રાખ્યું અને પોતે મૃત્યુ પામ્યો. નાબાલિક પુત્ર હોવાથી સમગ્ર રાજ્યનો ભાર રાણી લક્ષ્મીબાઈ ઉપર આવી પડ્યો પરંતુ લોર્ડ ડેલહાઉસીની વધુમાં વધુ રજવાડા ખાલસા કરીને કંપની સરકારમાં ભેળવી દેવાની નીતિને પરિણામે કંપની સરકારે દત્તક પુત્રને માન્ય ન રાખ્યો અને ઝાંસીને ખાલસા અને રાણી લક્ષ્મીબાઈને* 60000 *નું પેન્શન બાંધી આપવાનું અને રહેવા માટે મહેલ આપવાનું જાહેર કર્યુ.*

*અંગ્રેજ સરકારને રાણી લક્ષ્મીબાઈએ ખાલસા નીતિથી પડાવી લીધેલ ઝાંસીને પાછી મેળવવા "હું મારી ઝાંસી નહીં આપું" કહી અંગ્રેજો સામે હથિયાર ઉપાડવાનું એલાન*

કર્યું. આ જ સમયે અંગ્રેજ સેનામાં હિન્દુ સિપાઈઓએ ગાય અને ડુક્કરવાળી કારતૂસવાળી ઘટના સામે સશસ્ત્ર ક્રાંતિ કરી. સશસ્ત્ર ક્રાંતિની જ્વાળાઓ ઝાંસી સુધી પહોંચી. જેને પરિણામે ક્રાંતિકારીએ અંગ્રેજ કેપ્ટન ડનલોપની હત્યા કરી. હવે ઝાંસીમાં રહેલ અંગ્રેજ અધિકારીઓ આ વાતની દહેશતથી કિલ્લામાં ભરાયા. રાણીએ ગોરાઓની મહિલા અને બાળકોને પોતાના મહેલમાં આશ્રય આપ્યો. અંગ્રેજો કિલ્લામાં લડવાની પેરવી કરવા લાગ્યા અને પોતાના પરિવારને કિલ્લામાં જ બોલાવી લીધા. ક્રાંતિકારીએ કિલ્લો ઘેરી લીધો સેના અને પ્રજા રાણી તરફ હતી.કિલ્લાઘેરી બંધી પછી અંગ્રેજોના અન્ન પાણી બંધ થઈ જતા ગોરા અફસરો ક્રાંતિકારીઓના શરણે થઈ ગયા. આ બધાને અંગ્રેજ શરણાર્થીઓને (અંગ્રેજ પુરુષ, સ્ત્રીઓ અને બાળકો જે કુલ મળીને 115ની આજુબાજુની સંખ્યા) મોતને ઘાટ ઉતારી દીધા. અંગ્રેજ અધિકારીઓ દ્વારા આ હત્યા કાંડ માટે રાણીને દોષિત માનવા લાગ્યા. ક્રાંતિકારીઓ દ્વારા 7 જૂનના રોજ ઝાંસીના મહેલ ઉપરથી અંગ્રેજોનો યુનિયન જેક ઉતારી સ્વતંત્ર ઝાંસીનો ઝંડો ફરકાવ્યો. આમ, ફરીથી એકવાર ઝાંસી ઉપર અંગ્રેજોની સત્તા સમાપ્ત થઈ રાણી લક્ષ્મીબાઈની સત્તા શરૂ થઈ.

આ સમય દરમ્યાન મહારાજા ગંગાધરરાવનો દૂરનો સગો પટોલાનાં સદાશિવરામે ઝાંસીના આધિપત્યવાળો કરેશનો કિલ્લો કબજે કરી લીધો. રાણીએ પોતાના સૈન્ય સાથે આક્રમણ કરી કિલ્લાને પુનઃ જીતી લીધો અને સદાશિવરાવને બંદી બનાવ્યો. ઓરછાના દીવાન નત્થેખાને ઝાંસી ઉપર આક્રમણ કર્યું પરંતુ રાણીએ પુરુષ વેશ ધારણ કરી નત્થેખાનને હરાવીને તગેડી મૂક્યો. આમ, આંતરિક કલહો અને બાહ્ય આક્રમણો દૂર કરી પોતાના રાજ્યને અંગ્રેજોની સામે લડવા માટે સુદઢ કરવાનું શરૂ કર્યું. રાણી પુરુષ વેશમાં ભરેલ દરબારમાં આવતી અને પોતાની પ્રજાની ફરિયાદો સાંભળતી. તેણે નવી સેના તૈયાર કરી અને જૂની સેના સંગઠિત કરી. રાણીએ ઝાંસીના કારખાનામાં તોપ, ગોળા, બંદૂકો અને ગોળાબારૂદ તૈયાર કરાવડાવ્યા. રાજા બાનપુર અને રાજા શાહગઢના શાસકોએ રાણીને મદદ કરવાનું વચન આપ્યું. આ સાથે ઝાંસીના આજુબાજુના કેટલાય પ્રદેશો અંગ્રેજોના આધિપત્યમાંથી મુક્ત થઈ ગયા અને ઝાંસીની જેમ જયકારાનો ઘોષ કરવા લાગ્યા. હવે બ્રાહ્મણ, મૌલવી, સરદાર, જમીનદાર, પોલીસ, રાજા, સૈનિક, ગામવાસી, શાહુકાર વગેરે સ્વતંત્રતા કાજે રાણી સાથે જોડાણા. રાણી આ ક્ષેત્રના સૌથી લોકપ્રિય નેતા બની.

અંગ્રેજો હવે સમજી ચૂક્યા હતા કે ઝાંસીને હરાવ્યા વગર આ પ્રદેશો ઉપર આધિપત્ય સ્થાપવું મુશ્કેલ છે કારણ કે મોટાભાગના અંગ્રેજો એમ માનતા હતા કે ક્રાંતિનું મુખ્ય કેન્દ્ર ઝાંસી જ છે. અંગ્રેજ સેનાપતિ કૈમ્પબેલએ અંગ્રેજોની સત્તા વિસ્થાપિત કરવા માટે યોજના બનાવી. એ પોતે અવધ અને ઉત્તર પશ્ચિમના ભાગનો મોરચો સંભાળવા માગતો હતો પરંતુ તે પહેલા સર હ્યૂમ રોઝ પાંચ હજાર સૈનિકોને લઈ ઝાંસી તરફ આગળ વધ્યો. રસ્તામાં આવતા અનેક પ્રદેશો જીતતો જીતતો સર હ્યુમ રોઝ 20 માર્ચના રોજ ઝાંસીથી 14 કિમી દૂર પોતાનો કેમ્પ નાખ્યો. આમ તો અંગ્રેજ અધિકારીઓનો ઓર્ડર હતો કે રાણીને જીવતી પકડવી, જેના પ્રયાસ રૂપે રોઝે ઝાંસી અંગ્રેજોને પરત સોંપી દે અથવા યુદ્ધ કરવાનો સંદેશો મોકલ્યો. રાણીએ પ્રત્યુત્તરમાં

''યુદ્ધ'' પસંદ કર્યું. રાણીએ યુદ્ધની તૈયારીઓ શરૂ કરી. તેની પાસે 51 તોપો હતી. જે યોગ્ય જગ્યાએ ગોઠવવામાં આવી. તા.23-03-1858 ના રોજ તોપો ધણધણી ઊઠી. 25 માર્ચના રોજ ભીષણ સંગ્રામ શરૂ થયો. પછી પાંચ-છ દિવસ સુધી આ પ્રકારે તોપ-ગોળાનું યુદ્ધ ચાલુ રહ્યું. રાણીના તોપખાના દ્વારા અંગ્રેજોની છાવણી ઉપર એવો પ્રલય મચાવ્યો કે અંગ્રેજોની મોટા પ્રમાણમાં ક્ષતિ થઈ. સાતમાં દિવસે ઝાંસીની દીવાલ અંગ્રેજોના તોપખાના દ્વારા તોડી નાખવામાં આવી. પરંતુ ઝાંસીના પુરુષો જ નહીં પરંતુ સ્ત્રીઓ, આબાલ વૃદ્ધસૌ પોતાનું પૂર્ણ પણે આપી રહ્યા હતા જેથી રાતોરાત નવી દીવાલ ઊભી થઈ ગઈ. અંગ્રેજોની સેના અનેક અવનવા શસ્ત્રો અને પ્રબળ-મોટા સૈન્ય સામે ઝાંસીનું નાની સંખ્યાવાળું માનવબળ રાણીના સામર્થ્યથી એક પછી એક ખતરાઓનો સામનો કરી અંગ્રેજોનો સામનો કરી રહ્યા હતા. રાણીના સંદેશાથી તાત્યાટોપેની સેના પણ રાણીની મદદે આવવા માટે નીકળી પરંતુ અંગ્રેજોનું વિશાળ દળ અને અત્યાધુનિક શસ્ત્રોને લીધે તાત્યાની સેનાએ પણ પાછું વળવું પડ્યું. અનેક ભારતીય સામંતો અને શાસકો જે ઝાંસીના પક્ષે લડતા હતા તે તમામ હાર્યા. કેટલાય દિવસોના ધમાસણ યુદ્ધ પછી ઝાંસી ઉપર 3 એપ્રિલના દિવસે અંતિમ પ્રહાર કર્યો. રાણી પુરુષ વેશમાં ઘોડા ઉપર બેસી તલવારબાજી દ્વારા અનેક અંગ્રેજોનો સામનો કરી તેમને મૃત્યુને ઘાટ ઊતાર્યા. રાણીની જીત નક્કી જ હતી પરંતુ દક્ષિણી દ્વાર ઉપર કેટલાક દેશદ્રોહી દુલ્હાજૂ અને પીલ અલી અંગ્રેજો સાથે મળી ગયા અને દરવાજો ખોલી દીધો જેથી અંગ્રેજ સેનાએ કિલ્લામાં પ્રવેશી હત્યા, અત્યાચાર અને લૂંટનો આરંભ કરી દીધો. રણચંડીના વેશે રાણી અંગ્રેજોની સામે લડતી રહી.

આમ, અંગ્રેજ સેના અને લક્ષ્મીબાઈ વચ્ચે વારંવાર ધમાસાણ યુદ્ધ વચ્ચે કેટલીય વાર રાણીએ અંગ્રેજોના છક્કા છોડાવ્યા. અંગ્રેજોની સામે સંઘર્ષ કરતી કરતી રાણીને વીરગતિ પ્રાપ્ત કરી. અદ્વિતીય પરાક્રમી વિરાંગના રાણી લક્ષ્મીબાઈ વિશે શ્રીમતી સુભદ્રાકુમારી ચૌહાન દ્વારા લખાયેલ પંક્તિઓ ***"खूब लडी मर्दानी वह तो झाँसी वाली रानी थी"*** દ્વારા આજે પણ રાણી લક્ષ્મીબાઈ લોકમુખ ઉપર જીવિત છે. રાણીના પ્રમુખ વિરોધી અંગ્રેજ હ્યુ રોઝ રાણી વિશે કહે છે કે ''રાણીની લડાઈ અને યુદ્ધભૂમિની શાનદાર મોત સદાય લોકો માટે પ્રેરણા સ્ત્રોત રહેશે''.

## 5.3 ઝલકારીબાઈ

ઝલકારીબાઈ એક મહિલા સૈનિક હતી જેણે 1857 ના સંગ્રામમાં પોતાની વીરતા બતાવી. તે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની મહિલા સેનાની મુખ્ય અધિકારી તથા તેની મુખ્ય સલાહકાર પણ હતી.

ઝલકારીબાઈનો જન્મ 22 નવેમ્બર 1830 ના રોજ ખેડૂત પિતા સદોબાસિંહ ઉર્ફ મૂલચંદ અને માતા જમુનાદેવીના ત્યાં ઝાંસીના નજીકના પ્રદેશ ભોજલા ગામમાં થયો. કેટલાંય વૃત્તાંતોમાં યુવાવસ્થાના તેના બહાદુરીના કિસ્સાઓ વણાયેલા છે. ઝલકારીબાઈએ પોતાના પશુઓ ચરાવતી વખતે આવી પડેલ ચિત્તાને લાકડી વડે મોતને ઘાટ ઉતાર્યો હતો. ઝલકારીબાઈની બહાદુરી જોઈને તેમના પિતાએ તેમને

*શસ્ત્રવિધિ અને ઘોડેસવારી શીખવાડી. પિતાએ ઝલકારીબાઈના લગ્ન રાણી લક્ષ્મીબાઈના સેનાના તોપચી પૂરનસિંહ સાથે કર્યા.*

*ઝાંસી ઉપર અંગ્રેજ સેનાની સર હ્યુમ જ્યારે હુમલો કર્યો ત્યારે રાણી લક્ષ્મીબાઈએ મહિલાઓની એક સૈન્ય ટુકડી તૈયાર કરી ત્યારે ઝલકારીને સ્ત્રી સેનાની સેનાપતિ બનાવી. તેણે રાણીની સાથે રહી અંગ્રેજોનો સામનો કર્યો. ધમાસાણ યુદ્ધ વચ્ચે જ્યારે રાણીના બે અગત્યના વ્યક્તિઓ માર્યા જવાથી અને અંગ્રેજોની સેનાનો કિલ્લામાં પ્રવેશથી એક દરબારીની સલાહથી રાણી અને પુત્ર જ્યારે સાદા વેશમાં દુર્ગના બીજા દ્વારેથી નીકળીને કાલપી તરફ જઈ રહ્યા હતા ત્યારે રાણી લક્ષ્મીબાઈના ચહેરા સાથે ઘણા અંશે મળતા ચહેરાવાળી ઝલકારીબાઈએ રાણીના વેશ જેવો વેશ ધારણ કરી રાણીનો મુગટ પહેરી લડતી રહી જેથી અંગ્રેજોને ભ્રમિત કરી શકાય. બીજી તરફ રાણી આસાનીથી પોતાના પુત્ર સાથે કિલ્લા બહાર નીકળી ગઈ.*

*જાણીતા સાહિત્યકાર વૃંદાવનલાલ વર્માના ઐતિહાસિક ઉપન્યાસ "ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ"માં લખ્યું છે કે ઝલકારીબાઈ રાણી વેશમાં અંગ્રેજોની છાવણી તરફ ગઈ અને પોતે રાણી લક્ષ્મીબાઈ છે એમ કહી અંગ્રેજોને ગેરમાર્ગે દોર્યા. રાણી પકડાઈ ગઈ એ સમાચાર સમગ્ર છાવણી અને અંગ્રેજ સૈન્યમાં ફેલાઈ ગયા. સૌ સૈન્ય નિશ્ચિત અને શાંત થઈ ગયું.ઝલકારીબાઈને સર હ્યુ રોજ સમક્ષ લાવવામાં આવી. પરંતુ રાણીના દ્રોહી સૈનિક દુલ્હેરાવે ઝલકારીબાઈને ઓળખી લીધી પરંતુ આ ઘટનાક્રમના સમયગાળા દરમ્યાન રાણી લક્ષ્મીબાઈ ઝાંસીથી ઘણી દૂર નીકળી ચૂકી હતી માટે ઝલકારીબાઈ હવે નિશ્ચિંત હતી. હવે ઝલકારીબાઈને મૃત્યુ પણ સ્વીકાર્ય હતું. ઝલકારીબાઈએ સર હ્યુમને કીધુ કે મને ગોળીઓ મારી દો પરંતુ એક અંગ્રેજી અમલદાર એ દરમ્યાન કહ્યું કે "આ તો પાગલ છે, જે સામે ચાલીને મરવા આવી. પછી સર હ્યુમે તેને એક તંબુમાં જ કેદ કરી લીધી. થોડાક સમય પછી તે કેદમાંથી નીકળીને ભાગી છૂટી.*

*કિલ્લામાં પણ પોતાના તોપચી પતિ પૂરનસિંહની સાથે રહી તેણે તોપો સંભાળી. શહીદોની ક્રાંતિગાથામાં સ્વામી સચ્ચિદાનંદજી જણાવે છે કે અંગ્રેજોના તોપગોળાના પ્રહાર દરમ્યાન પતિ પૂરનસિંહ અને પછી પત્ની ઝલકારીબાઈને વારાફરતી ગોળી વાગી અને "જય ભવાની"નો જયઘોષ કરી આ વિરાંગના ઢળી પડી.*

*મુખ્યધારાના ઈતિહાસકારો દ્વારા ઝલકારીબાઈના બલિદાનને યોગ્ય ન્યાય નથી આપ્યો પરંતુ આધુનિક લેખકો દ્વારા આવા ગુમનામ શહીદોની વીરગાથાને વાચા આપવાનું કામ ચાલુ છે. જન કવિ બિહારીલાલ હરિત દ્વારા "વીરાંગના ઝલકારી" કાવ્યમાં*

***"लक्ष्मीबाई का रुप धार, झलकारी खडता संचार चली, विरांगना निर्लय लश्कर में, शस्त्र अस्त्र तन धार चली।।"***

*તથા રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્તા ઝલકારીબાઈની બહાદુરી વિશે લખે છે કે,*

*"जाकर रण में ललकारी थी, वह तो झाँसी की झलकारी थी गोरों से लडना सिखा गई, हैं इतिहास में झलक रही, वह भारत की ही नारी थी।"*

*આજે વીરાંગના ઝલકારીની અનેક પ્રતિમાઓ ભારત દેશમાં અલગ-અલગ જગ્યાએ બિરાજમાન છે તથા ભારતીય ટપાલ ટિકિટમાં પણ વીરાંગનાની વીરતાના દર્શન થાય છે.*

## 5.4 પંડિતા રમાબાઈ

19*મી સદીમાં અનેક વિષયોમાં મહિલાઓનો પ્રશ્ન કેન્દ્ર બિંદુ બનીને ઊભર્યો કારણ કે પુનઃ જાગરણના નાયક અને અંગ્રેજો બંને આ બિંદુને ઊઠાવતા હતા. બંને હેતુઓ અલગ હતા. મહિલાઓના ઉત્થાન માટે આંદોલનનો પ્રારંભ પુરુષોએ કર્યો પણ તુરંત જ સ્વયં મહિલાઓ પણ આ કાર્ય માટે આગળ આવી અને મહિલા ઉત્થાનની વકીલાત કરી. એમણે સંગઠન બનાવ્યું અને મહિલાઓના નીચા સ્તરનો વિરોધ કર્યો. આ મહિલાઓમાં પ્રમુખ મહિલાઓ એનીબેસન્ટ, પંડિતા રમાબાઈ, રમાબાઈ રાનડે વગેરે હતી.*

*પંડિતા રમાબાઈ* 19*મી સદીની એક મહત્ત્વપૂર્ણ ભારતીય સુધારક હતી. બ્રાહ્મણ પરિવારમાં જન્મેલ અને યુવાન વયે વિધવા થયેલ રમાબાઈ સ્ત્રીઓના સામાજિક દરજ્જા સંબંધિત પ્રશ્નો અને અધિકારો માટેના પ્રારંભિક પ્રવક્તાઓ અને સંઘર્ષ કરનારામાંના એક હતા. રમાબાઈ સ્ત્રી-શિક્ષણ માટે જાહેરમાં હિમાયત કરતા પ્રથમ ભારતીય નારી હતા. આવો રમાબાઈ વિશે વિસ્તૃત અભ્યાસ કરીએ. ચિત્તપાવન બ્રાહ્મણ પરિવારમાં ઈ.સ.* 1858*માં પિતા અનંત ડોંગરેના ત્યાં રમાબાઈનો જન્મ થયો. તત્કાલીન સમયમાં બ્રાહ્મણ પરિવારમાં મહિલાઓને નિષેધ ગણાતા એવું સંસ્કૃત શિક્ષણ પોતાની દ્વિતીય પત્નીને આપવાની તીવ્ર ઈચ્છાએ તે વતન છોડી કર્ણાટકની એક ટેકરી ઉપર આશ્રમ બનાવી રહેવા લાગ્યા. રમાબાઈ* 16 *વર્ષના હતા ત્યારે પૈસાની તંગીથી ક્રમશઃ પિતા, માતા અને બહેનનું નિધન થયું. ઈ.સ.* 1878 *માં તેઓ પોતાના ભાઈ શ્રીનિવાસ સાથે કલકત્તા આવ્યા. અહીં કલકત્તાના સુધારકો અને પ્રાર્થના સમાજ દ્વારા રમાબાઈને ઉત્સાહપૂર્વક આવકારવામાં આવ્યા. રમાબાઈએ સ્ત્રીઓના શિક્ષણ ઉત્થાન વિશે પ્રવચનો આપ્યા. બ્રાહ્મણ પંડિતો જેટલું જ સંસ્કૃતનું વિશદ જ્ઞાન રમાબાઈ ધરાવતાં હોવાથી તેમને "પંડિતા" અને "સરસ્વતી"ના બિરુદથી સન્માનિત કરવામાં આવ્યા. ભાઈના અવસાન બાદ તેઆએ નીચી જાતિના બંગાળી પુરુષ બીપીન બિહારીદાસ મેધાવી સાથે લગ્ન કર્યા. એક કન્યાના જન્મ બાદ થોડા જ સમયમાં તેમના પતિનું પણ મૃત્યુ થયું.*

*મહારાષ્ટ્રના સુધારકોના આગ્રહથી રમાબાઈ પોતાની નાની બાળકી મનોરમા સાથે* 1882 *પૂનામાં આવ્યા અને જાહેર જીવનનો પ્રારંભ કર્યો. રમાબાઈ પંડિતાના પૂના આગમનની પૂર્વ સંધ્યાએ મહારાષ્ટ્રના જાહેર જીવનમાં સુરતના ઓલપાડની એક યુવાન બ્રાહ્મણ વિધવાએ પોતાના બાળકની કરેલ હત્યામાં મળેલ મૃત્યુદંડની સજાનો તીવ્ર ઊહાપોહ ચાલી રહ્યો હતો. તિલક 'મરાઠા' જેવા જાહેર સામયિકોથી દંડના સમર્થનમાં તો બીજી તરફ બિન બ્રાહ્મણ જ્ઞાતિના તારાબાઈ શિંદે પોતાના પુસ્તક*

"સ્ત્રી-પુરુષ તુલના"માં વિધવા વિવાહ નિષેધની ઉગ્ર ટીકા કરતા હતા. આ સમયે મહાદેવ રાનડે અને આર.જી. ભંડારકર જેવા સુધારકોની સહાયથી રમાબાઈએ પૂનામાં સ્ત્રીઓના પ્રશ્નો ધ્યાનમાં લઈ 1 મે 1882 માં અને 30 નવેમ્બર 1882 મુંબઈમાં આર્ય મહિલા સમાજની સ્થાપના કરી. પશ્ચિમ ભારતમાં સ્ત્રીઓ માટેની સંસ્થા શરૂ કરનાર તે પ્રથમ સ્ત્રી હતી. આ સંસ્થાનો હેતુ સ્ત્રીઓને વર્ષોથી સહન કરવા પડતા અનિષ્ટો રિવાજો અને અનુચિત કડક પરંપરાઓના આચરણમાંથી મુક્તિ આપવાનો હતો.

1882માં સરકાર દ્વારા એક કમિશનની નિયુક્તિ થઈ. તેમાં ભારતમાં શૈક્ષણિક પ્રશ્નો અને સ્ત્રી શિક્ષણના પ્રશ્નોની ચર્ચા હતી. આર્ય મહિલા વતી રમાબાઈને પોતાના વિચારો કમિશન સમક્ષ વ્યક્ત કરવાનો અવસર મળ્યો. રમાબાઈના આ સુધારણાની ચર્ચા રાણી વિક્ટોરિયા સુધી પહોંચી. જેના આધારે પાછળથી ભારતમાં લેડી ડફરીન દ્વારા "સ્ત્રી મેડિકલ મુવમેન્ટ" શરૂ થઈ. રમાબાઈએ પોતાના વિચારો સમાજમાં ફેલાવવા માટે અને આર્થિક ઉપાર્જન માટે પુસ્તકો અને લેખો લખવા લાગ્યા. મહિલાઓના ઉત્થાનમાં પોતાના વિચારો "સ્ત્રી ધર્મનીતિ" નામના પુસ્તકથી ઉજાગર કર્યા. ઈ.સ.1887માં "ઉચ્ચ કુલીન હિન્દુ વિધવા" નામનો તેમનો લેખ પ્રકાશિત થયો. ઉમા ચક્રવતી કહે છે તેમ 19 મી સદીમાં સંભવતઃ વ્યાખ્યાનો અને લેખનના માધ્યમથી જીવનનિર્વાહ સર્જિત કરનાર તે પ્રથમ સ્ત્રી હતી.

અંગ્રેજી ભાષા શીખવા તથા અંગ્રેજી જ્ઞાન મેળવવા, ત્યાંની શૈક્ષણિક પદ્ધતિ તથા સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ જાણવા માટે તેઓ ઈંગ્લેન્ડ ગયા. પાછળથી તેમણે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો. 1885-86 માં તેમના સંબંધી આનંદીબેન જોષીના પદવીદાન સમારોહમાં આનંદીબેનના આગ્રહથી અમેરિકા પહોંચ્યા. ભારતમાં બાળવિધવાઓને શિક્ષણ આપવા અને એમના માટે આશ્રયગૃહ સ્થાપવા ભંડોળ એકત્રિત કરવાના હેતુથી અમેરિકામાં બે વર્ષના પ્રવાસ દરમ્યાન અનેક પ્રવચનો આપ્યા તથા વિધવાઓની અતિ દુઃખદ પરિસ્થિતિથી માહિતગાર કરવા "The High Caste Hindu Women" પ્રસિદ્ધ કર્યું. વિદેશમાં રહીને રમાબાઈએ કિન્ડરગાર્ડનની, ગૂંથણ, છાપકામ વગેરેની તાલીમ મેળવી હતી. રમાબાઈને સહયોગ અને સાથ આપવા બોસ્ટનમાં એક સંસ્થા "રમાબાઈ એસોસિયેશન"ની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થાનું સંચાલન બિનસાંપ્રદાયિક ધોરણ ઉપર કરવાની શરતે 10 વર્ષ સુધી નાણાકીય સહાય આપવાનું નક્કી થયું. મે 1888 સુધીમાં રમાબાઈને ભંડોળમાં 30 હજાર ડોલર પ્રાપ્ત થઈ જતા તેઓ 1889માં ભારત પરત ફરે છે. આ દિશામાં આગળ વધતા ઈ.સ.1889માં મુંબઈમાં "શારદા સદન"ની સ્થાપના કરવામાં આવી. એમાં મહિલાઓને રહેવા માટે હોસ્ટેલની વ્યવસ્થા અને વિદ્યાલયની સ્થાપના કે જે વિદ્યાલયના છાત્રાલયમાં રહેવાવાળી તથા બહાર રહેવાવાળી મહિલાઓ માટે કરવામાં આવી. આ સંસ્થાનો ઉદ્દેશ ત્યજાયેલી ઊંચા વર્ગની વિધવાઓને તેમાં સમાવવાનો તથા ઊંચા વર્ગની છોકરીઓ અને યુવાન વિધવાઓ તેમાં જોડી કેળવણી આપવાનો હતો. પાછળથી ખર્ચાની બચત માટે અને વધુ અસરકારક વાતાવરણ માટે સંસ્થાને પૂના ખસેડવામાં આવી. 1890માં "શારદાસદન"માં 18ની સંખ્યા હતી, જે

પૂનામાં વધીને 64 ની થઈ. 1900 સુધીમાં 'સદને' 80 મહિલાઓને પ્રશિક્ષિત કરી, જેમને શિક્ષિકા કે નર્સ તરીકેનો વ્યવસાય જીવનનિર્વાહ માટે અપનાવ્યો હતો. થોડા જ સમયમાં ઉપેક્ષિત બાલ વિધવાઓ માટે સન્માનજનક સ્વર્ગના જેવું કર્મસ્થળ બની ગયું. કેટલીક વિધવાઓએ પુનર્વિવાહ પણ કર્યો. પંડિતા રમાબાઈના વિધવાઓની ઉન્નતિ માટે તેમણે કરેલ કામો અને પ્રેરણા માટે તો તેમની પ્રશંસા કરાઈ પરંતુ જ્યારે સદનની કેટલીક હિન્દુ વિધવા બહેનોએ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો ત્યારે તેમની સૌથી વધારે નિંદા કરવામાં આવી. આવી જ નિંદા જ્યારે રમાબાઈએ પોતાના વિદેશ પ્રવાસ દરમ્યાન ઈ.સ. 1883 માં ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો ત્યારે પણ ભારતમાં મોટો ઉહાપોહ થયો હતો. રમાબાઈ દ્વારા ખ્રિસ્તી ધર્મ અંગીકાર માટે તેમનું ભારતમાં હિન્દુ ધર્મની સ્ત્રીઓ ઉપર પડતા દુઃખના કારણે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યાનું કબૂલ્યું હતું. રમાબાઈએ "શારદા સદન"ની સ્થાપના દરમ્યાન સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે આમાં કોઈને ખ્રિસ્તી બનાવવાનો ઉદ્દેશ નથી. આ શાળા કોઈને વટલાવશે નહિ. સેવાસદન શરૂ કરવામાં ખ્રિસ્તી મિશનરીઓના મોટા સહયોગ અને સંપૂર્ણ વાતાવરણ વિચિત્ર મિશનરી ધ્યેયવાળું હોવાથી જે ત્યાં રહેતી મહિલાઓ ઉપર ચોક્કસ અસર પાડી જ શકે. તિલકે "કેસરી"માં આ પ્રવૃત્તિ સામે રમાબાઈની પ્રવૃત્તિ સામે ધ્યાન ખેંચ્યું. ધીમે ધીમે રમાબાઈએ પ્રતિષ્ઠા ગુમાવી અને હિંદુ સમાજમાં અપ્રિય બન્યાં. સદનમાં ધર્માન્તરણ કરવામાં આવે છે એવી અફવાના કારણે ઈ.સ. 1893 માં શારદા સદન બંધ કરવામાં આવ્યું.

રમાબાઈએ પુનાથી 30 માઈલના અંતરે આવેલ ખંડેગાંવમાં "મુક્તિ સદન" સંસ્થા શરૂ કરી. અહીં "રેસ્ક્યુ હાઉસ" પણ શરૂ કરવામાં આવ્યું. મુક્તિ સદનમાં મોટા પ્રમાણમાં છોકરીઓ આવવા લાગી. મુક્તિ સદનમાં સામાન્ય શિક્ષણ ઉપરાંત ઔદ્યોગિક તાલીમ, સીવણ, વણાટ, રસોઈ, ખેતી, બગાયત, છાપકામ લોન્ડ્રી અને ડેરીફાર્મિંગ વગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું. રમાબાઈએ પતિત સ્ત્રી માટે કૃપાસદન, અશક્ત અને માંદાઓ માટે શાંતિ સદન અને દવાખાનાની પણ વ્યવસ્થા કરી. આ ઉપરાંત વૃંદાવન અને અનેક ધાર્મિક સ્થળો ઉપર બ્રાહ્મણ પૂજારીઓ દ્વારા શોષિત મહિલાઓનો અભ્યાસ કરવા રમાબાઈ વૃંદાવન પણ પહોંચ્યા. (આ સંદર્ભમાં મથુરા જેવા પવિત્ર સ્થળમાંઆવી બાબતનું અસ્તિત્વ ન હોવાની દલીલ તિલક મહારાજે કરી હતી.)

આમ, પંડિતા અને સરસ્વતીના સન્માનોથી વિભૂષિત પંડિતા રમાબાઈએ જ્યારે ઈ.સ.1883માં ધર્માન્તર કર્યું. પછીથી પ્રેસ અને સુધારકોના એમના પ્રત્યેના વલણમાં પરિવર્તન આવ્યું પરંતુ 19મી સદીની સ્ત્રીઓના ઉદ્ધાર માટે પંડિતા રમાબાઈ, જ્યોતિબા ફૂલે, રમાબાઈ રાનડે અને આનંદીબાઈ કર્વે વગેરેએ કરેલ અથાગ પરિશ્રમ અને સંઘર્ષને પરિણામે આજે સમાજમાં સ્ત્રીના દરજ્જામાં મોટું પરિવર્તન આવ્યું છે તે વાત નકારી શકાય તેમ નથી.

## 5.5 ગંગાબહેન યાજ્ઞિક

*ઈ.સ. 1868માં ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામમાં મધ્યમ વર્ગના ઔદિચ્ય બ્રાહ્મણ પિતા પ્રાણશંકર જાનીને ત્યાં ગંગાબહેનનો જન્મ થયો. ગંગાબહેનના જન્મ બાદ ત્રણ વર્ષમાંતેમની માતાનું અવસાન થયું. ગંગાબહેનના લગ્ન 9 વર્ષની નાની વયે ગાંધીનગર જિલ્લાના માણસા ગામના શિક્ષક સૂરજરામ જીવતરામ જાની નામના બીજવર સાથે થયાં. લગ્નના ત્રણ વર્ષમાં જ ગંગાબહેન વિધવા થયા. વિધવા કેશ મુંડનનો વિરોધ કરી તેમણે એ પ્રથાને નકારી કાઢી અને કેશ મુંડન કરાવ્યું નહિ. વડીલ બહેન મહાકોરબાએ ગંગાબહેનને ભણાવ્યા. શાળા અભ્યાસ માટે તેઓ વાવોલની પ્રાયમરી શાળામાં આસિસ્ટન્ટ શિક્ષક તરીકે નોકરીએ લાગ્યા. તેમના મહત્ત્વાકાંક્ષી સ્વભાવના લીધે તેઓ "મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનિંગ કૉલેજ"માં અભ્યાસ કરવા અમદાવાદ ગયા. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઈ.સ. 1887માં મહારાણી વિક્ટોરિયાના શાસનને 50 વર્ષ પૂરાં થતાં હોવાથી એ સમયના કડી પ્રાંતના માણસા રાજ્યમાં જ્યુબિલી નિમિત્તે ગુજરાતનાં અન્ય ગામડાંઓની જેમ તે વર્ષે માણસામાં પણ કન્યાશાળાની સ્થાપના થઈ. તે જ વર્ષે ગંગાબહેન આ શાળામાં હેડમિસ્ટ્રેસ બન્યાં. નોકરીના શરૂઆતના વર્ષો તેઓ પોતાના સાસરી પક્ષના સાથે રહેતા પરંતુ અહીં સાસરી પક્ષના મહેણા ટોણાં (ઘરમાં રહેવું હોય તો વિધવા પરંપરા મુજબ કેશમુંડન કરાવો, નોકરી છોડી દો, ઘરકામ શીખો, રોટલી સરખી બનાવો) થી તેઓ કન્યાશાળાના નજીક ભાડે મકાન રાખી રહેવા લાગ્યા અને ઈ.સ. 1937 માં મૃત્યુ પામ્યાં ત્યાં પર્યન્ત એકલાં અટૂલા જ રહ્યા.*

*ગુજરાત વર્નાક્યુલર સોસાયટી દ્વારા આયોજિત "સ્ત્રી વક્તૃત્વ સભા"માં ઘણીવાર તેમણે ભાગ લીધો. 1898ની સ્પર્ધામાં સ્પર્ધકોની યાદીમાં તેમનું નામ પણ છપાયું. ગંગાબહેનના નામ સામે લખ્યું હતુ : "ઔદિચ્ય બ્રાહ્મણ, ઉંમર વર્ષ 30, હેડમિસ્ટ્રેસ કન્યા શાળા, માણસા."*

*ગંગાબહેને 1."વહેમ ખંડન પોથી (અમદાવાદ, 1891) અને 2. દ્વિ સ્ત્રીયા નિષેધ નિબંધ (અમદાવાદ 1892" નામના લખેલ બે પુસ્તકોમાં તેમના વિચારો અને સામાજિક વલણો વ્યક્ત થાય છે. પ્રથમ પુસ્તિકામાં ગંગાબહેને ગુજરાતમાં પ્રવર્તતા વહેમો, અંધશ્રદ્ધા, બાળલગ્નો, રડવાકૂટવાનો રિવાજ અને શ્રાદ્ધમાં અનિષ્ટો તથા સત્તરમા અને અઢારમા સૈકા દરમ્યાન યુરોપમાં પ્રવર્તતી ડાકણ-માર અંધશ્રદ્ધા વિશે, અમાનસી રિવાજ સતી પ્રથા વિશે, આક્રોશ વ્યક્ત કરી વિધવા પુનઃલગ્નના કાયદાને આર્શીવાદરૂપ ગણાવ્યો છે. ગુજરાતના સમાજ સુધારાના આંદોલનનો સંક્ષિપ્ત ઈતિહાસ આપીને દુર્ગારામ મહેતાજીને બિરદાવ્યા છે. ગંગાબહેને પુસ્તકમાં લખ્યું છે કે "વહેમ અને અંધશ્રદ્ધા, જાદુ અને મંત્રતંત્ર જેવા છળકપટો સામે ઝઝૂમનાર દુર્ગારામ મહેતાજી પછી બીજું કોઈ હોય તો તે હું જ છું !" ગંગાબહેને તેમના બીજા ગ્રંથમાં ઘણીવાર પરણનાર બદપુરુષો સામે આક્રોશ વ્યક્ત કરી આ રિવાજનો વિરોધ કર્યો છે.*

ગંગાબહેન માત્ર શિક્ષિકા અને સમાજસુધારક જ નહિ, તેઓ ગુજરાતના સૌ પ્રથમ મહિલા પ્રયોજક હતા. વિધવા થયા બાદ તેમણે આયુર્વેદનો અભ્યાસ કર્યો અને ઈ.સ. 1891માં "હુન્નર વર્ણન" નામના બૃહદ ગ્રંથની રચના કરી. આ પુસ્તકમાં ઔષધો ઉપરાંત સ્વદેશી ઉદ્યોગો વિશે ઉપયોગી માહિતી આપવામાં આવી છે. 1908માં આ પુસ્તકની સાતમી અને 1927 માં તેની આઠમી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ. ગંગાબહેનના ગ્રંથની સાતમી આવૃત્તિનું શીર્ષક "હુન્નર મહાસાગર નિરુધમીને ઉધમ અને નિર્ધનને ધન આપનાર ગ્રંથ" છે. પહેલી આવૃત્તિની જેમ આમાં પણ સાબુ, કાગળ, શરબત, અગરબત્તી, દંતમંજન, મહિલાઓ માટે પાવડર અને ક્રીમ, કાજળ, સુરમો, ચામડી અને વાળને ચમકદાર બનાવવાની રીતો આપવામાં આવી છે. આ ગ્રંથના અંતે ટેક્નિકલ શબ્દોની ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં આપવામાં આવેલ સૂચિગંગાબહેનના અંગ્રેજી ભાષાના જ્ઞાનની પૂર્તિ કરે છે. આ પુસ્તકની 9મી આવૃત્તિ તેની ઉપયોગિતાને ધ્યાને લઈ ઈ.સ. 2003 આઈ.આઈ. એમ.ના પ્રોફેસર અનિલ ગુપ્તાએ પુનઃમુદ્રણ કરાવ્યું.

આ બધાથી ગંગાબહેન મહિલાઓમાં ખૂબ આદર પામે છે. માણસામાં તેઓસ્ત્રીઓના ગર્ભાશયને લગતા રોગોની સારવાર પણ કરતા. ઈ.સ.1897ની આસપાસ તેમણે માણસા "ગર્ભજીવન ઔષધાલય"ની સ્થાપના કરી. જેની શાખા પાછળથી અમદાવાદમાં પણ ખોલવામાં આવી. "ગુજરાતમાં નારી ચેતના"માં શીરીન મહેતા ખાસ ઉલ્લેખ કરે છે કે "ગંગાબહેનનો તેમના વિલમાં પોતાના પુસ્તક "વહેમખંડન પોથી"માં નિષેધ કરેલ શ્રાદ્ધ પોતાના મૃત્યુ બાદ કરવાની ઈચ્છા પ્રગટ કરેલ હતી. આ ઉપરાંત પોતાના મૃત્યુ બાદ કોઈ પણ સ્ત્રી રડે-કૂટે નહિ તેવો વિલમાં આગ્રહ કર્યો. તેમણે પોતાની મિલકત કોઈ પણ સગાઓને આપવાને બદલે તેનો ઉપયોગ "ગર્ભ જીવન ઔષધાલય"ના વિકાસ માટે તથા જ્યુબિલી કન્યાશાળા અને બીજી એક માણસાની શાળાની વિદ્યાર્થીઓને દસ વર્ષ મફત પુસ્તકો વગેરે મળે તેવી ગોઠવણ કરી."

ગંગાબહેન એક શિક્ષિકા, વૈદ્ય, સમાજસુધારક અને તત્કાલીન સમયના લેખિકા તરીકે ઊભરી આવ્યા.

## 5.6 જમનાબાઈ પંડિતા

જમનાબાઈ પંડિતા 19મી સદીના અંતમાં એક સ્ત્રી તરીકેની ચેતના, સંવેદનશીલતાવાળા એવા લખાણો લખ્યા કે ગુજરાતમાં શાંત, સરળ સમાજ-સુધારણાના પ્રવાહોમાં ઝંઝાવાત સર્જ્યો. સ્ત્રીઓની અવદશા અંગે જગતની અડધી વસ્તી ધરાવતા પુરુષ સમાજ-પિતૃસત્તા ઉપર પ્રહારો કરનાર કદાચ તે ગુજરાતની પ્રથમ નારી હતી. જામનગરમાં જન્મેલ જમનાબાઈના જીવન અને કવન વિશે માહિતી આપતા કોઈ ઐતિહાસિક સ્ત્રોતો પ્રાપ્ત થયા નથી, પરંતુ તેમની લેખનશૈલી અને પુસ્તકોમાં રજૂ થતા વિષયવસ્તુથી ડૉ. શિરીન મહેતાએ "ગુજરાતમાં સ્ત્રી ચેતના"માં તેમની ઐતિહાસિક પાત્રતા ઉપજાવવા કેટલાક અનુમાનો બાંધ્યા છે. પંડિતાના હુલામણા નામથી ઓળખાતા જમનાબાઈએ ગુજરાતી સાહિત્ય, ફિલસૂફી,

દર્શન, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્રમાં પારંગત તેમણે ભક્તિ રસથી તરબોળ ભજનો અને કાવ્યો રચ્યા તથા અગત્યના બે પુસ્તકો 1. સ્ત્રી ધર્મ કે જેમ સ્ત્રી ફરજ અથવા સ્ત્રીના સાચા ધર્મ વિશે કે જે 1891માં જામનગરથી પ્રસિદ્ધ થયેલ અને 2. સ્ત્રી પોકાર અથવા અર્ધી દુનિયા સામે લડત - જે 1907માં અમદાવાદની વર્નાક્યુલર સોસાયટી દ્વારા પ્રકાશન કરવામાં આવ્યું.

ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિના જમનાબાઈનો જન્મ આશરે 1860માં ગુજરાતના સૌરાષ્ટ્રના જામનગરમાં થયેલો. જમનાબાઈનો જીવનગાળો 1860 થી 1908 સુધીનો માની શકાય. તેઓ મહિલા સ્કૂલમાં શિક્ષક હતા અને શિક્ષિકાની તાલીમ અમદાવાદની 'મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કૉલેજ'માં લીધી હોય એ વિગત પુરવાર થાય છે. આ સમયે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું સભાપદ પ્રાપ્ત કરનાર તેઓ પ્રથમ મહિલા હતા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી દ્વારા પ્રકાશિત થતા માસિક "બુદ્ધિ પ્રકાશ"ના 1904 ના અંકમાં તેના સભ્યોની યાદીમાં તેમનું નામ હતું.

તેમના બંને પુસ્તકો "સ્ત્રી ધર્મ (1891) અને બીજું સ્ત્રી પોકાર" (1907) બંને તદ્દન વિરોધાભાસી વિચારસરણીવાળા છે. તેમણે સ્ત્રી ધર્મમાં સંપૂર્ણપણે બૃહદ સંસ્કૃતિ, ભારતના યુગવેદ યુગની આર્યસન્નારી, ગૃહપ્રિય દેવાંગના વિચારશૈલી મૂકી છે જ્યારે સ્ત્રી પોકારમાં નારીચેતના, સ્ત્રીઓને સમાજમાં સહેવો પડતો અન્યાય, સ્ત્રીઓની અવદશા અને પુરુષો પ્રત્યેનો આક્રોશ રજૂ કર્યો છે.આ બંને અલગ અલગ વિચારસરણીના આધારે જમનાબાઈના જીવનમાં આ બે પુસ્તકો વચ્ચેના સમયગાળામાં આવેલ મોટા પરિવર્તનો જવાબદાર ગણ્યા છે.

સ્ત્રી ધર્મમાં સ્ત્રીની લજ્જાશીલતા, પતિવ્રતા, સતીત્વમય ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. સાથે સાથે કેટલાક કુરિવાજો જેવા કે બાળલગ્નો, કન્યાવિક્રય, દહેજપ્રથા, દ્વિ સ્ત્રીયાની નિંદા પણ કરી છે તો વળી આ પુસ્તકમાં જમનાબાઈએ શાસ્ત્રોનો આશરો લઈ વિધવા વિવાહનો વિરોધ કરતાં 'પરાશર સ્મૃતિ' અને 'મનુસ્મૃતિ'ને ટાંકી છે તો વિધવા સામે સમાજનું જે વલણ છે તેની સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. ત્યારબાદ 'સ્વજાત' કેન્દ્રીત "સ્ત્રી પોકાર" કે જે 1907 માં રચાઈ. આ સમય દરમ્યાન લગભગ 1890ની આસપાસ પતિનું મૃત્યુ અને પતિના મૃત્યુ બાદ વૈધવ્યકાળના જીવનની નગ્ન વાસ્તવિકતા સમજાઈ. વૈધવ્યકાળમાં આઘાત, બેદરકારી, પીડા, સમાજની નફરતથી અનુભવની એરણ ઉપર "સ્ત્રી પોકાર" લખાય છે. "સ્ત્રી પોકાર"માં પિતૃસત્તા સામેનો પડકાર તેઓ રજૂ કરે છે. આ પુસ્તકની પ્રસ્તાવના લખે છે કે "સ્ત્રીઓની દશા જન્મટીપ પામેલ કેદી જેવી છે… સ્ત્રીની સ્વતંત્રતા ઉપર કુહાડી મારનાર પુરુષ જ છે." અહીં જમનાબાઈ આગળ લખે છે કે, "એ આશ્ચર્યની વાત છે કે સંસાર સુધારો, સ્ત્રી કેળવણીનો ફેલાવો, નાતવશ, બાળવિવાહ વિશેના લખાણોનો નિર્દેશન કરતા રોજેરોજ પુસ્તકો, ચોપાનિયા, વર્તમાનપત્રો જથ્થાબંધ બહાર પડે છે પરંતુ કેમ કોઈ સ્ત્રીઓની પરાધીનતા દૂર કરવાના ઉપાયો વિશે લખતું નથી ?" જમનાબાઈએ સ્ત્રી પોકારમાં વિષયવસ્તુ માટે નાટ્ય સ્વરૂપનો ઉપયોગ કર્યો. તેમણે હિંદુઓની કાલ્પનિક કથાના બે પ્રખ્યાત પાત્રો સરસ્વતી (સ્ત્રી જગતનું પ્રતિક) અને શુકદેવ (પિતૃપ્રધાન

*સમાજ અને પિતૃસત્તાનું પ્રતીક)ના  વાર્તાલાપ દ્વારા સ્ત્રીઓ માટે સામાજિક ચેતના જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો.*

*આમ, નારીવાદી અભિગમથી 19મી સદીના ઉત્તરાર્ધમાં લખાયેલી આ પ્રથમ પુસ્તિકા હતી. (પ્રકાશન 20 મી સદીમાં થયું) જમનાબાઈ બંડખોર હતા પણ ક્રાંતિકારી નહોતા. જમનાબાઈએ "આર્યનારી" અને "આધુનિક નારી"ની વચગાળાની ભૂમિકા નિભાવી. જમનાબાઈના મતે "સ્ત્રી સ્વતંત્રતા એટલે ઘડી કાઢેલ આચારસંહિતામાંથી મુક્તિ, બહાર હવામાં લેવાનો શ્વાસોચ્છવાસ, ગૃહકાર્યની જંજીરમાંથી મુક્તિ, જાહેર જીવનમાં સ્ત્રીઓનો પ્રવેશ અને સ્ત્રી શિક્ષણ આ જ સમાનતા માટે મુખ્ય બાબત હતી.*

## 5.7 સાવિત્રીબાઈ ફૂલે

*3 જાન્યુઆરી 1831 ના રોજ મહારાષ્ટ્રના સતારા જિલ્લાના ખેડાલા તાલુકાના નાયગાંવમાં સાવિત્રીબાઈ ફૂલેનો જન્મ થયો. 9 વર્ષીય સાવિત્રીબાઈના લગ્ન 13 વર્ષીય જ્યોતિબા ફૂલે સાથે થયા. મહાત્મા જ્યોતિબા ફૂલે સ્વયં એક મહાન શિક્ષક, વિચારક, કાર્યકર્તા, સમાજ સુધારક, લેખક, દાર્શનિક, સંપાદક અને ક્રાંતિકારી હતા. લગ્ન સમયે સાવિત્રીબાઈ ભણેલ ન હતા માટે લગ્ન પછી જ્યોતિબાએ એમને લખતા વાંચતા શિખવાડ્યું. આ એ સમય હતો કે જ્યારે શુદ્રો અને સ્ત્રીઓને શિક્ષણનો અધિકાર ન હતો જેથી જ્યોતિબાને પોતાની પત્નીને શિક્ષિત કરવાની મહેચ્છામાં રૂઢિચુસ્ત સમાજને કોઈ શુદ્ર સ્ત્રી શિક્ષણ મેળવે તે મંજૂર ન હતું. અનેક મુશ્કેલીઓ સામે સાવિત્રીબાઈને શિક્ષિત કર્યા.*

*નારી શિક્ષણનો શુભારંભ કરવાના હેતુથી જ્યોતિબા અને સાવિત્રીબાઈએ બ્રાહ્મણ તાત્યાસાહેબ ભિડેની મદદથી 1 જાન્યુઆરી 1848 માં મહારાષ્ટ્રના પૂણેમાં અસ્પૃશ્ય ગણાતી મહાર જ્ઞાતિની છોકરીઓમાં પ્રથમ બાલિકા વિદ્યાલયની સ્થાપના કરી. આકન્યાશાળામાં સાવિત્રીબાઈને શિક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આમ, તેઓ ભારતના પ્રથમ મહિલા શિક્ષક બન્યા હતા. સાવિત્રીબાઈ આ કન્યાઓને અક્ષરજ્ઞાન, પંચતંત્રની નાની નાની વાર્તાઓ દ્વારા વ્યાવહારિક જ્ઞાન, સમાજ-વ્યવસ્થા વિશે સમાજવતી સાવિત્રીબાઈ કહેતા કે* ***"जब तक हम इस बात का ज्ञान नही कर लेते कि मनुष्य एक ही ईश्वर की संतान है, तब तक ईश्वर का सही रुप समझाना कठिन है ।ईश्वर की पहचान की पहली शर्त यह है कि हमें मानना होगा कि हम सभी भाई-भाई है ।"***

*ઈ.સ. 1848 થી ઈ.સ.1852 સુધી સાવિત્રીબાઈ ફૂલેએ તેમના પતિ જ્યોતિબા ફૂલેના સહયોગથી વધુ ને વધુ છોકરીઓને શિક્ષિત કરવાના ઉદ્દેશ્ય સાથે 18 શાળાઓ ખોલી.*

*સાવિત્રીબાઈએ ઘણી સમસ્યાઓનો સામનો કરી કન્યાઓને શિક્ષણ આપવાનું કામ કરતા. આ દરમ્યાન તેમને લોકોના અસહ્ય વિરોધનો સામનો કરવો પડ્યો. જ્યારે તે કન્યાશાળાની કન્યાઓને શિક્ષણ આપવા જતા ત્યારે જન-સમુદાય દ્વારા ગાળો આપવી, પથ્થરોથી માર મારવો, તેમની ઉપર કચરો નાંખવો, કીચડ-ગોબર ફેંકવું*

વગેરેથી તેમનો વિરોધ કરવામાં આવતો. જે દરમ્યાન સાવિત્રીબાઈના કપડાં ઘણાં ગંદા થઈ જતા. પરંતુ શિક્ષણકામ ન અટકે તે માટે સાવિત્રીબાઈ પોતાની સાથે બીજી એક સાડી લઈને નીકળતા અને શાળામાં જઈને બદલી દેતા. 1852માં ફૂલે દંપતિએ "મહિલા સેવા મંડળ"ની શરૂઆત કરી હતી. આ મંડળનો ઉદ્દેશ સમાજમાં મહિલાઓનું સન્માન થાય, સ્ત્રી સશક્ત થાય અને સમાજમાં રહેલ ભેદભાવ અસ્પૃશ્યતા તેમજ બાળવિવાહ પ્રથા દૂર થાય તેવો હતો. ઈ.સ. 1854 માં ફૂલે દંપતિએ એક અનાથ આશ્રમ પણ ખોલ્યો, જે ભારતમાં કોઈ વ્યક્તિ દ્વારા ખોલાવવામાં આવેલ પ્રથમ 'અનાથ આશ્રમ' હતો. 1860 માં તેમણે વિધવા વિવાહની પહેલ કરી જે અંતર્ગત 8 માર્ચના રોજ પૂનામાં ગોખલવાડમાં એક વૈષ્ણવ જાતિની વિધવાના તેમણે લગ્ન કરાવ્યા હતા. તેમણે બ્રાહ્મણ વિધવાઓ પર થતાં અમાનુષી અત્યાચાર રોકવાનું કામ પણ કર્યું. તે જમાનામાં બાળ વિવાહના કારણે નાની ઉંમરની છોકરીઓ વિધવા બનતી અને આ બાળ વિધવાઓને સમાજમાં હડધૂત કરવામાં આવતી. બ્રાહ્મણ વિધવાઓ પોતાના માથે વાળ પણ રાખી શકતી નહીં. વિધવાઓના વાળ ઉતારવા દર મહિને વાળંદ ઘરે આવતો. જે માટે ફૂલે દંપતિએ વાળંદ સમાજની પરિષદ ભરી અને તેમને વિધવાઓના વાળ કાપવાનો વિરોધ કરવા સમજાવ્યા. તેમણે વિધવા પુનઃલગ્નનું સમર્થન કર્યું. ફૂલે દંપતિએ દૂધ પીતીના રિવાજ, ગર્ભપાત, પુરુષો દ્વારા થતાં અત્યાચારો વગેરેનો વિરોધ કર્યો. તેમણે જન્મેલ અવૈદ્ય બાળકો માટે "બાળ હત્યા પ્રબંધક ગૃહ" તેમજ પ્રસુતિગૃહની સ્થાપના પણ કરી હતી. સાવિત્રીબાઈ અને જ્યોતિબા ફૂલેએ 24 સપ્ટેમ્બર 1873 ના રોજ "સત્યશોધક સમાજ"ના સ્થાપક હતા. આ સમાજે વિવિધ રીત-રિવાજો અને કુરિવાજો દૂર કરવા તેમજ મહિલા સશક્તિકરણ માટે પગલાં લીધા.

આમ, સાવિત્રીબાઈ ફૂલેએ સમાજ સુધારક તરીકે ક્રાંતિકારી પગલાં લીધા. તેઓ એક સારા લેખિકા પણ હતાં. તેમણે શિક્ષણ ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે અનેક પરિવર્તનો લાવ્યાં.

## 5.8 તમારી પ્રગતિ ચકાસો

**વિસ્તૃત પ્રશ્નો**

(1) 1857 ના સંગ્રામમાં બે મહિલા ક્રાંતિકારીઓ વિશે વિગતે જણાવો.

(2) ગંગાબહેન યાજ્ઞિકનો જીવન સંઘર્ષ અને સ્ત્રી નેતૃત્વમાં તેમની ભાગીદારી જણાવો.

(3) *સમાજ સુધારણા ક્ષેત્રે પંડિત રમાબાઈ અને જમનાબાઈ પંડિતા વિશે વિસ્તૃત રીતે લખો.*

(4) *સાવિત્રીબાઈ ફૂલે વિશે વિસ્તૃત રીતે લખો.*

❖ **ખાલી જગ્યા પૂરો.**

1. *રાણી લક્ષ્મીબાઈનું મૂળ નામ _______________હતું.*
2. *રાણી લક્ષ્મીબાઈના અંતિમ સમયે _______________અંગ્રેજ અધિકારી સાથે ભારતમાં યુદ્ધ થયું.*
3. *ઝલકારીબાઈ _______________ ની સેનામાં રહી* 1857*ના સંગ્રામમાં ભાગીદારી નોંધાવી.*
4. *"વીરાંગના ઝલકારી" કાવ્યના રચયિતા _______________ હતા.*
5. *આર્ય મહિલા સમાજના સ્થાપક _______________ હતા.*
6. *શારદા સદનની સ્થાપના _______________ એ કરી.*
7. *'વહેમખંડન પોથી'ના લેખક_______________હતા.*
8. *જમનાબાઈ પંડિતાનો જન્મ _______________ થયો હતો.*
9. *'સત્યશોધક સ્થાપક _______________ હતાં.*

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

(1) *મનુ* (2) *સર હ્યુ રોઝ* (3) *રાણી લક્ષ્મીબાઈ*

(4) *બિહારીલાલ હરિત* (5)*પંડિતા રમાબાઈ* (6) *પંડિતા રમાબાઈ*

(7) *ગંગાબહેન યાજ્ઞિક* (8) *સૌરાષ્ટ્રનાજામનગર* (9) *સાવિત્રીબાઈ ફૂલે અને જ્યોતિબા ફૂલે*

## 5.9 સમાપન

19*મી સદી સુધારણાની સદી હતી.* 19*મી સદી પરિવર્તનની સદી હતી અને એનું સૌથી મોટું ઉદાહરણ આ સમયમાં સ્ત્રીઓનું અલગ અલગ ક્ષેત્રે પ્રદાનને આપણે જોઈ શકીએ છીએ, અનુભવી શકીએ છીએ. આ સમયની સ્ત્રી પોતાના હક માટે લડતી થઈ*

*હતી. આ સમયમાં સ્ત્રીઓ શિક્ષિત બની રાજકીય અને સામાજિક કાર્યક્રમોમાં ભાગ લઈ સ્ત્રીઓની અવદશા દૂર કરવા માટે પોતે જ પ્રયત્નશીલ બની હતી. આ દરમ્યાન આવી સ્ત્રીઓને ભલે સમાજનો વિરોધ સહન કરવો પડ્યો પરંતુ મહિલા સશક્તિકરણના તેમના અવિરત પ્રયત્નોથી તેઓ આજે પણ ઈતિહાસના અતિતમાં જીવંત હોય એવી અનુભૂતિ થાય છે.*

## 5.10 ચાવીરૂપ શબ્દો

*ખાલસા નીતિ: લૉર્ડ ડેલહાઉસી દ્વારા રાજ્ય હડપ કે જપ્તી માટેની જે નીતિ અપનાવવામાં આવી. આ નીતિ અંતર્ગત અલગ-અલગ કારણોથી ભારતના અનેક રાજ્યો ખાલસા કરછ બ્રિટિશ હકુમતમાં ભેળવી દીધા હતા.*

## 5.11 સંદર્ભ ગ્રંથ


1. *પ્રતિભા જૈન, સંગીતા શર્મા,* ***"भारतीय स्त्री" (सांस्कृतिक संदर्भ, रावत पब्लिकेशन, जयपुर,*** 1998
2. *બી.એન. ગાંધી ઈતિહાસ : ચરિત્ર અને ચિંતન, જ્ઞાન મંદિર પ્રકાશન, અમદાવાદ,* 2015
3. *મંગુભાઈ પટેલ, સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીઓનો ફાળો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.*
4. *શિરીન મહેતા "ગુજરાતમાં નારી ચેતના" દર્શક ઈતિહાસ નિધિ, અમદાવાદ,* 2009.
5. https://en.m.wikipedia.org/wiki/Jhalkaribai
6. https://www/google.com/amp/s/navbharattimes.indiatimes.com/india/who-is-Jhalkari-4. bai-she- untold-story
7. ***डॉ. सोनल चौधरी, प्रथम महिला शिक्षिका : सावित्रीबाई फूले का योगदान (प्रशस्ति लेख) अधिगम,***2022.
8. ***डॉ. सावित्री तडागी, "सावत्रीबाई फूले-भारत की पहली महिला शिक्षिका एवं समाज सुधारक"*** International Journal of Scientific and Innovative Research Studies (Online *પ્રકાશિત લેખ)*

એકમ : 6

# સ્વાતંત્ર્યના આંદોલનો અને સ્ત્રીઓની ભાગીદારી - સરોજિની નાયડુ, કમલાદેવી ચટ્ટોપાધ્યાય, સુચેતા કૃપલાણી,ઉષાબહેન મહેતા, મણિબહેન પટેલ

:: રૂપરેખા ::


**6.0** ઉદ્દેશ્ય

**6.1** પ્રસ્તાવના

**6.2** સરોજીની નાયડુ

**6.3** કમલાદેવી ચટ્ટોપાધ્યાય

**6.4** ઉષાબહેન મહેતા

**6.5** મણિબહેન પટેલ

**6.6** સુચેતા કૃપલાણી

**6.7** તમારી પ્રગતિ ચકાસો

**6.8** તમારી  પ્રગતિ ચકાસોના જવાબો

**6.9** સમાપન

**6.10** સંદર્ભ ગ્રંથો


## 6.0 ઉદ્દેશ્ય

- *આ પ્રકરણના અભ્યાસ બાદ સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીઓના યોગદાન વિશે જાણી શકીશું.*
- *સરોજીની નાયડુ, કમલાદેવી ચટ્ટોપાધ્યાય, ઉષાબહેન મહેતા, મણિબહેન પટેલ, સુચેતા કૃપલાણી જેવી મહિલાઓએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં દાખવેલ સક્રિયતા વિશે જાણીશું.*
- *સ્વાતંત્ર્ય સંગ્રામમાં અસહકાર આંદોલન, સત્યાગ્રહો, હેમરૂલ ચળવળ વગેરે પણ જાણી શકાશે.*
- *આ મહિલાઓએ કપરી પરિસ્થિતિમાં કયા કયા કામો અને પદો સંભાળ્યા તેના વિશે જાણીશું.*
- *બે ગુજરાતી મહિલાઓ ઉષાબહેન મહેતા અને મણિબહેન પટેલ વિશે પણ વિગતે જાણીશું.*

## 6.1 પ્રસ્તાવના

*ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ભારતમાં અનેક મહાનુભાવો અને ક્રાંતિવીરો અવતર્યા હતા. જેમણે ભારતના રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક ઈતિહાસને પ્રભાવિત કર્યો, ઉજ્જવળ કર્યો. આ સમયની સ્ત્રી કે જેને ઉચ્ચ શિક્ષણ મેળવવું, જાહેર કે રાજકીય કાર્યક્રમોમાં ભાગ લેવો નિષેધ હતો ત્યારે તત્કાલીન સમયની કેટલીય સ્ત્રીઓ પોતાના પરિવારના સહયોગથી ઉચ્ચ શિક્ષણ મેળવી રાજકીય અને સ્વતંત્રતાની લડતમાં પોતાનું વિશેષ યોગદાન આપ્યું. એવી કેટલીય અગણિત મહિલાઓમાંથી સ્વતંત્રતા આંદોલન ક્ષેત્રે પોતાનું તન-મન-ધન ન્યોછાવર કરેલ કેટલીક મહિલાઓ વિશે અભ્યાસ કરીએ.*

## 6.2 સરોજીની નાયડુ

*હિંદના બુલબુલ તરીકે જાણીતા હિંદની સ્વાતંત્ર્ય લડત દરમ્યાન બની રહેલાં એક અગ્રણી, સક્રિય સ્ત્રી નેતા અને સ્ત્રીઓની ઉન્નતિમાં ફાળો આપનાર શ્રીમતિ સરોજીની નાયડુનો જન્મ હૈદરાબાદમાં ઈ.સ. 1879માં 13 ફેબ્રુઆરીએ થયો હતો. સરોજીનીના પિતા અઘોરનાથ ચટ્ટોપાધ્યાય એક વૈજ્ઞાનિક દાર્શનિક, સમાજસુધારક અને કેળવણીકાર હતા. પિતા અઘોરનાથે ઈ.સ. 1877 માં એડીનબર્ગમાંથી ડૉક્ટર ઑફ સાયન્સની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. હૈદરાબાદમાં તેમણે નિઝામ કૉલેજની સ્થાપના પણ કરી. તેઓ સ્ત્રીશિક્ષણના હિમાયતી હતા. જ્યારે માતા વરદસુંદરી એક કવયિત્રી હતા.*

*આ માતા-પિતાના ચાર સંતાનોમાં એક સરોજીની બાર વર્ષની ઉંમરે ઈ.સ. 1891 માં સરોજીનીએ મદ્રાસ પ્રેસિડેન્સની મેટ્રિકની પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે આવ્યા. સરોજીનીએ ઉચ્ચ શિક્ષણ ઈંગ્લેન્ડમાં પ્રાપ્ત કર્યુ. તેઓ આ સમયે સાહિત્યના ભારે શોખીન હતા. તેમના વિશાળ વાંચનના લીધે તેઓ અંગ્રેજીમાં સુંદર કાવ્યો લખતા. તેમની લાંબી કવિતાઓ માટે તેમને 'લેડી ઑફ ધ લેક'નું ઉપનામ પણ મળ્યું. તેઓ નાટકો પણ લખતા.*

*સરોજીની નિઝામના મેડિકલ ઓફિસર અને આંધ્રપ્રદેશની કહેવાતી શુદ્ર જાતિના ડૉ. મુથ્યલું ગોવિંદારાજુલુ નાયડુના પરિચયમાં આવ્યા તથા તેમના પ્રેમમાં પડ્યા. બંગાળી બ્રાહ્મણ હોવા છતાં 19 વર્ષની વયે ઈ.સ. 1898 માં એમણે ડૉ. નાયડુ સાથે સિવિલ મેરેજ કર્યા. તેઓ ઈ.સ. 1903 થી 1917 સુધી ગોપાલકૃષ્ણ ગોખલે, ગાંધીજી, મોહમ્મદઅલી ઝીણા, જવાહરલાલ નહેરૂ અને એનીબેસન્ટના સંપર્કમાં આવ્યા. અનુયાયી બની ગાંધીજીની નેતાગીરી નીચેની પ્રત્યેક રાષ્ટ્રીય લડતમાં અગ્ર ભાગ લીધો. ઈ.સ.1919માં "હોમરૂલ લીગ"ના એમ્બેસેડર તરીકે તેઓ ઈંગ્લેન્ડ ગયા. 1920ની ગાંધીજીની અસહકારની ચળવળમાં તેઓ સક્રિય રીતે જોડાયાં. તેમની કાનપુર કૉંગ્રેસના અધિવેશનમાં ઈ.સ. 1925 માં પ્રમુખ તરીકે વરણી થઈ. આમ, તેઓ ભારતીય કૉંગ્રેસનું પ્રમુખપદ મેળવનાર પ્રથમ સ્ત્રી નેતા હતાં. ઈ.સ. 1930 ની*

*સવિનય કાનૂનભંગ લડતમાં સક્રિય રહ્યાં. અહીં ગાંધીજી અને અબ્બાસ તૈયબજીની ધરપકડ થઈ પછી ધરાસણામાં સરોજીનીએ આ સત્યાગ્રહનું સુકાન સંભાળી લીધું.*

*લંડનમાં યોજાયેલી બીજી ગોળમેજી પરિષદમાં ગાંધીજી સાથે પણ ભારતીય મહિલા પ્રતિનિધિ તરીકે તેઓ હાજર રહ્યાં હતાં. 1942 ની "હિન્દ છોડો"ની ચળવળની શરૂઆતમાં કૉંગ્રેસના અન્ય નેતાઓની સાથે તેમની ધરપકડ કરવામાં આવી અને ગાંધીજી સાથે તેમને પૂનાના આગાખાન મહેલમાં કેદ રાખવામાં આવ્યા. હૈદરાબાદમાં પ્લેગ દરમ્યાન એમણે બજાવેલી કામગીરીના સંદર્ભે એમને "કૈસરે હિંદ"નો ખિતાબ આપવામાં આવ્યો હતો. ઓલ ઇન્ડિયા વિમેન્સ કૉન્ફરન્સની સ્થાપનાના પ્રણેતા સરોજીની જ હતા. ઈ.સ. 1947માં એશિયા રિલેશન્સ કૉન્ફરન્સની કાર્યવાહક સમિતિના પદે પણ તેઓ રહી ચૂક્યા હતા. સ્વતંત્ર ભારતમાં ઉત્તર પ્રદેશના ગવર્નર તરીકે તેમની નિયુક્તિ થઈ હતી. આમ, સ્વતંત્ર ભારતમાં ગવર્નરનું પદ મેળવનાર શ્રીમતિ સરોજીની નાયડુ પ્રથમ સ્ત્રી નેતા હતા. ઈ.સ. 1949 માં 2જી માર્ચે એમના લખનૌ કાર્યાલયમાં 70 વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું. સરોજીની પ્રથમ કોટિનાં રાષ્ટ્રનેતા, આગેવાન સમાજ સેવિકા અને સ્ત્રીવ્યક્તિત્વ ભારતની સ્ત્રીઓ માટે પ્રેરણારૂપ બની રહ્યાં.*

## 6.3 કમલાદેવી ચટ્ટોપાધ્યાય

3 *એપ્રિલ* 1903 *માં દક્ષિણ કર્ણાટકના મૅથલુરૂમાં એક સમૃદ્ધ સારસ્વત કુટુંબમાં કમલાદેવી ચટ્ટોપાધ્યાયનો જન્મ થયો. પિતા મદ્રાસ નાગરિક સેવાઓમાં ઉચ્ચ અધિકારી પદે હતા. એમનું શિક્ષણ મેંગ્લોરમાં કેથોલિક કોન્વેન્ટમાં અને સેંટ મેરી કૉલેજમાં થયું. ઉચ્ચ શિક્ષણ એમણે બેલ્ફર્ડ કૉલેજ અને લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં લીધું હતું. તેમના લગ્ન નાની ઉંમરે થયા અને લગ્નના ટૂંક સમયમાં જ વિધવા થઈ ગયા. આ સમયે તત્કાલીન પ્રવર્તતી રૂઢિચુસ્તતાને ફગાવી દઈ સરોજીની નાયડુના ભાઈ હરિન્દ્રનાથ ચટોપાધ્યાય (પ્રસિદ્ધ કવિ, નાટકકાર, અભિનેતા) સાથે તેઓ લગ્ન સંબંધમાં જોડાયાં. પોતાના પતિ સાથે યુરોપમાં મોટા પાયા ઉપર પ્રવાસ ખેડી કલાકારોને મળ્યા અને નાટ્યગૃહોનો અભ્યાસ કર્યો. ભારતમાં આવી પતિ સાથે તેમણે કલાત્મક નાટકો તૈયાર કર્યા.*

*તેમની ઉપર ગાંધીજી, જવાહરલાલ નહેરુ, સરોજીની નાયડુ અને કસ્તુરબાનો ખૂબ મોટો પ્રભાવ હતો જે તેમને સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય ભાગ લેવા માટે દોરી લાવ્યો. લંડનમાં નિવાસ દરમ્યાન ભારતમાં અસહકારની ચળવળ શરૂ થઈ અને તેઓ આ ચળવળમાં જોડવા માટે લંડન છોડી ભારત આવ્યા. તેઓ સેવાદળમાં જોડાણા. સેવાદળના સ્વયંસેવક તરીકે કમલાદેવીએ દેશસેવાના શપથ લીધા હતા. તેઓ ઘણીવાર જેલમાં જઈ આવ્યા. તેઓને ખેતીને લગતી સમસ્યામાં રસને લીધે સામંતશાહી પદ્ધતિનો અંત આવે તેવું ઈચ્છતા હતા. ગરીબો, મજૂરો અને ખેડૂતો પ્રત્યે રાષ્ટ્રવાદી નેતાઓના અસંતુષ્ટ ભર્યા વલણ લાગતા તેઓ ઈ.સ. 1942માં સમાજવાદી પક્ષમાં જોડાયા. તેમણે મજૂરોના સંગઠનો માટે સક્રિય કામગીરી બજાવી તથા*

*કામદારોની ચળવળને વેગીલી બનાવવામાં ફાળો આપ્યો. સ્ત્રીઓની ચળવળના તેઓ અગ્રણી નેતા હતા. તેઓ "અખિલ હિંદ મહિલા પરિષદ"માં સંગઠન મંત્રી, નાયબપ્રમુખ અને પ્રમુખ રહ્યા. તેઓએ રંગાટી કામમાં પણ ઊંડો રસ લીધો. હિંદના સહકારી સંઘના તેમજ અખિલ હિંદ હસ્તકલા બૉર્ડના પ્રમુખ અને વિશ્વ હસ્તકલા કાઉન્સિલના નાયબ પ્રમુખ રહ્યાં. રાજકીય તેમજ સામાજિક સાંસ્કૃતિક ક્ષેત્રમાં તેમણે આગવા પદો સંભાળ્યા. તેમના પ્રમુખપદે ઈ.સ.* 1929 *માં અમદાવાદમાં મુંબઈ પ્રેસિડન્સી યુથ કૉન્ફરન્સ મળી હતી. તેઓ બાળ લગ્નના પણ વિરોધી હતાં. તે માટે સક્રિય પ્રયત્નો કર્યા.*

*તેઓ સ્વતંત્રતા માટે સ્વયંસેવકોની છાવણી અને સ્ત્રીઓની તાલીમના ખાસ હિમાયતી હતાં. તેઓએ સ્ત્રીઓને સત્યાગ્રહમાં જોડેલી રાખવા માટે જવાહરલાલ નહેરુને એક પત્ર લખી સ્ત્રીઓ હિંદની રાષ્ટ્રીય ચળવળ સમજી શકે તેવા અભ્યાસ વર્તુળ ઊભા કરવા સૂચવ્યું. સમાજવાદી પક્ષમાં જોડાયા પછી તેમણે મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક નેતૃત્વ અને એમની ભાવનાઓની કેટલેક અંશે ટીકા પણ કરી હતી. ઈ.સ.*1946*માં એમની બંધારણીય એસેમ્બલીના સભ્યપદે નિમણૂંક કરવામાં આવી.*

*તેમણે ભારતની સ્વદેશી કલા અને શિલ્પને સરખા પ્રમાણમાં પ્રોત્સાહન આપ્યું અને ઉચ્ચ કોટિના શિલ્પકારો માટે રાષ્ટ્રીય પુરસ્કાર સ્થાપિત કર્યા. તેમણે કુટીર ઉદ્યોગ, થિયેટર ક્રાફ્ટ મ્યુઝિયમ, નાટ્ય અને નૃત્યકલા સંસ્થાનની સ્થાપના કરી. તેમણે અખિલ ભારતીય હસ્તશિલ્પ બૉર્ડની સ્થાપનામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. તેઓ વિશ્વ શિલ્પ પરિષદ, એશિયા પ્રશાંત ક્ષેત્ર, સંગીત નાટક અકાદમી વગેરે સંસ્થામાં અધ્યક્ષ અને યુનેસ્કોના સભ્ય રહી ચૂક્યાં હતાં. ભારત સરકાર દ્વારા તેમને પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણ પુરસ્કારથી સંગીત નાટક અકાદમીનો સર્વોચ્ચ પુરસ્કાર, હસ્ત શિલ્પના પ્રોત્સાહન માટે યુનેસ્કો દ્વારા પુરસ્કાર વગેરે જેવા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં.*

*આમ, કમલાદેવી ચટ્ટોપાધ્યાય એક સમાજ સુધારક, સ્વાતંત્ર્ય સેનાની અને હસ્તકલાને પ્રોત્સાહિત કરનાર ભારતની એક વિદૂષી મહિલા હતાં.*

## 6.4 ઉષાબહેન મહેતા

25 *માર્ચ* 1920*માં સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના "સરસ" ગામમાં ઉષાબહેનનો જન્મ થયો. માધ્યમિક શિક્ષણ ભરૂચ અને મુંબઈ તથા મુંબઈની વિલ્સન કૉલેજમાંથી તેઓ ફિલોસોફી વિષય સાથે યુનિવર્સિટીમાં પ્રથમ નંબરપ્રાપ્ત કરી બી.એ. થયા.ન્યાયાધિશ પિતાના આગ્રહથી તેમણે એલએલ.બી.ની પરીક્ષા પણ આપી.*

*નાનપણથી જ સ્વતંત્રતાને રંગે રંગાયેલા ઉષાબહેન નાના હતાં ત્યારે ભરૂચમાં* 1930*ના મીઠાના સત્યાગ્રહમાં બાળકોની વાનરસેનામાં જોડાયેલા અને પકડાયેલા. સભા, જુલુસ, રેલીમાં એવા તો ઓતપ્રોત થઈ ગયા કે તેમણે પોતાનો અભ્યાસ પણ છોડી દીધો.* 8*મી ઓગસ્ટના મુંબઈના ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં "હિંદ છોડો"નો ઠરાવ*

પસાર થયો ત્યારે સ્વયંસેવિકા તરીકે તે ઉપસ્થિત હતાં. 9મી ઓગસ્ટે, વહેલી સવારે કૉંગ્રેસના ટોચના નેતાઓની અંગ્રેજોએ ધરપકડ કરી ત્યારે ગાંધીજીને આદેશ મુજબ સૌએ ફાવે તે રીતે લડત ચાલુ રાખેલી. ઉષાબહેને શ્રી બાલુભાઈ ખાચર અને શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરી દ્વારા આ સમયમાં આઝાદી રેડિયો સ્ટેશનની સ્થાપના કરવામાં આવી. 13 ઓગસ્ટ,1942 ના દિવસે લોકોને તેમના રેડિયો પર પહેલીવાર, અંગ્રેજોના હકુમત વગરની વાણી, "યહ કૉંગ્રેસ રેડિયો હૈ" એવી ઉદ્‌ઘોષણા સાંભળવા મળી. આમાં રાષ્ટ્રભક્તિના ગીતો, નેતાઓના ભાષણોની ટેપ તથા રાષ્ટ્રગીત "વંદે માતરમ્" વગાડવામાં આવતું. ઉષાબહેન અને તેમના સાથીઓ અંગ્રેજોની નજરથી બચવા દરરોજ પ્રસારણનું સ્થળ બદલતા હતા. ધીમે ધીમે રાષ્ટ્રીય નેતા રામમનોહર લોહિયા, અરૂણાઆસફઅલી વગેરે આ રેડિયો સ્ટેશનમાં જોડાઈ ભાષણો આપવા લાગ્યા. સુભાષચંદ્ર બોઝ પણ સિંગાપોરમાં નિયમિત કૉંગ્રેસ રેડિયો સાંભળતા. એન્જિનિયર ટ્રાન્સમીટર દ્વારા અંગ્રેજોને રેડિયો સ્ટેશનની બાતમી આપી દેતા આ રેડિયો સ્ટેશન બંધ થઈ ગયું. સને 12-10-1942ના દિવસે તેમની ધરપકડ કરવામાં આવી. તેમને ચાર વર્ષની સખત કેદની સજા થઈ. ઉષાબહેનને યરવડા જેલમાં મોકલવામાં આવ્યા.ઈ.સ. 1946માં ચાર વર્ષની જેલની આકરી સજા પૂરી કરીને તેઓ બહાર આવ્યા. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ તેમનીવિલ્સન કૉલેજમાં ફિલોસોફી વિષયના અધ્યાપક તરીકે નિમણૂંક થઈ. "મહાત્મા ગાંધીની રાજકીય ફિલસૂફી" વિષય ઉપર તેમણે ઈ.સ. 1953માં મુંબઈ યુનિવર્સિટીથી પીએચ.ડી. ડિગ્રી મેળવી. ત્યારબાદ તેઓ વિદેશમાં પણ અભ્યાસગમન કર્યુ. પ્રખર ગાંધીવાદી પ્રોફેસર ઉષા મહેતા ગાંધી સંસ્થાનો સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા રહ્યાં.મુંબઈમાં ગાંધીજીના સ્મૃતિચિન્હો જાળવતી મુંબઈ સ્થિત સંસ્થા 'મણિભવન અને ગાંધી સંગ્રહાલય'ની વ્યવસ્થાપક તરીકે કાર્યરત રહ્યા અને ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી પણ બન્યાં.

આમ, પ્રખર ગાંધીવાદી સ્વાતંત્ર્ય સેનાની પ્રો.ડૉ. ઉષા મહેતાને ભારત સરકાર દ્વારા 'પદ્મવિભૂષણ'ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં.

## 6.5 મણિબહેન પટેલ

આઝાદીમાં એવા કેટલાય નાયક-નાયિકાઓ હતી જે પડદા પાછળ રહીને કામ કરતી. જેથી તેમની કામગીરીની નોંધ સરોજીની નાયડુ કે મીઠુબહેન પેટિટનીજેમ નથી લેવાઈ. આવી જ સ્વાતંત્ર્ય સેનાની મણિબહેન વલ્લભભાઈ પટેલ. મણિબહેનનો જન્મ 3 એપ્રિલ, 1903ના રોજ ગુજરાતના કરમસદ ખાતે થયો. પિતા વલ્લભભાઈ પટેલ જે પાછળથી ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન, "ગૃહ પ્રધાન", "લોખંડી પુરુષ", "સરદાર" વલ્લભભાઈ પટેલ તરીકે ઓળખાણા. માતાનું નામ ઝવેરબેન હતું. મણિબહેનની છ વર્ષની આયુષ્યમાં જ માતાનું અવસાન થયું. મણિબહેન અને તેમના ભાઈના ઉછેરની અને અભ્યાસની જવાબદારી કાકા વિઠ્ઠલભાઈએ ઉપાડી લીધી. તેમણે પ્રાથમિક અભ્યાસ મુંબઈની અંગ્રેજી માધ્યમની શાળા, ત્યારબાદ અમદાવાદ આવી ગૂજરાત વિદ્યાપીઠથી સ્નાતકની પદવી પ્રાપ્ત કરી.

સ્નાતક થયા બાદ 1917માં અમદાવાદમાં મહામારી વખતે અને દુષ્કાળની પરિસ્થિતિ દરમ્યાન તેઓ લોકસેવાના કામ કરતા રહ્યાં. 1923-24 ના બોરસદ સત્યાગ્રહથી મણિબહેન વિધિવત્ રીતે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા. આ સત્યાગ્રહ વખતે મણિબહેને પ્રયત્નો દ્વારા ગાંધીજીના માર્ગદર્શનમાં મહિલાઓને જોડવાનું કામ કર્યું. 1928 માં ખેડૂતો પર નાખવામાં આવેલા આકરા કર સામેના બારડોલી સત્યાગ્રહમાં પણ મણિબહેનના પ્રયાસોથી મહિલાઓની સંખ્યા પુરુષો કરતા વધારે જોવા મળી. મણિબહેન આ દરમ્યાન મહિલાઓને મોટી સંખ્યામાં જોડવાની સાથે, જનજાગૃતિ, પરદેશી માલની હોળી, નશાબંધી, પિકેટીંગ, શિક્ષણકાર્ય વગેરે પ્રકારના કાર્ય કરતા. 1930ના મીઠાના સત્યાગ્રહમાં પરદેશી માલનો બહિષ્કાર અને સ્વદેશી માલનો પ્રચાર તેમનું મુખ્ય કામ હતું. આ સમયે અમદાવાદના કપડાંની દુકાન ઉપર પિકેટીંગ કરતા સમયે એમની ધરપકડ થઈ અને 25 મહિનાની જેલ થઈ. મણિબહેન 1930 થી 42 દરમ્યાન મુંબઈ રાજ્યની સૌથી મોટી જેલો જેવી કે સાબરમતી, યરવડા, થાણા, આર્થર રોડ જેલ, હિંગલગા જેલના કેદી રહી ચૂક્યા હતાં. રાજકોટના સત્યાગ્રહ દરમ્યાન પણ તેઓની ધરપકડ કરવામાં આવી હતી. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં તેમની ધરપકડ થઈ હતી. 1942 માં હિંદ છોડો આંદોલનમાં પણ તેઓ સક્રિય હતા અને તેમની ધરપકડ થઈ હતી. 1946 માં પણ સરકાર વિરોધી પ્રવૃત્તિઓ માટે તેમની ધરપકડ થયેલ.

1930 થી 1950 સુધી એટલે કે સરદારના મૃત્યુ સુધી મણિબહેન પોતાના પિતાના અંગત મંત્રી અને સચિવ તરીકેની ભૂમિકા નિભાવી. મણિબહેન પોતાના અને પોતાના પિતાનાં ખાદીના કપડાં જાતે સીવતા હતાં અને ટ્રેનનાં થર્ડ ક્લાસમાં મુસાફરી કરતા હતા. એક થીંગડાવાળી ખાદીની સાડી પહેરનાર મણિબહેન ખૂબ સાદું જીવન જીવતા. તેઓ પિતાથી વધારે ગાંધીજીથી નજીક હતા.

આઝાદી બાદ તેઓ કેટલાય ટ્રસ્ટના ટ્રસ્ટી બન્યાં. વિદ્યાનગર સંચાલન મંડળમાં રહી ચૂક્યા. ગૂજરાત વિદ્યાપીઠની સમિતિના નિયામક અને પાછળથી ટ્રસ્ટી, અનેકવાર અલગ અલગ જગ્યાએથી સાંસદ તરીકે રહી ચૂક્યાં હતાં.

આજીવન દેશ સિવાય બીજા કશાનો વિચાર ન કરનાર મણિબહેને ઈ.સ. 1990 માં આ દુનિયાને અલવિદા કીધા. ક્યારેય પોતાની પ્રસિદ્ધિ માટે કામ ન કરનાર મણિબહેન એટલે જ સરદારના અંગત મદદનીશ અને અને સાદાઈની મૂર્તિ તરીકે ઓળખાયા પરંતુ તેઓની સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન માભોમની સ્વતંત્રતા માટે કરેલી પુષ્કળ કામગીરીથી તેઓ સ્વાતંત્ર્ય સેનાની તરીકે પણ ઓળખાયાં.

## 6.6 સુચેતા કૃપલાણી

ઈ.સ. 1908માં સુચેતા કૃપલાણીનો જન્મઅંબાલા (હરિયાણા)માં થયો હતો. પિતા સુરેન્દ્રનાથ મજુમદાર એક મેડિકલ ઓફિસરના રૂપમાં કામ કરતા હતા. લાહોરની વિમેન્સ કૉલેજમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી અને દિલ્હીની કૉલેજમાંથી એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. તેઓએ શરૂઆતમાં બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં અધ્યાપનનું

*કામ કર્યુ. ગાંધીવાદી વિચારસરણીના હિમાયતી અને રાષ્ટ્રીય કૉંગ્રેસના સભ્ય તરીકે રાજકીય કારકિર્દી પ્રાપ્ત કરી તથા મહિલા પાંખના સ્થાપક મંત્રી બન્યા. તેમણે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના એક પ્રમુખ વ્યક્તિ એવા જે.બી. કૃપલાણી સાથે લગ્ન સંબંધે જોડાયા. તેઓ અરુણા આસફઅલી અને ઉષા મહેતાની જેમ ભારત છોડો આંદોલનમાં સૌથી આગળની હરોળ રહી કામ કર્યુ અને જેલમાં ગયાં. આ ઉપરાંત ભારત-પાકિસ્તાનના ભાગલા સમયે દેશમાં વ્યાપક પ્રમાણમાં કોમી તોફાનો થયાં ત્યારે કોમી એકતા તથા શાંતિ સ્થાપવા જ્યારે ગાંધીજીએ નોઆખલીનો પ્રવાસ ખેડ્યો ત્યારે સુચેતાજી ગાંધીજી સાથે પ્રવાસમાં જોડાયાં. 1947 માં કૉંગ્રેસ કાર્યકારણીના સભ્ય તથા 1959 માં મંત્રી તરીકે નિમાયા. તેઓ 1963 માં ઉત્તર પ્રદેશ રાજ્યના પહેલા મહિલા સીએમના રૂપમાં પસંદગી પામ્યાં. આમ, આઝાદી પછી પણ રાજનીતિ સાથે જોડાયેલા રહ્યાં. ઈ.સ. 1969 માં જ્યારે કૉંગ્રેસનું વિભાજન થયું ત્યારે એમને મોરારજી દેસાઈ ગુટની સાથે પાર્ટી છોડી દીધી અને એનસીઓનનું ગઠન કર્યુ. ગાંધીવાદના સંનિષ્ઠ હિમાયતી તરીકે પાયાની કેળવણી તથા ગૃહઉદ્યોગોના વિકાસ પર તેમણે સતત ભાર મૂક્યો હતો.*

*સ્વાતંત્ર્ય સેનાની, રાજનીતિજ્ઞ અને ભારતનાં પહેલાં મહિલા મુખ્યમંત્રી સુચેતા કૃપલાણીજી ઈ.સ. 1974માં મૃત્યુ પામ્યા.*

## 6.7 તમારી પ્રગતિ ચકાસો

**(અ) એક વાક્યમાં જવાબ આપો.**

1. *હિંદના 'બુલબુલ' તરીકે કોણ ઓળખાય છે ?*

2. *સ્વતંત્ર ભારતમાં સૌ પ્રથમ ઉત્તર પ્રદેશ રાજ્યમાં ગવર્નર (રાજ્યપાલ) તરીકે કોની વરણી થઈ હતી ?*

3. *કમલાદેવી ચટોપાધ્યાયનો જન્મ કર્ણાટક રાજ્યનાં કયા શહેરમાં થયો હતો ?*

4. *ઉષાબહેન મહેતાને ભારત સરકાર દ્વારા કયો એવોર્ડ આપવામાં આવેલ છે ?*

5. મણિબહેન પટેલના માતા-પિતાનું નામ જણાવો.

6. સુચેતા કૃપલાણીજીએ અધ્યાપનનું કામ સૌ પ્રથમ કઈ વિશ્વવિદ્યાલયમાં કર્યુ હતું?

7. ઈ.સ.1919 માં 'હોમરૂલ લીગ'ના એમ્બેસેડર તરીકે ઈંગ્લેન્ડ જનાર સૌ પ્રથમ કોણ હતું ?

8. મજૂર સંગઠન તેમજ કામદારોની ચળવળને વેગ આપનાર કોણ હતું ?

9. ઉષાબહેન મહેતાનો જન્મક્યાં થયો હતો ?

10. સુચેતા કૃપલાણીનો જન્મ હરિયાણા રાજ્યનાં કયા શહેરમાં થયો હતો ?

## 6.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(1) સરોજીની નાયડુ (2) સરોજીની નાયડુ (3) મૅંગલુરૂ

(4) પદ્મવિભૂષણ (5) માતા-ઝવેરી પિતા-સરદાર વલ્લભભાઈ પટેલ

(6) બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય (7) સરોજીની નાયડુ

(8) કમલાદેવી ચટ્ટોપાધ્યાય (9) સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના 'સરસ' ગામમાં (10) અંબાલા

1-e 2-d 3-c 4-b 5-a

**(અ) સવિસ્તાર પ્રશ્નોના જવાબ આપો.**

(1) સ્વાતંત્ર્ય આંદોલનમાં સ્ત્રીઓની ભાગીદારી તરીકે સરોજીની નાયડુનું પ્રદાન શું હતું ? વિસ્તૃત ચર્ચો.

(2) *કમલાદેવી ચટ્ટોપાધ્યાયનું શિક્ષણ અને સ્વાતંત્ર્ય ચળવળમાં રહેલું તેમનું પ્રદાન સવિસ્તાર જણાવો.*

(3) *ઉષાબહેન મહેતા અને મણિબહેન પટેલ આ બે ગુજરાતી નારીઓએ સ્વાતંત્ર્ય સેનાની તરીકે કઈ રીતે ભાગ ભજવ્યો ?સમજાવો.*

(4) *રાજકીય કારકિર્દીથી લઈ 'ભારત છોડો આંદોલન' સુચેતા કૃપલાણીની સક્રિયતા કેવી રીતે રહી ? સવિસ્તાર ચર્ચો.*

**જોડકાં જોડો.**

| *(અ)* | *(બ)* |
|---|---|
| (1) *'લેડી ઑફ ધ લેક'* | (a) *સુચેતા કૃપલાણી* |
| (2) *કમલાદેવી ચટ્ટોપાધ્યાય* | (b) *પિતાના મદદનીશ અને અંગત સચિવ* |
| (3) *બાળકોની વાનરસેનામાં જોડાયેલ* | (c) *ઉષાબહેન મહેતા* |
| (4) *મણિબહેન પટેલ* | (d) *નાટ્યગૃહોનો અભ્યાસ કરનાર* |
| (5) *ઉત્તરપ્રદેશના પ્રથમ* CM | (e) *સરોજીની નાયડુ* |

## 6.9 સમાપન

1857 *ના સ્વાતંત્ર્ય સંગ્રામ પછી પણ મહિલાઓએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાનું સર્વશ્રેષ્ઠ આપ્યું. તેમની સક્રિયતા, સંઘર્ષ અને નેતૃત્વએ ચોક્કસપણે સ્વાતંત્ર્યની*

*લડતમાં મહત્ત્વની ભૂમિકા પૂરી પાડી. આમાંની કેટલીક મહિલાઓ તો બીજી મહિલાઓને લડતમાં જોડવા માટે પ્રોત્સાહિત કરી એક નવી મિશાલ ઊભી કરી. પાટા ઉખાડવા, પેકેટીંગ કરવું, સભાઓ ભરવી, જેલ જવું, સરઘસોમાં જોડાવું વગેરે જેવી પ્રવૃત્તિઓથી આ મહિલાઓ આજે પણ ઈતિહાસના પાના પર અમર છે.*

## 6.10 સંદર્ભ ગ્રંથો


1. *જયા મહેતા, સરોજીની નાયડુ, પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, મુંબઈ,* 2010.
૨. *ઉષાબહેન ભટ્ટ "આધુનિક ભારતમાં સ્ત્રી જાગૃતિનો ઉદ્ભવ અને વિકાસ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ,* 1985.
૩. *ધારૈયા રમણલાલ "આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો* ખંડ-2 *યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ.*
૪. https://en.m.wikipedia.org/wiki/kamaladevi_chattopadhyay
5. *બેલા ઠાકર "નારી પ્રતિભાઓ", ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ,* 1999.
६. ***सैयद रफीका सुलताना "राष्ट्रीय आंदोलन में गुजरात की महिलाओं का योगदान, रिलायबल पब्लिकेशन हाउस, अहमदाबाद,*** 2013.

**એકમ : 7**

# સ્ત્રી સંગઠનો - વનિતા વિશ્રામ સુરત - અમદાવાદ (1907) હિંદ સ્ત્રી મંડળ (1911) ઓલ ઈન્ડિયા વિમેન્સ કૉન્ફરન્સ (1927)

**:: રૂપરેખા ::**


**7.0** ઉદ્દેશો

**7.1** પ્રસ્તાવના

**7.2** વનિતા વિશ્રામ સુરત - અમદાવાદ (1907)

**7.3** હિંદ સ્ત્રી મંડળ (1911)

**7.4** ઓલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સ - 1929

**7.5** હિંદુ સ્ત્રી મંડળ

**7.6** તમારી પ્રગતિ ચકાસો

**7.7** સમાપન

**7.8** સંદર્ભ ગ્રંથ


## 7.0 ઉદ્દેશો

- *વનિતા વિશ્રામ સુરત અને અમદાવાદ વિશે જાણીશું.*
- *સ્ત્રી સંગઠનો - હિંદ સ્ત્રી મંડળ વિશે જાણીશું.*
- *ઓલ ઈન્ડિયા વિમેન્સ કૉન્ફરન્સ* (1927) *ને વિગતે જોઈશું.*

## 7.1 પ્રસ્તાવના

*“પગરખાં અમે કાં ન પહેરીએ,*

*છતરીઓ હમે કાં ના ઓઢીએ,*

*સમજતાં થયે લગ્ન કાં નહીં,*

*લગ્ન કેમ રાંડેલીને નહી ?”*

*નવલરામ જગન્નાથ ત્રિવેદી, સમાજ સુધારાનું રેખાદર્શનમાં આ સમયની સ્ત્રીઓની પરિસ્થિતિનો ચિતાર આપતી કેટલીક પંક્તિઓ જોઈ શકીએ છીએ.*

19 *મી સદીની સતીપ્રથા, દૂધ પીતી કરવી, નાની વયના લગ્ન, લગ્નના ખર્ચા વગેરે જેવી સમસ્યાઓ હવે ભૂતકાળ બની ગઈ હતી.* 20 *મી સદીના સ્ત્રીઓની સમસ્યા જુદી દિશા તરફ વળી હતી. તત્કાલીન સમયમાં સ્ત્રીકેળવણી, વિધવા પુનઃલગ્ન, દહેજ,*

*નિષેધ જેવી સમસ્યાઓ આ સાપ્રંત સમયની સમસ્યાઓ હતી. જેના લીધે કેટલીય સંસ્થાઓનો ઉદ્ભવ થયો. વિશેષરૂપે આ સંસ્થાઓ આ સમુદાયની મહિલાઓ દ્વારા શરૂ કરવામાં આવી હતી.*

## 7.2 વનિતા વિશ્રામ સુરત - અમદાવાદ (1907)

19 *મી સદીના અંતમાં સ્ત્રીઓ અંગેની વૈચારિક બાબતો, સંગઠનો સ્વરૂપે સાકાર લેવા માંડી. વીસમી સદીની શરૂઆતમાં કેટલાંક મોટા શહેરોમાં સામાજિક સંસ્થાઓ કામ કરતી થઈ હતી.* 1903 *માં મુંબઈમાં "ગુજરાતી હિંદુ મંડળ"ની સ્થાપના થઈ.* 1909*માં "સેવાસદન" આવી સંસ્થાઓનો મુખ્ય ઉદ્દેશ સ્ત્રીઓમાં જાગૃતિ લાવવાનો તથા એમને વિવિધ પ્રકારની તાલીમ આપી તેઓ પગભર થાય તથા સ્વમાનભેર જીવી શકે તે હતો. વધુમાં હવે સ્ત્રીની ચિંતા સ્ત્રી પોતે કરતી થઈ હતી. માટેઆવી સંસ્થાઓ સ્થાપવાનું કામ બહેનો પોતે કરી રહી હતી. ચોક્કસપણે પુરુષ સુધારકોએ આ બાબતનું પીઠબળ પૂરું પાડ્યું હતું. ગુજરાતના શહેરો સમાજ સુધારણા અને વિકાસનાં મુખ્ય કેન્દ્રો રહ્યા હતા. જેમાં ગુજરાત લેડીઝ ક્લબ, જ્યોતિસંઘ, વનિતા વિશ્રામ વગેરે મુખ્ય હતી. આ પ્રકરણમાં આપણે વનિતા વિશ્રામ વિશે જાણીશું.*

*ઘરમાં અપ્રિય બનેલી, ઘરનો ખૂણો પાળી માનમોભા વગરનું જીવન જીવતી વિધવાઓ, પુરુષથી તરછોડાયેલી, છૂટાછેડા લીધેલી સ્ત્રીઓ માટે બે સામાજિક કાર્યકર્તા અને બે વિધવા સ્ત્રીઓ. બાજીગૌરી મુનશી અને શિવગૌરી કે. ગજ્જરના અથાગ પ્રયત્નોથી ઈ.સ.*15 *મે,* 1907*ના રોજ "વનિતા વિશ્રામ" નામની સંસ્થા સુરતમાં શરૂ કરવામાં આવી.*

*શ્રીમતી બાજીગૌરી ડી. મુનશીનો જન્મ સુરતમાં નાગર બ્રાહ્મણ પરિવારમાં શ્રી દોલતરાય અને મહિજનગીરીના ઘરે થયો. તેમના લગ્ન* 14 *વર્ષે હસમુખરાય મુનશી સાથે થયાં હતાં. દુર્ભાગ્યથી* 22 *વર્ષની નાની ઉંમરે તેઓ વિધવા થયા. શિવગૌરી કે. ગજ્જરનો જન્મ એક ધાર્મિક ગજ્જર પરિવારમાં થયેલો હતો.* 17 *વર્ષની ઉંમરમાં શિવગૌરીઓ વૈધવ્ય પ્રાપ્ત કર્યુ. વૈધવ્ય ભોગવી આ બંને બહેન વૈધવ્યની પીડા સાથે જોડાયેલી હતી. આમ, આ બંને બહેનોએ પોતાની* 2000 *રૂપિયાની બચતથી* 15 *મે,* -1907 *ને "અખાત્રીજ"ના શુભ દિવસે આશ્રમની સ્થાપના કરી. જે આશ્રમ એમના ભૌતિક, નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાનના ક્ષેત્રોમાં શિક્ષિત કરી એમની સામાજિક સ્થિતિનો એમને દરજ્જો આપવા, અસહાય, બેસહારા વિધવાઓ અને છૂટાછેડા લીધેલ મહિલાઓના કલ્યાણ માટે આ આશ્રમ સ્થાપ્યો.*

*શરૂઆતમાં આ આશ્રમ નાની બહેન ગજ્જરના પિતા કે જેઓ સિવિલ એન્જિનિયર હતા એવા કલ્યાણદાસ ગજ્જરના નાગર ફળિયામાં આવેલ વિશાળ ઘરના કેટલાક ભાગમાં શરૂ કરવામાં આવ્યો. ત્યારબાદ ત્રિભુવનદાસે બહેનને માટે વિશાળ જમીન સુરત શહેરના અઠવાલાઈન્સમાં ખરીદી અને ઈ.સ.* 1915 *માં અનેક એકમે વનિતા વિશ્રામમાં બાંધવામાં આવ્યું. શરૂઆતમાં વનિતા વિશ્રામગૃહ માટેનો સમાજનો*

*પ્રતિસાદ મોળો રહ્યો. ઈ.સ. 1907 માં માત્ર બે જ વિધવા કન્યા પાર્વતી નાથુભાઈ દેસાઈ અને પાર્વતી નવીનચંદ્ર શાહ દાખલ થયાં.*

*બહેનો માટે શરૂ કરાયેલ વનિતા વિશ્રામગૃહના હેતુઓ અને ધ્યેયો નીચે મુજબ હતા.*

*હેતુ : ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા મહિલાઓનું સશક્તિકરણ આર્થિક સ્વતંત્રતા તરફ દોરી જવા.*

**ધ્યેયો :**

- *સ્વવિકાસ અને કારકિર્દી શિક્ષણ માટે શિક્ષણ કેન્દ્રો પ્રદાન કરીને સમાજની સેવા કરવી.*
- *તમામ મહિલાઓને તેમના સર્વાંગી વિકાસ અને ઉત્થાન માટે પ્લેટફોર્મ પૂરું પાડવું*
- *વ્યક્તિગત અને સામાજિક જવાબદારીની ભાવના ઊભી કરવી તેમજ તેમને આદર્શ નાગરિક બનાવવા.*

*ઈ.સ. 1916માં વનિતા વિશ્રામગૃહ અઠવાલાઈન્સના વિશાળ ક્ષેત્રફળ ધરાવતા વિસ્તારમાં લઈ જવાયું. વનિતા વિશ્રામગૃહમાં બહેનોને રહેવાની સગવડ પૂરી પાડતી ડોરમેટરી બોર્ડિંગ શાળા શરૂ કરાઈ. 10 વર્ષના ગાળામાં વનિતા વિશ્રામગૃહના અનેક અંગો વિકસ્યા. સૌ પ્રથમ બોર્ડિંગ શાળાની સાથે ઉદ્યોગકેન્દ્ર સ્થપાયું. જેમાં સીવણ, ડ્રેસ ડિઝાઈન કરવા કાંતણ અને વણાટ ઉદ્યોગ, કાગળ બનાવવાનો ઉદ્યોગ, ભરત-ગૂંથણ, મીણબત્તી બનાવવી વગેરે શીખવામાં આવતું. જેનાથી બહેનો પોતાના પગ ઉપર ઊભી રહી શકે. વ્યવસાયની સાથે કેળવણી આપવાના હેતુથી પ્રાથમિક, માધ્યમિક અને હાઈસ્કૂલની સ્થાપના પણ થઈ. આ દરમ્યાન લોકોની લાગણીને માન આપી અનાથ બાળકો માટે આશ્રમ પણ શરૂ કર્યા. વનિતા વિશ્રામગૃહને માટે ફંડ ફાળાની ખોટ ઝાઝી ન હતી. તેમની કામગીરીને લીધે ઉદાર હાથે ધનાઢ્ય વ્યક્તિઓએ આવા આશ્રમગૃહોને સખાવત આપી. વળી આ સંસ્થાએ સ્વતંત્રતા આંદોલનમાં સ્વયં સેવિકાઓ પણ પૂરી પાડી.*

*27 એકરની ભૂમિમાં સુરતમાં આવેલું આ 'વનિતા વિશ્રામ' આજે એક મોટું સન્માનિત સંગઠન છે જે એક અનુકૂળ વાતાવરણનો અવસર પ્રદાન કરી બધી જ ઉંમરની મહિલાઓની ઉન્નતિ માટે કટિબદ્ધ છે.આ સંસ્થા દર વર્ષે લગભગ 15000 છાત્રાઓને શિક્ષણ, વ્યવસાયિક પ્રશિક્ષણ, રમતો અને સ્વરોજગાર માટે ઉત્તમ સુવિધાઓ આપે છે. સંસ્થાએ પોતાના અસ્તિત્વના પાછળના 100 વર્ષ ઉપરાંતના વર્ષોમાં મહિલાઓને સશક્ત બનાવી સમાજમાં ઉમદા સેવા આપી છે. આ પ્રકારે સંસ્થા નિશ્ચિત રૂપથી મહિલાઓના સશક્તિકરણ અને શિક્ષણના ક્ષેત્રમાં એક આદર્શ છે. પોતાના 113 વર્ષથી પણ વધારે લાંબા કાર્યકાળમાં વનિતા વિશ્રામએ શિક્ષા અને સહ-પાઠ્યક્રમ ગતિવિધિઓના ક્ષેત્રમાં પોતાની એક અલગ ઓળખ ઊભી કરી છે. પોતાના 18 સંસ્થાઓના માધ્યમથી 11,000 થી વધારે છાત્રાના સર્વાંગીણ વિકાસનું ધ્યાન રાખે છે.*

## 7.3 વનિતા વિશ્રામ-અમદાવાદ

*આઝાદીના ઘણા વર્ષો અગાઉ વિધવાઓના જીવન સુધારણા, નિરક્ષર સ્ત્રીઓને જ્ઞાન આપવું, કન્યાઓ ઉત્તમ ગૃહિણી અને નાગરિક બને તેવા શિક્ષણનું આયોજન કરવું અને એવા બીજા સ્ત્રી ઉપયોગી ઘણા કાર્યો યથાશક્તિ કરવા જેવા પાવન ઉદ્દેશ્યથી સને* 1906 *માં "શ્રી સુલોચનાબેન દેસાઈ દ્વારા એક નાનકડી ઓરડીમાં એક સરસ્વતી મંદિરની સ્થાપના કરાઈ હતી.*

*શરૂઆતમાં સુલોચના બહેને ગરીબ બાળ વિધવાને પોતાના ઘરમાં રાખી.ધીમે ધીમે સંખ્યા વધતા પછી ખાડિયામાં જેઠાભાઈની પોળમાં એક નાનકડો ઓરડો રાખી કનૈયાલાલ પુસ્તકાલય શરૂ કર્યુ અને ત્યારબાદ સરસ્વતી મંદિરની સ્થાપના કરી.*

*સુરતના બાજીગૌરીબેન જોડે ઓળખાણ થઈ, જેમણે સુરતમાં વનિતા વિશ્રામ સ્થાપી હતી. અમદાવાદમાં પણ 'વનિતા વિશ્રામ' નામ રાખવાનું તેમણે સૂચવ્યું.* 07-06-1907*ના દિવસે 'સરસ્વતી મંદિર'નું નામ વનિતા વિશ્રામ રાખવામાં આવ્યું. આ સંસ્થાનો ધ્યેય પણ બાળ વિધવાઓ, ગરીબ, તરછોડાયેલી સ્ત્રીઓને રહેઠાણ પૂરું પાડવું, વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ દાખલ કરવો તેમજ સ્ત્રી કેળવણીને ઉત્તેજન આપવાનો હતો.*

*'સરસ્વતી મંદિર' મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચાયેલું હતું.* 1.*બોર્ડીંગ* 2.*ઉદ્યોગકેન્દ્ર* 3.*પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર શાળાઓ. સરસ્વતી મંદિરનો* 1912-13 *નો વાર્ષિક અહેવાલ નોંધે છે કે* 11 *વિધવાઓ બોર્ડીંગમાં રહે છે, ઉપરાંત ચાર અનાથ બાલિકાઓ પણ આવી છે. હાઈસ્કૂલમાં* 22 *વિધવાઓ,* 48 *પરિણીત સ્ત્રીઓ,* 44 *કુંવારી કન્યાઓ ભણે છે. આ સંસ્થા મફત દવાખાનું ચલાવતી, ડૉ. બલવંતરાય કાનૂનગો અને ડૉ. ચુનીલાલ બહેરામવાળા (લેખિકાના નાના) તેમની ડૉક્ટરી સેવાઓ મફત આપતા. પછીથી લોકો પાસેથી ભંડોળ એકઠું કરી સંસ્થાનું મકાન ઊભું કરવામાં આવ્યું. સોમનાથ રૂપજીએ* 35000*ની સહાય કરેલ. તા.*29-06-1919 *ના દિવસે મહાત્મા ગાંધીજીના હસ્તે મકાનનું ખાત મૂર્હુત થયું.* 1906 *થી* 1922 *એમ* 16 *વર્ષ સુધી બોર્ડિંગ જેઠાભાઈ પોળના રૂક્ષ્મણીબેનના મકાનમાં વગર ભાડાથી રાખવામાં આવ્યું હતું.*

*નવું મકાન બાંધ્યા પછી તારાબેન ગિરજાશંકર જોષીએ કુમ્ભનો ઘડો લઈ મકાનમાં વિદ્યાર્થી સહિત પ્રવેશ કર્યો. તા.* 02-04-1922*ના દિવસે મકાન ખુલ્લું મૂકાયું. ઐતિહાસિક વારસો અને ભવ્ય ગૌરવ ધરાવતી આ સંસ્થા નાનકડા બીજમાંથી ડાળા-પાંદડાવાળું સ્ત્રી વર્ગને છાંયડો આપતું વૃક્ષ આજે એક શતક કરતાં પણ વધુ વર્ષ પૂર્ણ કરી ચૂક્યું છે.*

*સુલોચનાબહેનના શબ્દોમાં કહીએ તો "સરસ્વતી મંદિરનો ધ્યેય અનેક વિધવાઓ જેઓ ઊંડા અંધકારભર્યા દુઃખના દરિયામાં ડૂબેલી છે, તેઓના જીવનમાં સુખની જ્યોત પ્રગટાવવાનો છે. તેમને તેમની અમાપ શક્તિઓનો ખ્યાલ કરાવવો છે, જેથી તેઓ રાષ્ટ્રના ઘડતરમાં ઉમદા ફાળો નોંધાવી શકે."*

## 7.4 હિંદ સ્ત્રી મંડળ (1911)

*વધતી જતી સ્ત્રી જાગૃતિ સાથે ધીરે ધીરે સ્ત્રીમંડળોનો વિકાસ થતો ગયો. પ્રારંભિક તબક્કામાં પુરુષોએ સ્ત્રી મંડળોના વિકાસમાં રસ લીધો અને પછી સ્ત્રીઓએ પોતે મંડળોની સ્થાપના કરી. સ્થાનિક મંડળોના વિકાસ સાથે કેટલાક રાષ્ટ્રીય સ્તરના સ્ત્રી મંડળો પણ સ્થપાયાં. જેમાં અખિલ હિંદુ મહિલા પરિષદ-* AIWC *સ્ત્રીઓનું હિંદી સ્ત્રી મંડળ -* WIA *યુનિવસિટી સ્ત્રી મંડળ, ખ્રિસ્તી યુવા સ્ત્રી મંડળ વગેરેની સ્થાપના નોંધનીય છે. આજે અહીં હિંદુ સ્ત્રી મંડળ વિશે જાણીશું.*

20 *મી સદીની શરૂઆતમાં* 8 *મી મે ઈ.સ.* 1917*માં હિંદી સ્ત્રી મંડળ* (Women's Indian Association)*ની સ્થાપના મહિલાઓ માટે મહિલાઓ દ્વારા મહિલાઓની હેરિટેજ કલ્યાણ સંસ્થા ચેન્નાઈ ખાતે શરૂ કરવામાં આવી. આ મંડળના પ્રમુખ એની બેસન્ટ અને મંત્રી માર્ગારેટ-કઝીન્સ હતા. સરોજીની નાયડુ સંસ્થાની સ્થાપનાથી જ મંડળના સભ્ય હતા. આ મંડળની સ્થાપના થયા પછી તરત જ "સેક્રેટરી ઑફ સ્ટેટ ફોર ઈન્ડિયા" મી.ઈડવીન મોન્ટેગ્યુને અપીલ કરવાની એક તક ઊભી થઈ. આ મંડળે ઝડપથી સ્ત્રીઓના મતાધિકાર માટે એક આવેદનપત્ર તૈયાર કર્યું. સરોજીની નાયડુના નેતૃત્વમાં એક પ્રતિનિધ મંડળ આ આવેદન પત્ર રજૂ કરવા માટે ગયું.*

*તે સૌપ્રથમ મહિલા સંગઠન છે, જેણે તમામ ભારતીય મહિલાઓને પરસ્પર સહાયતા માટે એકસાથે લાવી હતી. સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક રાજ્ય અને કેન્દ્રીય વિધાનસભાઓમાં પ્રતિનિધિત્વ કરવા માટે મહિલાઓના મતાધિકાર મેળવવાનો હતો અને તે વર્ષ* 1930*માં હાંસલ કર્યો હતો.*

*આ એસોસિએશનની સતત માંગને કારણે મદ્રાસમાં મહિલાઓને મ્યુનિસિપલ મતાધિકાર આપવામાં આવ્યો હતો અને છોકરીઓ માટે મ્યુનિસિપાલિટીમાં પ્રાથમિક ફરજિયાત શિક્ષણની શરૂઆત કરવામાં આવી હતી. આ એસોસિએશન જ હતું જેણે ભારતની મુલાકાત દરમિયાન તત્કાલીન રાજ્ય સચિવ સર મોન્ટેગ્યુ ચેમ્સફોર્ડની રાહ જોઈ હતી અને તેના પ્રતિનિધિઓ દ્વારા પુરુષોની સમાન શરતો પર મહિલાઓને મતાધિકાર આપવામાટે દબાણ કર્યું હતું. તે રજૂઆતના પરિણામે અને સમગ્ર ભારતમાં અને ઈંગ્લેન્ડમાં ભાવિ આંદોલનના પરિણામ સ્વરૂપે, ભારતના તમામ પ્રાંતોમાં મહિલાઓને પુરૂષોની સમાન શરતો પર મતાધિકાર આપવામાં આવ્યો છે.*

*એસોસિએશન અને તેના સભ્યોના પ્રયાસોને કારણે મદ્રાસ ચિલ્ડ્રન્સ એઇડ સોસાયટી અસ્તિત્વમાં આવી અને જુવેનાઇલ કોર્ટની સ્થાપના કરવામાં આવી.*

*સેવા સદન, અવ્વાઈ હોમ, પેન્થિઓન ગાર્ડન ખાતેની મોન્ટેસરી સ્કૂલ અને રેસ્ક્યુ હોમએવી સંસ્થાઓ હતી જે વુમન્સ ઈન્ડિયન એસોસિએશનના પ્રયાસો દ્વારા શરૂ કરવામાં આવી હતી. તે એક માસિક સામયિક "સ્ત્રી ધર્મ" પણ ચલાવતું હતું જે શિક્ષણનું એક મહત્ત્વનું જર્નલ હતું.*

*આ એસોસિએશનને યોગ્ય રીતે અખિલ ભારતીય મહિલા પરિષદનું મધર ઓર્ગેનાઈઝેશન કહેવામાં આવે છે કારણ કે આ એસોસિએશન જ હતું જેણે અખિલ*

ભારતીય મહિલા પરિષદનું આયોજન કર્યું હતું અને ત્યારબાદ 1927માં શૈક્ષણિક સુધારણા પર અખિલ ભારતીય મહિલા પરિષદ તરીકે ઓળખાતી હતી. વર્ષ 1944માં ઓલ ઈન્ડિયા વુમન્સ કૉન્ફરન્સ સાથે મહિલા ભારતીય સંઘ એક બન્યું તે સુખદ જોડાણનો દિવસ હતો.

છોકરીઓ અને છોકરાઓ માટે ફરજિયાત શિક્ષણ.WIA એક અગ્રણી સંસ્થા છે અને તેને યોગ્ય રીતે માતૃ સંસ્થા કહેવામાં આવે છે,ચેન્નાઈ ખાતે મહિલાઓ અને બાળકોની પ્રવૃત્તિઓને તેમના સશક્તિકરણ માટે મદદ કરવા સંબંધિત ઘણી પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.

આ એસોસિએશને માત્ર એસેમ્બલીમાં બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ પસાર કરવામાં મદદ કરી નથી, પરંતુ સારદા સમિતિની નિમણૂક દ્વારા તેના અમલીકરણ માટે અને આ શહેરમાં બાળકોમાં મહિલાઓના ટ્રાફિકના દમનના કાર્ય અને નાબૂદી માટે સખત મહેનત કરી છે. દેવદાસી પ્રણાલી. તેણે અસ્પૃશ્યતા, નિરક્ષરતા અને અસમાનતા નાબૂદી માટે કામ કર્યું.મહિલા ભારતીય સંઘ એક બિન-પક્ષીય અને બિન-સાંપ્રદાયિક સંસ્થા છે. તેથી, આ એસોસિએશનના સભ્યો કોઈપણ રાષ્ટ્રીય સમસ્યા અને મહિલાઓ અને બાળકોના કલ્યાણ અંગે હંમેશા મુક્તપણે અને નિર્ભયતાથી તેમનો દૃષ્ટિકોણ વ્યક્ત કરી શકે છે.

આ એસોસિએશને તેના ફાઉન્ડેશનથી સ્વ-સરકાર માટે કામ કર્યું છે અને કોમનવેલ્થ ઓફ ઈન્ડિયા બિલનો મુસદ્દો તૈયાર કરવા માટે મહિલાઓના પ્રતિનિધિત્વ માટે અપીલ કરી હતી. આ આંદોલનના સીધા પરિણામ સ્વરૂપે, મહિલા પ્રતિનિધિઓને તમામ ગોળમેજી પરિષદોમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા અને WIA એ પ્રથમ મહિલા સંગઠન હતું જેણે મહિલા મતાધિકાર અને ભારતના ભાવિ બંધારણમાં તેના સ્થાન અંગે ગોળમેજી પરિષદમાં મેમોરેન્ડમ રજૂ કર્યું હતું.

## 7.5 ઓલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સ - 1929

20મી સદીના પ્રથમ દાયકા દરમ્યાન થોડી સ્ત્રીઓને એ સમજાયું હતું કે તેઓને પોતાની સમસ્યાઓ હલ કરવા માટે સ્ત્રીઓ દ્વારા સંચાલિત સ્ત્રીઓની એક અખિલ હિંદ સ્ત્રી સંસ્થાની જરૂર હતી. ભારતમાં સ્ત્રી મંડળના સ્થાપક સરલાદેવીચૌધરણીએ 1920માં આ દિશામાં અંગુલિનિર્દેશ કર્યો હતો.સાથે કેટલાંક રાષ્ટ્રીય સ્તરના સ્ત્રી મંડળો પણ સ્થપાયાં. જેમની એક અખિલ હિંદ મહિલા પરિષદ (All India Women’s Conference – AIWC) આ સંસ્થાની સ્થાપના ઈ.સ. 1927માં એનીબેસન્ટ,ડૉરોથી જીનરાજદાસઅને માર્ગારેટ કઝીન્સે મહિલાઓ અને બાળકોના શૈક્ષણિક કલ્યાણ તથા મહિલાઓ અન્ય પ્રશ્નોને હલ કરવા માટે પૂનામાં સ્થાપના કરી હતી. આ સંસ્થાનો પ્રારંભ થયો ત્યારે માત્ર એક જ પરિષદ ભરવાનો વિચાર બીજ હતો. આ પરિષદ 5-8 જાન્યુઆરી 1927 દરમ્યાન ફર્ગ્યુસન કૉલેજ પૂનામાં યોજાઈ હતી. આ પરિષદના અધ્યક્ષ સ્થાને બરોડાના મહારાણી ચિમનાબાઈ સાહેબ ગાયકવાડ હતા. વિવિધ પૃષ્ઠભૂમિ અને સમુદાયની મહિલાઓ સહિત લગભગ 2000 લોકોએ ભાગ લીધો હતો, પરંતુ પાછળથી એના વ્યવસ્થાપકોએ એને કાયમી

*સંસ્થામાં ફેરવી નાખી. આ પરિષદની સ્થાપના એક શૈક્ષણિક પરિષદ તરીકે કરવામાં આવી હતી પરંતુ એની પ્રથમ બેઠકથી જ એણે સામાજિક અને શૈક્ષણિક પ્રશ્નોમાં રસ લેવા માંડ્યો હતો.પૂણેમાં મળેલ "અખિલ ભારતીય મહિલા કૉન્ફરન્સ"ના પ્રથમ અધિવેશનમાં જ કન્યા કેળવણીમાં બાળલગ્ન અવરોધ હોવાથી લગ્નવય ઊંચી લઈ જવા માટેનો ઠરાવ પસાર કર્યો. તેના અનુસંધાનમાં હરબિલાસ શારડાના "બાળલગ્ન-પ્રતિબંધક ખરડાને લાખોની સંખ્યામાં બહેનોએ સહી ઝુંબેશ દ્વારા ટેકો આપ્યો.*

1930*માં આ સંસ્થાનું બંધારણ લેખિત સ્વરૂપમાં તૈયાર થયું હતું. સાથે એક કારોબારી મંડળની પણ રચના થઈ. લગભગ વર્ષમાં બે વાર સ્ટેન્ડીંગ કમિટી મળી અને સંસ્થાની નીતિની રૂપરેખા તૈયાર કરાવી.* 1930 *સુધી આ સંસ્થાના મંત્રીપદે કમલાદેવી ચટ્ટોપાધ્યાય (*1930*માં એમની ધરપકડ થઈ હતી) અને પ્રથમ સ્ટેન્ડીંગ કમિટીમાં માર્ગારિટ કઝીન્સ, સરોજીની નાયડુ અને અબલા બોઝ હતા.* 1930*માં આ સંસ્થા ખૂબ જાણીતી બની ચૂકી હતી. આ સંસ્થાના પ્રથમ દસ પ્રમુખ વિશેની માહિતી નીચે મુજબ છે.*

| | *નામ* | *કયા વર્ષમાં સંસ્થાનું પ્રમુખપદ* |
|---|---|---|
| 1. | *વડોદરાના મહારાણી* | 1927 |
| 2. | *મંડીના રાણી* | 1929 |
| 3. | *મુથુલક્ષ્મી રેડ્ડી (દક્ષિણહિંદના બ્રાહ્મણ)* | 1931 |
| 4. | *વિદ્યાગૌરી નીલકંઠ (ગુજરાતી બ્રાહ્મણ)* | 1932-33 |
| 5. | *હીલ્લા ફરી દુમજી (મુંબઈના પારસી)* | 1934-35 |
| 6. | *માર્ગારિટ કઝીન્સ* | 1936-37 |
| 7. | *બેગમ હમીદઅલી (મુંબઈનાં મુસ્લિમ)* | 1940 |
| 8. | *રામેશ્વરી નહેરુ (કાશ્મીરી બ્રાહ્મણ)* | 1940-41 |
| 9. | *હંસા મહેતા (ગુજરાતી નાગર)* | 1945-46 |
| 10. | *હન્નાહ સેન (બંગાળી હિંદુ)* | 1951 |

*આ સંસ્થામાં સુધારક, પુનરુત્થાનવાદી ગાંધી વિચારસરણી તેમજ સમાજવાદી વિધારધારાનો પ્રભાવ જોવા મળતો હતો. સ્ત્રી ઉત્કર્ષ અને સ્ત્રી સમાનતાની વિચારસરણીનો પ્રભાવ પણ હતો. સાયમન કમિશનના બે સભ્યોએ* 1928*ની 'અખિલ હિંદ મહિલા પરિષદ'ની મુલાકાત લીધી હતી અને તેઓ સંસ્થાથી પ્રભાવિત થયા હતા.* 1931*ના એપ્રિલમાં કૉંગ્રેસે પુખ્ત વય મતાધિકાર અને સ્ત્રી પુરુષના સમાન અધિકારનો સિદ્ધાંત સ્વીકાર્યો. આ પછી ઓલ ઈન્ડિયા વિમેન્સ કૉન્ફરન્સ તથા અન્ય બીજી મહિલાલક્ષી રાષ્ટ્રવાદી માનસ ધરાવતા સંસ્થાના સ્ત્રી નેતાઓએ ભેગા મળીને કૉંગ્રેસની નીતિને ટેકો આપતી મતાધિકારની માંગણીનું સંકલિત સ્વરૂપ તૈયાર કર્યું.*

*હિંદુ કાયદા સુધારણાની ચળવળમાં પરિષદે સક્રિય ભાગ લીધો. સ્વાતંત્ર્ય પ્રાપ્તિની ચળવળમાં પણ પોતાનું જ આગવું પ્રદાન કર્યું. આ બધાની સાથે મહત્ત્વપૂર્ણ એવા માતાઓ અને બાળકોના સ્વાસ્થ્યના પ્રશ્નો, સ્ત્રી શિક્ષણનો મુદ્દો, સીવણ ગૂંથણનાં કાર્યો, સંસ્કાર કાર્યક્રમો, વિકલાંગો માટે તાલીમ તથા આશ્રય સ્થાનો-ઘોડિયાઘરો જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરી હતી.*

## 7.6 તમારી પ્રગતિ ચકાસો

**વિસ્તૃત પ્રશ્નો**

(1) *વનિતા વિશ્રામ સુરતની સ્થાપ્નામાં કોનો ફાળો વિશેષ રહ્યો ? અને તેના કાર્યો વિશે સવિસ્તાર જણાવો.*

______________________________________

______________________________________

______________________________________

______________________________________

______________________________________

______________________________________

(2) *'સરસ્વતી મંદિર' એ 'વનિતા વિશ્રામ' તરીકે કોની પ્રેરણાથી અસ્તિત્વમાં આવ્યું? તેની સંપૂર્ણ વિગત આપો.*

______________________________________

______________________________________

______________________________________

______________________________________

______________________________________

______________________________________

(3) *'અખિલ હિંદ મહિલા પરિષદ' કઈ રીતે અસ્તિત્વમાં આવી ? તેની રૂપરેખા વર્ણવો.*

______________________________________

______________________________________

______________________________________

______________________________________

______________________________________

______________________________________

(4) *'વધતી જતી સ્ત્રી જાગૃતિ સાથે ધીરે ધીરે સ્ત્રીમંડળોનો વિકાસ થતો ગયો' આ વાક્યને આધારે 'હિંદુ સ્ત્રી મંડળ' વિશે વિગતે ચર્ચો.*

______________________________________

______________________________________

______________________________________

______________________________________

❖ **એક-બે વાક્યમાં પ્રશ્નોના જવાબ આપો.**

1. *'વનિતા વિશ્રામ' સુરતની સ્થાપના કઈ બે વિધવા સ્ત્રીઓને લીધે થઈ ?*

2. *'વનિતા વિશ્રામ' અમદાવાદ શરૂઆતમાં કયા નામે ઓળખાતું હતું ?*

3. *ઑલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સ કઈ સાલમાં અસ્તિત્વમાં આવ્યું ?*

4. *કયું સંગઠન સૌ પ્રથમનું મહિલા સંગઠન છે ?*

5. *મહિલાઓની 'હેરિટેજ કલ્યાણ સંસ્થા'ના પ્રમુખ કોણ હતા ?*

6. *'સ્ત્રીધર્મ' નામનું માસિક સામયિક કઈ સંસ્થા બહાર પાડે છે ?*

7. *કયા 'ખરડા'ને લાખોની સંખ્યામાં બહેનોએ સહી ઝુંબેશ દ્વારા ટેકો આપ્યો હતો ?*

8. *અમદાવાદમાં 'સરસ્વતી મંદિર'ની સ્થાપના કોણે કરી હતી ?*

9. *'વનિતા વિશ્રામ' સુરતની સ્થાપના કયા શુભ દિને કરી હતી ?*

**જવાબ :**

(1) *બાજીગૌરી મુનશી અને શિવગૌરી કે ગજ્જર* (2) *સરસ્વતી મંદિર*

(3) 1929*માં* (4) *હિંદુ સ્ત્રીમંડળ* (5) *એની બેસન્ટ*

(6) *વુમન્સ ઈન્ડિયન એસોસિયેશન્સ* (7) *બાળલગ્ન પ્રતિબંધક*

(8) *શ્રી સુલોચનાબેન દેસાઈ* (9) *અખાત્રીજ*

## 7.7 સમાપન

*આધુનિક ભારતનો ઈતિહાસ એક રીતે જોઈએ તો ધાર્મિક-સામાજિક સુધારક ચળવળોનો ઈતિહાસ છે. આ ઈતિહાસમાં મહિલાઓને લગતી ચળવળો ખાસ ધ્યાન ખેંચે છે. આ ચળવળોમાં અનેક મહિલાઓ તથા સ્ત્રી દ્વારા શરૂ કરવામાં આવેલ સંસ્થાનો અમૂલ્ય ફાળો છે. જેમણે મહિલાઓના સામાજિક, શૈક્ષણિક, રાજકીય પ્રશ્નો હલ કર્યા તથા મહિલા ઉત્થાનનાં પ્રયત્નો કર્યા. અહીં રજૂ કરવામાં આવેલ ત્રણે સંસ્થા આજે પણ મહિલાલક્ષી વિકાસના અનેક કામો થકી સમાજમાં આગવી ઓળખ ઊભી કરીને અસ્તિત્વમાં છે.*

## 7.8 સંદર્ભ ગ્રંથ


1. Vanitavishramsurat.com
2. *ગુજરાતમાં નારી ચેતના, શિરીન મહેતા*
3. https://www.vanivishram.org
4. *શાસ્ત્રી હરિપ્રસાદ, પરીખ પ્રવીણચંદ્ર (સંપા), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ*-9, *ભોજે વિદ્યાભવન, અમદાવાદ,* 2011.
5. *ઉષાબહેન ભટ્ટ "આધુનિક ભારતમાં સ્ત્રી જાગૃતિનો ઉદ્ભવ અને વિકાસ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ,* 1985.
6. *કલ્પના શાહ "સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા" ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ,* 1907.
7. https://wiachennai.org
8. https://wiachennai.org/sthidharma

**એકમ : 8**

# સાહિત્ય અને ઈતિહાસ લેખનના ક્ષેત્રમાં સ્ત્રીઓનું પ્રદાન 1850 થી 1950

**:: રૂપરેખા ::**


**8.0** ઉદ્દેશો

**8.1** પ્રસ્તાવના

**8.2** મહાદેવી વર્મા

**8.3** કૃષ્ણા સોબતી

**8.4** સુભદ્રાકુમારી ચૌહાણ

**8.5** અમૃતા પ્રિતમ

**8.6** પંડિતા રમાબાઈ

**8.7** રામેશ્વરી નેહરુ

**8.8** ડૉ. ઈરાવતી કર્વે

**8.9** સારાંશ

**8.10** તમારી પ્રગતિ ચકાસો

**8.11** તમારી પ્રગતિ ચકાસોનાં જવાબ

**8.12** ચાવીરૂપ શબ્દો

**8.13** સંદર્ભ


## 8.0 ઉદ્દેશો

- *સાહિત્ય લેખનના ક્ષેત્રમાં સ્ત્રીઓનું પ્રદાન જાણી શકાશે.*
- *ઈતિહાસ લેખનના ક્ષેત્રમાં સ્ત્રીઓનું યોગદાન સમજી શકશો.*

## 8.1 પ્રસ્તાવના

*ભારતીય મહિલાઓ વૈદિક કાલથી સાહિત્યનુ સર્જન કરતી આવી છે તે પહેલા પણ આવું સાહિત્ય રચાતું હશે પણ આપણને વૈદિકકાળથી આના પુરાવા મળે છે જેમાં સ્ત્રીઓ વેદોની ઋચાઓ અને મંત્રોની રચના કરતી જણાય છે. આગળ જતા સ્ત્રીઓએ ઈતિહાસના વિવિધ કાલખંડોમાં પોતાની સાહિત્ય સૃજનની પરંપરા ચાલુ જ રાખેલી માલુમ પડે છે. વર્તમાનમાં પણ સ્ત્રીઓ દ્વારા ખૂબ જ ઉચ્ચ કોટિનું સાહિત્ય સર્જન અને*

ઈતિહાસ લેખન કરવામાં આવી રહ્યું છે. જેમાં સ્ત્રીઓએ તેમના પરના અત્યાચારો, પુરુષ વર્ચસ્વ, લિંગ ભેદ, શારીરિક શોષણ વગેરેનો વિરોધ કરતું સાહિત્ય રચ્યું છે. સ્ત્રીઓ સમુદાય, વર્ગ અને જાતિની સરહદો વ્યાખ્યાયિત કરવાનું ચાલુ રાખે. તેઓએ તેમની વેદના અને પુરૂષ વર્ચસ્વ પ્રત્યેનો અસંતોષ તેમના કાર્યો દ્વારા વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે. સાથે સાથે સ્ત્રી ઈતિહાસકારોએ પણ સમાજની નૈતિક મૂલ્યો જાળવી ઈતિહાસ લેખન કર્યું છે. આમ, આપણે સ્ત્રીઓનું સાહિત્ય તથા ઈતિહાસ લેખનમાં તેમના યોગદાન અંગે વિસ્તૃત જાણીશું.

## 8.2 મહાદેવી વર્મા

મહાદેવી વર્મા હિન્દી ભાષાના પ્રખ્યાત કવયિત્રી છે. તેમનો જન્મ હોળીના દિવસે, 26 માર્ચ, 1907ના રોજ ઉત્તર પ્રદેશના ફરુખાબાદમાં થયો હતો. મહાદેવી છાયાવાદ રહસ્યવાદના મુખ્ય કવિઓમાંના એક છે. મહાદેવીજીએ ચોક્કસ જવાબદારી સાથે ભાષા, સાહિત્ય, સમાજ, શિક્ષણ અને સંસ્કૃતિનું સંવર્ધન કર્યું. કવિતામાં રહસ્યવાદ અને છાયાવાદના ક્ષેત્રને અપનાવવા છતાં, મહાદેવી વર્માએ સમકાલીન સમસ્યાઓના ઉકેલમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. મહાદેવી વર્માએ 1932માં અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી સંસ્કૃતમાં M.A ની પદવી પ્રાપ્ત કરી હતી. ત્યાં સુધીમાં તેમના બે કાવ્યસંગ્રહો નીહર અને રશ્મિ પ્રકાશિત થઈ ચૂક્યા હતા અને પ્રખ્યાત થયા હતા. મહાદેવીજીની કાવ્યાત્મક પ્રતિભા સાત વર્ષની ઉંમરે પ્રગટ થઈ. વિદ્યાર્થીકાળમાં



જ તેમની કવિતાઓને દેશના પ્રખ્યાત અખબારો અને સામયિકોમાં સ્થાન મળવા લાગ્યું હતું. મહાદેવીજી એક કવિ હોવા ઉપરાંત ગદ્ય લેખક તરીકે પણ નોંધપાત્ર ખ્યાતિ મેળવી છે. "સ્મૃતિ કી રેખાં" (1943) અને "અતિત કે ચલચિત્ર" (1941) એ તેમની સંસ્મરણાત્મક ગદ્ય કૃતિઓનો સંગ્રહ છે. કાદિયન (1942) શ્રેણીમાં, સામાજિક સમસ્યાઓ, ખાસ કરીને શાપિત મહિલા જીવનના સળગતા પ્રશ્નો વિશે લખાયેલા તેમના વિચારશીલ નિબંધોનું સંકલન કરવામાં આવ્યું છે. મહાદેવી વર્માની કવિતા એ અનુભવોની કવિતા છે. તે દેશ, સમાજ કે યુગનું નિરૂપણ નથી, બલ્કે તે કવયિત્રીની અંગત લાગણીઓની અભિવ્યક્તિ છે. પાડોશની છોકરી વિધવા કન્યાના જીવનથી પ્રભાવિત થઈને 'મેં વિધવા', 'અબલા' શીર્ષક હેઠળ શબ્દચિત્રો લખ્યા જે તે સમયના અખબારોમાં પણ છપાયા હતા. મહાદેવી વર્માને 'આધુનિક યુગની મીરા' પણ કહેવામાં આવે છે. મહાદેવીનું પ્રખ્યાત ગીત 'મૈં નીર ભરી દુઃખ કી બદલી' એ હકીકતનું સૂચક છે કે તેમની જીવનની ફિલસૂફી મીરાંબાઈ જેવી જ છે. તેમની મુખ્ય કવિતાઓમા 'દીપશિખા' (1942), 'નીહર' (1930), 'સપ્તપર્ણા' (અનુવાદ-1959), 'રશ્મિ' (1932), 'પ્રથમ પરિમાણ' (1974), 'નીરજા' (1934), 'સાંજનું ગીત' (1936), 'અગ્નિરેખા' (1990), વગેરે તથા ગદ્ય સાહિત્યમાં 'ભૂતકાળની મૂવીઝ' (1941), 'લાઈન્સ ઑફ સ્મૃતિ' (1943), 'પથ કે સાથી' (1956), 'મેરા પરિવાર' (1972), 'સંસ્મરણો' (1983), 'વિવેચનાત્મક ગદ્ય'

(1942), 'સાહિત્યકારની શ્રદ્ધા અને અન્ય નિબંધો' (1962), 'સંકલ્પિતા' (1969), 'ક્ષણદા' (1956), 'ગીલુ', 'હિમાલય' (1963) વગેરે જેવા ગદ્ય સંગ્રહો મુખ્ય છે. 1955માં મહાદેવીજીએ અલ્હાબાદમાં સાહિત્યકાર સંસદની સ્થાપના કરી અને પં. ઈલા ચંદ્ર જોશીની મદદથી સાહિત્યકારનું સંપાદન સંભાળ્યું. સ્વતંત્રતા પછી, તેણીને 1952માં ઉત્તર પ્રદેશ વિધાન પરિષદના સભ્ય તરીકે નામાંકિત કરવામાં આવ્યા હતા. 1956માં, ભારત સરકારે તેમને તેમની સાહિત્યિક સેવા માટે પદ્મ ભૂષણથી નવાજ્યા. આ પહેલા મહાદેવી વર્માને 1934માં નીરજા માટે સાક્સરિયા એવોર્ડ અને 1942માં સ્મૃતિ કી રેખા માટે દ્વિવેદી મેડલ મળ્યો હતો. 1943માં તેમને 'મંગલા પ્રસાદ' એવોર્ડ અને ઉત્તર પ્રદેશ સરકારનો 'ભારત ભારતી' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમને યમ નામના તેમના કાવ્ય સંગ્રહ માટે ભારતનો સર્વોચ્ચ સાહિત્યિક સન્માન જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો હતો. મહાદેવી વર્માનું 22 સપ્ટેમ્બર 1987ના રોજ પ્રયાગમાં અવસાન થયું હતું.

## 8.3 કૃષ્ણા સોબતી

કૃષ્ણા સોબતી તેમની સ્વચ્છ સર્જનાત્મકતા અને અભિવ્યક્તિ માટે જાણીતા છે. પચાસના દાયકાથી જ તેમણે લેખન કાર્ય શરૂ કર્યું હતું. તેમની પ્રથમ વાર્તા 'લામા' હતી, જે 1950 માં પ્રકાશિત થઈ હતી. 'બાદલ કે ઘેરે', 'ડર સે બિછૂડી', 'તીન પહાડ' અને 'મિત્રો મરજાની' વાર્તા સંગ્રહોમાં કૃષ્ણા સોબતીએ અશ્લીલતાથી પીડિત રાષ્ટ્રને વટાવી શકે તેવી ઉચ્ચ સંસ્કૃતિની શક્તિ સાથે મહિલાઓને ઉછેર કરે છે.



ઉપરાંત 'સિક્કા બદલ ગયા', 'બદલી બાર ગયી' જેવી વાર્તાઓ પણ ખુબજ પ્રખ્યાત થયેલી છે. તેમની હિંમતની પ્રશંસા કરનારાઓમા તેમની લેખનશૈલીથી પ્રેરિત ઝડપી લેખન ખુશવંત સિંહે પણ અંગ્રેજીમાં અશ્લીલતાના સ્પર્શથી ઉશ્કેરાયેલા સામાન્ય માણસની પ્રશંસા કરી છે. પંજાબી વાર્તાકારો તેમના મૂળ સ્થાનોના સંજોગોને કારણે સાંસ્કૃતિક રીતે મુસ્લિમ પ્રભુત્વ ધરાવે છે. નામવર સિંહે કૃષ્ણ સોબતીની નવલકથાઓ 'દાર સે બિછુડી' અને 'મિત્રો મરજાની'નો જ ઉલ્લેખ કર્યો છે અને સોબતીને નવલકથાકારોની હરોળમાં ગણાવ્યા છે જેમની કૃતિઓમાં વ્યક્તિગત સ્પર્શ છે. ક્યાંક કૌટુંબિક-સામાજિક અસમાનતાઓનો જોરદાર વિરોધ છે. આટલું બધું હોવા છતાં, 'જિંદગીનામા'ના પર્યાપ્ત વખાણ કરનારા વિવેચકોની કમી નથી. સદીના પ્રવાહોથી વાકેફ થવા માટે 'જિંદગીનામા' સિવાય બીજે ક્યાંય જવાની જરૂર નથી. કૃષ્ણા સોબતી નવલકથાકાર હોવા ઉપરાંત વાર્તા લેખક તરીકે પણ પ્રખ્યાત છે. તેઓ એંસીના દાયકાની શરૂઆતથી લોકપ્રિય છે. તેમની કેટલીક નવલકથાઓનો સંગ્રહ આ મુજબ છે - 'દાર સે બિછુડી', 'યારો કે યાર', 'ત્રણ પહાડ', 'મિત્રો મરજાની', 'સૂરજમુખી અધેરે મેં', 'જિંદગીનામાં', 'દિલો-દાનિશ', અને 'સમય સરગમ' વગેરે ઉપરાંત કેટલીક વાર્તાઓ લખી છે જેમકે 'બાદલો કે ઘેરે', 'મેરી માં કહા', 'દાદી

*અમ્મા', 'સિક્કા બદલ ગયા' વગેરે. તેમની વાર્તાઓને લઈને ઘણો વિવાદ થયો હતો. વિવાદનું કારણ તેમની લેખનશૈલી છે. સ્ત્રી હોવાને કારણે આવું હિંમતભર્યું લખાણ લખવું બધા લેખકો માટે શક્ય નથી.*

*કૃષ્ણા સોબતીને નીચેના પુરસ્કારો અને સન્માનો પ્રાપ્ત થયા છે -*

1999 - *કથા ચૂડામણી એવોર્ડ*

1981 - *સાહિત્ય શિરોમણી પુરસ્કાર*

1982 - *હિન્દી એકેડેમી એવોર્ડ*

2000-2001 - *શલાકા સન્માન*

1980 - *સાહિત્ય અકાદમી પુરસ્કાર*

1996 - *સાહિત્ય અકાદમી ફેલોશિપ*

*આ સિવાય તેમને મૈથિલી શરણ ગુપ્ત એવોર્ડ પણ મળ્યો છે.*

## 8.4 સુભદ્રાકુમારી ચૌહાણ

*સુભદ્રા કુમારી ચૌહાણ એક પ્રખ્યાત હિન્દી કવયિત્રી અને લેખિકા હતાં. તેમના બે કાવ્ય સંગ્રહો અને ત્રણ વાર્તા સંગ્રહો પ્રકાશિત થયા હતા પરંતુ તેમની ખ્યાતિ 'ઝાંસી કી રાની' કવિતાને કારણે છે. તેઓ રાષ્ટ્રીય ચેતનાના પ્રજ્ઞાચક્ષુ કવયિત્રી રહ્યા છે, પરંતુ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન અનેક જેલની યાતનાઓ સહન કર્યા બાદ તેમણે પોતાના અનુભવો પણ વાર્તાઓમાં વ્યક્ત કર્યા છે. તેમની ભાષા શૈલી સરળ અને*



*કાવ્યાત્મક છે, તેથી તેમના સર્જનની સરળતા હૃદયસ્પર્શી છે. તેમની રચનાઓ રાષ્ટ્રવાદની ભાવનાથી ભરેલી છે. 1921માં ગાંધીજીના અસહકાર ચળવળમાં ભાગ લેનાર તેઓ પ્રથમ મહિલા હતાં. તે બે વખત જેલમાં પણ ગયાં હતાં. સુભદ્રા કુમારી ચૌહાણનું જીવનચરિત્ર તેમની પુત્રી સુધા ચૌહાણે 'મિલા તેજ સે તેજ' પુસ્તકમાં લખ્યું છે. લેખિકા હોવા ઉપરાંત તે સ્વતંત્રતા સેનાની પણ હતી. મંગલા અનુજાનું પુસ્તક સુભદ્રા કુમારી ચૌહાણ તેમના સાહિત્યિક અને સ્વાતંત્ર્ય સંગ્રામના જીવન પર પ્રકાશ ફેંકે છે. સ્વતંત્રતા ચળવળમાં પણ તે તેમની કવિતા દ્વારા નેતૃત્વને પણ ઉજાગર કરે છે. 15 ફેબ્રુઆરી 1948ના રોજ એક કાર અકસ્માતમાં તેમનું અચાનક અવસાન થયું હતું*

*'બિખરે મોતી' તેમનો પ્રથમ વાર્તા સંગ્રહ છે. તેમાં કુલ 15 વાર્તાઓ છે. આ વાર્તાઓની ભાષા સરળ બોલચાલની ભાષા છે. મોટાભાગની વાર્તાઓ મહિલાઓના મુદ્દાઓ પર કેન્દ્રિત છે. 'અનમાદિની' નામનો તેમનો બીજો વાર્તા સંગ્રહ 1934માં પ્રકાશિત થયો હતો. આમાં કુલ 9 વાર્તાઓ છે. આ બધી વાર્તાઓનો મુખ્ય સૂર કૌટુંબિક સામાજિક દશ્ય છે. 'સીધે સાધે ચિત્ર' એ સુભદ્રા કુમારી ચૌહાણનો ત્રીજો*

*અને છેલ્લો વાર્તા સંગ્રહ છે. તેમાં કુલ* 14 *વાર્તાઓ છે. આ* 8 *વાર્તાઓનો વિષય મહિલા લક્ષી કૌટુંબિક સામાજિક સમસ્યાઓ છે. હીંગવાલા, રાહી, ટાંગે વાલા અને ગુલાબ સિંહની વાર્તાઓ રાષ્ટ્રીય વિષયો પર આધારિત છે. સુભદ્રા કુમારી ચૌહાણે કુલ* 46 *વાર્તાઓ લખી હતી, અને તેમની વ્યાપક વર્ણનાત્મક દષ્ટિને કારણે, તેઓ હિન્દી સાહિત્ય જગતમાં ખૂબ જ લોકપ્રિય વાર્તાકાર તરીકે જાણીતા છે.* 28 *એપ્રિલ* 2006*ના રોજ, ભારતીય કોસ્ટ ગાર્ડે સુભદ્રા કુમારી ચૌહાણની દેશભક્તિને માન આપવા માટે નવા કમિશ્ડ કોસ્ટ ગાર્ડ જહાજનું નામ સુભદ્રા કુમારી ચૌહાણ રાખ્યું. ભારતીય ટપાલ અને ટેલિગ્રાફ વિભાગે* 6 *ઓગસ્ટ* 1976*ના રોજ સુભદ્રા કુમારી ચૌહાણના સન્માનમાં* 25 *પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડી હતી.*

## 8.5 અમૃતા પ્રિતમ

1981*ના જ્ઞાનપીઠ પુરસ્કારનાં વિજેતા પંજાબી કવયિત્રી, ગદ્યકાર અને કથાલેખિકાનું લગ્ન પૂર્વેનું નામ અમૃત કૌર હતું.* 1936*માં પ્રીતમસિંઘ સાથેના લગ્ન બાદ વર્તમાન નામ અમૃતા પ્રીતમ ધારણ કર્યું. પત્રકાર અને સંસ્કૃત તથા હિંદીના વિદ્વાન પિતા કરતારસિંઘ હિતકારી પાસેથી તેમને સાહિત્યસર્જનના સંસ્કાર મળ્યા હતા. 'ઠંડિયા કિરણો'* (1935) *અને 'અમૃતલહરાં* (1936), *'સુનહુરે'* (1955) *તેમના નારીહૃદયની વેદના ઉગ્ર વાણીમાં રજૂ કરતાં* 1937-38*માં 'નવીન દુનિયા' સામયિક શરૂ કર્યું. લાહોરમાં આકાશવાણીમાં* 1938*થી* 1947 *સુધી કામ કર્યું અને સ્વાતંત્ર્ય બાદનાં થોડાં વર્ષો દિલ્હીમાં કામ કર્યું.* 1966*થી તેઓ 'નાગમણિ' માસિકનું સંપાદન કરતા હતા. 'સુનહુરે' કાવ્યસંગ્રહ માટે* 1956*માં તેમને ભારતીય સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું હતું ત્યારબાદ* 1966*માં પદ્મશ્રીનો ઇલકાબ મળ્યો. દિલ્હી યુનિવર્સિટીએ તેમને એ જ વર્ષમાં ડી.લિટ.ની માનદ પદવી આપી.* 1982*માં 'કાગઝ તે કૅન્વાસ' માટે ભારતીય જ્ઞાનપીઠ પારિતોષિક મળ્યું. બલ્ગેરિયા પ્રજાસત્તાક તરફથી* 1979*માં તેમને ઇન્ટરનેશનલ વેપ્તસેરોવ ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.* 2004*માં તેમને પદ્મવિભૂષણ એનાયત થયો હતો. મહાકાવ્ય અને નાટક સિવાય ગદ્ય-પદ્યનાં તમામ સ્વરૂપોમાં તેમણે પોતાની કલમ ચલાવી છે. તેમણે* 28 *નવલકથાઓ લખી છે. જેમાં 'ડૉક્ટર દેવ'* (1949), *'પિંજર'* (1950), *'આશુ'* (1958), *'હરદાત દા ઝિંદગીનામા'* (1983), *'ના રાધા; ના રુકમણી'* (1984) *નોંધપાત્ર છે; ટૂંકી વાર્તાઓનાં* 12 *સંગ્રહો અને સંકલનો પ્રકાશિત કર્યાં છે; જેમાં 'શબ્બી વરેહ બાદ'* (1943), *'ગોજર દિયાન પરિયન'* (1960), *'ઇક્ક શહેર દી મૌત'* (1978), *'તીસરી ઔરત'* (1978) *મુખ્ય છે. ત્રણ પ્રવાસગ્રંથો અને આત્મકથા ('રસીદી ટિકિટ' તથા 'હુઝરે દિ મિટ્ટી* (1991), *બે આત્મકથનાત્મક ગ્રંથો, સંસ્કૃતિ અને સાહિત્યવિષયક અનેક કૃતિઓ આપી છે.*



*વળી અનેક ભારતીય તથા વિદેશી ગ્રંથોનો વિશેષતઃ કાવ્યગ્રંથોનો પંજાબી ભાષામાં અનુવાદ કર્યો છે. અંગ્રેજી અને હિન્દી ઉપરાંત તેમના ગ્રંથો વિવિધ ભારતીય અને વિદેશી (મહદંશે પૂર્વ યુરોપીય) ભાષાઓમાં અનૂદિત થયા છે.*

*તેમણે પ્રથમ કવિતા* 1935*માં લખી.* 1947 *સુધીમાં તેમણે કાવ્યોના* 10 *સંગ્રહો આપીને પોતાને કવયિત્રી તરીકે પ્રસ્થાપિત કર્યાં હતાં; પરંતુ આ ગાળાની તેમની કવિતા મહદંશે પ્રણાલીગત, વસ્તુલક્ષી, કલ્પનાપ્રધાન અને સંવેદનશીલ હતી. તેમાં ક્યાંક ક્યાંક નારીગત લાગણીઓની મુક્ત અને નિખાલસ અભિવ્યક્તિ અને પ્રવર્તમાન સામાજિક મૂલ્યો સામેના વિદ્રોહના સંકેતો મળે છે; જે તત્વ* 1947 *પછી ખીલ્યું. તેમની કૃતિ 'વારિસશાહને પ્રાર્થના' દેશના ભાગલા દરમિયાન પંજાબી સ્ત્રીઓ જે આતંક અને વેદનામાંથી પસાર થઈ તેનું જોરદાર નિરૂપણ કરે છે. જ્યાં પણ અન્યાય દેખાયો તેની સામે તેમણે અવાજ ઉઠાવ્યો છે. તેમની સંવેદનશીલતા ઊર્મિપ્રધાનતાથી આક્રમક વ્યંગ સુધી વિસ્તરે છે. વિષયવસ્તુ વ્યક્તિગતથી વૈશ્વિક (દા.ત. વિશ્વશાંતિ) બાબતોને આવરી લે છે. તેઓ આશાવાદી માનવતાવાદમાં માનનારાં છે. તેઓ લોકરૂઢિપ્રયોગો અને પ્રણાલીગત સ્વરૂપોનો ઉપયોગ કરીને તેની મહત્તમ અસર ઉપજાવી શકે છે. 'કાગઝ તે કૅનવાસ'* (1970)*માં આધુનિક બિંબો, રૂઢિપ્રયોગો અને મુક્તપદોનો ઉપયોગ કર્યો છે, 'ચોનવેં પાત્રે'* (1990) *તેમની કેટલીક રચનાઓનું સંપાદન છે. 'મિટ્ટી દિ ઝાત'* (1990) *તેમનો ટૂંકી વાર્તાઓનો સંગ્રહ છે. તેમની નવલકથાઓ પુરુષ-સ્ત્રીના લગ્નકેન્દ્રી સંબંધોની આસપાસ ગૂંથાયેલી છે. તેમનાં સ્ત્રીપાત્રો વ્યક્તિત્વને પામવા મથે છે પરંતુ તે પામતાં નથી અને જે પુરુષો તથા સામાજિક કાયદાઓ તેમને દમનકારી લાગતા હોય છે તેમની તરફેણમાં તેઓ નમી પડે છે. તેમના 'નાગમણિ' સામયિક દ્વારા અમૃતા પ્રીતમ લેખકોની યુવાન પેઢીને સર્જનાત્મકતાને માર્ગે પ્રોત્સાહિત કરતા હતા.*

## 8.6 પંડિતા રમાબાઈ (1858–1922)



### 8.6.1 પરિચય

*રમાબાઈ મુખ્યત્વે સમાજ સુધારક અને મહિલા અધિકાર કાર્યકર્તા હોવા છતાં તેઓએ ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિ પર વ્યાપકપણે લેખન કર્યું છે. તેમના પુસ્તક ધ હાઈ-કાસ્ટ હિન્દુ વુમન* (1887) *માં ભારતીય સમાજમાં મહિલાઓની સ્થિતિની ઐતિહાસિક દૃષ્ટિએ તપાસ કરવામાં આવી હતી. તેમણે ઈતિહાસના પિતૃસત્તાક અર્થઘટનને પડકારવા માટે પ્રાચીન ગ્રંથો અને ઐતિહાસિક સ્ત્રોતોનો અભ્યાસ કર્યો હતો.પંડિતા રમાબાઈ એક પ્રખ્યાત સમાજ સુધારક, શિક્ષણવિદ અને સ્ત્રી અધિકાર માટે લડનાર મહિલા યોદ્ધા હતા. તેઓએ*

*ભારતીય ઈતિહાસ, સ્ત્રીઓની પરિસ્થિતિ અને હિંદુ સમાજવ્યવસ્થા પર અભ્યાસ કરી પોતાની અનોખી દૃષ્ટિ રજૂ કરી હતી.*

### 8.6.2 પ્રારંભિક જીવન અને શૈક્ષણિક યાત્રા અને સામાજિક કાર્ય

*પંડિતા રમાબાઈ નો જન્મ* 23 *એપ્રિલ,* 1858*માં મહારાષ્ટ્રના ગંગામૂલ ગામે બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમનાં માતા-પિતાએ તેમને પ્રાચીન શાસ્ત્રો અને સંસ્કૃતનો ઊંડો અભ્યાસ કરાવ્યો, જે તે સમયની અન્ય સ્ત્રીઓ માટે દુર્લભ હતું. તેમના માતા-પિતા થોડા જ સમયમાં અવસાન પામ્યા, અને રમાબાઈએ મોટી મુશ્કેલીઓ વચ્ચે પોતાનું શિક્ષણ ચાલુ રાખીને ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી હતી.* 1878*માં, રમાબાઈને 'પંડિતા' અને 'સરસ્વતી' ની ઉપાધિ મળી, જે તેમના શાસ્ત્રીય જ્ઞાન માટે માન્યતા આપતી હતી. તેમણે સ્ત્રીઓના શિક્ષણ અને સમાન અધિકાર માટે કામ કર્યું.* 1882*માં, તેમણે* The High-Caste Hindu Woman *નામે એક મહત્ત્વપૂર્ણ પુસ્તક લખ્યું, જેમાં તેમણે હિંદુ સમાજમાં સ્ત્રીઓની હાલતનું વિશ્લેષણ કર્યું. રમાબાઈ એ વિધવા મહિલાઓ માટે આશ્રમ અને શાળાઓ શરૂ કરી, ખાસ કરીને પુંનામાં* 1889*માં તેમણે શારદા સદનની સ્થાપના કરી હતી.*

### 8.6.3 મુખ્ય યોગદાન

*તેઓ ભારતની પહેલી સ્ત્રી હતાં જેમણે પ્રાચીન ગ્રંથોનો ઈતિહાસના દૃષ્ટિકોણથી અભ્યાસ કર્યો. તેમણે સ્ત્રી શિક્ષણ અને તેમના અધિકારો માટે મજબૂત લડત ઉપાડી. પંડિતા રમાબાઈએ આગળ જતાં ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હોવા છતાં, તેમણે ભારતીય સ્ત્રીઓ માટે સતત કામ કર્યું હતું. તેમનું અવસાન* 5 *એપ્રિલ,* 1922*ના રોજં થયું હતું, પણ તેમની વિચારધારા અને કાર્ય આજ સુધી પ્રેરણાસ્ત્ આપી રહ્યા છે.*

#### 8.6.3.1 ઈતિહાસ લેખન

#### 1. ઉચ્ચ જાતિની હિન્દુ સ્ત્રી (1887)

*ઉચ્ચ જાતિની હિન્દુ સ્ત્રી એ* 1887*માં પંડિતા રમાબાઈ દ્વારા લખાયેલ એક ક્રાંતિકારી પુસ્તક હતું. તે હિન્દુ સામાજિક માળખાના પ્રારંભિક નારીવાદી ટીકાઓમાંનું એક છે, ખાસ કરીને ઉચ્ચ જાતિના હિન્દુ સમાજમાં મહિલાઓ પર થતા જુલમ અંગે તેમાં વિગતવાર માહિતી આપવામાં આવી છે. આ પુસ્તક યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રકાશિત થયું હતું અને તેના કડક ચાબખારૂપી અભિગમ માટે નોંધપાત્ર ધ્યાન ખેંચ્યું હતું.*

#### 8.6.3.2 પુસ્તકનાં મુખ્ય વિષયો અને દલીલો

- *ઉચ્ચ જાતિની હિન્દુ મહિલાઓની દુર્દશા*

*રમાબાઈ પોતાના આ પુસ્તકમાં વર્ણવે છે કે કેવી રીતે સ્ત્રીઓ, ખાસ કરીને બ્રાહ્મણ મહિલાઓ, કડક સામાજિક ધોરણો, બાળ લગ્ન અને શિક્ષણના અભાવનો ભોગ બનતી હતી.તેઓ વિધવાઓ સાથેના કઠોર વર્તન પર પ્રકાશ પાડે છે, જેમને એકલતા અને ભારે કઠોરતામાં રહેવાની ફરજ પાડવામાં આવતી હતી.*

● બાળ લગ્ન અને તેના પરિણામો

આ પુસ્તક બાળ લગ્નની પ્રથાની સખત ટીકા કરે છે, જે દર્શાવે છે કે તે કેવી રીતે શારીરિક અને ભાવનાત્મક દુઃખ તરફ દોરી જાય છે. યુવાન છોકરીઓને ઘણીવાર તરુણાવસ્થા પહેલાંજ પરણાવી દેવામાં આવટી હતી, જેના કારણે નાની ઉંમરે ગર્ભાવસ્થા, સ્વાસ્થ્ય સમસ્યાઓ અને અકાળે મૃત્યુ થતાં હતા.

● વૈધવ્ય અને સામાજિક એકલતા

ખાસ કરીને ઉચ્ચ જાતિના પરિવારોમાંથી હિન્દુ વિધવાઓને ફરીથી લગ્ન કરવાની મનાઈ હતી અને તેમને ભારે હીનતાભર્યું જીવન જીવવું પડતું હતું. સમાજમાં તેમના દર્શનને ઘણીવાર ખરાબ શુકન તરીકે ગણવામાં આવતા હતા અને જીવનભર દુઃખનો બોજ સહન કરતી હતી.

● સ્ત્રીઓ માટે શિક્ષણનો અભાવ

રમાબાઈ આક્ષેપ કરે છે કે હિન્દુ સમાજ પુરુષોનું વર્ચસ્વ જાળવી રાખવા માટે જાણી જોઈને સ્ત્રીઓને અશિક્ષિત રાખે છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે શિક્ષણ એ મહિલા સશક્તિકરણ અને સામાજિક પ્રગતિની ચાવી છે.

● લિંગ દમન અને ધાર્મિક છૂટ

તેમણે વિવેચનાત્મક રીતે તપાસ કરી કે કેવી રીતે હિન્દુ ગ્રંથો અને રિવાજોનું ખોટું અર્થઘટન કરીને સ્ત્રીઓ પરના જુલમને યોગ્ય ઠેરવવામાં આવે છે.તેમણે આ વિચારને પડકાર્યો કે સ્ત્રીઓનું દુઃખ તેમના કર્મનું પરિણામ છે અને દલીલ કરી કે આ માનવસર્જિત અન્યાય છે.

● પુસ્તકનો પ્રભાવ

આ પુસ્તક ખાસ કરીને ખ્રિસ્તી મિશનરીઓ અને નારીવાદીઓ દ્વારા પશ્ચિમમાં વ્યાપકપણે વાંચવામાં આવ્યું હતું, તેણે ભારતમાં મહિલાઓ પર થતા જુલમ તરફ આંતરરાષ્ટ્રીય ધ્યાન દોર્યું. રમાબાઈની દલીલોએ ભારતમાં મહિલા સુધારણા ચળવળમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ પુસ્તકે જ્યોતિરાવ ફૂલે અને ડૉ. બી.આર. આંબેડકર જેવા સમાજ સુધારકોને પણ પ્રભાવિત કર્યા, જેમણે લિંગ સમાનતા માટે કામ કર્યું હતું.

● પુસ્તક પછી પંડિતા રમાબાઈના સુધારા

આ પુસ્તક પ્રકાશિત કર્યા પછી, રમાબાઈએ શારદા સદન (1889) ની સ્થાપના કરી હતી, જે વિધવાઓ અને નિરાધાર મહિલાઓ માટે એક શાળા હતી. તેમણે પાછળથી ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો પરંતુ હિન્દુ મહિલાઓના ઉત્થાન માટે કામ કરવાનું ચાલુ રાખ્યું. તેમના યોગદાનથી ભારતમાં મહિલા અધિકાર ચળવળોનો પાયો નખાયો હતો. આમ ઉચ્ચ જાતિની હિન્દુ મહિલા એક ક્રાંતિકારી કૃતિ હતી જેણે 19મી સદીમાં હિન્દુ મહિલાઓ દ્વારા થતા અન્યાયને ઉજાગર કર્યો હતો. તે નારીવાદી અને સામાજિક સુધારણા સાહિત્યમાં એક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક દસ્તાવેજ છે.

## 8.7 રામેશ્વરી નેહરુ

**રામેશ્વરી નેહરુ (1886–1966) મહિલા અધિકારો અને સામાજિક સુધારણાના પ્રણેતા**

રામેશ્વરી નહેરુ એક સ્વતંત્રતા સેનાની, સમાજ સુધારક, પત્રકાર અને મહિલા અધિકાર કાર્યકર્તા હતા. તેમણે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, તેમણે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપ્યું અને પત્રકારત્વ, રાજકારણ અને શિક્ષણમાં તેમના કાર્ય દ્વારા સામાજિક ઉત્થાનમાં ફાળો આપ્યો.

### 8.7.1 શરૂઆતનું જીવન અને પૃષ્ઠભૂમિ

તેમનો જન્મ ઈ.સ. 1886માં બ્રિટિશ ભારતના પંજાબમાં થયો હતો. તેઓના લગ્ન ભારતના ખ્યાતનામ નહેરુ પરિવારમાં લગ્ન થયા હતા, પરંતુ જવાહરલાલ નહેરુ સાથે તેમના કોઈ સીધા સંબંધ નહોતા. તેમના લગ્ન જવાહરલાલ નહેરુના એક સરકારી કર્મચારી અને પિતરાઈ ભાઈ બ્રિજલાલ નહેરુ સાથે થયા હતા.

### 8.7.2 સ્વતંત્રતા સંગ્રામમાં ભૂમિકા

રામેશ્વરી નહેરુએ ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને મહાત્મા ગાંધી અને અન્ય નેતાઓ સાથે કામ કર્યું હતું. તેઓ અસહકાર ચળવળ (1920) સાથે સંકળાયેલા હતા અને મહિલાઓને બ્રિટિશ શાસન સામેની લડાઈમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરતા હતા. રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા બદલ તેમને ઘણી વખત જેલની સજા થયેલી. તેમણે રાજકારણ અને સામાજિક સુધારાઓમાં મહિલાઓની ભાગીદારીની હિમાયત કરી હતી.




### 8.7.3 મહિલા અધિકારો અને સામાજિક સુધારા

રામેશ્વરી નહેરુ માનતા હતા કે ભારતીય મહિલાઓને સશક્ત બનાવ્યા વિના સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકાતી નથી. તેમણે ઘણા મુખ્ય મુદ્દાઓ પર કામ કર્યું. તેમણે કન્યા શિક્ષણની જોરદાર હિમાયત કરી હતી, તે એવું માનતા હતા કે શિક્ષણ એ મહિલા સશક્તિકરણનો પાયો છે. મહિલાઓ માટે શાળાઓ અને વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો સ્થાપવામાં મદદ કરી હતી. તેમણે રાજકારણ અને નિર્ણય લેવામાં મહિલાઓને સામેલ કરવા માટે કામ કર્યું. તેમજ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને સ્વતંત્રતા સંગ્રામમાં મહિલાઓને ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. સામાજિક દૂષણો જેવાકે બાળ લગ્ન, દહેજ અને પડદા પ્રથા (મહિલાઓનો એકાંત)નો વિરોધ કર્યો હતો. વિધવા પુનર્લગ્ન અને મહિલાઓના મિલકત અધિકારોને પણ ટેકો આપ્યો હતો. ત્યારબાદ તેમણે રાહત અને પુનર્વસનના કાર્યો પણ કર્યા હતા જેમકે ભારતના ભાગલા (1947) પછી, તેમણે

*વિસ્થાપિત મહિલાઓ અને બાળકોના પુનર્વસનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમાં અસરગ્રસ્ત પરિવારોને સહાય પૂરી પાડવા માટે શરણાર્થી શિબિરો સાથે પણ કામ કર્યું હતું. મહાત્મા ગાંધી અને ભારતીય રાષ્ટ્રીય ચળવળથી પ્રેરિત થઈને, તેમણે પોતાનું જીવન મહિલા અધિકારો અને સામાજિક સુધારાઓ માટે સમર્પિત કર્યું હતું.*

### 8.7.4 પત્રકારત્વમાં યોગદાન

*રામેશ્વરી નહેરુ ભારતમાં મહિલા પત્રકારત્વના પ્રણેતા હતા. તેઓ મહિલાઓના મુદ્દાઓ અને સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતું મેગેઝિન 'સ્ત્રી દર્પણ'નું સંપાદન કરતાં હતા. તેમણે તેમાં મહિલા અધિકારો, શિક્ષણ અને રાષ્ટ્રવાદ વિશે વ્યાપકપણે લખ્યું છે. મહિલાઓને એકત્ર કરવા અને સામાજિક મુદ્દાઓ વિશે જાગૃતિ ફેલાવવા માટે પત્રકારત્વનો વ્યાપક પણે ઉપયોગ કર્યો હતો. સ્ત્રી દર્પણ એ સમયનું એક અગ્રણી મહિલા મેગેઝિન હતું. સ્ત્રી દર્પણ રામેશ્વરી નેહરુ દ્વારા સંપાદિત એક મહિલા મેગેઝિન હતું. ભારતમાં 20મી સદીની શરૂઆતમાં મહિલા સશક્તિકરણ, સામાજિક સુધારણા અને જાગૃતિમાં તેણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સ્ત્રી દર્પણની સ્થાપના મહિલાઓના અવાજો ઉઠાવવા અને મહિલાઓને અસર કરતા સામાજિક, શૈક્ષણિક અને રાજકીય મુદ્દાઓની ચર્ચા કરવા માટે કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય પત્રકારત્વ દ્વારા મહિલાઓને શિક્ષિત અને સશક્તિકરણ કરવાનો હતો, તેમને રાષ્ટ્ર નિર્માણ અને સુધારા ચળવળોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. આ મેગેઝિન વિવિધ સામાજિક પૃષ્ઠભૂમિની મહિલાઓના વિશાળ પ્રેક્ષકો સુધી પહોંચવા માટે સરળ અને સુલભ ભાષામાં લખવામાં આવ્યું હતું. તેના મુખ્ય વિષયોમાં આ મુજબ છે.*

### 8.7.5 મહિલા શિક્ષણ

*કન્યાઓના શિક્ષણના મહત્ત્વને પ્રોત્સાહન આપતા અને મહિલાઓ માટે શીખવાની તકોને મર્યાદિત કરતા સામાજિક ધોરણોનો વિરોધ કરતા લેખો. મહિલાઓને જ્ઞાન મેળવવા અને સામાજિક અવરોધો તોડવા માટે પ્રોત્સાહિત કર્યા.*

### 8.7.6 સામાજિક સુધારાઓ

*બાળ લગ્ન, દહેજ પ્રથા, પડદા (પડદા પ્રથા) અને જાતિ ભેદભાવની ટીકા કરી. વિધવા પુનર્લગ્ન અને મહિલાઓ માટે મિલકતના અધિકારોની હિમાયત કરી.*

### 8.7.7 મહિલા અધિકારો અને રાજકીય ભાગીદારી

*રાજકારણ અને સ્વતંત્રતા સંગ્રામમાં મહિલાઓની ભાગીદારીને ટેકો આપ્યો. ભારતીય રાષ્ટ્રીય ચળવળમાં મહિલાઓની ભૂમિકા વિશે પ્રકાશિત લેખો.*

### 8.7.8 રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતા સંગ્રામ

*મહિલાઓને સ્વતંત્રતા ચળવળમાં જોડાવા અને બ્રિટિશ શાસનનો પ્રતિકાર કરવા પ્રોત્સાહિત કર્યા. ભારતીય સંસ્કૃતિ, વારસો અને સ્વ-શાસન (સ્વરાજ)ની જરૂરિયાત પર પ્રકાશિત વાર્તાઓ અને લેખો.*

### 8.7.9 સાહિત્ય અને મહિલા લેખન

*મહિલા લેખકો, કવિઓ અને સુધારકો માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું. મહિલાઓના સંઘર્ષો અને આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરતા નિબંધો, વાર્તાઓ અને કવિતાઓનો સમાવેશ થાય છે.*

### 8.7.10 મુખ્ય સિદ્ધિઓ અને માન્યતાઓ

1942*માં અખિલ ભારતીય મહિલા પરિષદ* (AIWC) *ના પ્રથમ મહિલા પ્રમુખ બન્યા હતા. સ્વતંત્રતા પછીના ભારતમાં સામાજિક સુધારણા અને મહિલા વિકાસ સંબંધિત સમિતિઓમાં સેવા આપી. સમાજમાં તેમના યોગદાન બદલ તેમણે પદ્મ ભૂષણ* (1955) *થી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વતંત્રતા પછી પણ, તેમણે મહિલા અધિકારો, સામાજિક સુધારણા અને શિક્ષણ માટે તેમનું કાર્ય ચાલુ રાખ્યું હતું.* 1966*માં તેમનું અવસાન થયું, હિંમત, સેવા અને સશક્તિકરણનો વારસો છોડીને. સરોજિની નાયડુ અને કમલાદેવી ચટ્ટોપાધ્યાય જેવા નેતાઓ સાથે ભારતીય મહિલા ઈતિહાસમાં મુખ્ય વ્યક્તિઓમાંના એક તરીકે યાદ કરવામાં આવે છે. રામેશ્વરી નેહરુ એક નિર્ભય સુધારક, પત્રકાર અને કાર્યકર હતા જેમણે પોતાનું જીવન મહિલાઓના ઉત્થાન અને રાષ્ટ્રીય સેવા માટે સમર્પિત કર્યું હતું. તેમણે મહિલા શિક્ષણ, રાજકીય અધિકારો અને સામાજિક ન્યાય માટે લડત આપી, ભારતની પ્રગતિ પર પોતાની કાયમી છાપ છોડી છે.*

## 8.8 ડૉ. ઈરાવતી કર્વે (1905–1970)



### 8.8.1 પરિચય

*ડૉ. ઈરાવતી કર્વે એક પ્રખ્યાત ભારતીય સમાજશાસ્ત્રી, માનવશાસ્ત્રી અને લેખિકા હતા જેમણે ભારતીય સમાજ, જાતિ, સગપણ અને ઈતિહાસના અભ્યાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેઓ સામાજિક વિજ્ઞાનના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મેળવનાર પ્રથમ ભારતીય મહિલાઓમાંના એક હતા. તેમનો જન્મ* 15 *ડિસેમ્બર* 1905, *બર્મા (હવે મ્યાનમાર) માં થયો હતો. અને તેમનું અવસાન* 11 *ઓગસ્ટ* 1970, *પુણે, ભારતમાં થયું હતું. તેઓના અભ્યાસક્ષેત્રોમાં માનવશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઈતિહાસ જેવા વિષયોનો સમાવેશ થાય છે.તેમણે ભારતીય જાતિ વ્યવસ્થા, કૌટુંબિક રચનાઓ અને ભારતીય મહાકાવ્યોના પુર્નઅર્થઘટન પર વિશેષ કર્યા કર્યું છે. અને તેમના પુસ્તકો માટે તેઓ ખૂબ જ જાણીતા બન્યા છે.*

### 8.8.2 શિક્ષણ અને કારકિર્દી

*તેમણે ફર્ગ્યુસન કૉલેજ, પુણેથી ફિલોસોફી વિષયમાં સ્નાતકની પદવી મેળવી હતી. ત્યારબાદ અનુસ્નાતક માટે બોમ્બે યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં જોડાઈને ત્યાંથી માસ્ટર્સની ડિગ્રી મેળવી હતી. આગળના અભ્યાસ માટે તેઓ બર્લિન યુનિવર્સિટી, જર્મની જાય છે અને ત્યાંથી માનવશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ની ડિગ્રી મેળવી હતી. આ ક્ષેત્રમાં પીએચ.ડી. મેળવનાર તેઓ પ્રથમ ભારતીય મહિલાઓમાંના એક હતા. બાદમાં સાવિત્રીબાઈ ફુલે પુણે યુનિવર્સિટી (અગાઉ પુના યુનિવર્સિટી) ખાતે સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર વિભાગના પ્રોફેસર અને વડા બન્યા હતા.*

### 8.8.3 મુખ્ય યોગદાન

#### 8.8.3.1 ભારતમાં જાતિ અને સગપણ પર અભ્યાસ

*તેમનું પુસ્તક "ભારતમાં સગપણ સંગઠન"* (1953) *ભારતીય સગપણ પ્રણાલીઓ પર એક અગ્રણી અભ્યાસ છે. તેમણે ઉત્તર ભારતીય અને દક્ષિણ ભારતીય સગપણ માળખા વચ્ચેના તફાવતોનું વિશ્લેષણ કર્યું છે. તેમણે જાતિ વંશવેલો, અંતઃપત્નીત્વ (કોઈની જાતિમાં લગ્ન) અને ભારતમાં લગ્ન રિવાજોનો અભ્યાસ કર્યો હતો. તેમના કાર્યથી ભારતીય નીતિ નિર્માતાઓ અને સામાજિક વૈજ્ઞાનિકોને ગ્રામીણ અને શહેરી વાતાવરણમાં જાતિ ગતિશીલતા સમજવામાં ઘણી મદદ મળી હતી.*

#### 8.8.3.2 સામાજિક માળખું અને શહેરીકરણ

*તેમણે તપાસ કરી કે શહેરીકરણે પરંપરાગત જાતિ-આધારિત વ્યવસાયો અને સંબંધોને કેવી રીતે બદલી નાખ્યા. તેમણે ભારતીય સમાજમાં મહિલાઓની સ્થિતિ અને આધુનિકીકરણે તેમની ભૂમિકાઓને કેવી રીતે અસર કરી તેનો અભ્યાસ કર્યો.*

*તેમણે ભારતીય પરિવારો અને સામાજિક માળખા પર સ્થળાંતરની અસરોની શોધ કરી.*

#### 8.8.3.3. ભારતીય મહાકાવ્યોનું પુર્નઅર્થઘટન

*તેમનું સૌથી પ્રખ્યાત પુસ્તક, "યુગાંતઃ ધ એન્ડ ઓફ એન એપોક"* (1967), *મહાભારતનું સમાજશાસ્ત્રીય અને નારીવાદી અર્થઘટન છે. તેમણે દ્રૌપદી, ભીષ્મ અને કુંતી જેવા પાત્રોનું વિશ્લેષણ કર્યું, ધાર્મિક દ્રષ્ટિકોણને બદલે તર્કસંગત અને ઐતિહાસિક દષ્ટિકોણ રજૂ કર્યો હતો. આ પુસ્તકને સાહિત્ય અકાદમી પુરસ્કાર* (1968) *પ્રાપ્ત થયેલ છે.*

#### 8.8.3.4 ક્ષેત્રીય અભ્યાસ અને નૃવંશશાસ્ત્રીય કાર્ય

*મહારાષ્ટ્ર, ગુજરાત અને દક્ષિણ ભારતમાં જાતિ, અને ગ્રામીણ સમાજ પર ક્ષેત્રીય સંશોધન હાથ ધર્યું. મહારાષ્ટ્રીયન સમાજ અને સંસ્કૃતિ પરના તેમના અભ્યાસોનો હજુ પણ વ્યાપક સંદર્ભ આપવામાં આવે છે.*

#### 8.8.3.5 ડૉ. ઈરાવતી કર્વે દ્વારા લખાયેલ મુખ્ય પુસ્તકો

1. *"ભારતમાં સગપણનું સંગઠન"* (1953) - *ભારતીય સગપણ પ્રણાલીઓ, જાતિ અને કુટુંબ રચનાનો અભ્યાસ.*
2. *"હિન્દુ સમાજ - એક અર્થઘટન"* (1961) - *હિન્દુ સામાજિક રચના, રિવાજો અને માન્યતાઓનું વિશ્લેષણ.*
3. *"મહારાષ્ટ્ર - ભૂમિ અને લોકો"* (1968) - *મહારાષ્ટ્રીયન સમાજનો નૃવંશશાસ્ત્રીય અભ્યાસ.*
4. *"યુગંતઃ એક યુગનો અંત"* (1967) - *મહાભારતનું નારીવાદી અને ઐતિહાસિક વિશ્લેષણ.*
5. *"ગ્રામ્ય સમુદાયમાં જૂથ સંબંધો"* (1969) - *ગ્રામીણ ભારતમાં સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓનો અભ્યાસ.*

*આમ ડૉ. ઈરાવતી કર્વે ભારતીય સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્રમાં એક પ્રણેતા હતા. જાતિ, સગપણ અને મહાકાવ્ય પરના તેમના અભ્યાસ શૈક્ષણિક ચર્ચાઓને આકાર આપતા રહે છે. તેઓ સામાજિક વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે પ્રેરણા અને નારીવાદી ઈતિહાસમાં પ્રણેતા સ્તંભ સામા છે.*

## 8.9 સારાંશ

*ઉપરોક્ત મુજબ આપણે ભારતીય મહિલાઓનું સવિશેષ સાહિત્ય અને ઈતિહાસ લેખનમાં યોગદાન અંગે વિસ્તૃત જાણકારી મેળવી. ભારતીય મહિલાઓનું સાહિત્ય ક્ષેત્રે પ્રદાન સમાજના દૃષ્ટિકોણને ઉજાગર કરે છે. જેમાં સ્ત્રીઓ સમુદાય, વર્ગ અને જાતિની સરહદો વ્યાખ્યાયિત કરે છે. તેઓએ તેમની વેદના અને પુરૂષ વર્ચસ્વ પ્રત્યેનો અસંતોષ તેમના કાર્યો દ્વારા વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે. ઈતિહાસ લેખનના ક્ષેત્રમાં મહિલા ઈતિહાસકારોએ પણ પુરુષ માફક ઈતિહાસ સંશોધનમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. જેમણે વિશ્વ અને તેના ઈતિહાસ વિશેની આપણી સમજને વધુને વધુ પ્રભાવિત કરી છે. આમ, આપણે સાહિત્ય તથા ઈતિહાસ લેખનના સંદર્ભમાં પ્રભાવશાળી સ્ત્રીઓના અમૂલ્ય યોગદાન અંગે વિસ્તૃત ચર્ચા કરી.*

## 8.10 તમારી પ્રગતિ ચકાસો

A *નિમ્નલિખિત વિધાન ખરાં (✓) છે કે ખોટાં (×) તપાસો.*

1. *ઉચ્ચ જાતિની હિન્દુ સ્ત્રી નામનું પુસ્તક પંડિતા રમાબાઈનું છે.*
2. *શારદા સદનની સ્થાપના પંડિતા રમાબાઈએ કરી હતી.*
3. *સરસ્વતી અને પંડિતાની ઉપાધી રમાબાઈને મળી હતી.*
4. *રામેશ્વરી નહેરુ અસહકાર ચળવળ* (1920) *સાથે સંકળાયેલા હતા.*
5. *રામેશ્વરી નહેરુએ* 1947*માં વિસ્થાપિત મહિલાઓ અને બાળકોના પુનર્વસનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.*

**(B) બહુવૈકલ્પિક પ્રશ્નો**

1. *નિમ્નલિખિત કોને 'ભારત ભારતી' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.*

(A) *મહાદેવી વર્મા* (B) *અમૃતા પ્રીતમ*

(C) *કૃષ્ણા સોબતી* (D) *ઝુંપા લાહેરી*

2. *નિમ્નલિખિત નવલકથાઓનો સંગ્રહ કૃષ્ણા સોબતી સાથે સબંધિત નથી.*

(A) *યારો કે યાર* (B) *બિખરે મોતી*

(C) *મિત્રો મરજાની* (D) *જિંદગીનામાં*

3. *"આધુનિક યુગની મીરા" કોને કહેવામાં આવે છે*

(A) *મહાદેવી વર્મા* (B) *અમૃતા પ્રીતમ*

(C) *કૃષ્ણા સોબતી* (D) *ઝુંપા લાહેરી*

4. *'સ્ત્રી દર્પણ ' સામયિકનું સંપાદન કોણ કરતું હતું.*

(A) *રોમીલા થાપર* (B) *રામેશ્વરી નહેરુ*

(C) *રમાબાઈ પંડિતા* (D) *ઈરાવતી કર્વે*

5. *ડૉ. ઈરાવતી કર્વે કયા વ્યવસાય સાથે જોડાયેલા હતા.*

(A) *સમાજશાસ્ત્રી* (B) *માનવશાસ્ત્રી*

(C) *લેખિકા* (D) *ઉપરના તમામ*

---

## 8.11 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબ

---

A 1.*સાચું* 2. *સાચું* 3.*સાચું* 4.*સાચું* 5. *સાચું*

**B** 1 - A, 2 - B, 3 –A, 4 – B, 5 –D

**સ્વાધ્યાય**

1. *સાહિત્ય લેખનના ક્ષેત્રમાં સ્ત્રીઓના પ્રદાનનું મૂલ્યાંકન કરો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

2. *ઈતિહાસ લેખનના ક્ષેત્રમાં સ્ત્રીઓના યોગદાન અંગે વિસ્તૃત નોંધ લખો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 8.12 ચાવીરૂપ શબ્દો

1. **પંડિતા** - *એક પ્રકારની શૈક્ષણિક ઉપાધિ*
2. **સરસ્વતી** - *એક પ્રકારની શૈક્ષણિક ઉપાધિ*
3. **જ્ઞાનપીઠ** - *આ પુરસ્કાર ભારતીય જ્ઞાનપીઠ દ્વારા આપવામાં આવે છે*
4. **પદ્મ ભૂષણ** - *આ પુરસ્કાર "જાતિ, વ્યવસાય, પદ અથવા લિંગના ભેદભાવ વિના ઉચ્ચ વર્ગની વિશિષ્ટ સેવા" માટે આપવામાં આવે છે.*
5. **પદ્મશ્રી** - *પુરસ્કાર ભારત સરકાર દ્વારા વાર્ષિક ધોરણે આપવામાં આવતો એક પુરસ્કાર છે, જે દેશના માટેના સૈનિકક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં અસાધારણ યોગદાનના માટે એનાયત કરવામાં આવે છે, જેમકે કલા, શિક્ષણ, ઉદ્યોગ, સાહિત્ય, વિજ્ઞાન, ખેલકૂદ, સમાજ સેવા વગેરે. અન્ય ગૌરવપ્રદ પુરસ્કારોમાં પદ્મભૂષણ, પદ્મવિભૂષણ અને ભારત રત્નની ગણના થાય છે.*

## 8.13 સંદર્ભ


1. *ઠાકર મીનાક્ષી, ગુજરાતનાં નારી-રત્નો, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ,* 2009.
2. ***पकालिया, जनक आर., आधुनिक साहित्यकार, रावत प्रकाशन, नई दिल्ली,*** 2014.
3. *શુક્લ, જયકુમાર ર., અર્વાચીન ઈતિહાસકારો અને તેમનું ઈતિહાસલેખન, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ,* 2013.
4. Kelly Boyd, Encyclopedia of Historians and Historical Wriing, Vol 1-2, Fitzroy Dearborn/Routledge, 1999. or https://bokos.google.com/bokos/about/Encyclopedia_of_Historians_and_Historica.html?id=0121vD9STIMC#v=onepage&q&f=false
5. https://gujaraivishwakosh.org/
6. 1.Ramabai, Pandita. The High-Caste Hindu Woman. Philadelphia: The Press of the Jas. B. Rodgers
7. Printing Co., 1887.
8. 2.Kosambi, Meera. Pandita Ramabai: Life and Landmark Wriings. New Delhi: Routledge India, 2016.
9. 3.Internet Archive – The High-Caste Hindu Woman (Full Text)
10. 4.Google Bokos – Search for High-Caste Hindu Woman by Pandita Ramabai
11. Karve, Irawati. Kinship Organization in India. Bombay: Asia Publishing House, 1953.
12. Karve, Irawati. Hindu Society – An Interpr[a]ation. Poona: Deccan College, 1961.
13. Karve, Irawati. Yuganta: The End of an Epoch. Poona: Deshmukh Prakashan, 1967.
14. Karve, Irawati. Maharashtra – Land and People. New Delhi: Directorate of Publicity, Government of Maharashtra, 1968.
15. Karve, Irawati. Group Relations in Village Community. Poona: Deccan College, 1969.

**એકમ : 9** | **ભારતીય બંધારણ અને નારી સંબંધી કલમો**

**:: રૂપરેખા ::**


**9.1 ઉદ્દેશો**

**9.2 પ્રસ્તાવના**

**9.3 બંધારણીય જોગવાઈઓ**

**9.4 શોષણ વિરુદ્ધનો અધિકાર (Right against Exploitation)**

**9.5 ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર (Right to freedom of Religion)**

**9.6 રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો (Directive Principles of State Policy)**

**9.7 કાયદાકીય અધિકારો ભારતીય દંડ સંહિતામાં સ્ત્રીઓ વિરુદ્ધના ગુના**

**9.8 સારાંશ**

**9.9 તમારી પ્રગતિ ચકાસો**

**9.10 ચાવીરૂપ શબ્દો**

**9.11 સંદર્ભ ગ્રંથ**


## 9.1 ઉદ્દેશો

- *મહિલાઓના અધિકારોના અમલીકરણ, રક્ષણ અને પ્રોત્સાહનની વિવિધ શક્યતાઓ અને રીતોને ઓળખી શકશો.*
- *પ્રસ્તુત એકમમાં ભારતીય મહિલાઓ માટેની બંધારણીય જોગવાઈઓ વિશે જાણકારી મેળવશો.*
- *આ એકમનો અભ્યાસ કર્યા બાદ મહિલાઓ માટેના વિવિધ કાયદાઓની સમજ વિસ્તૃત થશે.*
- *મહિલાઓ ઉપર થતાં અત્યાચારો અને તેની સામે લડવા માટે જે કાયદાઓ છે તેની સમજ વિકસિત થસે.*
- *ભારતીય બંધારણે મહિલાઓને આપેલા વૈધાનિક રક્ષા કવચ વિષે જાણશો.*

## 9.2 પ્રસ્તાવના

*ભારતના બંધારણમાં ડૉ. આંબેડકરે મહિલાઓને સમાનતાની સંપૂર્ણ તકો પૂરી પાડી છે, જેથી કરીને તેઓ હીનતાના બંધનોને તોડીને સ્વતંત્ર બની શકે. ભારતના બંધારણમાં દરેક જગ્યાએ મહિલાઓને પુરુષોની જેમ સમાન અધિકારો આપવામાં આવ્યા છે, તો કેટલાક અધિકારો માત્ર મહિલાઓ માટે જ બનાવાયા છે. માનવ*

*અધિકારો માનવ જીવનની વૃદ્ધિ અને ગૌરવ માટે મૂળભૂત માનવામાં આવે છે. તેઓ મનુષ્યના પર્યાપ્ત કાર્ય માટે જરૂરી છે. તેઓ જાતિ, લિંગ, વર્ગ,જ્ઞાતિ અને વંશીયતાના આધારે કોઈપણ ભેદભાવ વિના તમામ મનુષ્યો માટે ઉપલબ્ધ છે. સામાન્ય રીતે પહેલા મહિલાઓના અધિકારોને માનવ અધિકાર તરીકે ગણવામા આવતા નહીં પરંતુ મહિલા ચળવળના સતત સંઘર્ષનું પરિણામ છે કે હવે વધતા જતા મહિલા અધિકારોને માનવ અધિકાર તરીકે સ્વીકારવામાં આવે છે. ભારતીય સમાજ પિતૃસત્તાક સમાજ છે મતલબ કે ભારતીય સમાજ પુરુષપ્રધાન છે. પરિવારનો વડો હંમેશા સૌથી મોટો પુરુષ સભ્ય હોય છે જે તમામ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લે છે. પુરુષો શ્રેષ્ઠ અને સ્ત્રીઓ નિમ્ન એ એક ખોટી માન્યતા છે. આનાથી સમાજમાં સ્ત્રી-પુરુષની અસમાન સ્થિતિ ઊભી થાય છે. પરિણામે મહિલાઓ તેમના મૂળભૂત સામાજિક, રાજકીય અને આર્થિક અધિકારોથી વંચિત રહે છે. સામંતવાદી-પિતૃસત્તાક પૂર્વગ્રહને લીધે સ્ત્રીઓ કુટુંબ અને સમાજમાં તાબેદારી, શોષણ અને જુલમનો ભોગ બને છે. ભારતીય ઈતિહાસમાં ક્યારેય મહિલાઓને સમાનતાનો દરજ્જો આપવામાં આવ્યો નથી. સ્ત્રીઓને હાંસિયામાં ધકેલી દેવામાં આવી છે. જોકે હવે ધીમે ધીમે દૃશ્ય બદલાઈ રહ્યું છે. વિવિધ મહિલા સંગઠનો, એનજીઓ, સરકારી એજન્સીઓ અને નીતિઓના સતત પ્રયાસોના પરિણામે, મહિલાઓની સ્થિતિમાં દૃશ્યમાન હકારાત્મક ફેરફારો જોવા મળે છે. જેથી મહિલાઓના અધિકારોની ચર્ચા કરવી ખૂબ મહત્ત્વપૂર્ણ છે કારણ કે ભારતીય બંધારણ દ્વારા આપવામાં આવેલા ઔપચારિક અધિકારો હોવા છતાં, તે મહિલાઓના મોટા વર્ગ માટે અગમ્ય છે. સ્ત્રીઓ પુરુષોની જેમ સમાન અધિકારો ભોગવી શકતી નથી. સમાજે સમજવું જોઈએ કે સ્ત્રીઓ માનવ જાતિનો અડધો ભાગ છે. અડધી વસ્તીને તેમના હકના દાવાઓથી વંચિત રાખવું અન્યાયી છે. આપણે સમાજ અને પરિવારમાં મહિલાઓના અધિકારો અને હક્કોને ઓળખવા અને તેનું સન્માન કરવું જોઈએ. સામાજિક ન્યાય અને રાષ્ટ્રના વિકાસના આધારે મહિલાઓની સમાનતા જરૂરી છે.*

## 9.3 બંધારણીય જોગવાઈઓ

### 9.3.1 અનુચ્છેદ 14 : સમાનતાનો અધિકાર (Right to Equality)

*ભારતીય બંધારણે આપેલા મૂળભૂત અધિકારોમાં આ અનુચ્છેદનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અનુચ્છેદનો મુખ્ય ઉદ્દેશ "સૌની માટે સમાન કાયદો અને સૌને કાયદાનું સમાન રક્ષણ" છે જેનો મતલબ છે ભારતના રાજ્યક્ષેત્રની અંદર કોઈપણ વ્યક્તિને, કોઈપણ રાજ્ય દ્વારા કાયદા સમક્ષ સમાનતાની અથવા કાયદાના સમાન રક્ષણની ના પાડી શકાશે નહિ. આ કલમમાં મહિલાઓને પણ સમાન રીતે કાયદા દ્વારા રક્ષણ મળેલ છે અને તેમાં લિંગ કે જાતિ એવા કોઈપણ પ્રકારના ભેદભાવ રાખી શકાશે નહિ. દરેક મહિલા કાયદાનો સમાન રીતે સહારો લઈ શકે છે.*

### 9.3.2 અનુચ્છેદ 15: કોઈપણ નાગરિકની સાથે ફક્ત ધર્મ, જાતિ,જ્ઞાતિ, લિંગ અથવા જન્મ સ્થળના આધારે રાજ્ય

*ભેદભાવ કરી શકશે નહિ. રાજ્ય માત્ર ધર્મ, જાતિ, લિંગ, જન્મસ્થળ અથવા તેમાંથી કોઈપણના આધારે કોઈપણ નાગરિક સાથે ભેદભાવ કરશે નહીં. કોઈપણ નાગરિક, માત્ર ધર્મ, જાતિ, લિંગ, જન્મ સ્થળ અથવા તેમાંથી કોઈપણના આધારે કોઈપણ નાગરિક અન્ય નાગરિક કે નાગરિક સમૂહને દુકાનો, જાહેર રેસ્ટોરન્ટ, હોટલો, જાહેર મનોરંજનના સ્થળોમાં પ્રવેશ કરતા કે રાજ્યના ભંડોળમાંથી સંપૂર્ણ અથવા આંશિક રીતે બનાવવામાં આવેલા કૂવાઓ, તળાવો, બાથરૂમ, રસ્તાઓ અને જાહેર સભાના સ્થળોના ઉપયોગના સંદર્ભમાં કોઈપણ અપંગતા, જવાબદારી, પ્રતિબંધ અથવા શરતને આધિન રહેશે નહીં અથવા સામાન્ય ઉપયોગ માટે રોકી રહેશે નહી.આ અનુચ્છેદ 15 કોઈપણ રાજ્યને ખાસ કરીને મહિલાઓ અને બાળકો માટે વિશેષ જોગવાઈઓ કરવાની પ્રેરણા આપે છે. ઉપરાંત એસ.સી, એસ.ટી. અને ઓ.બી.સી જાતિઓ માટે પણ વિશેષ કાનૂન બનાવવાની પ્રેરણા આપે છે તેમજ તેઓને શિક્ષણ માટે પણ ઉતેજન આપે છે. જેમાં સ્ત્રીઓનો પણ સમાવેશ થઈ જાય છે. આજ અનુચ્છેદનાં આધારે સ્ત્રીઓ માટે અનામતની જોગવાઈ કરવામાં આવી છે જેને બંધારણીય ભાષામાં "હકારાત્મક ભેદભાવ" અથવા "રક્ષણાત્મક ભેદભાવ" નીતિ કહેવામાં આવે છે.*

### 9.3.3 અનુચ્છેદ 16: જાહેર રોજગારની બાબતોમાં તક(અવસર)ની સમાનતા

*અનુચ્છેદ 16 ભારતમાં વસતા તમામ નાગરિકો માટે જેમાં સ્ત્રી અને પુરુષ બંનેને રોજગારીની અથવા એમ કહી  શકાય કે રાજ્ય હેઠળની નોકરી અથવા કોઈ હોદ્દા ઉપર નિમણુક અંગેની બાબતમાં તમામ નાગરિકો માટે તકની સમાનતા આપે છે. કોઈપણ નાગરિક ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, વંશ અથવા જન્મ સ્થળના આધારે, નિવાસ અથવા એમના કોઈ કારણસર રાજ્ય હેઠળની નોકરી અથવા હોદ્દા માટે અપાત્ર ગણાશે નહિ અથવા તેની સાથે ભેદભાવ કરી શકાશે નહિ. આમ મહિલાઓને કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સરકારની સેવાઓમાં જોડાવાનો પૂરો અધિકાર આ અનુચ્છેદ આપે છે. એક તરફ, જાહેર રોજગારની જોગવાઈઓ મહિલાઓને યોગ્યતાના આધારે સરકારી નોકરી મેળવવાની તક આપે છે, તો બીજી તરફ તેઓ મહિલાઓ માટે નોકરીઓમાં અનામતને પણ યોગ્ય ઠેરવે છે. મહિલાઓને પણ તેમના વિકાસ અને પ્રગતિ માટે પુરુષો જેટલો જ અધિકાર છે.*

### 9.3.4 અનુચ્છેદ 17 અસ્પૃશ્યતા નિષેધ

*અસ્પૃશ્યતા એ ભારતીય અમાજ અને સંસ્કૃતિ પરનું એક કલંક છે માટે ભારતીય બંધારણે તેને નાબૂદ કરેલ છે. અસ્પૃશ્યતાનું આચરણ એ સજાપાત્ર ગુનો ગણાય છે. સર્વોચ્ચ ન્યાયાલયના આદેશ પ્રમાણે અસ્પૃશ્યતા દ્વારા કોઈ સ્ત્રી કે પુરુષનાં અધિકારોનું હનન ના થાય તે અંગેની જવાબદારી રાજ્યની છે.*

### 9.3.5 અનુચ્છેદ 19 સ્વતંત્રતાનો અધિકાર

*પ્રસ્તુત અનુચ્છેદમાં કુલ છ જેટલી સ્વતંત્રતા આપવામાં આવેલ છે જેમાં* (1) *વાણી સ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિનો અધિકાર* (2) *શસ્ત્રો વિના શાંતિથી એકત્ર થવાનો અધિકાર* (3) *મંડળો અને સંગઠનો રચવાનો અધિકાર* (4) *સમગ્ર ભારતમાં મુક્ત રીતે ભ્રમણ કરવાનો અધિકાર* (5) *ભારતના કોઈપણ ભૂમિ ભાગ પર વસવાટની અને રહેવાની સ્વતંત્રતા* (6) *મિલકત મેળવવાનો, ધારણ કરવાનો અને તેનો નિકાલ કરવાનો અધિકાર (અનુચ્છેદ* 19F *માં મિલકતનો અધિકાર હતો તે* 44 *માં બંધારણીય સુધારા દ્વારા* 1978 *માં નાબુદ કરવામાં આવ્યો છે.) આ અધિકારો મહિલાઓ અને પુરુષો બંનેને સરખા લાગુ પડે છે.*

### 9.3.6 અનુચ્છેદ 20 ગુના માટે દોષિત ઠરાવવા અંગે રક્ષણ

*આ અનુચ્છેદ ગુના માટે દોષસિદ્ધમાં સંરક્ષણ પૂરું પાડે છે. કોઈપણ વ્યક્તિને કોઈ ગુના માટે ત્યાં સુધી ગુનેગાર ઠેરવી શકાશે નહિ જ્યાં સુધી તેના દ્વારા તે વખતે અમલમાં હોય તેવા કાયદાનો ભંગ ન કરાયો હોય તેમજ તેને ગુનો કરતી વખતે અમલમાં હોય તેવા કાયદા અનુસાર કરી શકાતી હોય તેનાથી વધુ શિક્ષા કરી શકાશે નહિ. એક જ ગુના માટે કોઈપણ વ્યક્તિને એકથી વધુવાર શિક્ષા કરી શકાશે નહિ. આમ સ્ત્રી અને પુરુષ બંનેને કાયદા દ્વારા ગુના માટે દોષિત ઠરાવવા અંગે રક્ષણ આપેલ છે.*

### 9.3.7 અનુચ્છેદ 21 પ્રાણ અને દૈહિક સ્વતંત્રતા

*અનુચ્છેદ* 21 *મુજબ કાયદા દ્વારા નક્કી કરવામાં આવેલી કાર્યવાહી કર્યા વિના કોઈપણ વ્યક્તિની સ્વતંત્રતા કે તેનું જીવન છીનવી શકાય નહિ, જેના દ્વારા જીવન જીવવાનું અને શરીર સ્વાતંત્ર્યનું રક્ષણ આપવામાં આવ્યું છે. આ કાયદો પણ સ્ત્રી અને પુરુષને સમાન રીતે લાગુ પડે છે. સાથે અનુચ્છેદ* 21(A) *શિક્ષણનો અધિકાર મુજબ રાજ્ય* 6 *થી* 14 *વર્ષની વય સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા માટે રાજ્ય કાયદાથી નક્કી કરે તેવી જોગવાઈ કરશે. આજ અનુચ્છેદની જોગવાઈ મુજબ* 2009 *માં રાઈટ ટુ ઍજ્યુકેશન અધિનિયમ પસાર કરવામાં આવ્યો છે જેના દ્વારા મહિલા શિક્ષણમાં અભૂતપૂર્વ વધારો નોધાયો છે.*

### 9.3.8 અનુચ્છેદ 22 ધરપકડ અને અટકાયત સામે રક્ષણ

*અનુચ્છેદ* 22 *અને તેની પેટા કલમો મુજબ ધરપકડ કે અટકાયતનું કારણ જણાવ્યા સિવાય કોઈપણ વ્યક્તિની ધરપકડ કે અટકાયત કરી શકાય નહિ. આવી વ્યક્તિને પોતાની પસંદગીના વકીલ દ્વારા બચાવ કરવાનો હક છે. સાથે જ સ્ત્રી હોય કે પુરુષ જેની પણ અટકાયત કરવામાં આવી છે તેને અટકાયતના* 24 *કલાકમાં મેજિસ્ટ્રેટ સમક્ષ કોર્ટમાં હાજર કરવો ફરજિયાત છે.*

## 9.4 શોષણ વિરુદ્ધનો અધિકાર (Right against Exploitation)

### 9.4.1 અનુચ્છેદ 23: માનવ તસ્કરી અને બળજબરીથી મજૂરી(વેઠ પ્રથા) પર પ્રતિબંધ

*(1) માનવની હેરફેર, બળજબરીથી મજૂરી અને અન્ય સમાન બળજબરીથી મજૂરી આ અનુચ્છેદ દ્વારા પ્રતિબંધિત કરવામાં આવી છે અને આ જોગવાઈનું કોઈપણ ઉલ્લંઘન કાયદા અનુસાર સજાપાત્ર ગુનો ગણાશે. રાજ્ય જાહેર હેતુઓ માટે ફરજિયાત સેવા લઈ શકે. આવી સેવા લાદવામાં, કોઈ પણ વ્યક્તિ ધર્મ, જાતિ, અથવા વર્ગ અથવા તેમાંથી કોઈપણના આધારે ભેદભાવ કરશે નહીં. શારીરિક શોષણ એ સ્ત્રીઓ માટે સૌથી દુઃખદ વિડંબના છે. આ શોષણ લાંબા સમયથી વિવિધ સ્વરૂપે ચાલી રહ્યું છે. સમાજમાં લગ્નની સંસ્થા સ્થપાઈ તે પહેલાં અને પછી, વિવિધ સ્વરૂપોમાં સ્ત્રીઓના આ શોષણને સામાજિક રીતે માન્યતા આપવામાં આવી હતી, પછી ભલે તે 'નિયોગ' પ્રણાલી હોય કે 'દેવદાસી' પરંપરા હોય કે સંપૂર્ણ વેશ્યાવૃત્તિ તેણે સ્ત્રીઓને પીડિત કરી છે અને તેના પર અત્યાચારો કર્યા છે. જેની સામે આ અનુચ્છેદ રક્ષણ આપે છે. સદીઓથી આ સમાજે એક તરફ પુરુષને એકથી વધુ પત્નીઓ રાખવાનો અધિકાર આપ્યો હતો તો બીજી તરફ સ્ત્રી વિધવા બને તો તેને ફરીથી લગ્ન કરવાનો અધિકાર આપવામાં આવ્યો ન હતો. ભારતીય બંધારણના નિર્માતા ડૉ.આંબેડકરને ભારતીય સમાજમાં સદીઓથી ચાલ્યા આવતા સામાજિક અન્યાયના આ કલંકને સંપૂર્ણપણે નાબુદ કરવાનો શ્રેય આપવામાં આવ્યો છે. ભારતનું બંધારણ એ મૂળભૂત સ્રોત છે જેમાંથી ઘણા કાયદાકીય પ્રવાહો ઉભરી આવ્યા છે, જેમાંથી મહિલાઓના શારીરિક શોષણને રોકવા સંબંધિત કાયદાઓ ઘડાયા છે.*

### 9.4.2 અનુચ્છેદ 24 કારખાના વગેરેમાં બાળકોને નોકરીએ રાખવા પર પ્રતિબંધ

*આ અનુચ્છેદ 24 મુજબ 14 વર્ષથી નીચેની વયના બાળકોને કોઈ કારખાનામાં કે ખાણમાં કામે રાખી શકાશે નહિ તેમજ બીજા કોઈ જોખમવાળા કામમાં રોકી શકાશે નહિ. આ અંતર્ગત (બાળશ્રમ નિષેધ અને નિયમન) અધિનિયમ 1986નું નામ સુધારી બાળ અને કિશોર શ્રમ નિષેધ અધિનિયમ કરવામાં આવ્યું છે. આ અનુચ્છેદ સ્ત્રી અને પુરુષ બંનેને સરખી રીતે લાગુ પડે છે.*

## 9.5 ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર (Right to freedom of Religion)

### 9.5.1 અનુચ્છેદ 25 અંતઃકરણથી અને મુક્ત રીતે ધર્મને માનવાની- પાળવાની અને તેનો પ્રચાર કરવાની સ્વતંત્રતા

*આ અનુચ્છેદ ભારતના તમામ નાગરિકોને પોતાનો મનપસંદ ધર્મ પાળવાની સ્વતંત્રતા આપે છે. બધા ધર્મો રાજ્ય સમક્ષ સમાન છે. આ અનુચ્છેદની પેટા જોગવાઈઓ મુજબ જાહેર વ્યવસ્થા, નીતિમતા અને સ્વાસ્થ્યને અડચણરૂપ ના થાય એ રીતે તમામ લોકોને અંતઃકરણની સ્વતંત્રતા અને મુક્ત રીતે ધર્મમાં માનવાનો,પાળવાનો અને તેનો પ્રચાર કરવાનો સમાન હક રહેશે. આ અનુચ્છેદની જોગવાઈઓ સ્ત્રી અને પુરુષ બંનેને સરખી રીતે લાગુ પડે છે.*

### 9.5.2 અનુચ્છેદ 29 ની કલમ (2) પછાત વર્ગો માટે વિશેષ જોગવાઈ

*અનુચ્છેદ 29 ની કલમ (2) માં કંઈપણ નાગરિકોના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અથવા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની પ્રગતિ માટે કોઈ વિશેષ જોગવાઈ કરતા અટકાવશે નહીં. ભારતનું બંધારણ મહિલાઓ માટે સમાનતા અને સમાન અધિકારો માટેની કાયદાકીય અને વહીવટી જોગવાઈઓ અને પગલાંને વિરોધાભાસી નહીં, પરંતુ પરસ્પર પૂરક બનાવે છે. આ જોગવાઈ હેઠળ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા મહિલા સમાનતા અને મહિલા કલ્યાણ માટે ઘણા કાયદાઓ બનાવવામાં આવ્યા છે. આનાથી સામાજિક દૂષણોને દૂર કરવામાં મદદ મળી છે. દહેજ, બાળ લગ્ન, શારીરિક શોષણ વગેરેને રોકવા માટે કાયદાઓ બનાવવામાં આવ્યા છે.*

## 9.6 રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો (Directive Principles of State Policy)

### 9.6.1 અનુચ્છેદ 38: રાજ્ય લોકકલ્યાણની વૃદ્ધિ માટે સામાજિક વ્યવસ્થાનું સર્જન કરશે

*આ અનુચ્છેદ મુજબ એવી સામાજિક વ્યવસ્થા બનાવવી જેમાં સામાજિક આર્થિક અને રાજકીય ન્યાય પ્રાપ્ત થાય એવી અભિવૃદ્ધિનો પ્રયાસ રાજ્ય કરશે. ઉપરાંત રાજ્ય વ્યક્તિઓ અને સમૂહો વચ્ચે આવકની પ્રતિષ્ઠાની સુવિધાઓની અને અસમાનતા સમાપ્ત કરવા પ્રયત્નો કરશે. આ કલમ પણ સ્ત્રીઓ અને પુરુષોને સરખી રીતે લાગુ પડે છે.*

### 9.6.2 અનુચ્છેદ 39: રાજ્ય દ્વારા અનુસરવામાં આવનાર નીતિના કેટલાક સિદ્ધાંતો

1. *ભારતના તમામ નાગરિકો સ્ત્રી અને પુરુષને આજીવિકાના પર્યાપ્ત માધ્યમોનો સમાન અધિકાર છે.*
2. *સમુદાયના ભૌતિક સંસાધનોની(પાણી, જંગલ,જમીન વગેરે) માલિકી અને નિયંત્રણ એવી રીતે વિતરિત કરવામાં આવશે કે જેથી સામાન્ય માણસની પણ શ્રેષ્ઠ સેવા કરી શકાય.*
3. *આર્થિક પ્રણાલી એવી રીતે ચાલવી જોઈએ કે તેમાં સંપત્તિ અને ઉત્પાદનના સાધનોનું કેન્દ્રીકરણ સામાન્ય જનતા માટે હાનિકારક ન હોય.*
4. *પુરુષો અને સ્ત્રીઓ બંને માટે સમાન કામ માટે સમાન વેતન હોવું જોઈએ.*
5. *પુરષ અને સ્ત્રી કામદારોના સ્વાસ્થ્ય અને શક્તિ અને બાળકોની નાની ઉંમરનો દુરુપયોગ થવો જોઈએ નહીં અને નાગરિકોને તેમની ઉંમર અને શક્તિને ધ્યાનમાં રાખી હાનિકારક કામ કરવા માટે આર્થિક જરૂરિયાતને કારણે દબાણ ન કરવું જોઈએ.*
6. *બાળકોને સ્વતંત્રતા અને ગૌરવભર્યા વાતાવરણમાં તંદુરસ્ત વિકાસ માટે તકો અને સુવિધાઓ આપવી જોઈએ અને બાળકો અને સગીરોને શોષણ અને નૈતિક અને આર્થિક ત્યાગથી સુરક્ષિત રાખવા જોઈએ.*

### 9.6.3 અનુચ્છેદ 39 A: સમાન ન્યાય અને મફત કાનૂની સહાય

*રાજ્ય એ સુનિશ્ચિત કરશે કે કાનૂની વ્યવસ્થા એવી રીતે કાર્ય કરે કે ન્યાયની સમાન તક સૌને પ્રાપ્ત થાય. કોઈ પણ નાગરિક આર્થિક અથવા અન્ય કોઈ વિકલાંગતાના કારણે ન્યાય મેળવવાની તકથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવા માટે, યોગ્ય કાયદા અથવા યોજના દ્વારા તેઓને કાનૂની સહાય પૂરી પાડવામાં આવશે. આથી જો કોઈ સ્ત્રી આર્થિક રીતે સક્ષમ ના હોય તો પણ તે સરકાર પાસે મફત ન્યાય મેળવવા માટે હકદાર છે અને રાજ્ય તે માટે કાયદાથી બંધાયેલું છે.*

### 9.6.4 અનુચ્છેદ 41,42,44, કામ,શિક્ષણ અને અમુક પ્રસંગે જાહેર સહાય મેળવવાનો અધિકાર

(1) *અનુચ્છેદ* 41 *મુજબ પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને કામનો અધિકાર, શિક્ષણનો અધિકાર અને બેકારી વૃદ્ધાવસ્થા, માંદગી અને અપંગતાના પ્રસંગે તથા વગર કારણે ભોગવવી પડતી તંગીના પ્રસંગે જાહેર સહાય મેળવવાનો અધિકાર મળી રહે તેમ રાજ્ય પ્રયત્ન કરશે. આમ દરેકને કામ મેળવવાનો અધિકાર બંધારણ આપે છે જેના ફળ સ્વરૂપે* 2006 *માં 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના' કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવી છે. જેના દ્વારા કરોડો મહિલાઓને પોતાના ગામમાં જ રોજગારી મળી રહે છે.*

(2) *અનુચ્છેદ* 42 *મહિલા પ્રસુતિ સહાયતા માટેની જોગવાઈ*

*બાળકોને જન્મ આપવો એ સ્ત્રીઓનું આવશ્યક કાર્ય છે. ડૉ. આંબેડકરે બાળકોના તંદુરસ્ત ઉછેરની સમગ્ર જવાબદારી સરકાર પર નાખી છે. તેથી જ "ગર્ભવતી મહિલાઓને પ્રસૂતિ રજાની સંપૂર્ણ સુવિધા" આપવામાં આવી છે. સગર્ભા સ્ત્રીઓ અને ગર્ભમાં રહેલા બાળકના સ્વાસ્થ્યની સંપૂર્ણ સુરક્ષા માટે જોગવાઈઓ કરવામાં આવી છે. સ્વસ્થ બાળક રાષ્ટ્રનું ભવિષ્ય છે. ડૉ.આંબેડકરે આ હકીકતને હંમેશા ધ્યાનમાં રાખી અને બંધારણમાં આવી જોગવાઈ કરીને તેમની સુરક્ષાની બાંહેધરી પર મહોર મારી છે.*

(3) *અનુચ્છેદ* 44: *નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા*

*રાજ્ય ભારતના સમગ્ર પ્રદેશમાં નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા મેળવવાનો પ્રયાસ કરશે. વિશ્વના ઘણા દેશોમાં મહિલાઓને મતદાનનો અધિકાર પણ નથી, પરંતુ ડૉ. બાબાસાહેબ આંબેડકર મહિલાઓની સ્વતંત્રતા અને સમાનતા માટે પ્રતિબદ્ધ હતા. તેમણે બંધારણમાં એ પણ જોગવાઈ કરી છે કે લિંગના આધારે કોઈની સાથે ભેદભાવ કરવામાં આવશે નહીં. આ વ્યવસ્થાના ભાગરૂપે મહિલાઓને માત્ર મત આપવાનો અધિકાર નથી મળ્યો, પરંતુ તેઓ પણ પુરુષોની જેમ ઉમેદવાર બની શકે છે અને ચૂંટણી લડી શકે છે. તેઓ પણ સાંસદ, મંત્રી બની શકે છે અને તેમની ક્ષમતા અને પ્રતિભાનું પ્રદર્શન કરી શકે છે.*

**9.6.5 અનુચ્છેદ 51 (ક) (e) સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની મૂળભૂત ફરજ રાખવામાં આવી છે.**

*73 મો અને 74 મો બંધારણીય સુધારો 1993 મુજબ ત્રિસ્તરીય પંચાયતો અને નગરપાલિકામાં 33% મહિલા અનામતની જોગવાઈ કરવામાં આવી છે. અનુચ્છેદ 243 ડી (3)મુજબ પંચાયતમાં અને અનુચ્છેદ 243 ટી (3) મુજબ નગરપાલિકાઓમાં મહિલાઓ માટે અનામતની જોગવાઈ છે અનુચ્છેદ ડી (4) મુજબ પંચાયતોમાં તથા અનુચ્છેદ ટી (4) મુજબ નગરપાલિકાઓમાં મહિલાઓને અધ્યક્ષપદ માટે અનામત આપવાની જોગવાઈ કરવામાં આવી છે.*

**9.6.6 અનુચ્છેદ 326: કોઈ પણ વ્યક્તિ ધર્મ, જાતિ, જ્ઞાતિ અથવા લિંગના આધારે મતદાર યાદીમાં સમાવેશ માટે અયોગ્ય ન હોવી જોઈએ અને તેણે કોઈ ચોક્કસ મતદાર યાદીમાં સમાવેશ કરવાનો દાવો કરવો જોઈએ નહીં.**

*દરેક પ્રાદેશિક મતવિસ્તાર માટે દરેક ગૃહ અથવા સંસદના ગૃહોની ચૂંટણી માટે એક સામાન્ય મતદાર યાદી હોવી જોઈએ અને કોઈપણ વ્યક્તિ, ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ અથવા લિંગના આધારે, આવી કોઈપણ સૂચિમાં અયોગ્ય અથવા આવા કોઈપણ મતદાર ક્ષેત્ર માટે કોઈપણ વિશેષ મતદાર યાદીમાં સામેલ કરવા દાવો કરી શકશે નહીં. એટલું જ નહીં ડૉ.આંબેડકરે મહિલાઓને વિવિધ અધિકારો આપવા માટે હિન્દુ કોડ બિલ પણ બનાવ્યું હતું પરંતુ પરંપરાવાદીઓએ તેને પસાર થવા દીધું ન હતું. હિંદુ કોડ બિલ કદાચ તે સમયે તેના મૂળ સ્વરૂપમાં પસાર થયું ન હતું, પરંતુ ધીમે ધીમે તેના વિભાગોના આધારે વિવિધ કાયદાઓ બનાવવામાં આવ્યા હતા, જે મહિલાઓને સ્વતંત્રતા, સમાનતા અને પ્રગતિની સંપૂર્ણ તકો આપે છે. ડૉ. આંબેડકરે મહિલાઓની સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવા માટે વાઈસરોયની કાઉન્સિલના શ્રમ સભ્ય અને ભારતના પ્રથમ કાયદા પ્રધાન તરીકે નોંધપાત્ર કાર્ય કર્યું હતું. તેમણે હિન્દુ કોડ બિલ દ્વારા સામાજિક પરિવર્તન લાવવા માટે પણ સંઘર્ષ કર્યો હતો.*

## 9.7 કાયદાકીય અધિકારો ભારતીય દંડ સંહિતામાં સ્ત્રીઓ વિરુદ્ધના ગુના

9.7.1 IPC 354 *સ્ત્રીની ઈજ્જત આબરૂ ભંગ કરવી તેને ગુનો જાહેર કરી ઓછામાં ઓછી 2 વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવી છે.*

9.7.2 IPC 376 *આ કલમમાં બળાત્કારને નિંદનીય અપરાધ જાહેર કરી તેની પેટા કલમોમાં ફાંસીની સજા સુધીની જોગવાઈ કરવામાં આવી છે.*

9.7.3 IPC 509 *કોઈ સ્ત્રીની લાજ લેવાના ઈરાદાથી ઉચ્ચારેલા શબ્દ કે ચેષ્ટા અથવા કૃત્યને ગુનો જાહેર કરી તેના માટે ઓછામાં ઓછી 3 વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવી છે.*

**9.7.1.1 સ્પેશિયલ મેરેજ ઍક્ટ 1954**

*આ કાયદા દ્વારા, વિવિધ ધર્મોને અનુસરતા લોકોને તેમના ધર્મનો ત્યાગ કર્યા વિના અથવા બદલ્યા વિના લગ્ન કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આમાં છોકરાની*

*ઉંમર 21 વર્ષ અને છોકરીની 18 વર્ષની હોવી ફરજિયાત છે. લગ્ન કરનાર દંપતીમાં કોઈનું પણ અગાઉ પતિ કે પત્ની જીવિત ન હોવું જોઈએ, પછી ભલે તે ગમે તે હોય અને દંપતી એવા સંબંધોમાં ન હોવા જોઈએ જે લગ્ન માટે પ્રતિબંધિત છે. આ વિધેયક હેઠળ લગ્ન કરનાર હિંદુઓને ઉત્તરાધિકાર બિલ, 1956 હેઠળ વારસા હક્ક મળશે નહીં પરંતુ ભારતીય ઉત્તરાધિકાર અધિનિયમ, 1925 હેઠળ તેમણે વિધવાને તેના પોતાના બાળકો અને અન્ય વારસદારો હોવા છતાં મિલકતનો એક તૃતીયાંશ ભાગ મેળવવાનો અધિકાર છે. આ બિલ હેઠળ છૂટાછેડા હિંદુ વિશેષ બિલ 1956માં નોંધાયેલા આધાર પર જ સ્વીકારવામાં આવે છે. ફરક માત્ર એટલો છે કે છૂટાછેડા જીવનસાથીઓની સંમતિથી આપવામાં આવે છે અને પત્નીને તેના પતિને કોઈપણ પ્રકારની જીવિકા આપવા માટે દબાણ કરવામાં આવતું નથી.*

### 9.7.2.1 હિન્દુ મેરેજ બિલ 1955

*મોટાભાગના હિંદુઓ તેમની પોતાની ધાર્મિક પરંપરાઓ અનુસાર લગ્ન કરે છે. કાયદા અનુસાર, ફક્ત તે જ લગ્ન માન્ય માનવામાં આવે છે, જે સપ્તપદી એટલે કે પવિત્ર અગ્નિ અથવા હવનની સામે સાત ફેરા એકસાથે ચાલ્યા પછી વર-કન્યા દ્વારા સંકલ્પ કરવામાં આવે છે. ઉપરોક્ત વિધેયક પહેલા, હિન્દુઓમાં માત્ર પોતાની જાતિ અથવા ધર્મની બહારના સહ-ગોત્ર લગ્ન પર પણ પ્રતિબંધ હતો. હિંદુ કાયદામાં, જે લોકો વંશની લાઈનમાં પિતાની બાજુથી પાંચમા અથવા માતાની બાજુથી ત્રીજા વંશક્રમે હતા તેઓ એકબીજા સાથે લગ્ન કરી શકતા નહી. આને 'સપિંડા સંબંધ' કહેવાતો અને તેમાં લગ્નની મનાઈ હતી. હિન્દુ કાયદામાં બહુપત્નીત્વ પર કોઈ પ્રતિબંધ નહોતો. છૂટાછેડા માટે પણ કોઈ પરવાનગી નહોતી. એકવાર પતિ-પત્ની લગ્નના બંધનમાં બંધાઈ ગયાં પછી તેઓ ક્યારેય અલગ થઈ શકતા નહી. હિન્દુ મેરેજ બિલ 1955 હેઠળ માન્ય હિન્દુ લગ્ન માટેની શરતો નીચે મુજબ છે.*

1. *એક પત્નીત્વને સાર્વત્રિક નિયમ બનાવવામાં આવ્યો છે. એક કરતાં વધુ લગ્ન કરનારને ગુનેગાર જાહેર કરવામાં આવશે અને તેમના લગ્ન પણ માન્ય ગણવામાં આવશે નહીં.*
2. *જો એવું સાબિત થાય કે લગ્ન સમયે પુરુષ કે સ્ત્રી મૂર્ખ કે પાગલ હતા, તો કોર્ટ લગ્નને રદબાતલ જાહેર કરી શકે છે.*
3. *સપિંડા સંબંધોમાં લગ્ન અપ્રમાણિક છે. કોઈપણ રિવાજ હેઠળ કરવામાં આવતા લગ્નો સિવાય, અન્ય તમામ લગ્નો અપરાધ છે.*
4. *જો કોઈ છોકરીએ તેના વાલીની સંમતિ વિના લગ્ન કર્યા તો સાબિત થાય કે છોકરીના રક્ષકોની સંમતિ બળ અથવા છેતરપિંડી દ્વારા મેળવવામાં આવી હતી. તો પણ કોર્ટ આવા લગ્નને અપ્રમાણિત જાહેર કરી શકે છે. જો લગ્નમાં સામેલ કોઈપણ પક્ષ કોર્ટમાં અરજી રજૂ કરે છે, તો નીચેના કારણોસર લગ્નને અમાન્ય જાહેર કરવામાં આવશે.*

(a) *કે અન્ય પક્ષ લગ્ન સમયે નપુંસક હતો અને અપીલની તારીખે નપુંસક રહે છે.*

(b) *લગ્ન સમયે અન્ય પક્ષ મૂર્ખ અથવા પાગલ હતો.*

(c) માતા-પિતા અથવા વાલીઓની સંમતિ છેતરપિંડી અથવા બળજબરી દ્વારા મેળવવામાં આવી હતી.

(d) લગ્ન સમયે પિટિશન રજૂ કરનાર વ્યક્તિ સિવાય અન્ય વ્યક્તિ દ્વારા બીજી પાર્ટી પહેલેથી જ ગર્ભવતી હતી. અમાન્ય લગ્નના બાળકો: લગ્ન પહેલા જન્મેલા બાળકોને અમાન્ય જાહેર કરવામાં આવ્યા હતા તે માન્ય ગણવામાં આવશે. આવા બાળક માત્ર તેના માતા-પિતાની મિલકતનો હકદાર રહેશે.

હિંદુ મેરેજ બિલ હેઠળ, નીચેના કારણોસર છૂટાછેડા મેળવી શકાય છે :

(1) પર-સ્ત્રી અથવા પર-પુરુષ ગમન

(2) ધર્મ પરિવર્તન,

(3) 3 વર્ષથી વધુ સમયથી ગાંડપણ

(4) ગંભીર રક્તપિત્ત અથવા 3 વર્ષથી વધુ સમયગાળાના ગુપ્ત રોગ

(5) કોઈપણ ધાર્મિક સંપ્રદાયમાં જોડાઈને સંસારનો ત્યાગ કરવા પર

(6) સાત વર્ષથી વધુ સાંભળવાની ખોળ.

(7) ન્યાયિક વિભાજન અથવા દાંપત્ય અધિકારો અંગેના કોર્ટના આદેશના બે વર્ષ પછી પણ સહવાસ ન કરવો.

લગ્ન પછી, જો પુરુષ બળાત્કાર અથવા દુર્વ્યવહાર માટે દોષી સાબિત થાય છે, તો પણ સ્ત્રી છૂટાછેડા માટે અરજી કરી શકે છે. છૂટાછેડા આપવામાં આવેલ વ્યક્તિ કોર્ટના આદેશના એક વર્ષ પછી અથવા સુનાવણી ન થાય ત્યાં સુધી ફરીથી લગ્ન કરી શકશે નહીં. જ્યાં સુધી છૂટાછેડાનો કેસ ચાલશે ત્યાં સુધી મહિલાએ પુરુષ પાસેથી ભરણપોષણનો ખર્ચ લેવા હકદાર છે.

### 9.7.3.1 હિંદુ ઉત્તરાધિકાર બિલ 1956

આ વિધેયક દ્વારા છોકરીને મિલકતનો વારસો મેળવવાનો અધિકાર છે. અગાઉ તે તેના જીવન પૂરતું મર્યાદિત હતું, પરંતુ હવે તેને વારસામાં મળેલી મિલકતને ટ્રાન્સફર કરવાનો, વેચવાનો અથવા ગીરો રાખવાનો પણ અધિકાર છે.

### 9.7.4.1 હિન્દુ દત્તક વિધેયક 1956

હિંદુ કાયદા હેઠળ, કોઈ કુટુંબને બાળકીને દત્તક લેવાનો અધિકાર ન હતો, કારણ કે દત્તક લેવાનો સંપૂર્ણ સિદ્ધાંત એ માન્યતા પર આધારિત હતો કે પિતાની આત્માની મુક્તિ અને શાંતિ માટે પિંડ દાનની વિધિ છોકરાએ કરવાની હતી. તેથી, જો કોઈ હિન્દુને પુત્ર ન હોય, તો તે એક છોકરો દત્તક લઈ શકે છે. બાળકીને દત્તક લઈ શકાય નહિ. આ બિલ મુજબ કોઈપણ હિંદુ છોકરા કે છોકરીને દત્તક લઈ શકે છે, પરંતુ આવું કરવા માટે તેણે તેની પત્નીની મંજૂરી જરૂરી શરત તરીકે લેવી પડશે. આ માટે બાબા સાહેબ ડૉ.આંબેડકરનો આભાર માનીએ તો ભારતીય મહિલાઓ તેમના અધિકારો સાથે સન્માનજનક જીવન જીવી શકે છે. આજે ભારતીય સંપત્તિ પર પણ તેની સંપૂર્ણ

*માલિકી અને વર્ચસ્વ છે. આજે વિધવાએ પહેલાની જેમ આખી જિંદગી ઉપેક્ષા અને વેદનામાં પસાર કરવી પડતી નથી. તેણી જીવનભર તે મિલકત માટે હકદાર છે જે તેણી તેના પતિના હિસ્સામાંથી મેળવે છે.*

### 9.7.5.1 ખાણ મેટરનિટી બેનિફિટ (સુધારા) બિલ

*ડૉ.બી.આર. આંબેડકરે માઈન્સ મેટરનિટી બેનિફિટ (એમેન્ડમેન્ટ) બિલ રજૂ કરીને, આંબેડકરે સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલીના સભ્યોનું ધ્યાન માઈન્સ મેટરનિટી બેનિફિટ એક્ટમાં રહેલી ખામી તરફ દોર્યું, જેના કારણે ખાણોમાં જ્યારે કામ બંધ હોય ત્યારે પણ મહિલા કામદારો પોતાના વેતનથી વંચિત ના રહી જાય. આ સુધારો રજૂ કરીને, વિધાનસભાએ સંબંધિત અધિનિયમના શબ્દોમાંથી "કામ પરથી ગેરહાજર" વાક્યને દૂર કરવાના તેમના અભિપ્રાયને સ્વીકાર્યો. આ રીતે ખાણોમાં કામ કરતી મહિલાઓને ચાર સપ્તાહની પેઇડ મેટરનિટી લીવનો સંપૂર્ણ લાભ મળ્યો છે.*

### 9.7.6.1 ખાણ કામદારો કલ્યાણ ભંડોળ

*ખાણોમાં કામ કરતા તમામ સ્ત્રી-પુરુષ કામદારો માટે ડૉ.બી.આર. આંબેડકરના પ્રયાસોને કારણે ખાણ કામદારો કલ્યાણ વટહુકમ* 1944 *અમલમાં આવ્યો. આ વટહુકમમાં કોલસાની ખાણોમાં કામ કરતા કામદારોના કલ્યાણ માટે ફંડની સ્થાપના કરવાની જોગવાઈ હતી. આ માટેના ભંડોળની વ્યવસ્થા રેલ દ્વારા ખાણોમાંથી લેવામાં આવતા કોલસા અને 'સોફ્ટ કોક' પર કર લાદીને કરવામાં આવી હતી.*

### 9.7.7.1 સમાન કામ સમાન વેતન

*ફેબ્રુઆરી* 1944*માં ડૉ.આંબેડકરની પહેલના પરિણામે, કોલસાની ખાણોમાં કામ કરતી મહિલા કામદારોને પુરુષ કામદારોની જેમ સમાન વેતન મેળવવાનો અધિકાર મળ્યો. કામદારોની અછતને ધ્યાનમાં રાખીને ખાણોમાં કામ કરતી મહિલા કામદારો પર લાદવામાં આવેલ પ્રતિબંધ પણ હટાવી લેવામાં આવ્યો છે.*

### 9.7.8.1 કોલસાની ખાણોમાં મહિલા કામદારો

13 *માર્ચ* 1945 *ના રોજ કેન્દ્રીય વિધાનસભામાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી કે કોલસાની ખાણોમાં મહિલા કામદારોને ખાણની અંદર ભૂગર્ભમાં કામ કરવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ કે નહીં. આ અંગે ડૉ.આંબેડકરે કહ્યું કે હાલમાં* 15,000 *મહિલા કામદારો આ પ્રકારના કામમાં રોકાયેલી છે. આ મહિલાઓ એકલી કામ પર નથી જતી. સમગ્ર યુનિટ તેમની સાથે છે. જો તેમના કામ પર પ્રતિબંધ મૂકવામાં આવશે તો કોલસાની ખાણોમાં કામદારોની અછત વધુ વધશે અને સ્થિતિ વધુ વણસી જશે. તેથી, સમય અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ગૃહ પ્રતિબંધ લાદવા માટે સંમત નથી.*

### 9.7.9.1 ખાણ મેટરનિટી બેનિફિટ (સુધારા) બિલ

29 *માર્ચ* 1945 *ના રોજ, માઈન્સ મેટરનિટી બેનિફિટ (સુધારા) બિલ કેન્દ્રીય વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. આ વિધેયક પર બોલતા ડૉ.આંબેડકરે કહ્યું*

*હતું કે, સરકાર નથી ઈચ્છતી કે કોલસાની ખાણોમાં મહિલા કામદારો ભૂગર્ભમાં કામ કરે પરંતુ પરિસ્થિતિની અસમાનતાને જોતા આ પ્રકારની મજૂરી પર પ્રતિબંધ મૂકવો શક્ય નથી. તેમના સ્વાસ્થ્યનું સંપૂર્ણ ધ્યાન રાખવાની જવાબદારી સરકારની છે. તેને પરિપૂર્ણ કરવા માટે, સરકાર આ સુધારો લાવી છે, જેમાં આવી મજૂરી કરતી મહિલા કામદારોને પ્રસૂતિ લાભ આઠ અઠવાડિયાને બદલે 14 અઠવાડિયા સુધી વધારવાનો પ્રસ્તાવ છે. આ જ બિલ 11 એપ્રિલ, 1945ના રોજ સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલીમાંથી સિલેક્ટ કમિટી દ્વારા પરત આવ્યું હતું. આમાં, પસંદગી સમિતિએ પ્રતિબંધિત સમયગાળો ચૌદ અઠવાડિયાથી વધારીને છત્રીસ અઠવાડિયા કર્યો હતો, જેમાંથી છવ્વીસ અઠવાડિયા ફરજિયાત અને દસ અઠવાડિયા આંશિક રાખવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન, દર અઠવાડિયે છ રૂપિયાના દરે પ્રસૂતિ લાભ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ઉપરાંત, આ સમગ્ર સમયને અધિકૃત રજા તરીકે ગણવામાં ભારતીય ખાણ અધિનિયમ 1923 માં નીચેની જોગવાઈ ઉમેરવા માટે પ્રસ્તુત. આ હેઠળ, કોલસાની ખાણોના 'પિટ હેડ્સ' પર મહિલા કામદારો માટે અને પુરુષ કામદારો માટે 'શાવર' સુવિધા સાથે અલગ બાથહાઉસ બનાવવાની જોગવાઈ કરવામાં આવી હતી, જેથી કામદારો સ્નાન કર્યા પછી સ્વચ્છ કપડાંમાં ઘરે જઈ શકે. એટલું જ નહીં, મહિલા કામદારો માટે તેલ અને સાબુની પણ જોગવાઈ કરવામાં આવી હતી. જો ખાણ માલિકે નિર્ધારિત સમયની અંદર આ સુવિધા પૂરી પાડી ન હોય, તો સરકાર તેના પોતાના વતી આવી સુવિધાઓ પૂરી પાડવા અને ખાણ માલિક પાસેથી તેમનો ખર્ચ વસૂલવા માટે હકદાર હતી. આ બિલમાં પણ આવી જોગવાઈ કરવામાં આવી હતી ત્યારબાદ આ બિલ ગૃહમાં પસાર કરવામાં આવ્યું હતું.*

## 9.8 સારાંશ

*આવી રીતે મહિલા ઉત્થાન માટે અનેક અધિનિયમ પસાર કરવામાં આવ્યા છે જેમકે દહેજ પ્રતિબંધ અધિનિયમ 1965, મેટરનિટી બેનિફિટ ઍક્ટ, ચાઈલ્ડ મેરેજ પ્રોહિબિશન ઍક્ટ વગેરે, જેથી ભારતીય મહિલાઓ ખરેખર સુરક્ષિત જીવન જીવી શકે. ડૉ.આંબેડકરે ભારતીય મહિલાઓની પ્રગતિના તમામ દરવાજા ખોલી દીધા છે અને તમામ પ્રકારના કાયદાઓ બનાવ્યા છે, જે મુજબ સક્ષમ મહિલાઓ સ્વાભિમાનનું જીવન જીવી રહી છે. કોઈ પણ અધિકાર આસાનીથી મળતો નથી, હક્ક મેળવવા માટે સંઘર્ષ કરવો પડે છે અથવા છીનવીને લેવો પડે છે. જો આવું ન થયું હોત તો આજે ભારતીય મહિલાઓના ઉત્થાન સાથે જોડાયેલા બિલોની મજાક ઉડાવવામાં ન આવી હોત, છાજલીઓ પર પડેલી ધૂળ ભેગી થઈ ન હોત. આજે વિવિધ વિધેયકોનો ઉલાળિયો કરીને આડેધડ બાળલગ્નો થઈ રહ્યા છે, દહેજની વેદી પર નિર્દોષ કન્યાઓની બલિ ચઢાવવામાં આવી રહી છે, સ્ત્રીશિક્ષણનો ઘણો બધો ડંકો વાગ્યો હોવા છતાં, હજુ સુધી મામૂલી સંખ્યામાં મહિલાઓ શિક્ષિત થઈ શકી છે. આજની શિક્ષિત અને બૌદ્ધિક સ્ત્રીઓ માટે પુરુષો કરતાં ઊંચું સ્થાન મેળવવાના પરંપરાગત દાવાઓથી છેતરાઈ જવું સહેલું નથી જ્યારે સમાજના અડધા ભાગને બંધારણ મુજબ સંપૂર્ણ સ્વતંત્રતા અને સમાનતાની તકો મળે ત્યારે જ સંસ્કૃતિને ખરા અર્થમાં સાચવી શકાશે.*

## 9.9 તમારી પ્રગતિ ચકાસો

**એક વાક્યમાં જવાબ આપો**

1. *સમાનતાનો અધિકાર બંધારણના કયા અનુચ્છેદમાં આપવામાં આવેલ છે?*

___________________________________________
___________________________________________
___________________________________________

2. *દરેક નાગરિકને કોઈપણ પ્રકારના ભેદભાવથી મુક્તિ કયા અનુચ્છેદ દ્વારા આપવામાં આવેલ છે?*

___________________________________________
___________________________________________
___________________________________________

3. *સ્ત્રી પુરુષ બંનેને જાહેર રોજગારની સમાન તકો કયા અનુચ્છેદમાં આપવામાં આવેલ છે?*

___________________________________________
___________________________________________
___________________________________________

4. *અનુચ્છેદ* 17 *કયા ભારતીય દૂષણને નાથવાનું કાર્ય કરે છે?*

___________________________________________
___________________________________________
___________________________________________

5. *આપણને સ્વતંત્રતાનો અધિકાર કયો અનુચ્છેદ આપે છે?*

___________________________________________
___________________________________________
___________________________________________

❖ **ખાલી જગ્યા પૂરો**

1. *ભારતીય બંધારણના રચયિતા* ________________ *છે.*
2. *મહિલાઓને પ્રસૂતિમાં વેતન સાથેની રજાઓ* ________________ *અનુચ્છેદ દ્વારા પ્રાપ્ત થાય છે.*
3. *હિન્દુ દત્તક વિધેયક* ________________ *વર્ષે પસાર કરવામાં આવ્યું હતું.*
4. *માનવ તસ્કરી અને બળજબરીથી મજૂરી(વેઠ પ્રથા) પર પ્રતિબંધ* ________________ *અનુચ્છેદથી આવેક છે.*
5. *મહિલાઓને મફત કાનૂની સહાય* ________________ *અનુચ્છેદ દ્વારા પ્રાપ્ત થયેલ છે.*

*જવાબો :* (1) *ડો.બાબા સાહેબ આંબેડકર* (2) *અનુચ્છેદ* 42 (3) 1956 (4) *અનુચ્છેદ* 23 (5)*અનુચ્છેદ* 39

## 9.10 ચાવીરૂપ શબ્દો

1. *કલમ - ભારતીય બંધારણમાં જે વિવિધ કાયદાઓ છે તેને વ્યવસ્થિત ક્રમમાં ગોઠવવા માટે કલમ શબ્દનો ઉપયોગ કર્યો છે.*
2. *નારીનો અર્થ સ્ત્રી થાય છે.*
3. *સંહિતા - કાયદો અથવા જોગવાઈ બંધારણના અર્થમાં.*
4. *અનુચ્છેદ - બંધારણે જે વિવિધ ખંડોમાં વિભાજિત કરવામાં આવ્યું છે તે ખંડોને અનુચ્છેદ કહ્યા છે.*

## 9.11 સંદર્ભ ગ્રંથ


1. *વિશ્વાસ સી.આર.,ભારતનું સંવિધાન એક રૂપરેખા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય,અમદવાદ,*2016
2. *ગાંધી.બી.એન.,મહિલાઓ અને કાયદો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,* 2010
3. *મેઘવાલ કુસુમ, ભારતીય નારી કે ઉદ્ધારકઃ બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર, સમ્યક પ્રકાશન, નવી દિલ્હી,* 2020.
4. *કાજી શહેજાદ,ભારતનું બંધારણ અને રાજનીતિ, ક્રિશ્વા પ્રકાશન, અરવલ્લી,* 2018

**એકમ 10**

# રાજકારણમાં મહિલાઓની ભાગીદારી, પંચાયતો અને મ્યુનિસિપલ કાઉન્સિલ, રાજ્ય વિધાનસભા અને સંસદભવન

**:: રૂપરેખા ::**


**10.0 ઉદ્દેશો**

**10.1 પ્રાસ્તાવિક**

**10.2 બ્રિટિશકાલીન ભારતીય રાજકારણ અને મહિલાઓ**

**10.3 મહિલા ભારત એસોસિએશન (WIA)**

**10.4 ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ અને મહિલા મતદાન અધિકાર**

**10.5 બંધારણ સભામાં મહિલાઓ અને તેમના બંધારણીય અધિકારો**

**10.6 સ્વતંત્ર ભારતમાં સ્ત્રીઓનો રાજકીય દરજ્જો**

**10.6.1 સ્ત્રીઓ અને મતદાન**

**10.6.2 સ્ત્રી હોદ્દેદાર તરીકે**

**10.6.3 મુખ્યમંત્રી તરીકે સ્ત્રીઓ**

**10.6.3.1 મહિલા મુખ્યમંત્રી તરીકે સિદ્ધિઓ અને વિશેષતાઓ**

**10.6.4 કેબિનેટ મિનિસ્ટર**

**10.6.5 પંચાયતોમાં મહિલાઓની રાજકીય ભાગીદારી**

**10.7 સ્ત્રી અનામત અને રાજકારણ**

**10.8 સ્ત્રીઓના ઓછા રાજકીય સહભાગીપણાનાં કારણો**

**10.9 સમાપન**

**10.10 સંદર્ભો**


## 10.0 ઉદ્દેશો

- *વિદ્યાર્થીઓને મહિલાઓના રાજકીય અધિકારોથી પરિચિત કરવા.*
- *વિદ્યાર્થીઓને મહિલાઓની રાજકારણમાં ભાગીદારીથી વાકેફ કરવા.*
- *વિદ્યાર્થીઓને મહિલાઓના રાજકીય વર્ચસ્વથી માહિતગાર કરવા.*

## 10.1 પ્રાસ્તાવિક

*પ્રાચીન ભારતીય સભ્યતા સ્ત્રીઓને માત્ર ઘરેલું ભૂમિકામાં સીમિત રાખતી ન હતી, પરંતુ તેમને રાજકીય, બૌદ્ધિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પણ મહત્ત્વપૂર્ણ સ્થાન આપતી હતી. આર્ય સંસ્કૃતિ પૂર્વેની સિંધુખીણ સભ્યતા અને વૈદિક યુગ દરમિયાન સ્ત્રીઓ પુરુષો સાથે સમાન અધિકારો ધરાવતી હતી. આ સમયગાળામાં સ્ત્રીઓ શિક્ષણ પ્રાપ્ત કરતી, યજ્ઞોમાં ભાગ લેતી અને રાજકીય નિર્ણયો પર પણ પ્રભાવ ધરાવતી હતી. પ્રાચીન ભારતમાં અનેક સ્ત્રી શાસકોનો ઉલ્લેખ મળે છે, જેમણે પોતાની બુદ્ધિ, સાહસ અને નેતૃત્વ ક્ષમતાથી રાજ્ય સંચાલન કર્યું. ઋગ્વેદકાળમાં લોપામુદ્રા, ગાર્ગી અને મૈત્રેયી જેવી વિદુષી સ્ત્રીઓએ તત્ત્વચિંતન અને દાર્શનિક ચર્ચાઓમાં ભાગ લીધો હતો. ગારગીનો જનક રાજાના દરબારમાં યોજાયેલા બ્રહ્મજ્ઞાનના સંવાદોમાં ભાગ લેવો સ્ત્રીઓના બૌદ્ધિક સ્વાતંત્ર્યનું પ્રતીક છે. ઇતિહાસમાં કૈકેયી, સીતાજી, દ્રૌપદી અને કુંતી જેવા પાત્રો માત્ર પૌરાણિક કથાઓ પૂરતા નથી, પરંતુ રાજકીય વિચાર અને નૈતિક મૂલ્યોના સંવાહક રૂપે દેખાય છે. દ્રૌપદીનો રાજસભામાં અન્યાય સામેનો પ્રશ્નોચ્ચાર સ્ત્રી સ્વાભિમાનનું શક્તિશાળી ઉદાહરણ છે. મૌર્ય કાળમાં સ્ત્રીઓ શાસનવ્યવસ્થામાં સહભાગી રહી હતી. અશોકના શાસનકાળમાં સંઘમિત્રાએ બૌદ્ધ ધર્મના પ્રસાર માટે શ્રીલંકા સુધીની યાત્રા કરી, જે સ્ત્રીઓના રાજકીય-ધાર્મિક પ્રભાવને દર્શાવે છે. ગુપ્તકાળ દરમિયાન પણ રાણીઓ રાજ્યકામમાં સક્રિય હતી અને દાનપત્રો તથા શિલાલેખોમાં તેમના નામો નોંધાયા છે. દક્ષિણ ભારતમાં રાણી નયનિકા અને રાણી અક્કમહાદેવી જેવી સ્ત્રી શાસકો રાજકીય દૃષ્ટિએ સક્ષમ અને સાહસી હતી. તેઓ યુદ્ધમાં નેતૃત્વ કરતી અને ન્યાયપ્રણાલી મજબૂત કરતી. સ્ત્રી શાસકો માત્ર શક્તિશાળી શાસનકાર નહોતા, પરંતુ સંસ્કૃતિ, કલા અને ધર્મના સંરક્ષક પણ હતા.*

*મધ્યકાલીન ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન મોટા ભાગે ઘરગથ્થું સીમામાં બંધાયેલું હતું. તેમને રાજકીય અધિકારો કે જાહેરજીવનમાં સક્રિય ભાગ લેવાની તક મળતી ન હતી. સામાજિક પરંપરા, ધાર્મિક બંધનો અને પુરુષપ્રધાન વ્યવસ્થાને કારણે સ્ત્રીઓની ભૂમિકા ઘરની ચાર દીવાલ સુધી સીમિત રહી. જોકે બ્રિટિશ શાસન દરમિયાન સામાજિક સુધારણા આંદોલનો અને સ્વાતંત્ર્ય ચળવળના કારણે આ સ્થિતિમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન આવ્યું. 19મી સદીમાં રાજા રામમોહન રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને મહર્ષિ કર્વે જેવા સમાજસુધારકોના પ્રયાસોથી સ્ત્રી શિક્ષણ, વિધવા પુનર્લગ્ન અને સતીપ્રથા નિવારણ જેવા ક્ષેત્રોમાં પરિવર્તન આવ્યું. આ સુધારણાઓના પરિણામે સ્ત્રીઓ ધીમે ધીમે જાહેરજીવનમાં પ્રવેશ કરવા લાગી. પરંતુ સ્ત્રીઓના રાજકીય સશક્તિકરણમાં સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા સ્વાતંત્ર્ય સંગ્રામે ભજવી. મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ સ્ત્રીઓએ અદ્વિતીય રાજકીય જાગૃતિ દર્શાવી.*

*ગાંધીજીએ સ્ત્રીઓને માત્ર અનુયાયી તરીકે નહીં પરંતુ ચળવળના સક્રિય નેતા તરીકે પ્રોત્સાહિત કરી. અસહકાર આંદોલન, સવિનય કાનૂનભંગ, દાંડી કૂચ અને ભારત છોડો આંદોલનમાં સ્ત્રીઓએ આગવી ભૂમિકા ભજવી. સરોજિની નાયડુએ દાંડી કૂચ પછી ધરાસણા સત્યાગ્રહનું નેતૃત્વ કર્યું, જે સ્ત્રી નેતૃત્વનું ઉત્તમ ઉદાહરણ છે. કસ્તુરબા ગાંધીએ ગ્રામ્ય સ્ત્રીઓને સંગઠિત કરી સત્યાગ્રહમાં જોડ્યા. અરુણા આસફ અલીએ 1942માં મુંબઈમાં ભારત છોડો આંદોલન દરમિયાન તિરંગો લહેરાવી બ્રિટિશ સત્તાને ખુલ્લો પડકાર આપ્યો. કમલા નહેરુ અને વિજયાલક્ષ્મી પંડિતે આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતના સ્વાતંત્ર્ય આંદોલનને પ્રતિનિધિત્વ આપ્યું. ક્રાંતિકારી સ્ત્રીઓએ પણ અસાધારણ સાહસ દાખવ્યું. ભિખાજી કામાએ વિદેશમાં ભારતની સ્વતંત્રતાનો સંદેશ ફેલાવ્યો અને 1907માં જર્મનીમાં ભારતીય ધ્વજ ફરકાવ્યો. ઉષા મહેતાએ ગુપ્ત રેડિયો દ્વારા 1942ના આંદોલનમાં જનજાગૃતિ ફેલાવી. રાણી ગૈદિનલ્યુ, માતંગિની હઝરા અને લક્ષ્મી સહગલ (આઝાદ હિન્દ ફોજ)એ સશસ્ત્ર સંઘર્ષમાં ભાગ લઈ સ્ત્રીશક્તિનો પરિચય કરાવ્યો. સ્વાતંત્ર્ય સંગ્રામના પરિણામે સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ, રાજકીય ચેતના અને જાહેરજીવનમાં ભાગ લેવાની હિંમત વિકસી. આ સંઘર્ષોએ સ્ત્રીઓને મતાધિકાર, જાહેર પદો અને રાજકીય પ્રતિનિધિત્વ માટે માર્ગ તૈયાર કર્યો.*

## 10.2 બ્રિટિશકાલીન ભારતીય રાજકારણ અને મહિલાઓ

*ભારતમાં બ્રિટિશ શાસનની શરૂઆત સાથે સામાજિક, આર્થિક અને રાજકીય માળખામાં નોંધપાત્ર પરિવર્તન આવવા લાગ્યું. પશ્ચિમી શિક્ષણ, આધુનિક વહીવટી તંત્ર અને ઉદાર વિચારધારાના સંપર્કથી સમાજમાં નવા શિક્ષિત વર્ગનો ઉદ્ભવ થયો. આ પરિવર્તનોએ ખાસ કરીને સ્ત્રીઓની સ્થિતિ અંગે પુનર્વિચારની પ્રક્રિયાને વેગ આપ્યો. પરંપરાગત સમાજમાં વ્યાપેલા દહેજ, સતીપ્રથા, બાળલગ્ન, વિધવા પુનર્લગ્ન પર પ્રતિબંધ અને સ્ત્રી શિક્ષણના અભાવ જેવા દૂષણો સામે અવાજ ઉઠવા લાગ્યો. ઓગણીસમી સદીમાં રાજા રામમોહન રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહર્ષિ કર્વે અને જ્યોતિબા ફૂલે જેવા સમાજસુધારકોએ સ્ત્રી જાગૃતિને પ્રોત્સાહન આપ્યું. તેમણે મૂળ ધાર્મિક ગ્રંથોના પુનઃઅર્થઘટન દ્વારા સાબિત કર્યું કે સ્ત્રીઓ પર લાદવામાં આવેલા ઘણા પ્રતિબંધો ધાર્મિક નહીં પરંતુ સામાજિક હતા. છોકરીઓ માટે શાળાઓ શરૂ કરવામાં આવી, વિધવા પુનર્લગ્નને પ્રોત્સાહન મળ્યું અને સ્ત્રી શિક્ષણને સામાજિક વિકાસ માટે અનિવાર્ય ગણવામાં આવ્યું. આ દૃષ્ટિકોણ હેઠળ કપૂરથલા રાજ્યની રાણી હરનામ સિંહે જલંધરમાં શિશુ કલ્યાણ કેન્દ્ર શરૂ કરી, જે મહિલાઓના કલ્યાણ માટેનું મહત્ત્વપૂર્ણ પગલું હતું. આ સામાજિક પરિવર્તનોએ સ્ત્રીઓને રાજકીય ક્ષેત્રમાં પ્રવેશ માટે પ્રેરણા આપી. 1855ના સંથાલ બળવામાં આદિવાસી મહિલાઓએ પુરુષો સાથે ખભે ખભા મિલાવી બ્રિટિશ સત્તા સામે લડત આપી. તેમનો ઉલ્લેખ ઐતિહાસિક*

દસ્તાવેજોમાં ઓછો જોવા મળે છે, છતાં તેમનું યોગદાન મહત્ત્વપૂર્ણ હતું. સંન્યાસી બળવા દરમિયાન મહિલા સંન્યાસીઓએ બ્રિટિશ સૈનિકો સામે લશ્કરી ભૂમિકા ભજવી હતી.1857ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, લખનૌની બેગમ હઝરત મહેલ અને બેગમ ઝીનત મહેલ જેવી સ્ત્રીઓએ નેતૃત્વ આપી સ્ત્રીશક્તિનો પરિચય કરાવ્યો. તેઓ માત્ર શાસકો નહોતા, પરંતુ રાષ્ટ્રીય સ્વાભિમાનના પ્રતીક બની ઊભા રહ્યા. 1905ના બંગાળ વિભાજન વિરોધી આંદોલનમાં મહિલાઓ સરઘસોમાં 'વંદે માતરમ' ગાતી રસ્તાઓ પર ઉતરી. આથી સ્ત્રીઓનો રાજકીય આત્મવિશ્વાસ વધ્યો. 20મી સદીના બીજા દાયકામાં મહિલાઓએ પોતાનાં રાજકીય અધિકારો માટે સંગઠિત થવાનું શરૂ કર્યું. ભારત સ્ત્રી મહાસભા, ઑલ ઈન્ડિયા વુમન્સ કોન્ફરન્સ જેવી સંસ્થાઓએ ઘરેલુ હિંસા, મિલકત અધિકાર, જમીન અને વારસા અધિકારો જેવા લિંગસંબંધિત મુદ્દાઓને રાષ્ટ્રીય મંચ પર રજૂ કર્યા.

## ❖ તમારી પ્રગતિ ચકાસોનાં બહુવૈકલ્પિક પ્રશ્નો (MCQs)

1. બ્રિટિશ શાસન દરમિયાન સ્ત્રી જાગૃતિને સૌથી વધુ પ્રોત્સાહન કોણે આપ્યું ?

A) ઔદ્યોગિક ક્રાંતિ B) સામાજિક-ધાર્મિક સુધારા ચળવળોએ

C) જમીનદાર પ્રથાએ D) રજવાડી શાસનોએ

2. સ્ત્રી સુધારણા માટે મૂળ ધાર્મિક ગ્રંથોનું પુનઃઅર્થઘટન કરનાર સમાજસુધારક કોણ હતા?

A) રાજા રામમોહન રાય B) બાલ ગંગાધર તિલક

C) લાલા લાજપત રાય D) સુભાષચંદ્ર બોઝ

3. કપૂરથલા રાજ્યમાં જલંધર ખાતે શિશુ કલ્યાણ કેન્દ્ર કોણે શરૂ કર્યું?

A) સરોજિની નાયડુ B) રાણી લક્ષ્મીબાઈ

C) રાણી હરનામ સિંહ D) કસ્તુરબા ગાંધી

4. સંથાલ બળવો કયા વર્ષમાં થયો હતો?

A) 1857 B) 1855 C) 1905 D) 1920

5. 1857ના બળવામાં ઝાંસીનું નેતૃત્વ કોણે કર્યું હતું?

A) બેગમ હઝરત મહેલ B) રાણી લક્ષ્મીબાઈ

C) બેગમ ઝીનત મહેલ D) અરુણા આસફ અલી

6. 1905માં કઈ ઘટનાએ મહિલાઓને મોટા પ્રમાણમાં રાજકીય ક્ષેત્રમાં ઉતાર્યા?

A) હોમરૂલ ચળવળ B) અસહકાર આંદોલન

C) બંગાળ વિભાજન વિરોધ D) ભારત છોડો આંદોલન

7. સંન્યાસી બળવામાં મહિલાઓની ભૂમિકા કેવી હતી?

A) માત્ર સહાયક B) સામાજિક C) લશ્કરી D) ધાર્મિક

8. 20મી સદીના બીજા દાયકામાં મહિલાઓએ શું કરવાનું શરૂ કર્યું?

A) રાજકારણ છોડ્યું B) સંગઠનો રચ્યા

C) ઘરેલું જીવન સ્વીકાર્યું D) માત્ર શિક્ષણ પૂરતું સીમિત રહ્યા

જવાબો. 1- B 2-A 3-C 4-B 5-B 6-C 7-C 8-B

**ટૂંકા પ્રશ્નો**

1. બ્રિટિશ શાસન દરમિયાન સ્ત્રી જાગૃતિ કેમ વધી?

______________________________________________

______________________________________________

______________________________________________

2. સમાજસુધારકોની સ્ત્રીઓ અંગેની મુખ્ય માન્યતા શું હતી?

______________________________________________

______________________________________________

______________________________________________

3. સ્ત્રી શિક્ષણને કેમ મહત્ત્વ આપવામાં આવ્યું?

______________________________________________

______________________________________________

______________________________________________

4. સંથાલ બળવામાં મહિલાઓની ભૂમિકા શું હતી?

______________________________________________

______________________________________________

______________________________________________

5. *સંન્યાસી બળવામાં મહિલાઓએ શું કર્યું?*

______________________________________________

______________________________________________

______________________________________________

6. 1857*ના બળવામાં મહત્ત્વપૂર્ણ મહિલા નેતાઓના નામ લખો.*

______________________________________________

______________________________________________

______________________________________________

7. *બંગાળ વિભાજન ચળવળમાં મહિલાઓની ભૂમિકા શું હતી?*

______________________________________________

______________________________________________

______________________________________________

8. 20*મી સદીમાં મહિલા સંગઠનોના મુખ્ય મુદ્દા કયા હતા?*

______________________________________________

______________________________________________

______________________________________________

9. *બ્રિટિશકાળે સ્ત્રીઓ રાજકીય મંચ પર કેમ આવી?*

______________________________________________

______________________________________________

______________________________________________

10. *બ્રિટિશકાલીન પરિવર્તનોનું સ્ત્રીઓ પર શું પરિણામ આવ્યું?*

______________________________________________

______________________________________________

______________________________________________

## 10.3 મહિલા ભારત એસોસિએશન (WIA)

*મહિલા ભારત એસોસિએશન* (WIA) *ની સ્થાપના* 1917*માં કરવામાં આવી હતી જે ભારતીય મહિલાઓ માટે મતદાનના અધિકારોની માંગણી કરતું પ્રથમ ભારતીય મહિલા સંગઠન હતું. આ સંગઠનના મહત્ત્વપૂર્ણ સભ્યોમાં સરોજિની નાયડુ, એની બેસન્ટ, માર્ગારેટ કઝીન્સ અને હીરાબાઈ ટાટા હતા. તેઓ ભારતીય મહિલાઓને મતદાનનો અધિકાર મેળવવા માટે રાજ્ય સચિવ એડવિન મોન્ટાગ્યુને મળ્યા. તેમની માંગણીને પાછળથી ભારત સરકારના અધિનિયમ* 1919*માં આંશિક રીતે માન્યતા આપવામાં આવી. રાજકારણમાં ભાગ લેવાનો મહિલાઓનો સમાન અધિકાર, જેમાં મતદાનનો અધિકાર પણ સામેલ છે, તે મોટાભાગના પશ્ચિમી સમાજોએ આ માંગણી સ્વીકારી તેના કરતાં ઘણો વહેલો ભારતમાં ખૂબ જ ભવ્યતાથી સ્વીકારવામાં આવ્યો*

*હતો. ભારતીય મહિલાઓને તેમના પશ્ચિમી સમકક્ષોથી વિપરીત, આ અધિકાર માટે લડવાની પણ જરૂર નહોતી. 1921માં બોમ્બે અને મદ્રાસમાં મહિલાઓને મતદાનનો અધિકાર આપવામાં આવ્યો હતો, ત્યારબાદ 1923માં સંયુક્ત પ્રાંતમાં, 1926માં પંજાબ અને બંગાળમાં અને 1930માં આસામ, મધ્ય પ્રાંત, બિહાર અને ઓરિસ્સામાં મહિલાઓને મતદાનનો અધિકાર આપવામાં આવ્યો હતો. આજ સમયમાં સરોજિની નાયડુની ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકેની કામગીરી ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહી હતી. સરોજિની નાયડુ વર્ષ 1925માં કાનપુર અધિવેશન દરમિયાન ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા, અને આ ગૌરવ પ્રાપ્ત કરનાર તેઓ પ્રથમ ભારતીય મહિલા હતા. તેમના અધ્યક્ષીય કાર્યકાળ દરમિયાન, તેમણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓની ભાગીદારી વધારવા પર ભાર મૂક્યો હતો. તેમણે સ્ત્રીઓને રસોડાની બહાર નીકળીને દેશની આઝાદીની લડતમાં સક્રિય થવા માટે પ્રોત્સાહિત કરી હતી. આ ઉપરાંત, તેઓ હિન્દુ-મુસ્લિમ એકતાના પ્રબળ હિમાયતી હતા અને તેમણે દેશભરમાં પ્રવાસ કરીને લોકોમાં રાષ્ટ્રવાદની ભાવના જગાડવાનું કાર્ય કર્યું હતું. ગાંધીજીના અહિંસક આંદોલનના સંદેશને જન-જન સુધી પહોંચાડવામાં અને કોંગ્રેસના સંગઠનને મજબૂત બનાવવામાં તેમની આ રાજકીય ભૂમિકા પાયાની સાબિત થઈ હતી. તેમના સક્ષમ માર્ગદર્શન હેઠળ, સમગ્ર દેશમાં મહિલાઓએ તેમના ન્યાયિક અધિકારો માટે કામ કરવા માટે પોતાને સંગઠિત કર્યા. મહાત્મા ગાંધીએ પણ મહિલાઓના રાજકીય અધિકારોને ટેકો આપ્યો. હવે ભારતીય મહિલાઓને મતદાનનો અધિકાર અને ચૂંટાઈ આવવાનો અધિકાર મળ્યો. સરોજિની નાયડુ અને માર્ગારેટ કઝીન્સે સરકાર પાસે માંગણી કરી હતી કે મહિલાઓને વિધાનસભામાં પુરુષો જેટલા જ અધિકારો આપવામાં આવે. બ્રિટિશ સરકારે અનુમાન મુજબ આ માંગણીને તદ્દન નકારી કાઢી હતી કારણ કે તેમના મતે ઘણા પશ્ચિમી દેશોએ હજુ સુધી મહિલાઓને મતદાનનો અધિકાર આપ્યો નથી અને તેમણે દલીલ કરી હતી કે ભારત જેવા સમાજમાં, જ્યાં પડદા પ્રથા અને મહિલા શિક્ષણ પર પ્રતિબંધો પ્રચલિત છે, ત્યાં આવા સમાજમાં મહિલાઓને સમાન રાજકીય અધિકારો કેવી રીતે પૂરા પાડવા શક્ય છે. બ્રિટિશ લોકોએ આ મુદ્દો રાજ્ય વિધાનસભાઓ સુધી પહોંચાડ્યો જ્યારે તેમણે ધાર્યું કે પ્રાંતીય સ્તરે મહિલાઓને સમાન રાજકીય અધિકારો આપવાનો સ્વીકાર કરવામાં આવશે નહીં.*

## 10.4 ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ અને મહિલા મતદાન અધિકાર

1930 *સુધીમાં મહિલા ચળવળમાં કોંગ્રેસ સાથે જોડાયેલા લોકો અને રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓમાં સામેલ ન હોય તેવા લોકો વચ્ચે વિભાજન દેખાતું હતું. કોંગ્રેસ જૂથે 'સમાન અધિકારોની માંગ' અપનાવી હતી જ્યારે અન્ય જૂથો પણ 'મહિલા ઉત્થાનની*

*માંગ' પર હતા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે 1931માં કરાચી અધિવેશનમાં 'મૂળભૂત અધિકારોની ઘોષણા' પર એક ઠરાવ પસાર કર્યો હતો જેમાં મહિલાઓને સમાનતા માટેની ગેરંટીમાં સામેલ કરવામાં આવી હતી. 1931માં, બ્રિટિશ સરકારે ભારતીયોને મતાધિકાર અધિકારો અંગે એક વિચાર બનાવવા માટે લોથિયન સમિતિ તરીકે જાણીતી ભારતીય ફ્રેન્ચાઈઝ સમિતિની નિમણૂક કરી હતી. ઓલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સે સમાન અધિકારોના દૃષ્ટિકોણ પર આધારિત ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કરાચી સત્રમાં પસાર કરાયેલ મેમોરેન્ડમ રજૂ કર્યું હતું. લોથિયન સમિતિ સમક્ષ કુલ 311 સાક્ષીઓ રજૂ કરવામાં આવ્યા હતા જેમાંથી 29 મહિલાઓ હતી અને 17 પુરુષો અને સ્ત્રીઓ માટે સમાન અધિકારોને ટેકો આપતા હતા. ઓગસ્ટ 1932ના કોમ્યુનલ એવોર્ડમાં મહિલાઓના મતાધિકાર અને પ્રતિનિધિત્વ પર સ્પષ્ટપણે સાંપ્રદાયિક સિદ્ધાંતો લાગુ કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ પસાર કરતી વખતે, એક વાજબી કારણ ઠેરવવામાં આવ્યું હતું કે બ્રિટિશ લોકો ફક્ત એક જ સમુદાયમાંથી મહિલા સભ્યો રાખવાના પક્ષમાં નથી, જેને તેઓ હિન્દુ માનતા હતા. ભારતમાં મહિલા સંગઠનોએ માર્ચ 1933 માં લંડનમાં બ્રિટિશ સંસદની સંયુક્ત પસંદગી સમિતિને સંયુક્ત પ્રતિનિધિત્વ આપ્યું હતું. સંયુક્ત મતદાર મંડળનો મુદ્દો ફરીથી મતભેદનો મુદ્દો બન્યો. ભારતીય બંધારણ પરની સંયુક્ત સમિતિએ ઓક્ટોબર 1934માં તેનો અહેવાલ પ્રકાશિત કર્યો હતો અને તેના મોટાભાગના સૂચનો ભારત સરકારમાં સામેલ કરવામાં આવ્યા હતા.*

## 10.5 બંધારણ સભામાં મહિલાઓ અને તેમના બંધારણીય અધિકારો

*ભારતની બંધારણ સભા માત્ર રાજકીય દસ્તાવેજ તૈયાર કરનાર સંસ્થા નહોતી, પરંતુ તે ભારતીય સમાજના સર્વાંગી લોકશાહી અને સમાવેશક સ્વરૂપનું પ્રતિબિંબ હતી. આ સભામાં મહિલાઓની સક્રિય હાજરી અને તેમની વિચારશીલ ભૂમિકાએ ભારતીય લોકશાહીના મજબૂત અને સમાનતાવાદી પાયા ઘડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. બ્રિટિશ શાસનકાળ દરમિયાન શરૂ થયેલી મહિલાઓના મતાધિકાર અને રાજકીય પ્રતિનિધિત્વની ચળવળનું પરિપૂર્ણ પરિણામ બંધારણ સભામાં તેમની ભાગીદારી અને 1950ના ભારતીય બંધારણમાં તેમને મળેલા સમાન અધિકારો રૂપે જોવા મળે છે. 1935ના ભારત સરકાર અધિનિયમ હેઠળ મહિલાઓને મર્યાદિત મતાધિકાર તેમજ પ્રાંતીય વિધાનસભાઓમાં અનામત બેઠકોની વ્યવસ્થા કરવામાં આવી. તેના પરિણામે 1937ની પ્રાંતીય ચૂંટણીઓમાં મહિલાઓએ નોંધપાત્ર સફળતા મેળવી અને કુલ 56 બેઠકો પર વિજય મેળવ્યો. આ સફળતાએ સાબિત કર્યું કે મહિલાઓ માત્ર મતદાત્રી નહીં, પરંતુ સક્ષમ અને અસરકારક રાજકીય પ્રતિનિધિ પણ બની શકે છે.*

આ ચૂંટણીઓના આધારે જ બંધારણ સભાની રચના કરવામાં આવી હતી, જેના કારણે મહિલાઓને બંધારણ રચનાની પ્રક્રિયામાં સીધી અને સક્રિય ભાગીદારી મળી. બંધારણ સભામાં સરોજિની નાયડુ, હંસા મહેતા, રાજકુમારી અમૃત કૌર, દક્ષાયાણી વેલાયુધાન અને બેગમ આઈઝાઝ રસૂલ જેવી પ્રતિષ્ઠિત અને પ્રભાવશાળી મહિલાઓ સભ્ય તરીકે જોડાઈ હતી. તેમણે બંધારણમાં સ્ત્રીઓ માટે સમાનતા, ન્યાય અને માનવીય ગૌરવ સુનિશ્ચિત થાય તે માટે દૃઢ અને અસરકારક દલીલો રજૂ કરી. ખાસ કરીને હંસા મહેતાએ "પુરુષો અને સ્ત્રીઓ માટે સમાન અધિકારો"ના વિચારને માનવ અધિકારોના મૂળભૂત સિદ્ધાંત તરીકે મજબૂત રીતે પ્રતિસ્થાપિત કર્યો.

બંધારણ સભાની વિસ્તૃત ચર્ચાઓના પરિણામે ભારતીય બંધારણમાં લિંગના આધારે ભેદભાવ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. અનુચ્છેદ 14 દ્વારા કાયદા સમક્ષ સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો, અનુચ્છેદ 15 દ્વારા લિંગ આધારિત ભેદભાવનો નિષેધ કરવામાં આવ્યો અને અનુચ્છેદ 16 દ્વારા જાહેર રોજગારીમાં સમાન તકની ખાતરી આપવામાં આવી. ઉપરાંત, સર્વસામાન્ય પ્રૌઢ મતાધિકાર અપનાવવામાં આવ્યો, જેના કારણે તમામ પુખ્ત મહિલાઓને મત આપવાનો અધિકાર પ્રાપ્ત થયો જે, તે સમયના ઘણા પશ્ચિમી દેશો કરતાં પણ વધુ પ્રગતિશીલ પગલું હતું. આ રીતે, બંધારણ સભામાં મહિલાઓની સક્રિય ભૂમિકા અને તેમના અધિકારો અંગેની દૃઢ માંગણીના પરિણામે સ્વતંત્ર ભારતમાં મહિલાઓને સમાન રાજકીય અને નાગરિક અધિકારો પ્રાપ્ત થયા. આગળ ચાલી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં મહિલાઓ માટે અનામત બેઠકો જેવી જોગવાઈઓએ આ દિશામાં લેવામાં આવેલું એક મહત્ત્વપૂર્ણ અને પ્રગતિશીલ પગલું સાબિત થયું. તેથી નિષ્કર્ષરૂપે કહી શકાય કે બંધારણ સભામાં મહિલાઓની હાજરી અને યોગદાનએ ભારતીય લોકશાહીને વધુ સમાનતાવાદી, સમાવેશક અને મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

આ અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે પ્રાચીન કાળથી જ ભારતમાં મહિલાઓ પોતાના અધિકારો તથા ફરજોની પૂરી સમજ ધરાવતી રહી છે. તેમણે પ્રામાણિકતા અને નિષ્ઠાપૂર્વક પોતાની સામાજિક તથા નાગરિક ફરજો નિભાવી છે અને સાથે સાથે પોતાના ન્યાયસંગત રાજકીય અધિકારો માટે સશક્ત રીતે અવાજ ઉઠાવ્યો છે. મહિલાઓએ માત્ર ભારતમાં જ નહીં, પરંતુ અનેક પશ્ચિમી દેશોમાં પણ સમાન અધિકારો પ્રાપ્ત કરવાની ચળવળને દિશા અને પ્રેરણા પૂરી પાડી છે. બ્રિટિશ શાસનકાળ દરમિયાન દેખાયેલી તેમની સમજદારી, સંગઠનક્ષમતા અને સંઘર્ષશક્તિએ સ્વતંત્ર ભારતમાં તેમને વધુ વ્યાપક અને મજબૂત અધિકારો પ્રાપ્ત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેથી નિશ્ચિત રીતે કહી શકાય કે આવનારા

સમયમાં પણ ભારતીય મહિલાઓને રાજકીય ક્ષેત્રે વધુ વિસ્તૃત અને અસરકારક અધિકારો પ્રાપ્ત થવાની સંભાવના ઉજ્જવળ છે.

- **બંધારણ સભાની મહિલા સભ્યોની સમિતિ અને કામગીરી**

| ક્રમ | નામ | સમિતિ અને મહત્ત્વનું યોગદાન | મુખ્ય મુદ્દાઓ અને દલીલો |
|---|---|---|---|
| 1. | હંસા જીવરાજ મહેતા | મૌલિક અધિકાર સમિતિ અને સલાહકાર સમિતિના સભ્ય | તેમણે 'Universal Declaraion of Human Rights' માં "All men are born equal" ને બદલે "All human beings are born equal" કરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. |
| 2. | રાજકુમારી અમૃત કૌર | મૌલિક અધિકાર સમિતિ અને લઘુમતી સમિતિના સભ્ય | તેમણે સમાન નાગરિક ધારા (UCC) માટે આગ્રહ કર્યો હતો અને ધાર્મિક સ્વતંત્રતાના નામે મહિલા વિરોધી કુપ્રથાઓને રોકવા દલીલ કરી હતી. |
| 3. | દક્ષાયણી વેલાયુધન | અસ્પૃશ્યતા નિવારણ અને સામાજિક સમાનતા | તેમણે દલીલ કરી હતી કે માત્ર કાયદો બનાવવાથી નહીં પણ સામાજિક પરિવર્તનથી જ અસ્પૃશ્યતા દૂર થશે. તેઓ બંધારણ સભામાં એકમાત્ર દલિત મહિલા હતા. |
| 4. | બેગમ એઝાઝ રસૂલ | લઘુમતી અધિકારો અને સમાનતા | તેમણે મુસ્લિમ સમુદાય માટે અલગ મતદારમંડળના વિચારનો ત્યાગ કર્યો અને બિનસાંપ્રદાયિકતા (Secularism) માં વિશ્વાસ વ્યક્ત કર્યો. |
| 5. | દુર્ગાબાઈ દેશમુખ | સ્ટીયરીંગ કમિટી (સંચાલન સમિતિ) ના સભ્ય | તેમણે હિન્દુ કોડ બિલ અને ન્યાયતંત્રમાં મહિલા ન્યાયાધીશોની નિમણૂક તેમજ સુપ્રીમ કોર્ટની સ્વતંત્રતા માટે મજબૂત દલીલો કરી હતી. |
| 6. | રેણુકા રાય | કાયદાકીય અધિકારો અને સમાનતા | તેમણે પર્સનલ લો (વ્યક્તિગત કાયદા)માં સુધારો કરી વારસા હકમાં મહિલાઓને સમાન હક મળે તે માટે લડત આપી હતી. |
| 7. | અમ્મુ સ્વામીનાથન | પંચાયતી રાજ અને લોકશાહી | તેમણે બંધારણના ખરડામાં પંચાયતી રાજ અને સ્થાનિક સ્વરાજ્યના મહત્ત્વ |

| | | | |
|---|---|---|---|
| | | | પર ભાર મૂક્યો હતો જેથી છેવાડાના માનવી સુધી લોકશાહી પહોંચે. |
| 8. | એની મસ્કરીન | સંઘીય માળખું અને રજવાડાઓનું વિલીનીકરણ | કેન્દ્રીય અને પ્રાંતીય સરકારો વચ્ચે સત્તાની વહેંચણી અને રજવાડાઓના લોકશાહીકરણ માટે મહત્ત્વના સૂચનો આપ્યા હતા. |
| 9. | સુચેતા કૃપલાણી | ધ્વજ સમિતિ અને મૂળભૂત અધિકારો | 14 ઓગસ્ટ 1947ની મધ્યરાત્રિએ બંધારણ સભામાં 'વંદે માતરમ' અને 'સા રે જહાં સે અચ્છા' ગાઈને ઐતિહાસિક ક્ષણનું નેતૃત્વ કર્યું હતું. |
| 10. | વિજયા લક્ષ્મી પંડિત | આંતરરાષ્ટ્રીય સંબંધો અને મુત્સદ્દીગીરી | ભારતના વિદેશી સંબંધો અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની બિન-જોડાણવાદી છબી ઉભી કરવામાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. |
| 11. | સરોજિની નાયડુ | નાગરિક અધિકારો અને વાણી સ્વાતંત્ર્ય | તેમણે બંધારણમાં મતાધિકાર અને સમાન તકો માટે પ્રખર રજૂઆતો કરી હતી, જેથી મહિલાઓ રાજકારણમાં આગળ આવી શકે. |
| 12. | માલતી ચૌધરી | શિક્ષણ અને પછાત વર્ગનું કલ્યાણ | તેમણે પુખ્ત વયના શિક્ષણ અને પછાત વિસ્તારોમાં શૈક્ષણિક સુધારા લાવવા માટે આગ્રહ કર્યો હતો. |
| 13. | લીલા રોય | મહિલા સશક્તિકરણ અને રક્ષણ | ભાગલા પછી શરણાર્થી મહિલાઓના પુનર્વસન અને તેમના આર્થિક સ્વાવલંબન માટે બંધારણીય જોગવાઈઓ પર ધ્યાન ખેંચ્યું હતું. |
| 14. | કમલા ચૌધરી | સામાજિક કાયદાઓ | તેમણે સ્ત્રી શિક્ષણ અને સામાજિક જાગૃતિને બંધારણના અમલીકરણનો મુખ્ય ભાગ બનાવવા સૂચન કર્યું હતું. |
| 15. | પૂર્ણિમા બેનર્જી | ખેડૂતો અને કામદારોના હિતો | રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં ખેડૂતો અને મજૂરોના અધિકારોને સ્થાન અપાવવા માટે અવાજ ઉઠાવ્યો હતો. |

❖ **તમારી પ્રગતિ ચકાસો**

**વૈકલ્પિક પ્રશ્નો (MCQs)**

1. *મહિલાઓના મતાધિકાર માટે મહત્ત્વપૂર્ણ કયો કાયદો લાગુ પડ્યો હતો?*

A) 1919*નો કાયદો* B) 1927*નો કાયદો*

C) 1935*નો કાયદો* D) 1950*નો બંધારણ*

2. 1935 *ના કાયદા મુજબ મહિલાઓ માટે કઈ અરજીની આવશ્યકતા દૂર કરવામાં આવી હતી?*

A) *મિલકત આધારિત* B) *ઉંમર આધારિત*

C) *પત્નીત્વ દ્વારા મતાધિકાર* D) *નાગરિકત્વ આધારિત*

3. *કેટલા પ્રાંતોમાં મહિલાઓ માટે સાક્ષરતાની શરતને શૈક્ષણિક લાયકાતથી બદલી હતી?*

A) *ત્રણ* B) *ચાર* C) *પાંચ* D) *છ*

4. *મહિલાઓ માટે સમુદાયોમાં કેટલી બેઠકો અનામત રાખવામાં આવી હતી?*

A) 30 B) 35 C) 41 D) 56

5. 1937 *ની ચૂંટણીમાં સામાન્ય મતવિસ્તારમાંથી કેટલી મહિલાઓ ચૂંટાઈ આવી હતી?*

A) 5 B) 8 C) 42 D) 56

6. 1937 *ની ચૂંટણીમાં અનામત મતવિસ્તારમાંથી કેટલી મહિલાઓ ચૂંટાઈ આવી હતી?*

A) 35 B) 41 C) 42 D) 50

7. *કુલ કેટલી બેઠકો મહિલાઓએ* 1937*ની ચૂંટણીમાં જીતી હતી?*

A) 41 B) 50 C) 56 D) 60

8. *મહિલાઓને સમાન રાજકીય અધિકારો ક્યારે ખાતરીપૂર્વક મળ્યા?*

A) 1935 B) 1937 C) 1947 D) 1950

જવાબો. 1-C 2-C 3-C 4-C 5-B 6-C 7-C 8-D

**ટૂંકા પ્રશ્નો**

1. 1935 ના કાયદાનો મુખ્ય હેતુ શું હતો?

2. મહિલાઓ માટે મતાધિકારની પ્રાથમિક લાયકાત શું હતી?

3. 1935 ના કાયદામાં મહિલાઓ માટે કયો મહત્ત્વપૂર્ણ ભેદભાવ દૂર કરવામાં આવ્યો?

4. 1937 ની ચૂંટણીનું મહત્ત્વ શું હતું?

5. 1937 માં ચૂંટાઈ આવેલી મહિલાઓ મુખ્યત્વે કયા વર્ગમાંથી હતી?

6. મહિલાઓએ કયા કાયદાકીય સુધારાઓ માટે અવાજ ઉઠાવ્યો?

7. બંધારણ સભાની રચના કયા આધાર પર કરવામાં આવી હતી?

8. ભારતીય બંધારણ ક્યારે અમલમાં આવ્યું?

9. બંધારણે મહિલાઓને કયા અધિકારોની ખાતરી આપી?

10. *સ્થાનિક સ્વરાજ્યમાં મહિલાઓ માટે કઈ જોગવાઈ કરવામાં આવી?*

________________________________________________

________________________________________________

________________________________________________

## 10.6 સ્વતંત્ર ભારતમાં સ્ત્રીઓનો રાજકીય દરજ્જો

*સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી 26 જાન્યુઆરી, 1950ના દિવસથી લાગુ થયેલ બંધારણે સ્વતંત્રતા અને સમાનતાના મૂલ્યોને સ્વીકાર્યા છે. બંધારણની કલમ 14 કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણનું વચન આપે છે. કલમ 15 ધર્મ, વંશ, જ્ઞાતિ, લિંગ કે જન્મસ્થાનના આધારે થતાં ભેદભાવ પર પ્રતિબંધ મૂકે છે અને રાજ્ય દ્વારા બાળકો તથા સ્ત્રીઓ માટેની વિશેષ જોગવાઈઓને માન્ય રાખે છે. રાજ્યનીતિના નિર્દેશક સિદ્ધાંતો પણ સ્ત્રીઓ માટે ખાસ જોગવાઈ ધરાવે છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિનો ઉત્સાહ ઓસરતા જણાયું કે સ્વતંત્રતા અને સમાનતાના વચનો મેળવવાથી જ સ્ત્રીઓનું રાજકીય સહભાગીપણું નથી વધવાનું. રાજકારણના તાણાવાણામાં સ્ત્રીઓએ જોડાવવું પડશે. બંધારણના આમુખ મુજબ ભારતને સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકતંત્ર અને ગણતંત્ર રાજ્ય તરીકે ઘોષિત કર્યું.*

*સ્વતંત્ર ભારતના બંધારણમાં સ્ત્રીના મતાધિકાર, ચૂંટણી લડવાની બાબતમાં સમાનતા અને રાજકીય પ્રક્રિયામાં સ્ત્રીની સામેલગીરીને પ્રાધાન્ય અપાયું. ડિસેમ્બર 1992માં 73 અને 74માં બંધારણીય સુધારાથી પંચાયતીરાજ તથા મ્યુનિસિપાલિટીઓને બંધારણીય માન્યતા મળી. સ્ત્રી માટે અનામતની જોગવાઈ કરવામાં આવી. આ સ્ત્રી અનામતની વિગતે ચર્ચા નીચેના 'સ્ત્રી અનામત'ના મુદ્દામાં કરવામાં આવી છે.*

### 10.6.1 સ્ત્રીઓ અને મતદાન

*1935ના ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા ઍક્ટ હેઠળ મહિલાઓને મર્યાદિત મતાધિકાર મળ્યો હતો. તે સમયગાળા દરમિયાન, મહિલાઓને પુરુષો જેટલા વ્યાપક અને સાર્વજનિક મતાધિકાર મળ્યો નહોતો. તેમના માટે ખાસ શરતો હતી, જેમ કેઃ મહિલાઓએ નિશ્ચિત શૈક્ષણિક લાયકાત ધરાવવી જોઈએ. મહિલાઓ જમીનદાર હોય અથવા નિશ્ચિત આવકની માલિક હોય તો જ મત આપી શકતી. આ શરતોને કારણે માત્ર 2.5 લાખથી 3 લાખ સ્ત્રીઓને જ મતાધિકાર મળ્યો હતો. સ્ત્રી-પુરુષ મતદારોની ટકાવારી (આશરે) 1937ની ચૂંટણી મુજબ, પુરુષ મતદારોઃ આશરે 28% (લાયક પુખ્ત વયના લોકોમાં) સ્ત્રી મતદારો માત્ર 2.5% થી 3% (લાયક પુખ્ત વયના લોકોમાં) આટલી ઓછી ટકાવારીનું કારણ એ હતું કે મોટાભાગની મહિલાઓને*

*મતાધિકાર મળતો નહોતો. આખરે 1950માં, ભારતીય બંધારણે બધાં પુખ્ત વયના નાગરિકોને (સ્ત્રી-પુરુષ) સમાન મતાધિકાર આપ્યો હતો.*

*રાજકીય સહભાગીપણા માટે મતદાન એ મૂળભૂત પ્રવૃત્તિ છે. પ્રથમ બે સામાન્ય ચૂંટણી સ્ત્રી-મતદારોની સંખ્યા ઉપર પ્રકાશ પાડતી નથી, પરંતુ આ ચૂંટણીઓમાં સ્ત્રી-મતદારોએ મતદાન કરવામાં સારો ઉત્સાહ દાખવ્યો હોવાનાં ઉદાહરણો છે. 1962ની ત્રીજી સામાન્ય ચૂંટણી અને ત્યાર પછીની સામાન્ય ચૂંટણીઓ સ્ત્રી-મતદારોના મતદાનની ટકાવારી ઉપર સ્પષ્ટ પ્રકાશ પાડે છે. શરૂઆતમાં રાજકીય જાગૃતિ અને મતાધિકાર પ્રાપ્તિના હક્કના ઉપયોગની જાણકારી ઓછી હોવાથી 1961, 1967 અને 1971ની ચૂંટણીમાં સ્ત્રી મતદાનનું પ્રમાણ પચાસ ટકાથી ઓછું રહ્યું. ત્યારપછી 1977, 1980 અને 1984ની ચૂંટણીમાં એ પ્રમાણ વધ્યું. 1989ની ચૂંટણીમાં પાછું એ પ્રમાણ ઘટ્યું. આમ 37 ટકાથી 68 ટકા જેટલું મતદાન રહ્યું છે. 1996 પછી સ્ત્રી અને પુરુષના મતદાનમાં ઠીક ઠીક વધારો થયો છે. સૌથી વધુ 2019માં મતદાન થયેલું જોવા મળે છે.*

*દરેક ક્ષેત્રમાં પોતાના ઘરની દિવાલોની બહાર જાહેર જીવનમાં મહિલાઓને મતદાનનો અધિકાર મળ્યા પછી પુરુષોને પાછળ છોડવામાં 67 વર્ષ લાગ્યાં. 1952 થી 2014 સુધી, લોકસભા ચૂંટણીમાં મતદાનમાં મહિલાઓ હંમેશા પુરુષો કરતા પાછળ રહી હતી પરંતુ, 2019ની સામાન્ય ચૂંટણીમાં પુરુષો પાછળ રહી ગયાં હતાં. છેલ્લી લોકસભા ચૂંટણીમાં, 67.18 ટકા મહિલાઓએ મતદાન કર્યું હતું, જે પુરુષો (67.02%) કરતા 0.16 ટકા વધુ છે. આ સાથે મહિલાઓએ અત્યાર સુધીના સૌથી વધુ મતદાનનો રેકોર્ડ પણ બનાવ્યો છે. અગાઉની તમામ સામાન્ય ચૂંટણીઓમાં મતદાનના અધિકારમાં મહિલાઓની ભાગીદારી લગભગ 55 ટકા રહી છે. 2019 માં પ્રથમ વખત, તેમની ભાગીદારી 60 ટકાને વટાવી ગઈ. ભારતમાં હાલમાં નોંધાયેલા મતદારોમાં મહિલાઓની સંખ્યા લગભગ 48.3 કરોડથી વધુ છે, જેના આધારે સ્ત્રીઓ દેશના કુલ મતદારોમાં મોટા ભાગે 48%-થી વધુનું પ્રતિનિધિત્વ ધરાવે છે. આ આંકડો 99 કરોડથી વધારે કુલ મતદારો પર આધારિત છે, જેમાં મહિલાઓ 48.3 કરોડથી વધુ છે*

### 10.6.2 સ્ત્રી હોદ્દેદાર તરીકે

*સ્થાનિક સ્વરાજ્યથી શરૂ કરીને વિવિધ રાજકીય સ્તરે જેમ કે વિધાનસભા, રાજ્યસભા કે લોકસભામાં જે સ્ત્રીઓ ચુંટાઈને હોદ્દેદાર બની છે તેમણે પોતાનું કૌશલ્ય દાખવી સશક્તિકરણનો પુરાવો આપ્યો છે. જેમાંના કેટલાકના નામ ઉલ્લેખનીય છે.*

- ભારતના સર્વોચ્ચ નાગરિક તરીકે રાષ્ટ્રપતિની ભૂમિકા ભજવનાર શ્રીમતી પ્રતિભા પાટીલ.
- ભારતમાં વડાપ્રધાન તરીકે સ્વ. ઈન્દિરા ગાંધીએ પ્રમુખીય ભૂમિકા અસરકારક રીતે નિભાવી.
- લોકસભાના સ્પીકર રહી ગયેલ શ્રી મીરાકુમાર.
- કોંગ્રેસ પક્ષનું પ્રમુખ સ્થાન ભોગવનાર શ્રીમતી સોનિયા ગાંધી.
- વિપક્ષી નેતા તરીકે અસરકારક ભૂમિકા ભજવનાર શ્રી સુષમા સ્વરાજ.

*આ બધી સ્ત્રીઓએ પોતાના જ્ઞાન અને કૌશલ્ય દ્વારા આગળ વધવાનો સંનિષ્ઠ પ્રયાસ જરૂર કર્યો છે, પરંતુ રાજકારણના ક્ષેત્રે એમને જેટલાં મહત્ત્વના ખાતા જેમકે ગૃહખાતું, ઉદ્યોગખાતું, શિક્ષણખાતું વગેરે મળવા જોઈએ તે મળ્યા નથી. પરંતુ અપવાદ સ્વરૂપે વર્તમાન નાણામંત્રી નિર્મલા સીતારામણ કાર્યરત છે. આપણા દેશમાં હોદ્દેદાર તરીકે બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વાત કરીએ તો બહુ ઓછી સ્ત્રીઓ મુખ્યમંત્રી બની શકી છે.*

### 10.6.3 મુખ્યમંત્રી તરીકે સ્ત્રીઓ

*ભારતમાં સ્વતંત્રતા પછી રાજકીય ક્ષેત્રમાં મુખ્યત્વે પુરુષોનું પ્રાધાન્ય રહ્યું છે. ખાસ કરીને રાજ્યસ્તર પર મુખ્યમંત્રીનું પદ લાંબા સમય સુધી પુરુષ કેન્દ્રિત રહ્યું. તેમ છતાં, ભારતીય લોકશાહીના વિકાસક્રમમાં અનેક સ્ત્રીઓએ મુખ્યમંત્રી તરીકે પોતાની ક્ષમતાઓ, નેતૃત્વશક્તિ અને દૃઢ નિર્ણયક્ષમતાનો પરિચય આપ્યો છે. તેમણે સાબિત કર્યું છે કે સ્ત્રીઓ માત્ર પ્રતિનિધિત્વ પૂરતી નહીં, પરંતુ અસરકારક શાસન આપવા પણ સમર્થ છે.*

*ભારતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે સુચેતા કૃપલાણીનો* 1963 *થી* 1967 *સુધીનો ઉત્તર પ્રદેશનો કાર્યકાળ વહીવટી કુશળતા અને મક્કમતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. તેમણે એવા સમયે સત્તા સંભાળી હતી જ્યારે રાજ્ય અનેક રાજકીય ખેંચતાણ અને આર્થિક પડકારોમાંથી પસાર થઈ રહ્યું હતું. તેમના શાસનની સૌથી યાદગાર ક્ષણ રાજ્યના કર્મચારીઓની* 62 *દિવસ લાંબી હડતાળ હતી, જે દરમિયાન તેમણે અટલ મનોબળ બતાવીને કોઈપણ ગેરવાજબી દબાણ સામે નમતું જોખવાનો ઈનકાર કર્યો હતો અને શિસ્તબદ્ધ રીતે પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.*

*તેઓ એક પારદર્શક અને ભ્રષ્ટાચાર મુક્ત પ્રશાસનના આગ્રહી હતાં, જેણે સરકારી તંત્રમાં નૈતિકતા અને કાર્યક્ષમતાના નવા ધોરણો સ્થાપિત કર્યા હતાં. વહીવટમાં લોખંડી શાસક હોવાની સાથે તેઓ જનતાના પ્રશ્નો, ખાસ કરીને સ્ત્રી શિક્ષણ, પછાત*

*વર્ગોનું કલ્યાણ અને શરણાર્થીઓના પુનર્વસન માટે અત્યંત સંવેદનશીલ હતાં. ખેતી અને નાના ઉદ્યોગોના વિકાસ માટે તેમણે લીધેલા નિર્ણયોએ ઉત્તર પ્રદેશના આર્થિક માળખાને મજબૂતી આપી હતી. તેમની આ નિષ્ઠાવાન અને સાહસિક કાર્યશૈલીએ ભારતીય રાજનીતિમાં મહિલાઓના સક્ષમ નેતૃત્વ પર મહોર મારી અને ભવિષ્યની પેઢીઓ માટે એક પ્રેરણાદાયી માર્ગ પ્રશસ્ત કર્યો. ત્યારબાદ નંદિની સત્યથી (ઓડિશા)એ સામાજિક ન્યાય અને કલ્યાણલક્ષી યોજનાઓ પર ભાર મૂક્યો. શશીકલા કાકોડકર (ગોવા) અને શૈયદા અનવર તૈમુર (આસામ) જેવી નેતાઓએ નાના અને સંવેદનશીલ રાજ્યોમાં સ્થિરતા જાળવવાનો પ્રયત્ન કર્યો.*

*દક્ષિણ ભારતમાં જાનકી રામચંદ્રન અને ખાસ કરીને જે. જયલલિતા (તમિલનાડુ)એ મજબૂત અને કરિશ્માઈ નેતૃત્વ રજૂ કર્યું. જયલલિતાએ કલ્યાણકારી યોજનાઓ, મહિલા સશક્તિકરણ અને પ્રશાસનિક કડકાઈ માટે વિશેષ ઓળખ મેળવી. ઉત્તર ભારતમાં માયાવતી (ઉત્તરપ્રદેશ)એ દલિત અને પછાત વર્ગોને રાજકીય સશક્તિકરણ આપ્યું, જ્યારે રાબડી દેવી (બિહાર)એ પડકારજનક પરિસ્થિતિમાં રાજ્યનું નેતૃત્વ કર્યું. રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ખાતે સુષ્મા સ્વરાજ અને બાદમાં શીલા દીક્ષિતએ મુખ્યમંત્રી તરીકે મહત્વપૂર્ણ કામગીરી કરી. શીલા દીક્ષિતના કાર્યકાળમાં દિલ્હીનો શહેરી વિકાસ, પરિવહન અને આધારભૂત સુવિધાઓમાં નોંધપાત્ર સુધારા થયા. ઉમા ભારતી (મધ્યપ્રદેશ) અને વસુંધરા રાજે (રાજસ્થાન)એ મજબૂત રાજકીય ઇચ્છાશક્તિ અને વિકાસલક્ષી અભિગમ રજૂ કર્યો.તાજેતરના સમયમાં મમતા બેનરજી (પશ્ચિમ બંગાળ)એ જનઆંદોલનમાંથી ઊભી રહીને રાજ્યમાં પોતાની અલગ ઓળખ બનાવી છે, જ્યારે આનંદીબેન પટેલ (ગુજરાત)એ શિક્ષણ, મહિલા સુરક્ષા અને વહીવટી સુધારાઓ પર ભાર મૂક્યો. આ રીતે, ભલે સંખ્યાબળે મહિલાઓ મુખ્યમંત્રી પદે ઓછી રહી હોય, તેમ છતાં તેમણે ભારતીય રાજકારણમાં ગુણવત્તાસભર નેતૃત્વ, સામાજિક સંવેદનશીલતા અને લોકકલ્યાણકારી દૃષ્ટિકોણ રજૂ કરીને પોતાનું મહત્ત્વપૂર્ણ સ્થાન સ્થાપિત કર્યું છે. આ મહિલા મુખ્યમંત્રીઓએ ભવિષ્યમાં વધુ સ્ત્રીઓ માટે રાજકીય નેતૃત્વના માર્ગો ખુલ્લા કર્યા છે.*

### 10.6.3.1 મહિલા મુખ્યમંત્રી તરીકે સિદ્ધિઓ અને વિશેષતાઓ

*ભારતમાં સ્વતંત્રતા બાદ મહિલા મુખ્યમંત્રીઓએ અનેક પડકારો વચ્ચે રાજ્યશાસનમાં મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમણે માત્ર પ્રશાસન સંભાળ્યું નથી, પરંતુ સામાજિક ન્યાય, વિકાસ અને મહિલા સશક્તિકરણના ક્ષેત્રોમાં નવી દિશા આપી છે.*

1. સામાજિક ન્યાય અને સશક્તિકરણ

માયાવતી (ઉત્તરપ્રદેશ)એ દલિત અને પછાત વર્ગોના સશક્તિકરણ માટે કાર્ય કર્યું. તેમણે સામાજિક સમાનતા, આત્મસન્માન અને રાજકીય પ્રતિનિધિત્વને પ્રોત્સાહન આપ્યું. મમતા બેનરજી (પશ્ચિમ બંગાળ)એ ગરીબ અને ગ્રામ્ય વર્ગ માટે સીધી સહાય યોજનાઓ શરૂ કરી અને મહિલાઓ માટે કન્યાશ્રી જેવી યોજનાઓ અમલમાં મૂકી.

2. કલ્યાણકારી અને જનહિતકારી યોજનાઓ

જે. જયલલિતા (તમિલનાડુ)ની 'અમ્મા' યોજનાઓ-અમ્મા કેન્ટીન, અમ્મા પાણી, અમ્મા દવા જેવી યોજનાઓ દ્વારા ગરીબ વર્ગને રાહત આપી. શીલા દીક્ષિત (દિલ્હી)એ મેટ્રો પ્રોજેક્ટ, ફ્લાયઓવર અને શહેરી સુવિધાઓ દ્વારા દિલ્હીના આધુનિકીકરણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

3. પ્રશાસનિક કડકાઈ અને દૃઢ નેતૃત્વ

વસુંધરા રાજે (રાજસ્થાન)એ પ્રશાસનમાં પારદર્શિતા અને વિકાસ પર ભાર મૂક્યો. ઉમા ભારતી (મધ્યપ્રદેશ)એ નર્મદા નદી અને પર્યાવરણ સંરક્ષણના મુદ્દાઓને રાજકીય એજન્ડામાં પ્રાથમિકતા આપી. આનંદીબેન પટેલ (ગુજરાત)એ શિક્ષણ સુધારા અને બાળકી સુરક્ષા માટે કડક પગલાં લીધા.

4. મહિલા કેન્દ્રિત દૃષ્ટિકોણ

મહિલા મુખ્યમંત્રીઓની વિશેષતા એ રહી કે તેમણે મહિલાઓના પ્રશ્નોને નીતિ સ્તરે સ્થાન આપ્યું. શિક્ષણ, આરોગ્ય, સુરક્ષા, રોજગાર અને સ્વસહાય જૂથો માટે વિશેષ યોજનાઓ અમલમાં આવી. કન્યા શિક્ષણ અને વિધવા કલ્યાણને પણ પ્રોત્સાહન મળ્યું.

5. રાજકીય હિંમત અને સંઘર્ષશીલતા

મોટાભાગની મહિલા મુખ્યમંત્રીઓએ પુરુષપ્રધાન રાજકારણમાં સંઘર્ષ કરીને પોતાનું સ્થાન બનાવ્યું. મમતા બેનરજીની સાદગી, જનસંપર્ક અને અડગતા, જયલલિતાની કરિશ્માઈ છબી અને મજબૂત નિર્ણયશક્તિ તેમની વિશેષ ઓળખ બની.

### **10.6.4 કેબિનેટ મિનિસ્ટર**

*ભારતમાં સ્વતંત્રતા બાદ કેબિનેટ મિનિસ્ટર તરીકે રાજકુમારી અમ્રીતકોર,સુશિલા નાયર, ઇન્દિરા ગાંધી, અવનામતી, રેણુકા દેવી, શૈલા કોર, મોહસીના કીડવાણી, મમતા બેનરજી, શૈલજાકુમારી, સુષ્મા સ્વરાજ, ઉમા ભારતી વગેરેની ભૂમિકા મહત્ત્વની રહી છે. સોનિયા ગાંધી અને મૈનકા ગાંધી એ દેશના રાજકારણમાં સક્રિય ભૂમિકા ભજવી હતી.*

*વર્તમાનમાં શ્રીમતી નિર્મલા સીતારમણ નાણા મંત્રી; અને કોર્પોરેટ બાબતોના મંત્રી છે. આ સિવાય શ્રીમતી હરસિમરત કૌર બાદલ ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ મંત્રી, શ્રીમતી સ્મૃતિ ઝુબીન ઈરાની મહિલા અને બાળ વિકાસ મંત્રી; અને કાપડ મંત્રી, સાધ્વી નિરંજન જ્યોતિ ગ્રામીણ વિકાસ મંત્રાલયમાં રાજ્ય મંત્રી, શ્રીમતી રેણુકા સિંહ સરુતા આદિજાતિ બાબતોના મંત્રાલયમાં રાજ્ય મંત્રી, સુશ્રી દેવશ્રી ચૌધરી મહિલા અને બાળ વિકાસ મંત્રાલયમાં રાજ્ય મંત્રી વગેરે મહિલાઓ કેબિનેટ મંત્રી તથા વિવિધ ખાતાઓમાં કાર્યરત હતી.*

*રાજકીય કુટુંબમાં જન્મ લઈને રાજકીય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર અનેક મહિલા ઉમેદવારો ભારતીય રાજકારણમાં ઉલ્લેખનીય રહ્યા છે. લોકસભામાં બેગમ અબિદા, જે અહમદ ફકરૂદીનના પત્ની હતાં, તેમનું મહત્ત્વપૂર્ણ પ્રદાન રહ્યું. તે જ રીતે અલકાનાથ (કમલનાથના પત્ની), ઈન્દિરા ગાંધી (જવાહરલાલ નહેરુની પુત્રી), મેનકા ગાંધી (સંજય ગાંધીના પત્ની) તથા સોનિયા ગાંધી (રાજીવ ગાંધીના પત્ની)એ ભારતીય રાજકારણમાં સક્રિય અને અસરકારક ભૂમિકાઓ ભજવી છે. આ ઉપરાંત મણિબેન પટેલ (સરદાર વલ્લભભાઈ પટેલની પુત્રી), મીરા કુમાર (જગજીવનરામની દીકરી) અને શૈલજા કોર જેવા મહિલા નેતાઓએ પણ રાજકીય જીવનમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. મધ્યપ્રદેશના પછાત જનજાતિ વિસ્તારમાંથી આવેલી રાણી કેસરકુમારી દેવીનું યોગદાન પણ ખાસ નોંધપાત્ર છે. તેમ જ સુભદ્રા જોશી, જ્યોત્સના ચંદા, ગીતા મુખર્જી જેવી મહિલાઓએ પણ ભારતીય રાજકારણમાં પોતાની વિશિષ્ટ ઓળખ સ્થાપી છે.*

*મહિલાઓની સંસદીય રાજકીય ભાગીદારી વૈશ્વિક સ્તરે સતત વધતી હોવા છતાં, તેની ગતિ હજુ પણ ધીમી રહી છે. જૂન* 2016 *સુધીમાં વિશ્વની તમામ રાષ્ટ્રીય સંસદોના કુલ સભ્યોમાંથી માત્ર* 22.8 *ટકા સભ્યો મહિલાઓ હતાં, જ્યારે* 1995*માં આ આંકડો* 11.3 *ટકા હતો. લગભગ બે દાયકામાં આ વધારો નોંધપાત્ર હોવા છતાં, સમાન પ્રતિનિધિત્વના લક્ષ્યથી તે હજુ દૂર હોવાનું સ્પષ્ટ થાય છે.*

નેતૃત્વના ઉચ્ચ પદોની દૃષ્ટિએ પણ મહિલાઓની સંખ્યા મર્યાદિત રહી છે. ઓક્ટોબર 2017 સુધીમાં વિશ્વભરમાં માત્ર 11 મહિલાઓ રાજ્યના વડા તરીકે અને 12 મહિલાઓ સરકારના વડા તરીકે કાર્યરત હતી. આ આંકડા દર્શાવે છે કે કાર્યપાલિકા સ્તરે મહિલાઓનું પ્રતિનિધિત્વ સંસદીય હાજરીની સરખામણીએ પણ ઓછું છે. આ ઉપરાંત, અનેક દેશોમાં કાનૂની, સામાજિક અને સાંસ્કૃતિક અવરોધો મહિલાઓના રાજકીય પ્રવેશને મર્યાદિત કરે છે. તેમ છતાં, અનામત વ્યવસ્થાઓ, લિંગ સંવેદનશીલ નીતિઓ, શિક્ષણમાં વધારો અને નાગરિક સમાજની સક્રિય ભૂમિકા જેવી પહેલોના કારણે અનેક દેશોમાં મહિલાઓની રાજકીય ભાગીદારીમાં ધીમે ધીમે સુધારો જોવા મળી રહ્યો છે. એમ કહી શકાય કે સંસદ અને શાસનના ઉચ્ચ પદોમાં મહિલાઓની હાજરી લોકશાહી માટે અનિવાર્ય છે. સમાન પ્રતિનિધિત્વ હાંસલ કરવા માટે નીતિગત સુધારા, રાજકીય પક્ષોની પ્રતિબદ્ધતા અને સામાજિક માનસિકતામાં પરિવર્તન આવશ્યક છે. આવનારા સમયમાં આ પ્રયાસો વધુ મજબૂત બનશે તો લોકશાહી વધુ સમાવેશક અને સંતુલિત બની શકશે.

### 10.6.5 પંચાયતોમાં મહિલાઓની રાજકીય ભાગીદારી

પંચાયતી રાજ સંસ્થાઓના ઈતિહાસમાં પ્રથમ વખત આ સુધારાથી મોટી સંખ્યામાં મહિલાઓને સ્થાનિક વહીવટમાં પ્રવેશવાની તક મળી. 73મા સુધારા દ્વારા પંચાયતીરાજનું પુનરુત્થાન એ ભારતમાં પંચાયતોના આયોજન અને કામગીરીમાં અસમાન પ્રગતિની સામે લોકશાહી વિકેન્દ્રીકરણની કવાયત હતી. બંધારણમાં આદેશ દ્વારા ગામની ચૂંટાયેલી સરકારી રચનાઓને મધ્યવર્તી અને જિલ્લા સ્તરે લાવીને આ પગલાંએ લોકશાહીને વધુ ઊંડી બનાવી છે, જ્યારે ચૂંટાયેલા ધારાસભ્યો બંધારણમાં માત્ર રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે છે. તેમાં ચૂંટાયેલા 2.38 મિલિયનનો પણ ઉમેરો થયો છે. 2,46, 690 પંચાયતોના પ્રતિનિધિઓમાં 1.26 મિલિયન મહિલાઓનો સમાવેશ થાય છે, જે ચૂંટાયેલા પ્રતિનિધિઓની કુલ સંખ્યાના 44.52 ટકા છે. મહિલાઓ માટે અનામત તેની સૌથી મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક જોગવાઈઓ હતી. આ નવા આરક્ષણો સાથે, પુનર્જીવિત, પાયાના સ્તરની સ્વ-શાસિત રાજકીય સંસ્થાઓમાં પ્રથમ વખત પ્રવેશ મેળવનાર મહિલાઓનું મુખ્ય જૂથ હતું.

ભારતમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ સંસદની સરખામણીએ પંચાયતી રાજ સંસ્થાઓમાં વધુ સારું છે. પંચાયતી રાજ મંત્રાલય મુજબ, 2008માં ગ્રામ પંચાયતોમાં 37.8% મહિલા સભ્યો, મધ્યવર્તી પંચાયતોમાં 37% મહિલા સભ્યો અને જિલ્લા પંચાયતોમાં 35.3% મહિલા સભ્યો હતાં. પંચાયતના ત્રણેય સ્તરોમાં મહિલાઓનું કુલ પ્રતિનિધિત્વ 36.87% જેટલું છે. આ ભારતીય બંધારણની કલમ 243Dના

*પરિણામે પંચાયતના તમામ સ્તરોમાં ઓછામાં ઓછી 1/3 બેઠકો હોવાનું જણાય છે, કલમમાં વધુ સુધારો 2009માં પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો, જેમાં આરક્ષણ વધારીને 50% કરવામાં આવ્યું હતું, પરંતુ તે પસાર થયું ન હતું. કેટલાક રાજ્યો જેમ કે બિહાર, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને કેરળ પહેલાથી જ તેમના કાયદામાં સુધારો કરી ચૂક્યા છે અને મહિલાઓ માટે 50% બેઠકો અનામત રાખી છે. સિક્કિમ રાજ્યે પણ પંચાયતોમાં મહિલાઓ માટે 40% બેઠકો અનામત રાખવા માટે તેના કાયદામાં સુધારો કર્યો છે, પરંતુ ભારતના તમામ રાજ્યોએ સમાન કાયદા અપનાવ્યા નથી.*

*કુલ 28 લાખ ચૂંટાયેલા પંચાયત પ્રતિનિધિઓમાંથી 10 લાખથી વધુ મહિલાઓ હોવાનો અંદાજ છે. ડિસેમ્બર 2006માં રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ત્રણેય સ્તરની પંચાયતોમાં પંચાયતો અને ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓની સંખ્યા આ પ્રમાણે હતી: બિહારમાં પંચાયતની 50 ટકા બેઠકો અને નેતૃત્વની જગ્યાઓ મહિલાઓ માટે આરક્ષિત છે, ગ્રામ પંચાયત સ્તરે ચૂંટાયેલી લગભગ 55 ટકા બેઠકો પર મહિલાઓનો કબજો છે. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં, પંચાયતોમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ લગભગ 34 ટકા છે અને કર્ણાટકમાં લગભગ 43 ટકા છે. બહુ ઓછું પંચાયતોમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ 30.2 ટકા ગોવામાં છે. ઉત્તર પ્રદેશની પંચાયતોમાં ચૂંટાયેલી બેઠકો પર 38.8 ટકા મહિલાઓનો કબજો છે. જો આપણે કેન્દ્રશાસિત પ્રદેશોમાં મહિલાઓની સ્થિતિ વિશે વાત કરીએ તો દાદર અને નગર હવેલીમાં 39.2 ટકા મહિલાઓ ચૂંટાઈ છે અને ચંદીગઢની પંચાયતોમાં માત્ર 33.2 ટકા મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે. આનાથી પંચાયતોમાં મહિલાઓની એકંદર હાજરી લગભગ 36.7 ટકા થઈ જાય છે. આમ ગ્રામીણ નેતૃત્વની પ્રોફાઈલમાં ફેરફાર તથા સ્થાનિક ચૂંટણીઓમાં મહિલાઓ માટે બેઠકોનું આરક્ષણ એ મહિલાઓ માટે મુદતવીતી રાજકીય જગ્યાઓ પ્રદાન કરવા માટે સ્વતંત્ર ભારત દ્વારા લેવામાં આવેલ સૌથી મહત્ત્વપૂર્ણ રાજકીય પગલું છે. તે પણ સ્થાનિક વિકાસને ખૂબ જ ઈચ્છિત દિશા આપવામાં મદદ કરી. પંચાયતોમાં મહિલાઓ પરના પોતાના અહેવાલ(ઓ)માં, પંચાયતી રાજ મંત્રાલયે મહિલા ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા અત્યંત પ્રશંસનીય કાર્યો અને સ્થાનિક ઉચ્ચ વર્ગ અને અમલદારશાહીના અત્યંત નિંદનીય પ્રતિકાર તરફ ધ્યાન દોર્યું છે. તેના સત્તાવાર દસ્તાવેજોમાં, ભારત સરકાર મહિલાઓને આરક્ષણ આપવા પર અને આ રીતે ગામડાઓ અને શહેરોમાં મૌન સામાજિક ક્રાંતિ લાવવા પર ગર્વ અનુભવે છે. સમગ્ર વિશ્વ આ હકીકતને સ્વીકારે છે અને ઘણા દેશોએ મહિલાઓ માટે આરક્ષણની ભારતીય વિભાવનાઓનું અનુકરણ કર્યું છે.*

એવું કહી શકાય કે મહિલાઓ માટે અનામત ગ્રામ્ય સ્તરે ભારતમાં મહિલા સશક્તિકરણ માટે એક મહત્ત્વપૂર્ણ પ્રેરણા બની શકે છે પરંતુ તે ચૂંટાયેલી મહિલાઓની ભાગીદારીની ગેરંટી નથી. આ અવરોધોને દૂર કરવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે, પરંતુ તે ખૂબ જ સમય માંગી લે તેવી પ્રક્રિયા છે. હાલના લિંગ સંબંધો, સત્તા વિતરણના ઘણા પાસાઓ બદલવાની અને સત્તાની વહેંચણી અંગેના સખત નિર્ણયો લેવાની જરૂર છે. આ સંદર્ભમાં એવું જણાય છે કે તદ્નુસાર, 26.11.2009 ના રોજ લોકસભામાં ત્રણેય સ્તરની પંચાયતોમાં બેઠકો અને અધ્યક્ષોના કાર્યાલયોમાં મહિલાઓ માટે 50% અનામત પ્રદાન કરવા માટે કલમ 243D માં સુધારો કરવા માટેનું બિલ રજૂ કરવામાં આવ્યું હતું. હાલમાં, પંચાયતોના આશરે 28.18 લાખ ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી 36.87% (લગભગ 10 લાખ) મહિલાઓ છે. સૂચિત બંધારણીય સુધારા સાથે, ચૂંટાયેલી મહિલાઓની સંખ્યા. પ્રતિનિધિઓ (EWRs) વધીને 14 લાખથી વધુ થવાની ધારણા છે.

**પંચાયતોમાં મહિલાઓની રાજકીય ભાગીદારી : વર્ષ મુજબ આંકડાઓ**

| વર્ષ/સમયગાળો | વિગતો | આંકડા / ટકાવારી |
|---|---|---|
| 1992–93 (73મો બંધારણીય સુધારો અમલ) | પંચાયતી રાજનું પુનરુત્થાન, મહિલાઓ માટે ઓછામાં ઓછું 1/3 અનામત | બંધારણની કલમ 243D |
| ઉલ્લેખિત સમયગાળો (73માં સુધારા બાદ) | કુલ પંચાયતો | 2,46,690 |
| | કુલ ચૂંટાયેલા પંચાયત પ્રતિનિધિઓ | અંદાજે 28 લાખ |
| | કુલ ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં મહિલાઓ | અંદાજે 10 લાખથી વધુ |
| | મહિલા પ્રતિનિધિઓનું પ્રમાણ | આશરે 36–37% |
| 2006 (ડિસેમ્બર) | ત્રણેય સ્તરની પંચાયતોમાં મહિલાઓનું કુલ પ્રતિનિધિત્વ | આશરે 36.7% |
| | બિહાર – ગ્રામ પંચાયત સ્તરે મહિલાઓ | આશરે 55% |
| | મધ્યપ્રદેશ – પંચાયતોમાં મહિલાઓ | આશરે 34% |
| | મહારાષ્ટ્ર – પંચાયતોમાં મહિલાઓ | આશરે 34% |
| | કર્ણાટક – પંચાયતોમાં મહિલાઓ | આશરે 43% |

| | | |
|---|---|---|
| | ગોવા – પંચાયતોમાં મહિલાઓ | આશરે 30.2% |
| | ઉત્તર પ્રદેશ – પંચાયતોમાં મહિલાઓ | આશરે 38.8% |
| | દાદર અને નગર હવેલી – મહિલાઓ | આશરે 39.2% |
| | ચંદીગઢ – પંચાયતોમાં મહિલાઓ | આશરે 33.2% |
| 2008 | ગ્રામ પંચાયતોમાં મહિલા સભ્યો | 37.8% |
| | મધ્યવર્તી પંચાયતોમાં મહિલા સભ્યો | 37% |
| | જિલ્લા પંચાયતોમાં મહિલા સભ્યો | 35.3% |
| | ત્રણેય સ્તરે સરેરાશ મહિલા પ્રતિનિધિત્વ | 36.87% |
| 2009 (26-11-2009) | પંચાયતોમાં મહિલાઓ માટે 50% અનામતનો પ્રસ્તાવિત બિલ લોકસભામાં રજૂ | કલમ 243D સુધારો (પ્રસ્તાવિત) |
| પ્રસ્તાવિત સુધારા બાદ (અનુમાન) | કુલ ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ | 14 લાખથી વધુ |
| રાજ્ય સ્તરે કાયદાકીય સુધારા-વર્ષ અલગ | 50% અનામત ધરાવતા રાજ્ય | બિહાર, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, કેરળ |
| | સિક્કિમમાં મહિલાઓ માટે અનામત | 40% |

❖ **તમારી પ્રગતિ ચકાસો.**

**ખાલી જગ્યા પૂરો**

1. ભારતીય બંધારણ 26 જાન્યુઆરી, _____________ થી અમલમાં આવ્યું.
2. બંધારણની કલમ _____________ કાયદા સમક્ષ સમાનતાનો અધિકાર આપે છે.
3. કલમ 15 _____________ ના આધારે થતા ભેદભાવ પર પ્રતિબંધ મૂકે છે.

4. ડિસેમ્બર 1992માં ____________ અને ____________ બંધારણીય સુધારા કરવામાં આવ્યા.
5. 1950ના બંધારણ દ્વારા તમામ પુખ્ત નાગરિકોને ____________ મતાધિકાર આપવામાં આવ્યો.
6. 2019ની લોકસભા ચૂંટણીમાં મહિલાઓનું મતદાન પ્રમાણ ____________ ટકા હતું.
7. ભારતની પ્રથમ મહિલા મુખ્યમંત્રી ____________ હતાં.
8. પંચાયતોમાં મહિલાઓ માટે અનામતની જોગવાઈ ____________ મા બંધારણીય સુધારા દ્વારા કરવામાં આવી.
9. હાલમાં પંચાયતોમાં કુલ ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ આશરે ____________ ટકા છે.
10. ભારતની પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ ____________ હતાં.

**ખાલી જગ્યાના જવાબો**

1. 1950 2. 14 3. ધર્મ, વંશ, જાતિ, લિંગ અને જન્મસ્થાન

4. 73મા અને 74માં 5. સર્વસામાન્ય (પ્રૌઢ) 6. 67.18

7. સુચેતા કૃપલાની 8. 73માં 9. 36.87 10. પ્રતિભા પાટીલ

- **ટૂંકા પ્રશ્નો**

1. સ્વતંત્ર ભારતના બંધારણે સ્ત્રીઓના રાજકીય દરજ્જાને કેવી રીતે મજબૂત બનાવ્યો છે?

______________________________________________
______________________________________________
______________________________________________

2. કલમ 14 અને 15 સ્ત્રીઓના અધિકારો માટે કેમ મહત્ત્વપૂર્ણ છે?

______________________________________________
______________________________________________
______________________________________________

3. 1935ના ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા ઍક્ટ હેઠળ મહિલાઓને કઈ પ્રકારનું મતાધિકાર મળ્યું હતું?

______________________________________________
______________________________________________
______________________________________________

4. 1950 *પછી સ્ત્રી મતાધિકારમાં કયો મહત્ત્વપૂર્ણ ફેરફાર આવ્યો?*

5. 2019*ની લોકસભા ચૂંટણી મહિલાઓના મતદાનની દૃષ્ટિએ કેમ ઐતિહાસિક ગણાય છે?*

6. *પંચાયતી રાજ સંસ્થાઓમાં મહિલાઓની ભાગીદારીનું મહત્ત્વ સમજાવો.*

7. *કોઈ બે મહિલા મુખ્યમંત્રીઓના નામ લખો અને તેમનું એક યોગદાન જણાવો.*

8. *મહિલા મુખ્યમંત્રીઓની મુખ્ય સિદ્ધિઓ કઈ કઈ રહી છે?*

9. *કેબિનેટ મંત્રી તરીકે મહિલાઓની ભૂમિકા સંક્ષેપમાં સમજાવો.*

10. *પંચાયતોમાં મહિલાઓ માટે અનામત કેમ મહત્ત્વપૂર્ણ ગણાય છે?*

## 10.7 સ્ત્રી અનામત અને રાજકારણ

*રાજકારણમાં મહિલાઓ માટેના અનામતની ચર્ચા સ્વતંત્રતા પહેલાંના સમયથી આપણે ત્યાં થઈ છે. દેશના ત્રણ જાગૃત સ્ત્રી સંગઠનો-વિમેન્સ ઈન્ડિયન એસોસિયેશન, ઓલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સ અને નૅશનલ કાઉન્સિલ ઓફ વિમેન ઈન ઈન્ડિયા-મહત્ત્વના હતાં. એ પછી ભારત સ્વતંત્ર થયું અને* Towards Equality *માં સ્ત્રીઓના રાજકીય સહભાગીપણામાં અનામતના પ્રશ્નની ચર્ચા કરી. આ અંગે અનામતની તરફેણ અને વિરુદ્ધની અનેક દલીલ થઈ. ગ્રામ પંચાયત, મ્યુનિસિપાલિટીમાં, ધારાસભાઓ અને સંસદમાં સ્ત્રી ઉમેદવારો માટે ચોક્કસ નીતિની*

રચના કરી. એટલું જ નહીં આ અંગે સર્વ સહમતિ ન હતી. એનો વિરોધ પણ થયો જેમાં ફુલરેણુ ગુહા, મણિબેન કારા વગેરે હતાં તો વીણા મજુમદાર અને લતિકા સરકારનો મત જુદો હતો. એમણે જણાવ્યું કે અનામત પ્રથાનો સૈદ્ધાંતિક રીતે સ્વીકાર કરવો જોઈએ.

❖ 64 મો બંધારણીય સુધારો અને જોગવાઈ

સ્વ. રાજીવ ગાંધી જ્યારે વડાપ્રધાન હતાં ત્યારે તેમણે 64મા બંધારણીય સુધારા દ્વારા સ્ત્રીઓ માટે સ્થાનિક સ્તરે અનામત જગ્યાઓની જોગવાઈનો પ્રયત્ન કર્યો. 1993માં બંધારણના 73મા અને 74મા સુધારાઓ પસાર થયા. જેનાથી સ્ત્રીઓને સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં 33 ટકા અનામત જગ્યાઓ આપવામાં આવી. રાજકીય પક્ષો દ્વારા આ સુધારાઓને સમર્થન આપવામાં આવ્યું.

❖ 81મા બંધારણીય સુધારો અને જોગવાઈ.

81મો બંધારણીય સુધારો અને જોગવાઈ કરવામાં આવી કે રાજ્યોની ધારાસભાઓમાં, નીચલા ગૃહોમાં અને લોકસભામાં એક તૃતિયાંશ જેટલી બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવશે. આ ખરડો 12 સપ્ટે., 1996માં રજૂ થવાનો હતો ત્યાં એના વિરોધ અને સમર્થનમાં જોરશોરથી દલીલો થઈ. જુદા જુદા પક્ષોની સ્ત્રી સભ્યોએ એક અવાજે ખરડો પસાર કરવાની માગણી કરી. એમાં ગીતા મુખર્જી, ગિરિજા વ્યાસ, સુષ્મા સ્વરાજ, રેણુકા ચૌધરી વગેરે જેવી સ્ત્રીઓ આગળ રહી. ખરડાના સમર્થનમા અને વિરોધમાં થયેલી દલીલો સ્ત્રીના દરજ્જા અંગેની સમિતિ સમક્ષ રજૂ થયેલી દલીલોથી ખાસ જુદી નથી. એ સમયના વડાપ્રધાન દેવગોડાએ પહેલાં આ ખરડા માટે ઉત્સાહ દાખવ્યો પણ એમાં રાજકીય ગૂંચ ઊભી થઈ અને ખરડો પસાર ન થયો. સમગ્ર દેશની સ્ત્રીઓ આ ખરડા માટે સમર્થન આપે છે પરંતુ આજ દિન સુધી એ ખરડા અંગે સર્વ સંમતિ સધાઈ નથી.

84મો બંધારણીય સુધારો

1998મા જુલાઈમાં વાજપેયીની સરકારે આ ખરડોને બંધારણના 84મા સુધારાના ખરડા તરીકે રજૂ કર્યો. એ સમયે પણ મુલાયમસિંહ અને લાલુપ્રસાદે અશોભનીય વર્તન કર્યું. લોકસભામાં ધાંધલધમાલ ચાલુ રહી. સ્પીકર બાલયોગીએ ચાર વાર ગૃહ મુલતવી રાખી સર્વસંમતિ અંગે પ્રયત્ન કર્યો પરંતુ સ્ત્રીઓ, દલિતો, પીડિતો અને લઘુમતીઓના નામે સત્તાની સાઠમારી યોજાઈ. 1998માં 1 ડિસેમ્બરે ફરીથી આ ખરડાને લોકસભામાં પ્રસ્તુત કરવાનું બીડું ઝડપ્યું. 14 ડિસેમ્બરે 1998માં કાયદાપ્રધાને ખરડાની રજૂઆત કરી. મુલાયમસિંહ અને નીતિશકુમારે એવો મત

દર્શાવ્યો કે આવા ખરડાથી ફક્ત ઉચ્ચસ્તરની સ્ત્રીઓને જ લાભ થશે. થોડા સૂચનો સાથે એમાં પરિવર્તન લાવવું જોઈએ. 1999માં 17 એપ્રિલે લોકસભામાં વાજપેયીની સરકારનો વિશ્વાસનો પ્રસ્તાવ નામંજૂર થયો અને તે સરકારે રાજીનામું આપ્યું. આ પછી મનમોહનસિંહની સરકારમાં પણ આ પ્રયત્નો થયા પણ સફળતા ન મળી.

73મા અને 74મા બંધારણીય સુધારાઓના અમલ પૂર્વે સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓમાં સ્ત્રીઓના રાજકીય સહભાગીપણાનું પ્રમાણ ઓછું હતું પણ આ સુધારો શાંત અને ક્રાંતિકારી રહ્યો. કારણ કે ગ્રામપંચાયત, પંચાયત સમિતિ અને જિલ્લા પરિષદના સભ્યો તથા અધ્યક્ષમાં એક તૃતિયાંશ બેઠકો સ્ત્રીઓને મળી. 74મા સુધારા મુજબ મ્યુનિસિપાલિટી અને કોર્પોરેશનના સભ્ય સ્થાનો અને મેયરપદોમાં એક તૃતિયાંશ બેઠકો પર સ્ત્રીઓ ચૂંટાય છે. એ પ્રમાણે જોઈએ તો 7,50,000 ગ્રામપંચાયત, 17000 વચલા સ્તરની સમિતિઓ, 1583 જિલ્લા પરિષદોમાં સ્ત્રીઓ હોય છે. શરૂઆતમાં સત્તાથી દૂર ભાગતી સ્ત્રીઓ એમાં અપૂર્વ ઉત્સાહ સાથે ભાગ લેવા માંડી. સ્ત્રીઓએ પોતાના વિકાસાત્મક કાર્યક્રમ તરફ ધ્યાન દોર્યું એવા અનેક કિસ્સાઓ નોંધાયા અને આવી સ્ત્રીઓનો આત્મવિશ્વાસ વધ્યો. સામર્થ્ય બતાવી શકી. પરંપરાગત મૂલ્યોની સામે, જોહુકમી સામે માથું ઊંચકી શકી. શરૂઆતમાં પતિ કે કુટુંબનો પડછાયો બની રહેતી સ્ત્રીઓ પોતાની ભૂમિકા માટે સ્વતંત્ર બની કારણ કે અનામત પ્રથાથી તેનું રાજકીય સહભાગીપણું વધ્યું. એમાં કુટુંબ અને સગાઓની ભૂમિકા મહત્ત્વની બની. પુરુષપ્રધાનતા મહત્ત્વનું બન્યું. જેની સામે સ્ત્રીઓએ પડકાર ઊભા કર્યા. પ્રસ્થાપિત મૂલ્યો અને જૂથો સામે અવાજ ઉઠાવ્યો. આ અંગે જુદા જુદા રાજ્યોનો અનુભવ જુદો રહ્યો. આ અંગે થયેલા વિવિધ અભ્યાસોમાં અનેકવિધ તારણો જોવા મળે છે અને એમાં સ્ત્રીઓને સારા અને નરસા બંને અનુભવો થયા. ઘણાં અવરોધો પણ ઊભા થયા પરંતુ શિક્ષણ, સ્વાસ્થ્ય, પાણીની વ્યવસ્થા, સ્વચ્છતા, દારૂબંધી અને વિકાસના કાર્યક્રમોમાં આ સ્ત્રીઓએ સારું એવું નેતૃત્વ લીધું. અનેક સંઘર્ષોની સામે માથું ઊંચક્યું. શહેરી વિસ્તારોમાં પણ મેયરપદ મેળવ્યું. એમાંય શિક્ષણ, કાયદો તથા વ્યવસાયમાં ઉચ્ચ રહેલી સ્ત્રીઓએ ઝંપલાવ્યું. આમ, સદીઓથી સ્ત્રીઓ સામે રખાતા પૂર્વગ્રહો અને અવરોધો દૂર કરી મહિલા અનામત દ્વારા સ્ત્રીઓને રાજકીય પ્રવેશ માટે છૂટ અપાઈ. આમ, સ્ત્રીઓમાં રાજકીય ક્ષમતા છે, નિર્ણયશક્તિ છે અને વિકાસના કાર્યો તેઓ કરી શકે છે. એ બાબતને સમર્થન મળ્યું.

## 10.8 સ્ત્રીઓના ઓછા રાજકીય સહભાગીપણાનાં કારણો

સ્ત્રીઓને રાજકારણમાં રોકતા અને સહભાગને અવરોધતાં પરિબળો આ પ્રમાણે છે:

(1) સમાજ પ્રદત્ત ભૂમિકા

સ્ત્રીઓ માટે સૌથી મોટી જવાબદારી કુટુંબને સંભાળવાની છે. આ માટે એણે નમ્રતા, મિતભાષી, આજ્ઞાકારી, ત્યાગ, સેવા અને સમર્પણ જેવા ગુણો કેળવવા પડે છે. સ્ત્રીની આ ભૂમિકા સમાજમાં સંસ્થીકૃત થયેલી છે. વળી પ્રજનન, બાળઉછેર અને ગૃહસંચાલન વગેરેને તેઓએ સર્વોચ્ચ માન્યું છે. સ્ત્રી કાર્યોનું આવું સ્પષ્ટ વિભાજન એને માતા, પત્ની અને ગૃહ સંચાલિકાનો દરજ્જો અર્પે છે. મોટે ભાગે સ્ત્રીઓ આ ભૂમિકાનું સફળતાપૂર્વક સંચાલન કરે છે જ્યારે રાજકારણનું વિશ્વ આનાથી અલગ છે. એ માટે નેતૃત્વ, પ્રભુત્વ, વિવેકબુદ્ધિ, મહત્વાકાંક્ષા અને વિજયેચ્છાની જરૂર પડે છે. જાહેરજીવનમાં એનું પદાર્પણ કુટુંબજીવનથી વિપરીત છે. આમ સ્ત્રીને માટે બેવડી ભૂમિકાનો પ્રશ્ન સર્જાય છે. જે સ્ત્રીઓ પરંપરાગત ભૂમિકાની સાથે રાજકીય ભૂમિકા નિભાવે છે એને સમાજ સ્વીકારે છે પરંતુ પોતાની કૌટુંબિક ભૂમિકાને અવગણીને જેઓ રાજકીય રીતે સત્તાસ્થાન ભોગવે છે અને રાજકીય કારકિર્દી આગળ વધારી સફળતા પ્રાપ્ત કરે છે, ટોચ પર પહોંચે છે એ સમાજમાં ઝડપથી સ્વીકૃતિ પામતી નથી.

જાહેરજીવનમાં સમાજકાર્યને જેટલું માનભેર જોવાય છે, એટલું સ્થાન હજુ રાજકારણને મળ્યું નથી. ગાંધીજીના નેતૃત્વ નીચે સમાજના સ્વીકૃત માર્ગમાં સ્ત્રીઓ પ્રશંસાપાત્ર બનેલી પણ પછીથી રાજકારણમાં સત્તા માટેની રમતમાં થતાં આટાપાટા, ભ્રષ્ટાચાર, હિંસા, અનાચરણને લીધે સ્ત્રીઓ માટે એ ક્ષેત્ર ઉદાસીન બન્યું અને સાહજિક રીતે સ્ત્રીઓ આ ક્ષેત્રમાં ઓછી આવતી થઈ.

(2) સત્તાપ્રાપ્તિની ઓછી મહત્વકાંક્ષા

ભારતના સામાજિક અને સાંસ્કૃતિક માળખામાં સ્ત્રીઓને સત્તાપ્રાપ્તિની ઝંખના પ્રમાણમાં ઓછી જોવા મળે છે. કૌટુંબિક નિર્ણયોમાં પણ એની સત્તા ઓછી જોવા મળે છે. સ્ત્રીએ પુરુષની સત્તા સ્વીકારી તાબેદારી સ્વીકારવાની હોય આ વાત એના સામાજીકરણ સાથે વણી લેવામાં આવે છે. કુટુંબમાં આર્થિક સંપત્તિ અને સત્તા પુરુષ હસ્તક જોવા મળે છે. રાજકારણમાં પ્રવેશવા માટે હવે આર્થિક સાધનો મહત્ત્વના બન્યા છે. આમ, સત્તા અને આર્થિક તક સ્ત્રીઓ પાસે ઓછી હોવાથી એ ઊંચા રાજકીય ધ્યેયથી વંચિત રહે છે.

(3) વ્યાપક નિરક્ષરતા

ભારતની સ્ત્રીઓમાં વ્યાપક નિરક્ષરતા જોવા મળે છે. 2001ની વસતિ ગણતરી મુજબ લગભગ 40 ટકા સ્ત્રીઓ નિરક્ષર છે. આ નિરક્ષર બહેનોમાં સામાજિક અને રાજકીય જાગૃતિ ઘણી ઓછી જોવા મળે છે. પરંપરાગત ભૂમિકાને પ્રાધાન્ય આપવાનું વલણ વધુ હોય છે. રૂઢિઓ, પરંપરાને વળગી રહી આવી સ્ત્રીઓ પોતાનો વ્યક્તિગત

વિકાસ, સ્વતંત્રતાના મૂલ્યો વિશે ઓછી સભાનતા ધરાવે છે. પુરુષોની આધીનતા તેઓ સ્વીકારી લે છે. નિરક્ષર સ્ત્રીઓ રાજકારણમાં પ્રવેશે, પરંતુ શિક્ષિતો જેટલી સફળ થવામાં અવરોધ ઊભો થાય છે. શિક્ષિતોની હાજરીમાં લઘુતાગ્રંથિ અનુભવી શકે છે. આમ, નિરક્ષરતા એના રાજકીય સહભાગીપણા માટે અવરોધક બને છે.

(4) પુરુષ પ્રધાનતા

કુટુંબના સભ્યો ખાસ કરીને પુરુષ સભ્યોનો સાથ અને સહકાર વિના સ્ત્રી રાજકારણીઓ સફળ રાજકીય કારકિર્દી નથી જમાવી શકતી. સમાજના માળખામાં કુટુંબ સંસ્થામાં આજે પણ પુરુષપ્રધાનતા જોવા મળે છે. મતદાન, રાજકીય પ્રવૃત્તિ અને પ્રક્રિયામાં પુરુષપ્રધાનતા જોવા મળે છે. બંધારણીય રીતે સ્ત્રી અને પુરુષને સમાન અધિકારો મળવા છતાં એનાં નિર્ણયોમાં પુરુષોનું પ્રાધાન્ય રહ્યું છે. જેમ જેમ રાજકીય પક્ષોને સ્ત્રીઓનાં મતનું મૂલ્ય સમજાતું જાય છે એમ એમાં બદલાવ જરૂર આવ્યો છે. પુરુષપ્રધાન સમાજમાં મહિલા અનામત માટે પણ સ્ત્રીઓને પુરુષાધીન રહેવું પડે છે. સ્ત્રીઓને કેટલું પ્રભુત્વ આપવું, કેટલી સત્તા આપવી, કયું સ્થાન આપવું એ બધામાં સંપૂર્ણ સમાનતા જોવા મળતી નથી. હવે જેમ જેમ જાગૃતિ વધતી જાય છે એમ પુરુષ આધીનતા ઘટાડવાનો પ્રયાસ થયો છે.

(5) કૌટુંબિક સહયોગ

સ્ત્રીઓ કુટુંબના પુરુષ સભ્યોના સાથ અને સહકાર વિના રાજકારણમાં પ્રવેશથી માંડી રાજકીય કારકિર્દી બનાવી શકતી નથી. પરિવારના તમામ સભ્યોનો સાથ અને સહકાર ઉપરાંત રાજકારણ પ્રત્યેનો હકારાત્મક પ્રતિભાવ એને સફળ બનાવે છે. સ્ત્રીઓ રાજકારણમાં પ્રવેશ મેળવે પછી કૌટુંબિક જવાબદારી માટે પૂરતો સમય ફાળવી શકતી નથી. એવા સમયે બાળકો અને વૃદ્ધોની સંભાળમાં કુટુંબના બીજા સભ્યોનો સહયોગ એને ઉત્સાહ પ્રેરે, પરંતુ મહદ્ અંશે એવું બનતું નથી. પરિણામે સ્ત્રીઓ રાજકારણમાં આવવાનું ઓછું પસંદ કરે છે.

(6) રાજકીય જાગૃતિનો અભાવ

ભારતમાં સ્ત્રી અને પુરુષને બંધારણીય રીતે સમાન હક્કો મળ્યાં છે. શિક્ષણ અને આર્થિક બાબતમાં એની જાગૃતિ જેટલી છે એટલી રાજકીય બાબતમાં નથી. ભારતમાં આજે પણ મોટાભાગની સ્ત્રીઓ ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં વસવાટ કરે છે. નિરક્ષર અને ગરીબ સ્ત્રીઓ પશુપાલન અને ખેતીમાં રોકાયેલી છે. આને લીધે સ્ત્રીઓ મતદાન, રાજકીય પક્ષો, રાજકીય પ્રક્રિયા વગેરેની બાબતમાં જેટલા પ્રમાણમાં સભાન હોવી જોઈએ એટલી સભાન નથી. સ્ત્રીઓને રાજકીય બાબતમાં મત આપવા સિવાય

*ઓછો રસ હોય છે. એને બદલે રોજિંદી પ્રવૃત્તિમાં સતત રોકાયેલા રહેવું, ટીવીની સિરિયલો, રેડિયો વગેરેમાં રસ વધુ હોય છે. શહેરી શિક્ષિત સ્ત્રીઓ પણ રાજકારણમાં ભાગ લેવાનું ટાળે છે. જોકે હવે મહિલા અનામત, શિક્ષણ, રાજકારણમાં મળતી તકને કારણે હવે સ્ત્રીઓમાં રાજકારણમાં સહભાગી બનવાની તત્પરતા જાગી છે.*

(7) *સ્ત્રીની ગરિમાનો ઊભો થતો પ્રશ્ન*

*જે સ્ત્રીઓ રાજકારણમાં જોડાય છે એને માટે સૌથી મોટો પ્રશ્ન ચારિત્ર્યની સાચવણીનો છે. રાજકારણના આટાપાટામાં સ્ત્રીની ગરિમા એક પ્યાદું બની જાય છે. તેના ચારિત્ર્ય વિશેની અફવા ચૂંટણીની હારજીતના કારણ બને છે. લોકોને આવી બાબતમાં રસ પણ હોય છે. પરિણામે યુવાન અપરિણિત સ્ત્રીઓ આ પ્રક્રિયામાં બહુ ભાગ લેતા નથી. આમ, અનેકવિધ કારણોને લીધે સ્ત્રીઓ રાજકારણથી દૂર રહે છે.*

## 10.9 સમાપન

*આગળ જોયું તેમ મતદાનથી આગળ વધી સ્ત્રીઓએ જુદા જુદા ખાતા સંભાળ્યા, સત્તા મેળવી અને અસરકારક રાજકીય ભૂમિકા ભજવી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, ગવર્નર, મુખ્યમંત્રી, સ્પીકર ઉપરાંત ડેપ્યુટી સ્પીકર પણ બની. પુરુષપ્રધાન સમાજ સામે ટક્કર ઝીલી, સ્ત્રીઓએ નેતૃત્વ પ્રાપ્ત કરી સામર્થ્ય પ્રાપ્ત કર્યું. રાજકીય સત્તામાં ઉચ્ચ સ્થાન ધરાવતી સ્ત્રીઓની સંખ્યા ઓછી જરૂર છે પણ એ દિશામાં એની પ્રગતિ નોંધનીય છે.*

*સ્ત્રીઓએ રાજકીય પ્રક્રિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જેમ કે પ્રચારક તરીકે, સામાજિક કાર્યકર તરીકે, હોદ્દેદારો અને પદાધિકારી તરીકેની ભૂમિકા, શાસક તરીકેની ભૂમિકા, લોકપ્રતિનિધિ તરીકેની ભૂમિકા, ચૂંટણીમાં પ્રચારક તરીકેની ભૂમિકા ઉપરાંત સામૂહિક દબાણ જૂથમાં સામૂહિક રીતે ભાગ ભજવીને સ્ત્રીઓએ રાજકીય પ્રક્રિયા ઉપર પોતાનો પ્રભાવ પાડ્યો છે. રાજ્યકક્ષાએ સ્ત્રીઓની નવી પેઢી રાજકીય પ્રક્રિયામાં પ્રવેશી. સ્ત્રી ઉમેદવાર માટેની લાયકાતમાં પણ પરિવર્તન આવ્યું. સ્ત્રી ઉમેદવારોની ભૂમિકા, લોકપ્રતિનિધિ તરીકેની ભૂમિકા બની. સમાજજીવનમાં સ્ત્રીઓને સ્પર્શતા વિવિધ પ્રશ્નો, હક્કોના રક્ષણો વગેરે માટે સક્રિય બની પોતાનું રાજકીય સહભાગીપણું વધારવા લાગી છે.*

## 10.10 ચાવીરૂપ શબ્દો

1. *મહિલા – નારી, સ્ત્રી*

2. *રાજકારણ – રાજનીતિ, ચુંટણી, જાહેર વહીવટ અથવા સેવા માટેની વ્યવસ્થા.*

3. પંચાયત – લોકશાહીની નાનામાં નાની વ્યવસ્થા જેણે ગ્રામ પંચાયત કહીએ છે.

4. પુરુષ પ્રધાનતા – સમાજમાં દરેક ક્ષેત્રે પુરુષોનું વર્ચસ્વ અને તેઓની સત્તા.

## 10.11 તમારી પ્રગતિ ચકાસો

1. ભારતીય બંધારણ ____________ વર્ષથી અમલમાં આવ્યું છે.
2. બંધારણની ____________ કલમ સ્ત્રીઓને કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણનું વચન આપે છે.
3. ____________ વર્ષની લોકસભા ચુંટણીમાં પુરુષો કરતા મહિલાઓનું મતદાન વધારે થયું હતું.
4. ____________ સુધારા મુજબ મ્યુનિસિપાલિટી અને કોર્પોરેશનના સભ્ય સ્થાનો અને મેયરપદોમાં એક તૃતિયાંશ બેઠકો પર સ્ત્રીઓ ચૂંટાય છે.
5. 2001ની વસ્તી ગણતરી મુજબ લગભગ ____________ સ્ત્રીઓ નિરક્ષર છે.

જવાબો : (1) 26 જાન્યુઆરી, 1950, (2) કલમ 14 (3) 2019 (4) 74 મો (5) 40 ટકા

## 10.12 સંદર્ભો


1. શાહ, એ. જી અને દવે, જગદીશ કે., સ્ત્રીઓ અને સમાજ, અનડા બુક ડીપો, અમદાવાદ, 2009-10.
2. રાવલ, ચંદ્રિકા, જેન્ડર અને સમાજ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, 2014.
3. રાવલ, ચંદ્રિકા અને ધ્રુવ, શૈલજા, સ્ત્રીઓ અને સમાજ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, 2013.
4. https://www.csds.in
5. https://eci.gov.in
6. https://www.amarujala.com/election/lko-sabha/elections-in-india-till-date-record-women-voter-participation-even-more-than-men-in-2019-2024-04-09
7. https://cabsec.gov.in/writereaddata/councilofministers/english/1 Upload 1943.pdf
8. Sushil Kumar and Parmar, Vinita, Women's Political Participation and Representation in the Panchayats, Vol. 3, Issue 2, pp: (159-165), 2016, Available at: www.paperpublications.org
9. Tripathi, Santosh kumar, Proxy Participation by Women in Panchayati Raj Institutions-A Crtiical Study, Vol-8 Issue-3, 2022, Available at :ttps://www.researchgate.net/publication/371165855
10. Aman Jyoti* &Vinay Kumar**); Women, Caste and Politics in Colonial India Palarch's Journal of Archaeology of Egypt/Egyptology 17(9). ISSN 1567-214x

**એકમ : 11**

# મહિલા પ્રતિનિધિત્વ અને તેમાં ભાગીદારી-સંગીત નૃત્ય, ચિત્રકામ, ફિલ્મો અને થિયેટર અને બીજી કલા (1800 થી 1950)

## :: રૂપરેખા ::


**11.0** ઉદ્દેશો

**11.1** પ્રસ્તાવના

**11.2** ચિત્રકલા

- **11.2.1** અમૃતા શેરગીલ
- **11.2.2** બી. પ્રભા
- **11.2.3** એસ્થર ડેવિડ
- **11.2.4** દેવયાની કૃષ્ણ

**11.3** સંગીત

- **11.3.1** એમ.એસ. સુબ્બુલક્ષ્મી
- **11.3.2** ગોહરજાન
- **11.3.3** કેસરબાઈ કેરકર
- **11.3.4** મોઘૂબાઈ કૂર્ડીકર

**11.4** નૃત્ય

- **11.4.1** સિતારા દેવી
- **11.4.2** મૃણાલિની સારાભાઈ
- **11.4.3** રુકમણિદેવી અરૂણ્ડેલ
- **11.4.4** પદ્મશ્રી બાલા સરસ્વતી

**11.5** ફિલ્મો અને થિયેટર

- **11.5.1** દુર્ગાબાઈ કામત
- **11.5.2** કમલાબાઈ ગોખલે
- **11.5.3** ફાતેમા બેગમ

**11.6** અન્ય ક્ષેત્રે

**11.6.1 કમલાદેવી ચટ્ટોપાધ્યાય-ભારતીય હસ્તકલા**

**11.7 તમારી પ્રગતિ ચકાસો**

**11.8 સંદર્ભ**

**11.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**11.10 સંદર્ભસૂચિ**

## 11.0 ઉદ્દેશો

- *આ પ્રકરણના અભ્યાસ બાદ* 1800 *થી* 1950 *ના સમયમાં વિવિધ ક્ષેત્રે મહિલાઓએ કરેલ પ્રદાન વિશે જાણી શકાશે.*
- *આ સમયની મહિલાઓને કલા ક્ષેત્રે પ્રદાન કરતા સમયે પડેલ મુશ્કેલીઓ વિષે જાણી શકાશે*

## 11.1 પ્રસ્તાવના

*ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ ઘણો સમૃદ્ધ છે. ભારતીય કલા પ્રાચીન સમયથી સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ રહી છે. અહીં સંગીત, નૃત્ય, ચિત્રકામ, શિલ્પ અને રંગમંચના વિવિધ સ્વરૂપોનો ઉન્નત વિકાસ થયો. ભારતીય સંસ્કૃતિમાં કલા માત્ર અભિવ્યક્તિનું સાધન નથી પણ તે આધ્યાત્મિકતા અને સંસ્કૃતિ સાથે પણ સંકળાયેલી છે. વૈદિક સમયથી મહિલાઓ ભારતીય કલાથી રંગાયેલી હતી. ભારતની* 64 *કલાઓ જાણતી વિવિધ મહિલાઓના ઉદાહરણોથી ઈતિહાસના પાનાંઓ ભર્યા પડ્યા છે પરંતુ સમયાંતરે ભારત ઉપર થયેલ વિવિધ આક્રમણો અને સત્તા પલટાઓથી કલા અને કલાકારોમાં આવેલા પરિવર્તનની અસર મહિલાઓની વિવિધ કલા ક્ષેત્રે જોવા મળતી ભાગીદારી ઉપર પણ દૃશ્યમાન થાય છે.*1800 *થી* 1950 *દરમ્યાન ભારતીય સમાજમાં મહિલાઓ માટે કલાક્ષેત્રે પ્રવેશ કરવો સરળ ન હતો. છતાંય અનેક પ્રારંભીય અડચણો વચ્ચે બહાદુર અને પ્રતિભાશાળી મહિલાઓએ સંગીત, નૃત્ય, ચિત્રકામ, રંગમંચ અને અન્ય કલાઓમાં આગળ વધી ભારતની કલા અને સંસ્કૃતિને સમૃદ્ધ બનાવવામાં પોતાનું આગવું પ્રદાન આપ્યું.*

## 11.2 ચિત્રકલા

### 11.2.1 અમૃતા શેરગીલ

30 *જાન્યુઆરી* 1913*ના રોજ હંગેરીની રાજધાની બુડાપેસ્ટમાં અમૃતા શેરગીલનો જન્મ થયો. પિતા ઉમરાવસિંહ શેરગીલ ધનિક અને કુલીન શીખ પરિવારના સંસ્કૃત ફારસી વિદ્વાન તથા માતા હંગેરી મૂળની યહૂદી ઓપેરા ગાયિકા મેરી એંટોની ગોટ્સમન હતા. આઠ વર્ષની અમૃતાની વયમર્યાદા સમયે પ્રથમ વિશ્વયુદ્ધ પછી ઈ.સ.* 1921 *માં તેમના માતા-પિતા ભારતમાં શિમલામાં આવીને રહેવા લાગ્યાં.*

*અમૃતાને બાળપણથી જ ચિત્રકલા પ્રત્યે વિશેષ રુચિ હતી. અમૃતાના ચિત્રકલા પ્રત્યેના રસ અને રુચિ જોઈને માતા-પિતાએ તેને સોળ વર્ષની ઉંમરે* 1929*માં ચિત્રકલાનો અભ્યાસ કરવા પેરીસ મોકલવામાં આવ્યા. તેઓ યુરોપમાં ઉચ્ચ દરજ્જાના ચિત્રકારો અને પ્રખ્યાત કલાકેન્દ્રોમાં ચિત્રકલાનું શિક્ષણ મેળવ્યું. ભારત ફર્યા બાદ પોતાના પતિ વિક્ટર ઍગન સાથે લાહોરમાં સ્થાયી થયાં.*

*અમૃતાના ચિત્રોમાં ભારતીય જીવન અને તેમાંય વિશેષરૂપ ગરીબ અને ગ્રામીણ ભારતીય જીવનની કલાત્મકતથા મહિલાઓના જીવનનને કેન્દ્રિત કરી ચિત્રો તૈયાર કર્યા હતા. તેમનું એક ખૂબ જાણીતું ચિત્ર "મધર ઈન્ડિયા" છે. પાશ્ચાત્ય અને ભારતીય શૈલીના સુભગ સમન્વયની અમૃતાની શૈલી તદ્દન મૌલિક હતી. જ્યારે ભારતમાં ચિત્રકલા ક્ષેત્રે શૂન્યાવકાશ હતો ત્યારે અમૃતાએ ચિત્રો દોર્યા. માટે જ ભારતીય ચિત્રકલાના પુનરુત્થાનમાં અમૃતા શેરગીલનો ફાળો અત્યંત મહત્ત્વનો છે. ઈ.સ.* 1934 *થી* 1941 *ના ગાળા દરમ્યાન લગભગ* 150 *જેટલાં ચિત્રો તેમણે દોર્યા.* 28 *વર્ષની વયે તે અચાનક બીમારીમાં પટકાઈ ગયા અને ટૂંક સમયમાં* 5 *ડિસેમ્બર* 1941 *ના રોજ આ કલાકાર ફાની દુનિયા છોડી ચાલી નીકળ્યા. ભારત સરકારે એમની કૃતિઓને રાષ્ટ્રીય કલાકોષ ઘોષિત કરી જેમાંથી મોટાભાગની કૃતિઓને નવી દિલ્હીના રાષ્ટ્રીય આધુનિક કલા સંગ્રહાલયમાં રાખવામાં આવેલ છે. ઉપરાંત લાહોરમાં સંગ્રહાલયમાં પણ છે. ઈ.સ.* 1978*માં ભારતીય ટપાલ વિભાગ દ્વારા એમનું ચિત્ર "હિલ વુમન"ને ચિત્રીત કરતી એક ટપાલ ટિકિટ બહાર પાડેલી તથા દિલ્હીના એક માર્ગનું નામ અમૃતા શેરગીલ માર્ગ છે. આ બુડાપેસ્ટમાં ભારતીય સાંસ્કૃતિક કેન્દ્રનું નામ અમૃતા શેર-ગિલ સાંસ્કૃતિક કેન્દ્ર છે. યુનેસ્કો દ્વારા* 2013 *માં શેરગીલના જન્મની* 100 *મી વર્ષગાંઠ ઉપર અમૃતા શેર-ગીલ આંતરરાષ્ટ્રીય વર્ષ જાહેર કર્યુ હતું.*

### 11.2.2 બી. પ્રભા

*મહારાષ્ટ્રમાં જન્મેલ બી.પ્રભાની ગણના ભારતમાં મોખરાના ચુનંદા ચિત્રકારોમાં થાય છે. તેમણે તૈલચિત્ર ઉપર મુખ્ય કામ કર્યુ. તેઓ આધુનિકતાવાદી અમૃતા શેરગીલના કામથી પ્રેરિત હતા. અમૃતા શેરગીલની જેમ તેમની રચનાનો મુખ્ય વિષય મહિલાઓ અને ગ્રામીણ મહિલાઓ દશા હતી.*

*મુંબઈનીખ્યાતનામ જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં તેમણે ચિત્રકલાની ડિગ્રી મેળવી હતી. અહીં જ તેમના ભાવિ પતિ કલાકાર તથા મૂર્તિકાર બી. વિઠ્ઠલથી તેમની મુલાકાત થઈ. બી. વિઠ્ઠલની સાથે લગ્ન બાદ પ્રભાની શૈલી પૂર્ણરૂપથી વિકસિત થઈ. ઈ.સ.* 1993*ના ઓક્ટોબર માસમાં પતિની પ્રથમ પુણ્યતિથિએ પ્રભાએ ઓઈલ અને પેસ્ટલ કલરમાં બનાવેલ તરેહ તરેહના સફેદ ફૂલોની વિશાળ શ્રેણીનું "શ્રદ્ધાંજલિ" નામે પ્રદર્શન યોજ્યું. આ પ્રદર્શન પ્રભાનું એકાવનમું પ્રદર્શન હતું. તેમણે ઈ.સ.* 1958*માં બોમ્બે સ્ટેટ આર્ટ પ્રદર્શનીમાં પ્રથમ પુરસ્કારથી તથા અખિલ ભારતીય લલિત કલા અને શિલ્પ સોસાયટી* (AIFACS) *નવી દિલ્હી તરફથી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ છે. 'બર્લિન મ્યુઝિયમ ઑફ ઈન્ડિયન*

*આર્ટ'માં પ્રભાનાં છ મોટા ચિત્રો, ટોકિયો ખાતે આવેલ ભારતીય દૂતાવાસની કચેરી પ્રભાએ દોરેલ 20 ફૂટ લાંબા ભીતચિત્રથી શોભાયમાન છે. ઉપરાંત વોશિંગ્ટન, એડન, મેલબોર્ન અને બેંગકોક ખાતે એર-ઈન્ડિયાની કચેરીઓમાં પ્રભાનાં ભીંતચિત્રોથી સુશોભિત કરેલ છે. આ ઉપરાંત નવી દિલ્હીના નેશનલ આર્ટ ગેલેરી ઑફ મોર્ડન આર્ટ્સ ખાતે અને નાગપુર અને ચંદીગઢના મ્યુઝિયમોમાં પ્રભાજીના ચિત્રો પ્રદર્શિત કરવામાં આવેલ છે.*

### 11.2.3 એસ્થર ડેવિડ

*એસ્થર ડેવિડ ગુજરાતના અમદાવાદના જાણીતા પ્રથમ આધુનિક મહિલા શિલ્પકાર, ચિત્રકાર, લેખિકા અને કલા સમીક્ષક તરીકે જાણીતા છે. 17 માર્ચ, 1945 ના રોજ અમદાવાદના એક યહુદી પરિવારમાં એસ્થરનો જન્મ થયો. પિતા રૂબિન ડેવિડ ખ્યાતનામ પ્રકૃતિવિદ્ કે જેઓ અમદાવાદમાં આવેલા કાંકરિયા તળાવના પ્રાણી સંગ્રહાલયના દૃષ્ટા, સ્થાપક હતા. 'પદ્મ શ્રી' થી સન્માનિત રૂબિનનો પ્રેમ પ્રકૃતિ અને પશુપંખીઓની સાથે વિવિધ કલાઓ પ્રત્યે પણ હતો. જે વારસો એસ્થરને પણ પ્રાપ્ત થયો. માતા સારાહ ડેવિડ શિક્ષિકા હતા. વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીની ફાઈન આર્ટ્સ વિભાગમાંથી ઈ.સ.1966 માં શિલ્પકામનો મુખ્ય વિષયમાં ગોલ્ડ મેડલ સાથે સ્નાતકની પદવી પ્રાપ્ત કરી.*

*તેમણે અમદાવાદની અલગ અલગ આર્કિટેક્ચર, ઈન્ટિરીયર ડિઝાઈન, ફાઈન આર્ટ્સ, સ્કલ્પચર અને આર્ટ હિસ્ટરી વિષયોનાં પ્રોફેસર તરીકે સેવાઓ આપી. તેમણે મુંબઈમાં તેમના શિલ્પો અને ચિત્રોના પ્રદર્શનો યોજ્યા છે. યુનેસ્કો, પેરિસમાં વર્લ્ડ સેન્ટર ખાતે તેમના બે પ્રદર્શન, આયોજિત થયા. ઈ.સ. 1989 થી 1992 નાં વર્ષો દરમિયાન ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીનાં અધ્યક્ષ સ્થાને રહ્યા. ઈ.સ. 1995 માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ તેમને શિલ્પ અને કલા વિવેચન ક્ષેત્રે લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ પ્રદાન કર્યો. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને કર્ણાવતી તરફથી પણ એવોડ પ્રાપ્ત થયો. ભારતના વેસ્ટ  ઝોન કલ્ચરલ સેન્ટર તરફથી 300 કલાકારો સાથેના એક ઘૂમતા પ્રદર્શનના આયોજક તરીકે ભૂમિકા નિભાવી. કલાકારની સાથે તેઓ પોતે એક સારા લેખિકા પણ છે. એમના લેખન સાહિત્યમાં પ્રદાન બદલ પણ તેમને ઘણાં એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. શિલ્પ, ચિત્ર, કલા-વિવેચક, શિક્ષા,લેખિકા, પ્રદર્શનો, મહોત્સવો વગેરે ક્ષેત્રે એસ્થર ડેવિડએ અથાગ પરિશ્રમ કરી સફળતા પ્રાપ્ત કરી.*

### 11.2.4 દેવયાની કૃષ્ણ

*ઈ.સ. 1918માં દેવયાનીનો જન્મ મધ્યપ્રદેશના ઈન્દોરમાં થયો હતો. દેવયાની કૃષ્ણની કલામાં સફર ખૂબ નાની ઉંમરે ઈન્દોરમાંથી શરૂ થઈ હતી. ઈ.સ. 1930 ના દાયકામાં ઈન્દોર યશવંતરાવ હોલકરના આશ્રય હેઠળ આંતરરાષ્ટ્રીય આધુનિકતાવાદી પ્રયોગોનું કેન્દ્ર હતું. હોલ્ડરેભારત અને ભારત બહારથી આર્કિટેક્ટ અને ડિઝાઈનરોને ઈન્દોરમાં અને તેની આસપાસ ઈમારતો તૈયાર કરવા આમંત્રણ પાઠવ્યું. આ પ્રસંગોએ દેવયાની પર નાનપણથી જ પ્રભાવ પાડ્યો. ઈ.સ. 1940 માં*

તેઓ મુંબઈની જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાંથી તેઓ સ્નાતક થયાં. તેમણે ભીંતચિત્રો ઉપર વિશેષતા પ્રાપ્ત કરી.

ઈ.સ. 1942માં કલાકાર કેવલ કૃષ્ણ સાથે લગ્ન થયાં. કેવલ કૃષ્ણ સાથે તેમણે અનેક પ્રવાસો કર્યા. આ પ્રવાસમાં હિમાલયથી શરૂ કરી સિક્કિમ, તિબેટીયન સરહદ અને ઉત્તર-પશ્ચિમ સરહદ પ્રાંતનો સમાવેશ થાય છે. તેઓ ત્યારબાદ નવી દિલ્હીની મોર્ડન સ્કૂલમાં કલા શિક્ષક તરીકે જોડાયા. 1954 થી 1977 સુધીઅધ્યાપન તથા કલા વિભાગના વડા તરીકે સેવા આપી નિવૃત્ત થયાં.

ભારતીય ચિત્રકાર, છાપકામ નિર્માતા અને શિક્ષિકા દેવયાની કૃષ્ણ ભારતીય રમકડાં, લોક રચનાઓ અને બાટિક કાર્ય ઉપર ઊંડું સંશોધન કર્યું. તેમની કલાકૃતિઓમાં પવિત્ર પ્રતીકોનો સમાવેશ થતો અને તેમના ખ્યાલો કુટુંબ, યુદ્ધ અને ધર્મના સાર્વત્રિક વિષયો ઉપર આધારિત હતા. ઈ.સ. 1972 માં ધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના કલા વિવેચક રિચાર્ડ બર્થોલોમ્યુએ દેવયાનીને ભારતમાં સૌથી પરિપક્વ પ્રિન્ટ મેકર તથા ભારતની અગ્રણી મહિલા કલાકાર તરીકે ઓળખાવી. દેવયાનીની કલાકૃતિએ નેશનલ ગેલેરી ઓફ મોર્ડન આર્ટ, નવી દિલ્હી, દિલ્હી આર્ટ ગેલેરી અને વાસ્વો કલેક્શનમાં સંગ્રહીત છે.

## 11.3 સંગીત

### 11.3.1 એમ.એસ. સુબ્બુલક્ષ્મી

અત્યંત મધુર કંઠ, સંસ્કૃત ભાષાના ઉચ્ચારણની સ્પષ્ટતા, આરોહ-અવરોહની ખૂબી, લય અને તાનની મોહિની અને શ્રદ્ધાના અમૃતથી ભીના બનીને પ્રગટતા સ્વરો આ બધા ગુણને કારણે એમ.એસ. સુબ્બુલક્ષ્મી, દેશ-વિદેશમાં તમામ પ્રકારની પ્રજાનાં આકર્ષણનું કેન્દ્ર બન્યા. તમિલનાડુના મદુરાઈ શહેરમાં 16 સપ્ટેમ્બર, 1918 ના રોજ જન્મ થયો. માતા રાજમુગાવડીનું એક પ્રખ્યાત વીણાવાદક તથા ગાયિકા હતા. સુબ્બુલક્ષ્મીને બાળપણથી જ સંગીતના સંસ્કાર મળ્યા હતા. 13 વર્ષની વયે તેમણે સૌ પ્રથમવાર જાહેર કાર્યક્રમમાં ગાયું. 17 વર્ષની ઉંમરે મદ્રાસની વિખ્યાત 'સંગીત અકાદમી'ના ઉપક્રમે એકલા જ સંગીતના કાર્યક્રમો આપવા લાગ્યા હતા. તેમણે ફિલ્મોમાં અભિનેત્રી તરીકે પણ પદાર્પણ કર્યું.

સન 1940 માં તેમના લગ્ન શ્રી ટી. સદાશિવમ સાથે થયા. તેમના પતિ હંમેશા તેમના માર્ગદર્શક અને મિત્ર બની સુબ્બુલક્ષ્મીના સંગીતની માવજત કરી. "મીરા" ફિલ્મમાં મીરા રચિત 18 જેટલા ભજનો એમ.એસ. સુબ્બુલક્ષ્મી દક્ષિણ ભારતની સાથે ઉત્તર ભારતના પણ કરોડો લોકોના દિલમાં સ્થાન જમાવ્યું. કદાચ સમગ્ર ભારતમાં તેઓ માત્ર એવા ગાયિકા છે જેમણે દક્ષિણ ભારત અને ઉત્તર ભારત બંનેમાં સમાન લોકપ્રિયતા પ્રાપ્ત કરી. ગાંધીબાપુ પણ સુબ્બુલક્ષ્મીના ભજનોમાં ચાહક હતા. સુબ્બુલક્ષ્મીએ અનેક વખત બાપુ સામે ભજનો ગાયેલ. મીરાનું ભજન 'હરિ તુમ હરો જન કી પીર' બાપુને અંત્યત પ્રિય હતા. ગાંધીજી સિવાય પંડિત જવારહલાલ નહેરૂ, ઉસ્તાદ બડે ગુલામ અલી ખાંસાસાહેબ એમ.એસ.ના સંગીતના ચાહક હતા.

*સુબ્બુલક્ષ્મીએ ગાયેલા "વિષ્ણુ સહસ્રનામ "મહિષાસુરમર્દીની સ્રોત" કે તિરુપતિના ભગવન વેંકટેશ્વરનું 'સુપ્રભાતમ' આજે દક્ષિણ ભારતના અનેક ઘરોમાં સવારે નિયમિતપણે સાંભળવામાં આવે છે.*

*સુબ્બુલક્ષ્મીએ ભારતની જેમ વિદેશોમાં પણ શાસ્ત્રીય સંગીતને લોકપ્રિય બનાવ્યું હતું.*1963*માં એડિન બર્ગ ફેસ્ટિવલ કોન્સર્ટમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સંગીત રજૂ કર્યું. આ લોકપ્રિયતા બાદ* 1966*માં ન્યુયોર્કમાં રાષ્ટ્રસંઘની જનરલ એસેમ્બલી સમક્ષ અને* 1982*માં લંડનમાં ઈન્ડિયા ફેસ્ટીવલ ઉદ્‌ઘાટન પ્રસંગે આ બે મુખ્ય કાર્યક્રમોમાં પોતાના સંગીતના સૂર રેલાવ્યા. આ ઉપરાંત તેઓએ પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ, મલાયા, બર્મા, દક્ષિણ આફ્રિકા, પૂર્વ આફ્રિકા, બ્રિટન, અમેરિકા તથા સંયુક્ત આરબ વગેરે દેશોમાં પ્રવાસ કરીને સંગીતના કાર્યક્રમો કર્યા.*

*ઈ.સ.* 1954*માં તેમને ભારત સરકારે 'પદ્મભૂષણ'થી નવાજ્યા.* 1956*માં સંગીત નાટક 'અકાદમી એવોર્ડ',* 1974*માં ખ્યાતનામ આંતરરાષ્ટ્રીય રેમન મૅગ્સેસે પુરસ્કાર,* 1975*માં 'પદ્મવિભૂષણ'નો એવોર્ડ, મદ્રાસ સંગીત અકાદમી દ્વારા 'સંગીત કલાનિધિ પુરસ્કાર',* 1997*માં 'સ્વરાલયમ્' પુરસ્કાર પછી 'સ્પિરીટ ઑફ ફ્રિડમ એવોર્ડ' અને 'ઈન્દિરા ગાંધી એવોર્ડ' પ્રાપ્ત થયો.* 1998 *માં તેમને ભારતનો સર્વોચ્ચ એવોર્ડ 'ભારતરત્ન' અર્પણ કરવામાં આવ્યો. તેમને તેમના કાર્યક્રમમાંથી એકઠું થયેલ ભંડોળની ઘણી મોટી રકમ દાનમાં આપી દીધેલ. શાસ્ત્રીય ગાયિકા કિશોરી અમોનકરે તેમને 'ભારતનો આઠમો સૂર'કહ્યો છે એવા સુબ્બુલક્ષ્મીનું ઈ.સ.* 2004*માં અવસાન થયું.*

### 11.3.2 ગોહરજાન

*"ગ્રામોફોન ગર્લ" અને "ભારતની પહેલી રિકોર્ડિંગ સુપરસ્ટારના રૂપમાં ઓળખાતી ગોહર જાનનો જન્મ ઈ.સ.*1870 *કે* 1873*માં ઉત્તરપ્રદેશના આઝમગઢ ગામમાં થયો હતો.*

*એમના માતા-પિતા આર્મેનિયન મૂળના હતા. સંજોગોવસાત માતા-પિતાનો લગ્નવિચ્છેદ થયો અને માતાએ એક મુસ્લિમ વ્યક્તિ સાથે નિકાહ કર્યા. નિકાહ બાદ માતાએ પોતાને 'મલકાજાન' અને અંજેલિનાને 'ગૌહર જાન' નામ આપ્યું. પુત્રી ગૌહરને સંગીતની તાલીમ આપવા માટે તે સમયના પ્રખ્યાત ઉસ્તાદોની વ્યવસ્થા કરી. રામપુરાના ઉસ્તાદ ગાયક નઝીરખાન, વિખ્યાત સંગીતકાર પ્યારે સાહેબ, ઉસ્તાદ અલી બખ્સ જરનૈલ શ્રી જનબાઈ અને ચરણ દાસ જેવા અનેક ગુરુએ ગૌહર જાનને ઠુમરી, દાદરા, કજરી, તરાના અને કીર્તન શીખવ્યા. તેઓ અનેક ભાષાઓમાં પારંગત હતા જેથી બંગાળી, ગુજરાતી, તમિલ, મરાઠી, અરબી, ફારસી, ઉર્દૂ અને વ્રજ જેવી ભારતીય ભાષાઓ તો ખરી પણ સાથે સાથે અંગ્રેજી, ફ્રેંચ અને ઈટાલિયન જેવી ભાષામાં ઈ.સ.* 1902 *થી* 1920 *સુધીમાં* 600 *થી વધારે ગીતો રેકોર્ડ કર્યા.*

*આ જાજરમાન ગાયિકાએ અનેક રાજા-મહારાજાઓના દરબારમાં અને મોટા-મોટા થિયેટરોમાં ભારે દબદબાપૂર્વક એના કાર્યક્રમો યોજ્યા. એ સમયે સંગીતકલામાં ગૌહર*

*જાનનું એટલું બધું માન હતું કે તેમને રાજા-મહારાજાઓ પોતાના દરબારમાં કાર્યક્રમ કરવા માટે મોટા મોટા નજરાણાઓ અને પુરસ્કાર આપતા. ડિસેમ્બર 1911માં બ્રિટિશ સામ્રાજ્યના કિંગ પંચમ જ્યોર્જ દિલ્હી દરબાર ભર્યો ત્યારે ગૌહરજાનને ગાવાનું આમંત્રણ આપ્યું. ગૌહરજાનના ગાયનથી પ્રસન્ન થઈ પંચમ જ્યોર્જે તેને એકસો સોનામહોરોનું ઈનામ આપ્યું હતું. મહાત્મા ગાંધીજીએ પણ ઈ.સ. 1920 માં કૉંગ્રેસના કાર્ય માટે ગૌહરજાન પાસે મોટી રકમની માંગણી કરી પરંતુ શરત એટલી જ હતી કે ગાંધીજી પોતે રૂબરૂ દર્શન આપશે તો તે દાન આપવા તૈયાર છે. ગાંધીજીની સંમતિ છતાંય વ્યવસ્તતાના કારણે પોતાના પ્રતિનિધિને મોકલ્યા.*

*ઠુમરી, દાદરા, કજરી, ચૈતી, ભજન, તરાના, હિન્દુસ્તાની, શાસ્ત્રીય સંગીતમાંતેમણે મહારથ મેળવી હતી પરંતુ ઠુમરી ગાયનમાં એમની સ્પર્ધા કરી શકે એવી કોઈ ગાયિકા થઈ નથી. માટે જ ગૌહરજાનને ઠુમરીની સામ્રાજ્ઞી તરીકે ઓળખવામાં આવે છે. સંગીત સામ્રાજ્ઞી ગૌહરજાનનું મૈસૂર રાજ્યમાં 1930માં સાહીઠ વર્ષની ઉંમરે મૃત્યુ થયું. ગૌહરજાનની 145મી જયંતિ ઉપર 26 જૂન 2018 ના ગુગલે એમનું ડૂડલ બનાવી એમને યાદ કર્યા. ગુગલએ ટીપ્પણી કરતા લખ્યું કે "ગૌહરજાન જે 20મી સદીના અંત ભાગમાં ઉભરી. એમણે પોતાના ગાયન અને નૃત્યના માધ્યમથી લોકપ્રિયતા પ્રાપ્ત કરી અને ભારતીય પ્રદર્શન કલાના ભવિષ્યને પરિભાષિત કર્યું.*

### 11.3.3 કેસરબાઈ કેરકર

*10 જુલાઈ, 1892 ના રોજ ગોવાના નાના ગામ કેરી (પણજીથી 7 માઈલ)માં કેસરબાઈનો જન્મ થયો. બાળપણથી જ કેસરબાઈને સંગીત પ્રત્યે તીવ્ર પ્રેમ હતો. આ સમયમાં મંદિરોમાં ભક્તિ સંગીતે તેમને સંગીત તરફ આકર્ષિત કર્યા. તેઓ પોતાના શબ્દોમાં કહે છે કે "તે દિવસોમાં, સંગીતનું એક માત્ર કેન્દ્ર મંદિર હતું. કોઈ ફક્ત કીર્તન, ભજન અને અન્ય ભક્તિ ગીતો સાંભળતું હતું. હું આ ગીતો ધ્યાનથી સાંભળતી હતી અને ઘરે પાછી ફરીને હું તેમને ગુંજી ઊઠવાનો પ્રયાસ કરતી હતી. આજના છોકરાઓ અને છોકરીઓ ફિલ્મી ગીતોનું અનુકરણ કરવાનો પ્રયાસ કરે છે." 8 વર્ષની ઉંમરે જ કોલ્હાપુરમાં ઉત્સાદ અબ્દુલ કરીમ ખાન પાસેથી તેના વાસ્તવિક સંગીતના પાઠ શરૂ થયા પરંતુ એક વર્ષ પછી કેસરબાઈ ગોવા પરત ફરતા તાલીમ ખોરંભે પાડી. ત્યારથી માંડીને 1908 માં મુંબઈ ગયા પછી પણ 19 વર્ષથી વધારે વધારે સમયમાં તેમને જુદા-જુદા ગુરુઓ હેઠળ તેમની વિક્ષેપિત તાલીમ ચાલુ રહી. આ એક એવો નિરાશાનો સમય હતો કે તેમને સંગીત શીખવાના તેમના તમામ પ્રયાસોમાંદુર્ભાગ્ય તેમનો પીછો કરતું હતું. છેલ્લે તેમના ગુરુ તરીકે અલ્લાદિયાખાને તેમને સંગીતના પૂર્ણ સામ્રાજ્ઞી બનાવ્યા. ઈ.સ. 1921 થી શરૂ કરીને 1943 સુધી અલ્લાદિયાખાન કેસરબાઈના સંગીતને ઘૂંટતા રહ્યા અને કેસરબાઈ 'સૂરશ્રી' બની ગયાં.કેસરબાઈનું સૂર ઉપર પ્રભુત્વ પૂરેપૂરું જામ્યું. ત્યારપછી તેમના અનેક સંગીત કાર્યક્મો થયા. અસંખ્ય ગ્રામોફોન રેકોર્ડ તૈયાર થયા. કલકત્તામાં જ્યારે તેનો સંગીતનો ભવ્ય કાર્યક્રમ યોજાયો ત્યારે શ્રોતાઓએ તેની કંઠ માધુરી અને શાસ્ત્રીય સભામાં ઉપસ્થિત કવિવર રવિન્દ્ર ટાગોરે તેમને "સૂરશ્રી"ની ઉપાધિથી નવાજ્યાં અને*

*તેમના પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીએ એકવાર કેસરબાઈ વિશે ટિપ્પણી કરી હતી : "તેમના સંગીતની શુદ્ધતા અને તેમના પ્રદર્શનની ગરિમા દ્વારા તેમણે આપણા પ્રશંસાના ધોરણોને ઘડ્યા છે અને અન્ય સંગીતકારોને ખૂબ પ્રભાવિત કર્યા છે."*

*ઘણા સન્માન અને પુરસ્કાર તેમને પ્રાપ્ત થયા. હિન્દુસ્તાની સંગીતમાં રાષ્ટ્રપતિ પુરસ્કાર* (1953) *અને મહારાષ્ટ્રની પ્રથમ રાજ્ય ગાયિકા* (1969) *મેળવનાર તે પ્રથમ મહિલા હતી. સંગીત નાટક અકાદમી તરફથી તેમને પુરસ્કાર પ્રાપ્ત થયો અને અંતે* 1969*માં તેને 'પદ્મભૂષણ'થી સન્માનિત કરવામાં આવ્યા. સુરસિંગાર સંસદે તેને "શાઙ્ર્ગદેવ ફેલોશિપ" આપી હતી.*

16 *સપ્ટેમ્બર* 1977 *ના રોજ તેમનું અવસાન થયું. ભારતીય સંગીતના ક્ષેત્રમાં કેસરબાઈનું નામ કલાત્મકતા, સમર્પણ અને લચીલાપનના પ્રતિકના રૂપમાં ચમકેલું છે.*

### 11.3.4 મોઘૂબાઈ કૂર્ડીકર

15 *જુલાઈ* 1904 *ના રોજ ગોવાના કૂર્ડીગામમાં થયો હતો. પોતાના ગામનાં નામ પરથી તેમની કૂર્ડીકર અટકથી તેઓ સંગીત જગતમાં ઓળખાય છે. એમની માતા જયશ્રી દેવદાસી પરંપરામાંથી પસાર થયેલ હતા. મોઘુબાઈની સંગીતની શરૂઆતમાં મંદિરમાં શીખવવાથી કરી. પરિવારની આર્થિક નબળી પરિસ્થિતિના કારણે કુટુંબ નિર્વાહ માટે તેમને નાની ઉંમરમાં "પવેતકર નાટક મંડળી"માં અભિનય માટે દાખલ કરી લીધા. અહીં થોડો સમય કામ કર્યા બાદ સંગીતમાં વિશેષ રૂચિ હોવાના કારણે તેઓ "સાક્ષરતાકર સંગીત મંડળી"માં જોડાયા. આ મંડળીમાં ચિતોપન્ત દિવેકર જેઓ એક સંગીતકાર-અભિનેતા હતા. તેમની પાસેથી મોઘુબાઈ સંગીતની તાલીમ લેવા લાગ્યા.*

*એકવાર સંગીતના બહુ પ્રસિદ્ધ ગાયક ઉસ્તાદ અલ્લાદિયાખાને એક વાર મોઘુબાઈ કૂર્ડીકરનું ગાયન સાંભળ્યું અને તેનાથી પ્રભાવિત થઈ પોતાના "ઘરાના"ની ગાયકી મોઘુબાઈને શીખવવાનો પ્રસ્તાવ મૂક્યો. મોઘુબાઈ તેમની પાસેથી સંગીત શીખવા લાગ્યા. દોઢ વર્ષમાં તેમણે મુલ્તાની તોડી, ધનશ્રી અને પૂર્વી રાગોમાં નિપુણતા હાંસલ કરી. થોડાક સમય પછી અલ્લાદિયાખાનને મુંબઈ સ્થાઈ થવાનું થયું. મોઘુબાઈ પણ પાછળ-પાછળ મુંબઈ ગયા. પરંતુ સંજોગોવસાત અલ્લાદિયાખાન મોઘુબાઈને અહીં પ્રશિક્ષિત કરી શકે તેમ ન હોવાથી મોઘુબાઈએ અન્ય ગુરૂ પાસે શીખવાનું શરૂ કર્યું. પરંતુ મોઘુબાઈની સ્વર સમૃદ્ધિથી આકર્ષિત થયેલ અલ્લાદિયાખાનએ મોઘુબાઈને સંગીતની તાલીમ આપવાથી રોકી ન શક્યા અને ફરીથી આ ગુરુ-શિષ્યાની જોડી એકઠી થઈ. મોઘુબાઈ, ગૃહસ્થ જીવનની જવાબદારીઓ નિભાવતા નિભાવતા, સંગીતની તાલીમનું પણ ખૂબ જ ખંતથી વહન કરતા. પોતાના ખોળામાં નાના શિશુને લઈને હાથમાં તાનપુરો લઈને તેઓ રિયાઝ કરતા. આવા કઠોર પરિશ્રમોના અનુભવમાંથી પસાર થયેલ મોઘુબાઈને ઉસ્તાદ અલ્લાદિયાખાને પોતાનાં ઘરાનાની બધી જ ચીજો મહામૂલો ભંડારનો વારસો આપ્યો. જેના પરિણામે ઉસ્તાદ અલ્લાદિયાખાનની "ઘરાના ગાયકી"ને તેના મૂળ સ્વરૂપમાં*

રજૂ કરનાર ગાયિકાઓમાં મોઘુબાઈ કડીકર તથા કેસરબાઈ કેરકર પ્રથમ સ્થાને આવે છે.

તેઓની આવી વિલક્ષણ ઐશ્વર્યથી ઓપતી સંગીત પ્રતિભાને સન્માનવા સંગીત નાટક અકાદમીએ તેમને 1968માં પુરસ્કાર અર્પણ કરી નવાજ્યા તો ભારત સરકારે ઈ.સ.1974માં તેમને 'પદ્મભૂષણ'ની પદવી તથા તાનસેન પુરસ્કારથી તેમને ગૌરવાન્તિ કર્યા હતા. તેમનું ઈ.સ. 2007માં નિધન થયું. તેઓ ગોવાની સંગીત પરંપરાના એક અમૂલ્ય સ્તંભ છે.

## 11.4 નૃત્ય

### 11.4.1 સિતારા દેવી

તેમનો જન્મ 8 નવેમ્બર, 1920ના રોજ ધનતેરસના દિવસે કલકત્તામાં થયો. આ દિવસના મહાત્મ્યને જાણીને તેમનું નામ "ધનલક્ષ્મી" રાખવામાં આવ્યું. તેમના પિતા પંડિત સુખદેવ મહારાજ કથક નૃત્યના કલાકાર તરીકે વિખ્યાત તથા કલાપ્રેમી હતા. જેથી ધનલક્ષ્મીને પણ ઘરમાં નૃત્ય અને સંગીતના માહોલે પ્રભાવિત કર્યું. બાર વર્ષની ઉંમરે સિતારાદેવીને મહાન કથક નૃત્યકાર શંભુ મહારાજ પાસેથી નૃત્યની તાલીમ મેળવવાની તક પ્રાપ્ત થઈ. ઈશ્વરદત્ત શક્તિઓ, શંભુ મહારાજ જેવા સમર્થ ગુરુની તાલીમ અને અવિરત પરિશ્રમથી સિતારાદેવી નૃત્યકળામાં પારંગત બની ગયા. તેમની લગન, પ્રતિબદ્ધતા અને નિપુણતા જોઈ શંભુ મહારાજે આગાહી કરી કે આ કિશોરી એક દિવસ નૃત્યની દુનિયાનો ઝગમગતો સિતારો બની જશે. ત્યારથી તેનું નામ પડી ગયું 'સિતારા'.

પંદરેક વર્ષની ઉંમરે સિતારાએ કલકત્તામાં નૃત્યનો કાર્યક્રમ આપ્યો. તેમનું નૃત્ય જોઈને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર એટલા ભાવવિભોર થઈ ઊઠ્યા હતા કે તેમણે સિતારાને "નૃત્યસામ્રાજ્ઞી"નું બિરુદ આપ્યું. કથક નૃત્યની સાથે તેમણે ભરતનાટ્યમ્ અને મણિપુરી જેવા પ્રાચીન શાસ્ત્રીય નૃત્ય પ્રકારો પણ શીખ્યા તથા લોકનૃત્યો ઉપર મહારથ હાંસલ કર્યુ અને પાશ્ચાત્ય નૃત્યો પણ શીખ્યા. તેમણે લચ્છુ મહારાજ પાસેથી "લાસ્ય" (નૃત્યની વિવિધ ભંગિમાઓ)માં નિપુણતા મેળવી. તેઓ મુંબઈ આવ્યા બાદ ફિલ્મ જગત ક્ષેત્રે પણ ઝંપલાવ્યું પરંતુ જીવ તો તેમનો નૃત્યનો જ હતો. આ ફિલ્મી જગતમાં અભિનય કરતાં કરતાં તેઓ નૃત્યના રિયાઝ માટે સમય ન ફાળવી શકવાને કારણે ફિલ્મો છોડી. વારાણસીના રામપુર ઘરાનાના પ્રસિદ્ધ કથક નૃત્યકાર અચ્છન મહારાજ પાસેથી ફૂટવર્કની અદ્‌ભૂત તાલીમ પ્રાપ્ત કરી. તેમણે ભારતના દર્શકોના દિલ તો જીતી લીધા જ હતા સાથે સાથે યુરોપમાં પોતાની શ્રેષ્ઠ નૃત્યકલાના પ્રદર્શનથી વિદેશીઓને પણ મંત્રમુગ્ધ કર્યા. સિતારાદેવીનીવિશેષતા એ છે કે તે નૃત્યકલાના ઉપર તેઓનું સંપૂર્ણ પ્રભુત્વ હોવાથી તેઓ ભાવપક્ષ અને અભિનયપક્ષ બંને અત્યંત અસરકારક રીતે રજૂઆત કરી શકે છે. લખનૌ ઘરાનાના શિષ્ય હોવા છતાં તેઓ નૃત્યકલા પ્રદર્શનમાં લખનૌ ઘરાનાથી છુટા પડીને કાર્યક્રમ આપે છે તે એમની નૃત્યની અનોખી આકર્ષક વિશેષતા છે.

*મુંબઈના બિરલા ભવનમાં સતત 12 કલાક નૃત્ય કરી તેમણે એક વિક્રમ પણ સ્થાપ્યો હતો. તેમના કથ્થક નૃત્યના અદ્ભુત પ્રદાન બદલ 1973માં ભારત સરકારે તેમને "પદ્મશ્રી"થી સન્માનિત કર્યા. ઈ.સ. 1970માં સંગીત નાટક અકાદમીનો એવોર્ડ, ઈ.સ. 1991માં 'શિખર સન્માન' એવોર્ડ, ઈ.સ. 1996માં પ્રતિષ્ઠિત "કાલિદાસ એવોર્ડ" જેવા અનેક એવોર્ડથી તેમની કલાને ગૌરવાન્તિ કરવામાં આવી. આ ઉપરાંત કલકત્તા ગાંધર્વ વિદ્યાલય તરફથી 'રસિક રંજના'ની ઉપાધિ મળી તથા 1977માં ખૈરાગઢ યુનિવર્સિટીએ તેમને ડૉક્ટરેટની ડિગ્રી પણ એનાયત કરી. વળી, પોતાના મૂળ વતન વારાણસીએ તેમને સન્માનિત કરવા વારાણસીના એક રસ્તાનું નામ પણ "સિતારાદેવી માર્ગ" રાખ્યું છે. નૃત્યને વરેલી આ અનોખી કલાકાર કહે છે "હું રંગમંચ ઉપર જ નૃત્ય કરતાં કરતાં જ ઢળી પડું અને તાળીઓના ગડગડાટ વચ્ચે મારી આંખો મીંચાઈ જાય એ મારી અંતિમ ઈચ્છા છે." 25 નવેમ્બર, 2014 ના રોજ મુંબઈમાં તેમનું નિધન થયું.*

### 11.4.2 મૃણાલિની સારાભાઈ

*વિદ્વતા, પ્રતિભા અને કલાનો સંગમ જેમાં જોવા મળે છે એવી મૃણાલીનો જન્મ 11 મે, 1918 ના રોજ કેરળમાં થયો. બ્રાહ્મણ પિતા સુબ્બારામ સ્વામીનાથન જાણીતા વકીલ અને પાછળથી મદ્રાસ લૉ કૉલેજનાપ્રિન્સીપાલ પણ બન્યા. માતા અમ્મુસ્વામી નાથન સામાજિક કાર્યકર્તા, સ્વતંત્ર સેનાની અને પછી સાંસદ બન્યા. ચાર ભાઈ-બહેનોમાં મૃણાલિની સહુથી નાના હતા. તેમની મોટી બહેન લક્ષ્મી સહગલ ભારતીય રાષ્ટ્રીય સેના (આઝાદ હિંદ ફોજ)માં સુભાષચંદ્ર બોઝની ઝાંસી રેજીમેન્ટની કમાન્ડર-ઈન-ચીફ હતી. શિશુ વયથી જ મૃણાલિનીનેનૃત્ય પ્રત્યે અભિરુચિ હતી. તેમની રુચિને જોઈને માતાએ મૃણાલીને પદ્ધતિસરની તાલીમ આપવા માટે રુકમણીદેવી અરૂંડેલે સ્થાપેલ નૃત્ય સંસ્થા 'કલાક્ષેત્ર'માં ગુરુ મુટ્ટુકુમારને પિલ્લાઈ અને મીનાક્ષી સુંદરમ્ પિલ્લાઈ પાસે નૃત્ય શીખવાની વ્યવસ્થા કરી આપી. મૃણાલિનીની માત્ર 11 વર્ષની ઉંમરે તેમના પિતાનું મૃત્યુ થયું તો પોતાના પિતાના ખાલીપાને તેમને નૃત્ય થકી દૂર થયો. મૃણાલિનીએ મદ્રાસ, શાંતિનિકેતન અને સ્વીત્ઝરલેન્ડ જેવા દેશોમાંથી ઔપચારિક શિક્ષણના સાથે નૃત્યની તાલીમ લીધી. તેમણે કથકલી અને મણિપુરી નૃત્યો પણ શીખ્યા પરંતુ તેમની વિશેષ રુચિ અને ભાવ તો હંમેશા "ભરતનાટ્યમ્" માટે જ રહ્યા. તેમણે ભારતીય નૃત્ય શૈલીની સાથે અન્ય વિદેશી નૃત્ય શૈલીઓનો પણ અભ્યાસ કર્યો.*

*ઈ.સ. 1942ના સપ્ટેમ્બરમાં મૃણાલિનીના પ્રેમલગ્ન જાણીતા વૈજ્ઞાનિક અને ગુજરાતના ગર્ભશ્રીમંત મિલમાલિક અંબાલાલ સારાભાઈના પુત્ર ડૉ. વિક્રમ સારાભાઈ સાથે થયા. દંપતિનો રસ સાહિત્ય, નાટક, સંગી-નૃત્યમાં હતો. આમ, વિક્રમ સારાભાઈ અને સસરા અંબાલાલ સારાભાઈના સહયોગથી શાસ્ત્રીય નૃત્યનો જ્યાં કોઈ માહોલ ન હતો તેવા ગુજરાતના અમદાવાદમાં નૃત્યના કાર્યક્રમો પણ કર્યા અને ઈ.સ. 1949માં સાબરમતીના કાંઠે "દર્પણ એકેડેમી ઑફ પરફોર્મિંગ આર્ટ્સ" નામની સંસ્થાની સ્થાપના કરી. તેઓ દક્ષિણ ભારતમાંથી કેટલાક સંગીતકારો,*

*વાદ્યકારો તથા નૃત્યકારોને પોતાની સંસ્થામાં લઈ આવ્યા. મૃણાલિની સારાભાઈએ સમગ્ર ભારતમાં તથા વિદેશોમાં અનેકવાર નૃત્ય નાટિકાઓના કાર્યક્રમ કરી શ્રોતાઓને અવિભાવક કર્યા. આ સમયના વડાપ્રધાન પંડિત નહેરૂ તથા ઈન્દિરાજી બંને મૃણાલિની સારાભાઈની નૃત્યકલાના પ્રશંસકો હતા.*

*પતિના મૃત્યુ બાદ મૃણાલિની સારાભાઈ દીકરી મલ્લિકા સાથે સંયુક્ત અનેક નૃત્ય નાટિકાઓ કરી સફળતાઓ પ્રાપ્ત કરી. 'મીરા, શક્તિ, સીતાઝ ડોટર, ચાંડાલિકા, ગીતગોવિંદ, શિવતાંડવ, સ્નેહનાં શતદલ, તાશેર દેશ, મેઘદૂત, શંકુતલા વગેરે જેવી નૃત્ય નાટીકા ચાલીસ જેટલા દેશોમાં ભજવવાને આવી.*

*મૃણાલિની સારાભાઈને અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માનો પણ પ્રાપ્ત થયેલ છે. ફ્રાંસનો પ્રખ્યાત મેડલ અને ડિપ્લોમા* 'French Archives Internationals de la dans' *પ્રાપ્ત કરનાર તેઓ સૌ પ્રથમ ભારતીય છે. ઈ.સ.* 1965 *માં ભારત સરકાર તરફથી પદ્મશ્રી, ઈ.સ.* 1979*માં કલકત્તાની રવિન્દ્ર ભારતી યુનિવર્સિટી નૃત્ય અને સાહિત્યના પ્રદાન માટે ડિ.લીટ.ની ડિગ્રી, ઈ.સ.* 1984*માં 'વિશ્વગુર્જરી' એવોર્ડ, ઈ.સ.* 1987*માં વિશ્વ ભારતી યુનિવર્સિટી તરફથી 'દેસીકોટ્ટમ'ની ડિગ્રી (આ યુનિવર્સિટી સૌથી ઊંચી ડિગ્રી), ઈ.સ.* 1991*માં ગુજરાત સરકાર તરફથી પરફોર્મિંગ આર્ટ્સના ક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન માટે "પંડિત ઓમકારનાથ ઠાકુર એવોર્ડ,* 1992 *માં મુંબઈમાં સુર-સિંગાર સંસદ દ્વારા 'રસેશ્વર' એવોર્ડ, ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 'પદ્મભૂષણ' એવોર્ડ, ઈ.સ.* 1996*માં મધ્યપ્રદેશ સરકાર તરફથી વિખ્યાત 'કાલિદાસ સન્માન' એવોર્ડ,* 2013*માં કેરલ સરકાર દ્વારા 'નિશાગાંધી પુરસ્કાર',* 2014*માં ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત પુરસ્કાર તથા આવા અનેક પુરસ્કાર અને ડિગ્રીઓથી એમને નૃત્ય માટેની નોંધપાત્ર પ્રશંસનીય કામગીરી માટે સન્માનિત કરવામાં આવ્યા છે.* 11 *મે,* 2018*ના રોજ ગુગલ ડુડલએ પણ એમના* 100*માં જન્મદિવસે તેમને યાદ કર્યા હતા. ભારતીય શાસ્ત્રીય નૃત્યના ક્ષેત્રે મૃણાલિની સારાભાઈ એક આંતરરાષ્ટ્રીય પ્રતિભા છે. મૃણાલિની સારાભાઈએ શાસ્ત્રીય નૃત્યના ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન કરી વિદેશોમાં ભારતીય સંસ્કૃતિ અને નૃત્ય પરંપરાને ગરિમા પ્રદાન કરી છે, તે બદલ ભારત તથા ગુજરાત તેનું હંમેશા ઋણી રહેશે. તેમનું મૃત્યુ* 16 *જાન્યુઆરી,* 2016*માં થયું.*

## 11.4.3 રુકમણિદેવી અરૂણ્ડેલ

29 *ફેબ્રુઆરી,* 1904*માં તમિલનાડુના મદુરૈ શહેરમાં રુકમણીદેવીનો જન્મ થયો. પિતાનું નામ નિલકંઠ શાસ્ત્રીના આઠ સંતાનોમાંની એક રુકમણીદેવી હતા. પિતા પારંપારિક મૂલ્યો સજ્જ અને જાતિભેદ, પશુબલિ તથા પૂર્વાગ્રહોને પસંદ કરતા ન હોવાથી તેમણે પોતાના બાળકોને થિયોસોફીકલ સોસાયટીમાં સાંકળ્યા. થિયોસોફીકલ સોસાયટીના માહોલમાં મોટી થયેલ રુકમણીદેવીના પિતાના મૃત્યુ પછી એક પ્રતિષ્ઠ થિયોસોફીકલ અને એની બેસન્ટના સહયોગી ડૉ. જ્યોર્જ અરૂણ્ડેલના નિકટના સંપર્કમાં આવ્યા અને પોતાનાથી* 24 *વર્ષ ઉંમરમાં મોટા ડૉ. જ્યોર્જ અરૂણ્ડેલ સાથે ઈ.સ.* 1926*માં પોતાના પરિવારની પરવાનગીથી લગ્ન સંબંધમાં જોડાયા. ડૉ.*

અરૂણ્ડેલની સાથે લગ્ન સંબંધમાં જોડાયા પછી રુકમણીદેવીએ મોટા પ્રમાણમાં પ્રવાસ કર્યો. એની બેસન્ટ જેવા વ્યક્તિઓની સાથે નિકટના સંબંધ કેળવાયા અને આવા લોકોના મૂલ્યો આત્મસાત કરી આંદોલનની સક્રિય સભ્ય બની.

એક વિદેશ યાત્રા દરમ્યાન રુકમણીદેવીની મુલાકાત પ્રસિદ્ધ બેલે ડાન્સર અન્ના પાવલોવાથી થઈ. તેમના નૃત્યથી પ્રભાવિત થઈ અને પોતાને પણ ભારતીય નૃત્ય શીખવવું જોઈએ અંતરતૃષ્ણા જાગી. રૂઢિચુસ્ત સમાજની રુકમણીદેવીએ 1927 બાદ પંડાનભ્ભૂર મીનાક્ષી સુંદરમ્ પિલ્લઈ પાસેથી ભારતીય નૃત્ય ભરતનાટ્યમને શીખવા અને સમજવા માટે શુદ્ધ આત્માથી અથાગ પરિશ્રમ અને અનેરા ઉત્સાહ સાથે શરૂ કર્યુ. તેમણે ઈ.સ. 1935માં થિયોસોફીકલ સોસાયટીના ડાયમંડ જુબલી સમારોહમાં પોતાનું પહેલું પ્રદર્શન આપ્યું. આ પ્રદર્શનથી અનેક લોકોની તેમને ખોટી આલોચનાઓ સહન કરવી પડી પરંતુ કેટલાય અભિભાવકો આ પ્રદર્શનથી મંત્રમુગ્ધ થયા. નોબલ પુરસ્કાર વિજેતા સી.વી. રમને કહ્યું કે ***"आप में से कुछ, मुझे उम्मीद है - आप समी*** भी ***आपने जो कुछ देखा उसमें रोमांचित हुए होंग। हिमालय की ऊँचाइयों सें कृपा को नीचें लाकर इस*** मंच ***की धरती पर रखा गयाहै।"***ડૉ. અરૂણ્ડેલએ પણ રુકમણીદેવીના આ નૃત્યની પ્રશંસા કરી. તેમણે નૃત્યની પરંપરામાં આમૂલ પરિવર્તન લાવ્યું. સંગીતકાર જે નૃત્યકારની આગળ-પાછળ બાજુમાં નૃત્ય સમયે રહેતા તેના બદલે સ્ટેજ ઉપર તેમને અલગ સ્થાન આપ્યું. વેશભૂષામાં પણ સૌંદર્યપૂર્ણ પરિવર્તન આવ્યું. તેઓ આ કલામાં પુનર્જાગરણ સમયની શરૂઆત કરી રહી હતી.

રુકમણીદેવીએ પોતાના પતિ, શુભચિંતકો અને મિત્રોના દાનના માધ્યમથી તેમણે "કલાક્ષેત્ર" નામથી એક નૃત્ય સંસ્થાની સ્થાપના કરી. તેમણે અલગ-અલગ ક્ષેત્રના લોકોને આ સંસ્થામાં જોડાવા માટે પ્રેરીત કર્યા. જેમાં શંકર મેનન, શિક્ષણવિદ્, ચિંતામણી ત્રિલોકકર અને તેમની પત્ની, ડી પદ્માક્ષિની અને તેમના ભાઈ સુબ્રમણ્યમ શાસ્ત્રી, એ. શારદા, પીટર હોફમેન કે. ચંદ્રશેખર, સર સી.વી. રમન વગેરે વિદ્વજનોને તેમણે આમાં જોડ્યા. તેમણે દેશ-વિદેશથી શિષ્યો અભ્યાસ કરી શકે તેવી આ સંસ્થામાં વ્યવસ્થા કરી. પોતાના પતિનું ઈ.સ.1945માં મૃત્યુ થયા બાદ રુકમણીદેવી અને 'કલાક્ષેત્ર'ને ઘણી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

ઈ.સ. 1977માં તત્કાલીન પ્રધાનમંત્રી મોરારજી દેસાઈએ તેમની લગન જોઈને તેમને ભારતના રાષ્ટ્રપતિ બનવા માટે આમંત્રિત કર્યા. તેમણે આ પ્રસ્તાવનો અસ્વીકાર કરી પોતાની કલાક્ષેત્ર પ્રત્યેની પ્રીત અને ચાહનાને પ્રાથમિકતા આપી. ઝોઓએ 30 વધારે નૃત્ય નાટિકાઓની રચના અને ભારત સિવાયના અનેક દેશોમાં તેનું પ્રદર્શન પણ કર્યુ. તેઓ સારી નર્તકી, કોરિયોગ્રાફર, એક શ્રેષ્ઠ ગુરુની કલા પોષકની સાથે એક સારી વક્તા અને પશુ કલ્યાણકારી જીવ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમને ઈન્ડિયા ટુડેની "ભારતને આકાર આપવાવાળી 100 વ્યક્તિઓમાં સ્થાન મળે છે. ઈ.સ. 1956માં પદ્મભૂષણ અને 1967માં સંગીત નાટક અકાદમી ફેલોશીપથી સન્માનિત ઈ.સ. 1972માં ભારતની વિશ્વ વિદ્યાલય તરફથી 'દેસીકોથામાં',

1957માં સંગીત નાટક અકાદમી પુરસ્કાર, 1984માં મધ્યપ્રદેશ સરકાર તરફથી કાલિદાસ પુરસ્કાર, ઈન્દિરા કલા સંગીત વિશ્વવિદ્યાલય તરફથી ડી.લીટની પદવી, ઈ.સ. 1987ની ભારતીય ટપાલ ઉપર પણ તેમને સ્થાન આપવામાં આવ્યું તથા 2016 માં ગુગલે રુકમણીજીના 112 મા જન્મદિવસ ઉપર ડુડલ બનાવી સન્માનિત કર્યાં. ઈ.સ. 1986, 24 ફેબ્રુઆરીએ તેમનું નિધન થયું.

### 11.4.4 પદ્મશ્રી બાલા સરસ્વતી

વારસામાં જ કલા અને સંસ્કૃતિ લઈને જન્મનાર બાલા સરસ્વતીનો જન્મ 13 મે 1918 ના રોજ મદ્રાસમાં થયો. તેમના પરદાદી વીના ધનમલ સંગીતકાર અને નર્તક હતા. બાલા સરસ્વતીની માતા બયમ્મલ એક ગાયિકા હતી. બાલાની ચાર વર્ષની ઉંમરમાં તેની નૃત્યની તાલીમનો શુભારંભ થઈ ગયો. તાંજોર દરબારમાં ખ્યાતિ પ્રાપ્ત "તાંજોર બંધુઓ"માંના એક નૃત્યકાર સ્વ કંડપ્પન પાસેથી બાલા સરસ્વતીએ શિક્ષા દીક્ષા લીધી. શિશુ વયમાંથી નૃત્યની ઉત્તમ તાલીમ લઈ બાલા સરસ્વતી મહાન નૃત્યાંગના બનીને ઈ.સ. 1934 માં કલકત્તામાં પહેલીવાર દક્ષિણ ભારતની બહાર પોતાની પારંપારિક શૈલી પ્રદર્શન કરવાવાળી પહેલી મહિલા હતી. તેમણે ગૌરી અમ્મલ, ચિન્નૈયા નાયક અને લક્ષ્મી નારાયણ શાસ્ત્રી જેવા મહાન આચાર્ય અને સમર્થ ગુરુઓ પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું.

ઉત્તર ભારતમાં "ભરતનાટ્યમ્" નૃત્યની કલા અને સંસ્કૃતિના પ્રધાન અંગ તરીકે પ્રતિસ્થાપિત કરવામાં બાલા સરસ્વતીનું પ્રદાન સરાહનીય છે. ઈ.સ. 1931માં જાપાનમાં ટોક્યો નગરમાં 'પૂર્વ પશ્ચિમ સંગીત સંમેલન'ના ઉપક્રમે ભરતનાટયમ્નું પ્રભાવક પ્રદર્શન કરીને પશ્ચિમ જગતને આ નૃત્ય પ્રકારની રમણીયતા અને મધુરતાનું રસપ્રદર્શન કરાવ્યું હતું. તેઓએ ભારતના અનેક સ્થળે તથા વિદેશોમાં પણ નૃત્યકલાને પ્રદર્શિત કરી હતી. તેમને સંગીત નાટક અકાદમી તરફથી 1959માં પુરસ્કાર તથા 1977 માં ભારત સરકાર તરફથી 'પદ્મવિભૂષણ' પુરસ્કાર, મદ્રાસ સંગીત અકાદમી તરફથી પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો. બંગાળી ફિલ્મ નિર્દેશક સત્યજીત રે ને એક વૃત્ત ચિત્ર ફિલ્મ બાલા સરસ્વતી ઉપર 'બાલા' નામે બનાવી હતી.

લગભગ અડધી સદી સુધી 'ભરતનાટ્યમ્'ને દેશ તથા વિદેશોની રંગભૂમિઓ ઉપર રજૂ કરીને અમર બનાવનાર મહાન નર્તકી બાલા સરસ્વતી 66 વર્ષની ઉંમરે ઈ.સ. 1984 માં નવમી ફેબ્રુઆરીના દિવસે મૃત્યુ શૈયા પર પોઢી ગયા. 2010 માં તેમની કલાને માન આપી ભારત સરકારે તેમને ટપાલ ટિકિટ ઉપર પણ સ્થાન આપ્યું.

## 11.5 ફિલ્મો અને થિયેટર

### 11.5.1 દુર્ગાબાઈ કામત

ભારતીય ફિલ્મોની પહેલી મહિલા અભિનેત્રી એટલે દુર્ગાબાઈ કામત. દુર્ગાબાઈનો જન્મ ઈ.સ. 1879 માં એક મરાઠી બ્રાહ્મણ પરિવારમાં થયેલ. તે બાળપણથી જ કલાપ્રિય હતા. માટે તેમણે વીણા, તબલા અને સિતાર જેવા સંગીત વાદ્યો વગાડવાનું

*શીખી લીધું. 1900 ના દાયકાની શરૂઆતમાં ફિલ્મ અને થિયેટર ક્ષેત્રે મહિલાઓને અભિનય કરવાની મનાઈ હતી. જેથી ભારતીય સિનેમાના પિતામહ દાદા સાહેબ ફાળકેની પહેલી ફિલ્મ રાજા હરિશચંદ્રમાં મહિલાની ભૂમિકા એક પુરુષ દ્વારા ભજવવામાં આવી હતી. જ્યારે વાસ્તિકતાથી દર્શકોને વધુ અભિપ્રેરીત કરતા માટે દાદા સાહેબએ પોતાની બીજી ફિલ્મી "મૌહિની ભસ્માસૂર" માટે મહિલા અભિનેત્રીની શોધખોળ કરવાની ચાલુ કરી.*

*દુર્ગાબાઈએ સાત ધોરણ સુધી અભ્યાસ કર્યા બાદ પોતાના ઈતિહાસના શિક્ષક આનંદ નાનોસ્કરથી લગ્ન કર્યા.તેમને કમલાબાઈ નામે દીકરી અવતરી. લાંબો સમય ન ટકેલ લગ્ન જીવન દુર્ગાબાઈએ પોતાની દીકરી કમલાબાઈનો ઉછેર એકલપંડે કરવા માટે એક યાત્રાશીલ થિયેટર કંપનીમાં જોડાયા. આ સમયમાં મહિલાઓનું અભિનયમાં જોડાવું એક નાનમ ભરેલ કામ હોય દુર્ગાબાઈને બ્રાહ્મણ સમુદાયે બહિષ્કાર કર્યો. આ જ સમયે એમને દાદાસાહેબ દ્વારા તેમની બીજી ફિલ્મ "મૌહીનિ ભસ્માસુર"ના માટે દુર્ગાબાઈને પ્રસ્તાવ મોકલ્યો, જે દુર્ગાબાઈએ સહર્ષ સ્વીકાર્યો. આમ, દુર્ગાબાઈ ભારત સિનેમાની સૌ પ્રથમ મહિલા અભિનેત્રી હતા. તેમની દીકરીએ પણ આ ફિલ્મમાં ભૂમિકા ભજવી હોવાથી કમલાબાઈ સૌ પ્રથમ ભારતીય મહિલા બાળકલાકાર તરીકે પ્રસિદ્ધ થયા.*

*દુર્ગાબાઈના સાહસને લીધે ભારતીય સિનેમામાં મહિલાઓનું પર્દાપણ થયું. આમ, ભારતીય સિનેમાની સૌ પ્રથમ અભિનેત્રી દુર્ગાબાઈ કામતનું* 17 *મે,* 1997*માં પૂના-મહારાષ્ટ્રમાં એમનું મૃત્યુ થયું. પ્રસિદ્ધ અભિનેતા ચંદ્રકાન્ત ગોખલેની દાદા અને વિક્રમ ગોખલે તથા મોહન ગોખલેની પરદાદી દુર્ગાબાઈ એક મહિલાના રૂપમાં મિશાલ છે. જેમણે પિતૃ સત્તાત્મક બંધનને તોડવાનો જબરદસ્ત નિર્ણય લઈ સમાજની ટીકા અને બહિષ્કાર વચ્ચે સિનેમા ક્ષેત્રે પર્દાપણ કરવાનું પગલું ભર્યું.*

1900 *માં જન્મેલ કમલાબાઈએ પોતાની પાંચ વર્ષની ઉંમરે અભિનય કરતા હતા. ઈ.સ.* 1912-13*માં તેમણે પોતાની માતાની સાથે "ભસ્માસુર મોહિની"માં અભિનય કર્યો.* 15 *વર્ષની ઉંમરે કમલાબાઈ સેલિબ્રિટી થઈ ગયા હતા. પછીના વર્ષ અભિનય સાથે જોડાયેલ રઘુનાથરાવ ગોખલે સાથે લગ્નસંબંધમાં જોડાણા. કમલાબાઈએ* 1930 *ની આસપાસ વીર સાવરકરના નિર્દેશનમાં 'ઉષાય' નામના નાટકમાં પણ કામ કર્યુ. કમલાબાઈએ* 35 *થી વધારે ફિલ્મોમાં કામ કર્યુ. કમલાબાઈ* 25 *વર્ષની ઉંમરે જ વિધવા થઈ ગયા હતા. પોતાની માતાની જેમ ત્રણ બાળકોના ઉછેરની જવાબદારી તેમને એકલપંડે નિભાવી.*

*"શો મસ્ટ ગો ઓન"માં માનનારી કમલાબાઈને કેટલીય વાર ચાલુ નાટકોમાં પતિનું મૃત્યુ કે પછી સ્ટેજ તૂટી જવું કે પોતાના હાથે ઈજા થવા છતાં શો વચ્ચે અટકાવ્યો ન હતો. તેમણે ઈ.સ.* 1980 *માં છેલ્લી ફિલ્મ ગહરાઈ કરી. ઈ.સ.* 1997 *ને* 17 *મેના દિવસે તેમનું નિધન થયું.*

### 11.5.2 ફાતેમા બેગમ

*ભારતીય સિનેમાની પહેલી ફિલ્મ નિર્દેશક ફાતિમા બેગમનો જન્મ ઈ.સ. 1892 માં ભારતમાં એક ઉર્દૂ ભાષી મુસ્લિમ પરિવારમાં થયો હતો. તેમણે રંગમંચ માટે પ્રશિક્ષણ લીધું હતું. તેઓએ ઉર્દૂ અને હિંદી નાટકોમાં પણ અભિનય કર્યો. તેમણે ફિલ્મોમાં અભિનય ક્ષેત્રે પણ પદાર્પણ કર્યું. ઈ.સ. 1926 માં તેમણે ફાતિમા ફિલ્મસની સ્થાપના કરી અને તેના નેજા હેઠળ "બુલબુલ-એ-પરિસ્તાન"ની ફિલ્મથી ફાતિમા બેગમ ભારતીય સિનેમાની એક પ્રથમ મહિલા નિર્દેશક બની. તેમની કંપની ત્યારબાદ 1928 થી વિક્ટોરિયા-ફાતિમા ફિલ્મસના નામથી ઓળખાવા લાગી.*

*અફવા મુજબ તેમના લગ્ન નાઈટ ગ્રેટ કમાન્ડર દ ઓર્ડર ઓફ ધ ઈન્ડિયન અમ્પાયર નવાબ સિંદી ઈબ્રાહીમ મુહમ્મદ યાકુતખાન તૃતીય થી થયા હતા. પણ આ બાબતનો કોઈ કાનૂની રેકોર્ડ નથી. ફાતિમા બેગમની દીકરીઓ ઝુબેદા, સુલ્તાના અને શહનાઝી પણ હતી. એમાં ઝુબેદાએ ઈ.સ. 1931માં ભારતની સૌ પ્રથમ બોલતી ફિલ્મ આલમઆરામાં અભિનય કરી ભારતની સૌ પ્રથમ બોલતી ફિલ્મની હિરોઈન તરીકેનું બહુમાન મેળવ્યું. ફાતિમા બેગમનું 93 વર્ષની વયે ઈ.સ. 1983માં મૃત્યુ થયું. ભારતીય સિનેમાની અગ્રગણીય મહિલાઓમાં ફાતિમા બેગમનું નામ સૌ પ્રથમ મહિલા નિર્દેશિકા તરીકે મહત્ત્વનું છે.*

## 11.6 અન્ય ક્ષેત્રે

### 11.6.1 કમલાદેવી ચટ્ટોપાધ્યાય-ભારતીય હસ્તકલા

*કમલાદેવી ચટ્ટોપાધ્યાયના પ્રારંભિક જીવન, શિક્ષણ, સ્વતંત્રતા આંદોલન ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે તથા સમાજસુધારણા ક્ષેત્રે તેમણે કરેલ પ્રદાન વિશે અગાઉના પ્રકરણ 2 માં જોઈ ચૂક્યા છીએ. અહીં કમલાદેવી ચટ્ટોપાધ્યાયે કલા ક્ષેત્રે કરેલ પ્રદાન વિશે જાણીશું.*

*કમલાદેવી ચટ્ટોપાધ્યાયે દેશના વિવિધ ભાગોમાં પથરાયેલી સમૃદ્ધ હસ્તકલા અને હાથવણાટ કલાને શોધવા માટે અદ્ભૂત અને પ્રશંસનીય કાર્ય કર્યું. કમલાદેવી ચટ્ટોપાધ્યાય પહેલી ભારતીય મહિલા હતી જેમણે હાથશાળા અને હસ્તકલાને માત્ર રાષ્ટ્રીય જ નહિ પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ઓળખ અપાવી. અખિલ ભારતીય હસ્તશિલ્પ બૉર્ડ તથા અખિલ ભારતીય હાથવણાટ બૉર્ડ જેવી પ્રમુખ સંસ્થાઓનું અસ્તિત્વમાં આવવું તેમની સક્રિય સમર્થનનું પરિણામ હતું. સ્વતંત્રતા પછી ઈ.સ.1952 માં "ઓલ ઈન્ડિયા હેન્ડીક્રાફટ"ના પ્રમુખ તરીકે તેમની નિયુક્તિ કરવામાં આવી. તેમને દેશના વણકરો માટે જે જુસ્સાથી કામ કર્યુ હતું તેનો પ્રભાવ ગામડાઓના કારીગરો, વણકરો, ગૂંથણકામ કરનાર અને સુવર્ણકારોએ તેમની સેવાથી પ્રેરીત થઈ "હાથવણાટ માં"નું નામ આપ્યું હતું.*

*તેમણે લોક પરંપરાઓ અને શાસ્ત્રીય કલાને પુનર્જીવીત કરવા માટે જે પગલાં ભર્યા હતા તેના પરિણામે ઈન્ડિયન નેશનલ થિયેટરની સ્થાપના થઈ. જે આગળ જતા ભારતનું પ્રસિદ્ધ નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા બન્યું. આ ઉપરાંત સંગીત નાટક*

*અકાદમીની પણ સ્થાપના થઈ. આ બધા કામો માટે આઝાદી પહેલા અને આઝાદી પછી પણ સરકાર સાથે સંઘર્ષ કરવો પડ્યો. કલા, સંગીત, નૃત્ય, રંગમંચ અને હસ્તકલાના પ્રતિ એમનો પ્રેમ અને જનૂન હતું. તેમણે દૂરદૂરના હાથવણાટ અને હસ્તશિલ્પ તથા ગુમનામ રંગમંચીય શૈલીને સંરક્ષિત, ઉન્નત તથા પ્રસ્તુત કરવા માટે અનેક શોધખોળ તથા કાર્યો કર્યા.*

*પદ્મભૂષણ અને પદ્મવિભૂષણથી સન્માનિત કમલાદેવીને* 1966 *માં રેમન* મૈગ્સેસે *પુરસ્કાર, સંગીત નાટક અકાદમી દ્વારા "ફેલોશીપ અને રત્ન સદસ્ય" તથા* 1974 *માં "લાઈફટાઈમ અચીવમેન્ટ" પુરસ્કાર, યુનેસ્કો દ્વારા ઈ.સ.* 1977 *માં હેન્ડીક્રાફ્ટને પ્રોત્સાહન આપવા માટે સન્માનિત અને શાંતિનિકેતને પોતાના સર્વોચ્ચ સન્માન "દેસિકોટ્ટમ"થી સન્માનિત કર્યા હતા. નારી આંદોલનની પથદર્શક કમલાદેવીનું મૃત્યુ* 29 *ઓક્ટોબર* 1988 *માં થયું.*

## 11.7 તમારી પ્રગતિ ચકાસો

**(અ)વિસ્તૃત પ્રશ્નો**

1. *ચિત્રકલા ક્ષેત્રે આપેલ મહિલાઓનો ફાળો સવિસ્તાર જણાવો.*

2. *નૃત્યમાં કઈ કઈ મહિલાઓ મોખરાનું સ્થાન ધરાવે છે ? સવિસ્તાર સમજાવો.*

3. *શરૂઆતમાં 'ફિલ્મો અને થિયેટર' ક્ષેત્રે પ્રારંભિક તબક્કામાં નોંધપાત્ર પ્રદાન કરનાર મહિલાઓ વિશે વિસ્તૃત રીતે લખો.*

**(બ) એક વાક્યમાં પ્રશ્નોના જવાબ આપો.**

1. *ચિત્રકાર 'અમૃતા શેરગીલ'નો જન્મ ક્યાં થયો હતો ?*

2. ક્યા આવેલી ભારતીય દૂતાવાસની કચેરીમાં 20 ફૂટ લાંબું બી-પ્રભાએ દોરેલ ભીંતચિત્ર શોભાયમાન છે ?

3. અમદાવાદની કઈ જાણીતી પ્રથમ આધુનિક મહિલા શિલ્પકાર, ચિત્રકાર, લેખિકા અને કલા સમીક્ષક છે ?

4. ચિત્રકાર દેવયાની કૃષ્ણનો જન્મ ક્યાં થયો હતો ?

5. શાસ્ત્રીય ગાયિકા કિશોરી અમોનકારે કોને 'આઠમો સૂર' કહ્યો છે ?

6. 'ગ્રામોફોન ગર્લ તરીકે કોણ ઓળખાય છે ?

7. સુરસિંગાર સંસદે "શાડ્ર્ગદેવ ફેલોશિપ" કોને આપી હતી ?

8. મોઘુબાઈ કુર્ડીકરનો જન્મ જે 'કુર્ડી' ગામમાં થયેલ તે કયા રાજ્યમાં આવેલ છે?

9. સિતારાદેવીનું વાસ્તવિક નામ શું હતું ?

10. મૃણાલિની સારાભાઈના લગ્ન કોની સાથે થયાં હતાં ?

11. રુકમણિ અરૂણ્ડેલનો જન્મ તામિલનાડુના કયા શહેરમાં થયો હતો ?

12. *'ભરતનાટ્યમ્'ને દેશ-વિદેશમાં અમર બનાવનાર મહાન નર્તકી કોણ હતી ?*

______________________________________________

______________________________________________

______________________________________________

13. *'ફાતેમા બેગમ' કઈ ફિલ્મથી ભારતીય સિનેમાના પ્રથમ મહિલા નિર્દેશક બન્યા ?*

______________________________________________

______________________________________________

______________________________________________

14. *દુર્ગાબાઈ કામત અને કમલાબાઈ ગોખલેએ કઈ ફિલ્મમાં સંયુક્ત રીતે ભૂમિકા ભજવી છે ?*

______________________________________________

______________________________________________

______________________________________________

## 11.8 સંદર્ભ

*આમ, ભારતમાં અનેક મહિલાઓએ અલગ-અલગ ક્ષેત્રે પોતાનું આગવું પ્રદાન કરી,આવનારી પેઢી માટે એક નવી મિશાલ ઊભી કરી. પરાપૂર્વથી માતૃસત્તાક રહેલ ભારત દેશમાં ઘૂસી ગયેલ પિતૃસત્તાક રૂઢિચુસ્તતાને ખદેરી કાઢીને નવો ચિલો ચિતરનારી આ મહિલાઓ કે જેમણે નૃત્ય, ગાયન, રંગમંચ, ચિત્રકલા તથા અન્ય કલાઓમાં નોંધપાત્ર યોગદાન આપ્યું. આ મહિલાઓએ અનેક સામાજિક અને સાંસ્કૃતિક બંધનોનો સામનો કરતા કરતા તેમની કલાને અને કલારસિકોને નવી દિશા આપી.*

## 11.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(1) *હંગેરીના બુડાપેસ્ટમાં*

(2) *ટોક્યો (જાપાન)*

(3) *એસ્થરરૂબિન ડેવિડ*

(4) *મધ્યપ્રદેશના ઈન્દોર*

(5) *એમ.એસ. સુબ્બુલક્ષ્મી*

(6) *ગોહરજાન*

(7) *કેસરબાઈ કેરકર*

(8) *ગોવા*

(9) *ધનલક્ષ્મી*

(10) *ડૉ. વિક્રમ સારાભાઈ*

(11) *મદુરે (મદુરાઈ)*

(12) *પદ્મશ્રી બાલા સરસ્વતી*

(13) *બુલબુલ-એ-પાકિસ્તાન*

(14) *મોહિની ભસ્માસુર*

## 11.10 સંદર્ભસૂચિ


- *સાવલીયા મનસુખ "ભારતના મહાન સંગીતકારો"*
- *બેલા ઠાકર "નારી પ્રતિભાઓ" ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ* 1999
- hi.m.wikipedia.org/wiki/y{]íkk-þuhøke÷
- wikipedia.org/w/index.php?title=Ï¢è.Ðí|¢¢ 8Up
- rov=rarw1
- estherdavid.com/esther-david/biography/
- gu.m.wikipedia.org/wiki/yuMÚkh-zurðz
- www.saffronart.com/artists/devyani.krishna
- https://dagworld.com/devyani-krishna.html
- https://msstribute.org/herlifel
- wiki.pedia.org/wiki/Gauhar-Jaan
- www.parrikart.org/vpl/catalogue/hindustan:/kasarbai-kerkar/
- feminisminindia.com/2023/09/12/kesarbai_kerkar-legendany-classical_singar_whose.voice_went-indianwomen-History
- parrikar.org/vpl/catalogue/Hindustan;/mogubai-kurdikar/
- archive.org/details/dni.ncaa.sf.sfs000373-sp
- wiki.pedia.org/wiki/Mogubai_Kurdikar
- bharatdiscovery.org/India/rMkíkkhkËuðe
- wikipedia.org/wiki/Rukmini_Devi_Arundale
- www.Kalakshetra.in/the_founder
- saraswatisangeetsadhana.in/balasarswati-biography-in-hindi/
- m.nari.punjabkesari.in/nari/news/sirbollywood-actress-durgabai-kamat-lifestory-1468132
- Wikipedia.org>wiki>Durgabai_Kamal
- Youtube.com/watch?v=_CSWYBZWP4c-hindiRadio
- Wikipedia.org/wiki/komlabai_gokhale
- Wikipedia.org/wiki/Fatma-Begum
- goldenglobes.com/articles/Fatma-begma_first-women_director_India_film/

**એકમ : 12** | **ગુજરાતી સ્ત્રી સામયિકો : નારી ચેતનાનો આવિષ્કાર 1850 થી 1947**

## :: રૂપરેખા ::

**12.0 ઉદ્દેશ્યો**

**12.1 પ્રસ્તાવના**

**12.2 ગુજરાતી સ્ત્રી સામયિકો 1850 થી 1947**

**12.2.1 સ્ત્રીબોધ**

**12.2.2 સ્ત્રીજીવન**

**12.2.3 મહિલા**

**12.2.4 સંચાર**

**12.2.5 સ્ત્રી મિત્ર**

**12.2.6 સુંદરી સુબોધ**

**12.2.7 ગુણસુંદરી અને સ્ત્રી હિતોપદેશ**

**12.2.8 યશોદા**

**12.2.9 અન્ય સામયિકો**

**12.2.10 અન્ય સામયિકો**

**12.3 સારાંશ**

**12.4 તમારી પ્રગતિ ચકાસો**

**12.5 ચાવીરૂપ શબ્દો**

**12.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**12.7 સંદર્ભ**

## 12.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે*

- *ગુજરાતી સ્ત્રી સામયિકો વિશે માહિતી પ્રાપ્ત કરશો.*
- *ગુજરાતનાં સ્ત્રી સામયિકો કઈ રીતે સ્ત્રી ચેતનાના પથદર્શક બન્યા તે જાણશો.*
- *સામયિકોના વિષયવસ્તુ અને તેના ઉદ્દેશો વિશે માહિતગાર થશો.*

- *સામાજિક ચેતનામાં સામયિકોની ભૂમિકા વિશે જાણશો.*

## 12.1 પ્રસ્તાવના

*સ્ત્રી અધિકારો માટેની લડતના ઘણા આયામો છે. એમાનું એક મહત્ત્વનું લેખન દ્વારા લોક જાગૃતિ છે. બ્રિટિશકાળમાં શિક્ષણમાં સુધારા અને સ્ત્રી શિક્ષણના કારણે આ પ્રક્રિયા વધુ સરળ બની. સ્ત્રીઓની દશા અને પ્રગતિની દિશામાં પરિવર્તન લાવવા માટે 19મી સદીના ઉત્તરાર્ધ અને 20મી સદીના પૂર્વાર્ધમાં અનેક સામયિકોએ આ ભૂમિકા સુપેરે નિભાવી. આ સદીમાં પ્રકાશિત થતાં અનેક સામયિકોએ મહિલાઓના પ્રશ્નોને વાચા આપવાનું કાર્ય કર્યું. મહિલાઓની વિવિધ સમસ્યાઓ, અધિકારો અને તેમને સમાનતાનો દરજ્જો અપાવવા જેવા અનેક મુદ્દાઓ આ સામયિકોએ આવરી લીધા.*

*સ્ત્રીઓના દરજ્જા સુધારણાના આ અભિયાનના બે સોપાન છે. પ્રથમ 19મી સદી દરમિયાન શરૂ થયેલ સામાજિક-ધાર્મિક આંદોલનો અને બીજું ગાંધીજીના આગમન પછી રાષ્ટ્રીય આંદોલનોમાં મહિલાઓની ભાગીદારી. જેમાં રચનાત્મક પ્રવૃત્તિએ આ કાર્યને વેગવંતું બનાવ્યું હતું. સામાજિક ધાર્મિક આંદોલનોની લહેરમાં લગભગ તમામ સંસ્થાઓએ સ્ત્રીઓના પ્રશ્નોને પ્રાધાન્ય આપ્યું. બુદ્ધિજીવી મધ્યમવર્ગના પ્રયત્નો અને યોગ્ય માર્ગદર્શનના કારણે લોકોનું તેના પ્રત્યે ધ્યાન આકર્ષિત થયું. સમાજના પ્રતિષ્ઠિત લોકોએ આવા સામયિકોમાં પોતાના લેખો લખ્યાં. ગુજરાત રાજ્યમાં પણ આ માટેનાં પૂરતાં પ્રયાસો થયાં. અનેક ગુજરાતી સામયિકો સ્ત્રીઓના પ્રશ્નો લઈને શરૂ થયા. આ સામયિકોએ મહિલાઓમાં જાગૃતિ અને સમાજમાં તેમના સ્થાન અને તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. આમાંના ઘણા સામયિકો અવિરત ચાલુ રહ્યાં તો ઘણા કાળચક્રમાં વિલુપ્ત થયાં. આ સામયિકો કયા છે, તેમની સ્થાપના, તેમના ઉદ્દેશો, તેમનું વિષયવસ્તુ અને સમાજમાં પરિવર્તન લાવવામાં તેમની કેવી ભૂમિકા રહી તેની વિગતે ચર્ચા આ અધ્યાયમાં કરવામાં આવી છે.*

## 12.2 ગુજરાતી સ્ત્રી સામયિકો 1850 થી 1947

*ગુજરાતમાં 18મી અને 19મી સદી દરમ્યાન શરૂ થયેલા આ અગત્યના સામયિકો. "સ્ત્રીબોધ", "સ્ત્રીજીવન", "મહિલા", "સંચાર", "સ્ત્રી મિત્ર", "સુંદરી સુબોધ", "ગુણસુંદરી અને સ્ત્રી હિતોપદેશ", "યશોદા", "ગુજરાતી સ્ત્રી", "શ્રીમતી", "સ્ત્રી પ્રજ્ઞા", "મહિલા સંશોધન", "કહાની", "નારીકુંજ" વગેરે છે આમાંના કેટલાકનું સંપાદન સ્ત્રીઓ દ્વારા થતું તો કેટલાકનું સંપાદન પુરુષો દ્વારા થતું હતું પરંતુ બધા જ સામયિકોમાં સ્ત્રીઓ કેન્દ્રમાં હતી.*

### 12.2.1 સ્ત્રીબોધ

*1857માં શરૂ થયેલ "સ્ત્રી બોધ"ને ગુજરાતનો જ નહીં પરંતુ ભારતનો પ્રથમ સ્ત્રી સામયિક હોવાનો શ્રેય પ્રાપ્ત થાય છે. સામાજિક ધાર્મિક સુધારણા આંદોલનની લહેર ભારતના લગભગ બધાં જ ધર્મોમાં વર્તાતી જોઈ શકાય છે. પારસી સમાજ પણ*

*તેનાથી બાકાત ન હતું. સ્વભાવે શાંત અને શિક્ષિત ગણાતી આ કોમે સમાજ પરિવર્તન માટે સુધારક સંસ્થા રહનુમાએ મજદાયાસન સભાની સ્થાપના* 1851*માં કરી. સ્ત્રી અધિકારોની લડત માટે જાણીતા બહેરામજી મલબારીની ભૂમિકા તેની સ્થાપનામાં આગળ પડતી હતી. તેમની આ પ્રસિદ્ધિની ચર્ચા ઈંગ્લેન્ડ સુધી પહોંચી હતી. પારસીઓ પ્રારંભથી જ વધુ શિક્ષિત અને અંગ્રેજોના સપર્કમાં હોવાને કારણે તથા પાશ્ચાત્ય સંસ્કૃતિથી પ્રભાવિત હોવાને કારણે તેમણે પરિવર્તનને ઝડપી અપનાવ્યું. પારસી સમાજની કેટલીક માન્યતાઓ અને રૂઢિઓ એમને નડતરરૂપ લાગી. તેઓ જાણતાં હતાં કે સમાજમાં પરિવર્તન લાવવા માટે સ્ત્રી શિક્ષણ ખૂબ જરૂરી છે અને સ્ત્રી સમાજનું અભિન્ન અંગ હોવાથી સ્ત્રીઓની ભૂમિકાઓ પરિવર્તનમાં અગત્યની રહેશે. તેથી તેમણે સ્ત્રી કેળવણીને પ્રોત્સાહન આપ્યું અને શિક્ષિત મહિલાઓના ઈતર વાંચન માટે ગૃહજીવન અને સ્ત્રીઓને લગતાં અન્ય બાબતોનાં જ્ઞાન માટે કેટલાંક પારસી ગૃહસ્થોએ "સ્ત્રીબોધ" નામે માસિક શરૂ કર્યું.*

*આ સમયે મુદ્રણકળા સંપૂર્ણ રીતે વિકસી ન હતી. તેથી ખર્ચાળ હતી. શિક્ષિત સ્ત્રીઓની સંખ્યા પણ ઘણી ઓછી હતી. પરિણામે સામયિકનું ગ્રાહક વર્તુળ પણ જૂજ હતું. સામે ખર્ચ વધારે રહેતો. સામયિકને આર્થિક સહાય કરવા માટે "સ્ત્રી સભા"ની રચના કરવામાં આવી. સભાની બેઠકમાં એક ઠરાવ કરવામાં આવ્યો કે આ સામયિક દર મહિને કાઢવું અને તેની* 1000 *થી* 1100 *કોપી શિક્ષિત પરિવારોમાં મફતમાં વહેંચવી. માસિક પ્રગટ કરવા માટે દાન પણ મળ્યું અને તેનું વાર્ષિક લવાજમ* 1 *રૂપિયો નક્કી કરવામાં આવ્યું. માસિક પ્રસિદ્ધ કરવાનો હેતુ નફો કમાવવાનો ન હતો, માત્ર લોક જાગૃતિનો હતો.*

*સમાજ સુધારણા કે સ્ત્રી કેળવણીના હિમાયતી એવા બેહરામજી ખરશેદજી ગાંધી, સોરાબજી શાપુરજી બંગાળી, જાગીર જીબરજોર જીવાચ્છા, નાનાભાઈ હરિદાસ અને કરશનદાસજી મુળજી વગેરે શરૂઆતના વર્ષોમાં આ સામયિકના તંત્રી રહ્યા હતા. તેઓએ આ સામયિકને લોકપ્રિય બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.*

*સામયિકના સંપાદકીય ભૂમિકા ભજવનાર કેખુશરું કાબરાજી અને તેમના પરિવારનું યોગદાન પણ ખૂબ મહત્ત્વનું છે. સ્ત્રી બોધને અવી ઊંચાઈ આપવા તેમની ભૂમિકા અગત્યની છે તેઓએ આ સામયિકનો ઉપયોગ સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી ઉત્કર્ષના પ્લેટફોર્મ તરીકે કર્યું તેઓ દાદાભાઈ નવરોજી સ્થાપિત અને પ્રકાશિત રાસ્ત ગોફતાર અખબારના પણ તંત્રી રહી ચૂક્યા હતા. તેમણે સ્ત્રી બોધ અને રાસ્ત ગોફતારના માધ્યમથી મહિલા ઉત્કર્ષ, સમાજ સુધારણા, સામુદાયિક વિકાસ તથા આધુનિક શિક્ષણની હિમાયત કરી તેઓ બોમ્બે પ્રેસિડનસી ગુજરાત તથા પશ્ચિમ ભારતના અગ્રગણીય સુધારકોમાંના એક હતાં. ઝોમણે પારસી સમાજમાં બૌદ્ધિક ચર્ચાને પ્રોત્સાહન આપ્યું. ભારતીય પત્રકારત્વ ક્ષેત્રે તેમનું અમૂલ્ય યોગદાન છે.*

*તેમના પુત્રી શિરીનબેન કાબરાજી અને પુત્રવધુ પૂતળીબાઈ કાબરાજી પણ સ્ત્રી બોધમાં લખાણો લખતા. તેમણે સ્ત્રી બોધના માધ્યમથી સ્ત્રી જાગૃતિના પ્રયાસો કર્યા બંને મહિલાઓ દઢપણે માનતાં હતાં કે એક શિક્ષિત મહિલા તેના પરિવાર અને સમાજની*

તાકાત છે. તેઓ એવી અસંખ્ય મહિલાઓના રોલ મોડલ હતા જે લેખન, વાંચનની પ્રવૃત્તિ સાથે જોડાવા માંગતી હતી. તેમના લખાણ દીકરીઓના શાળાકીય શિક્ષણને પ્રોત્સાહન આપતા. તેઓ માત્ર મહિલા ઉત્કર્ષના લખાણો જ નહીં પરંતુ મહિલાના ઉત્કર્ષની ચર્ચાઓમાં પણ ભાગીદાર બનતા. ટૂંકમાં આત્મવિશ્વાસનું સિંચન કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

સામયિકમાં જુદાં જુદાં વિષયો આવરી લેવામાં આવતાં. ભારત અને વિદેશી સન્નારીઓનાં જીવન ચરિત્ર છાપવામાં આવતાં. એની વિશેષતા એ હતી કે વિષયો સચિત્ર રહેતાં. વિદેશી જ્ઞાન, ભૂગોળ અને ઈતિહાસના વિષયો છપાતાં. આ ઉપરાંત સામાજિક સમસ્યાઓને આવરી લેતાં પ્રશ્નોની નાટકરૂપી રજૂઆત કરવામાં આવતી. વિજ્ઞાનના વિષયોમાં સૂક્ષ્મદર્શકયંત્ર, વરાળયંત્ર વગેરેની ફોટો સાથે માહિતી અપાતી. હુન્નર તેમજ કળા શીખવવા માટે કાપડ વણાટ, ભરત કામ, સાબુ બનાવાની રીત બતાવવામાં આવતી. શરૂઆતમાં લેખકો તરીકે માત્ર પારસી લેખકો જ સેવા આપતાં. સમય જતાં સ્ત્રી લેખકો પણ એમાં લખતી. આમ આ સામયિકે ગુજરાતની સ્ત્રીઓમાં સામાજીક જાગૃતિ સિવાય તેમનામાં વૈશ્વિક જ્ઞાનની અભિવૃદ્ધિ, હુન્નરકળાના જ્ઞાન, આરોગ્ય વિષયક બાબતો, સર્વાંગી ઘડતર અને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત કરવામાં મોટી ભૂમિકા ભજવી.

### 12.2.2 સ્ત્રીજીવન

સામયિકનું સૂત્ર વાક્ય હતું "જીવનમાં શીલ, સંસ્કાર અને સૌંદર્યને પ્રેરતું સ્ત્રી માસિક". તેનું સંપાદન મનુભાઈ જોધાણી અને વાડીલાલ જોધાણી દ્વારા કરવામાં આવતું. તેની શરૂઆત 20મી સદીના ત્રીજા દસકમાં થઈ હતી. સ્ત્રી જીવનનાં વિવિધ પ્રશ્નોને લઈ આ સામયિક પ્રકાશિત થતું હતું. સ્ત્રી જગતમાં ઘટતી ઘટનાઓ આવરી લઈ 'સ્ત્રી જગત' સમાચાર કોલમ હેઠળ માહિતી છપાતી. આ કોલમ અંતર્ગત ભારત અને ગુજરાતમાં સ્ત્રીને લગતી અગત્યની ખબરો જેવી કે સ્ત્રી કોઈ વિશેષ દરજ્જો પ્રાપ્ત કરે, વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરે કે કોઈ ક્ષેત્રમાં ચંદ્રક પ્રાપ્ત કરે ત્યારે તેની પ્રશંસા સાથે નોંધ લેવાતી. એવા લેખો લખાતા જે સમાજમાં આવતા પરિવર્તનો વિશે માહિતી આપતાં. સમાજમાં પ્રતિષ્ઠિત અને સ્ત્રીઓ માટે પ્રેરણારૂપ એવી સ્ત્રીના જીવન વિશે લખાતું. સામયિકમાં સ્ત્રી લેખિકાઓને પારિતોષિક આપવાની જાહેરાત પણ થતી. જેનાથી અન્ય સ્ત્રીઓ પણ લખવા માટે પ્રોત્સાહિત થતી. નડિયાદનાં સોમાભાઈએ પોતાની પુત્રી દીપ્તિની સ્મૃતિમાં એક પારિતોષિકની જાહેરાત કરી હતી. આ ઉપરાત સ્ત્રી કેળવણીનું મહત્ત્વ દર્શાવતા લખાણ પણ તેમાં લખાતા.

### 12.2.3 મહિલા

1866માં પ્રકાશિત થનાર આ "મહિલા" સામયિકના સ્થાપક મીરાબેન દેસાઈ હતાં. આ સામયિકમાં મહિલાના શિક્ષણ અને સશક્તિકરણના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવતો હતો. સ્ત્રીઓની સમસ્યાઓ બાળ વ્યવસાય અને સામાજિક ન્યાયના વિષયોને વાચા આપતા લેખો લખવામાં આવતા.

### 12.2.4 સંચાર

*1916માં શંકર નારાયણ દેસાઈ દ્વારા "સંચાર" સામયિકની શરૂઆત કરવામાં આવી. આ સામયિક મહિલાઓના શૈક્ષણિક વિષયો ઉપરાંત સમાજમાં તેમના સ્થાનને પ્રસ્થાપિત કરનાર વિષયો પ્રસિદ્ધ કરવામાં આવતાં. આ સામયિકે ગુજરાતમાં મહિલાઓના શિક્ષણને ફેલાવવામાં અગત્યની ભૂમિકા ભજવી હતી.*

### 12.2.5 સ્ત્રી મિત્ર

*મુંબઈમાં શરૂ થનાર "સ્ત્રી મિત્ર" નામનાં આ સામયિકનો ઉદ્દેશ સ્ત્રીઓને સમાજલક્ષી અને પારિવારિક શિક્ષણ આપવાનું હતું 1889 માં ફરામજી મહેતાએ સામયિક શરૂ કર્યું. સ્ત્રીઓના બોધપ્રદ વાંચન, આરોગ્ય લક્ષી જ્ઞાન વગેરે આપવા માટે આ સામયિક શરૂ કરવામાં આવ્યું. પોતાના પ્રથમ અંકમાં જ ફરામજી મહેતા લખે છે કે "આજકાલ પારસી સ્ત્રીઓમાં કેળવણીનો વધારો થવાથી કુદરતી રીતે તેઓમાં વાંચવાનો શોખ વધ્યો છે. આપણી અંગ્રેજી કેળવણી લીધેલી બાનુંઓ આ શોખ સહેલાઈથી પુરો પાડી શકે છે, કારણ કે અંગેજી વાંચવા લાયક નીતિવાન ચોપડીઓ અને ચોપાનીયાઓ ઘણી જ થોડી કિંમતે પુષ્કળ મળી આવે છે, કે જેટલા તે ભાષાથી કમનસીબ રહેનારી બાનુઓને ગુજરાતી ભાષામાં મળી શકતા નથી અને જે કાઈ છે તેનો મુખ્ય ભાગ સ્ત્રીઓને બરનો નથી, માટે આ અમારૂ સ્ત્રીઓને અનુસરતું અને તદ્દન સ્ત્રીઓથી લખાયેલું નાનકડું ચોપાન્યું જાહેર સન્મુખ મુક્તાં એટલું જ કહી શકીએ કે આ ચોપાન્યું દરેક સ્ત્રી અને ઉછરતી છોકરીઓને વાંચવા લાયક અને ઉપયોગી થઈ પડે તેવું બનાવવાને અમો અમારાથી બનતી કોશિશ કરીશું"*

*આ સામયિકની બીજી વિશેષતા એ હતી કે તેમાં માત્ર સ્ત્રી લેખિકાઓના જ લખાણો છપાતાં હતાં. શીરીન ફ. પાટક, બાનુંબાઈ પેસતનજી નવરોજજી, જરબાનું પેસ્તનજી, મેહેરબાઈ ન. પટેલ, હીરાબાઈ ન. પટેલ, જાઈજીકોહલા, ગુલબાઈ રાણીના, આલીબીશાપુરજી, પ્રેમકોર મોદી, નવાજબાઈ પાદશાહ, મહેરબાનુંદાવર, રતનબાઈ ઘડીઆલી, શીરીન નાણાવટી, ધનબાઈ શેઠ તેની શરૂઆતની લેખિકાઓ હતી.*

*સ્ત્રીઓના પ્રશ્નો સ્ત્રીઓ દ્વારા રજૂ થતાં હતાં. મનોરંજન, સ્ત્રી ચરિત્ર, આરોગ્યલક્ષી માહિતી, શિક્ષણ, હુન્નર કળાનાં વિષયો રસોઈની વિવિધ વાનગીઓ જેવા વિવિધ વિષયો આવરી લેવામાં આવતાં. આ પત્ર લગભગ 30 વર્ષ સુધી છપાયો અને પછી બંધ થઈ ગયો.*

### 12.2.6 સુંદરી સુબોધ

*"બંધુસમાજ" જેવી સંસ્થા દ્વારા આ સામયિકની શરૂઆત કરવામાં આવી. આ સંસ્થા સામાજિક સુધારણાનાં કાર્ય સાથે જોડાયેલ હતી. પોતાના વિચારોના પ્રચાર માટે તેમણે એક સામયિકની આવશ્યકતા જણાઈ. જેથી તેઓ સ્ત્રીઓને જાગૃત કરી શકે. મુંબઈ અને ગુજરાત એ સમયે સંયુક્ત પ્રાંત ગણાતાં હતાં. આ સામયિકની શરૂઆત મુંબઈમાં કરવામાં આવી હતી. સ્ત્રીઓની સામાજિક, ધાર્મિક, નૈતિક, આરોગ્યલક્ષી*

ઉન્નતિ માટે આ સામયિકનું પ્રકાશન કરવામાં આવ્યું. આ સામયિક શરૂઆતી સમયમાં ૩૨ પાનાનું અને તેનું વાર્ષિક લવાજમ 1 રૂપિયો નિર્ધારિત કરવામાં આવ્યો. આ સામયિકના મુખપૃષ્ઠ પર સમાજસુધારક ગોવર્ધનરામની ઉક્તિ "સ્ત્રી પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબ પોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવંતી, રોગહીન અને સુંદર થાય. યોગ્યતા પ્રમાણમાં કુટુંબ બંધનમાંથી તેઓ મુક્ત થાય ને તે મુક્તતાથી અને સ્વતંત્રતાથી કુટુંબની મૂર્ખ ઈચ્છાઓ અને કલેશોમાંથી છૂટી, કુટુંબના ખરા કલ્યાણ કરવા શક્તિમાની અને ઉત્સાહી બને. કુટુંબના બાલકવર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગની કલ્યાણ વાસનાઓ તૃપ્ત કરે, પતિ ભક્તિપરાયણ થઈ પતિનું જીવન ઉન્નત કરે અને તેના વિલાસોની ઊર્મિઓમાં પોતાના હૃદય તરંગ ભેળવી દઈ મનુષ્ય જીવનને દિવ્યતમ કરી નાખે છે. આને અંતે સ્વદેશમાં ઉદય સૂર્યના તેજસ્વી કિરણો સંપૂર્ણ વિસ્તારથી પ્રસારે એ જ આર્ય સુંદરીઓના જીવનની સફળતા છે. સ્ત્રી વિનાગૃહ નહીં. ગૃહવિના પ્રજા નહીં, પ્રજા વિના રાજ્ય નહીં. સ્ત્રી ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય છે." અંકિત હતી. જે સમાજમાં સ્ત્રીઓની ભૂમિકા સ્પષ્ટ કરતું વિધાન હતું.

સામયિકના જુદા જુદા વિભાગો રહેતા અને તેના અંતર્ગત જુદા જુદા વિષયો આવરી લેવામાં આવતા. દા.ત., કાવ્યકુંજ, બાળવિનોદ, ગૃહધર્મ, વાર્તા લહેરી, વર્તમાન રંગ, સ્વાગત મંદિર, સમયતરંગ, જ્ઞાન સુગંધ, પત્ર મંજુસાનો સમાવેશ થતો હતો. વિદ્યાકાળમાં આરોગ્ય, હુન્નર અને કૌશલ્યવર્ધક વિષયોનો સમાવેશ થતો. જ્યારે કાવ્યકુંજમાં કવિતાઓ, ગરબી, લગ્નગીતો લખાતાં હતાં, જ્યારે ગૃહધર્મમાં સ્ત્રીઓને બજાવવાની ફરજોનો ઉલ્લેખ કરવામાં આવતો. કેળવણી અને સમાજબોધ ધરાવતા લખાણો વણી લેવામાં આવતાં. સ્ત્રીઓને લગતા અગત્યના સમાચાર વર્તમાન રંગમાં સમાવિષ્ટ કરવામાં આવતાં.

આ સામયિકમાં કોંગ્રેસ અને ભારત મહિલા પરિષદમાં આપેલ ભાષણોનો સમાવેશ પણ કરવામાં આવતો. વિવિધ જ્ઞાતિઓ દ્વારા કરવામાં આવેલા અગત્યના ઠરાવો પણ છાપવામાં આવતાં જેવા કે બાળ લગ્ન નિષેધ, કન્યાવિક્રય, વિધવા વિવાહને ઉત્તેજન આપતા ઠરાવો. સ્ત્રી લેખકોને ઉત્તેજન આપવા માટે "ધનકુંવરબાઈ નામમાળા" ની જાહેરાત કરવામાં આવી હતી. અમદાવાદમાં ડૉ.ધનબાઈ વાડિયા દ્વારા ચાલતું સ્ત્રી દવાખાનાની સ્થાપના તથા જાપાનમાં કુમારિકાના લગ્ન વય અંગેના કાયદાઓ વિશે પણ લખાણ લખ્યા હતાં.

ડિસેમ્બર જાન્યુઆરી 1911ના લેખમાં પ્રકાશિત ભૂપેન્દ્ર બાસુ દ્વારા ધારા સભામાં હિન્દુ લગ્ન સંબંધી જે બિલ રજૂ કરવામાં આવ્યું હતું તેના વિશે સ્ત્રીઓએ પોતાના વિચારો પ્રગટ કર્યા હતાં, જે સીમા ચિન્હ ગણી શકાય. "સ્ત્રીઓની દેશભક્તિ" મથાળા હેઠળ બંગાળની "બંગ લક્ષ્મી મિલ" નામે કંપની જે સ્વદેશી આંદોલન સમયમાં સ્વદેશી ઉદ્યોગ અને હુન્નરને પ્રોત્સાહિત કરવા માટે શરૂ કરવામાં આવી હતી. જેમાં 24 લાખના ભંડોળમાં 18 લાખના શેર બંગાળી મહિલાઓએ ખરીદ્યા હતાં તે અંગે લેખ હતો. આ ઉપરાંત કલકત્તાની મહિલાઓએ હુગ્લી ઘાટ પર સ્નાન

*માટે જુદા ઘાટની માંગણી કરી હતી અને તેમણે મળેલ સફળતા અંગેનું લેખ છપાયું હતું.*

*સમાજમાં ચાલતી અનેક રૂઢિઓની નિંદા આ સામયિકમાં કરવામાં આવતી જેવી કે પરદા પ્રથા, વિધવા વિવાહ, મૃત્યુ પછી રડવાની પ્રથા, જમણવારની પ્રથા, કન્યા વિક્રય વગેરે. અમેરિકામાં સ્ત્રી કેળવણી, મુસ્લિમોમાં જુદી જુદી કન્યાશાળા, જ્ઞાન વિજ્ઞાનમાં માતાઓની ફરજ, કન્યા શાળાઓમાં પાકશાસ્ત્ર શીખવવાની જરૂરિયાત, મહિલાઓમાં જોવા મળતા રોગો મલેરિયા, ક્ષય રોગ, હૃદયરોગ, પ્રદરરોગ, ઉધરસનાં ઉપાયો વગેરે વિદ્યા કળા અંતર્ગત આવરી લેવામાં આવતાં. આ સામયિકે સ્ત્રી કેળવણીના ક્ષેત્રમાં વિશેષ યોગદાન આપેલું જોઈ શકીએ છીએ.*

*વિદ્યાવિહાર અંતર્ગત જુદી જુદી મહિલાઓએ આપેલ ભાષણો છપાતાં. જેમાં સરોજની નાયડુનો "હિંદની સ્ત્રીની કેળવણી" અંગેનું ભાષણ, વડોદરાની મહારાણી દ્વારા ભારત મહિલા પરિષદમાં અપાયેલ ભાષણ, એક અન્ય મહિલા વક્તાનો "હિંદની સ્ત્રી યોગ્ય ઉદ્યોગો" પરનું ભાષણનો પણ સમાવેશ કરવામાં આવે છે.*

*રમણિમણી માળા અંતર્ગત જુદી જુદી સ્ત્રીઓના ચરિત્રો વિશે લખાતું. જેમાં દેવી અઘોરકામીની, પ્રાચીન ભારતમાં સ્ત્રી રત્નો, કૌશલ્યા, સરસ્વતી અને ગાર્ગી તથા દમયંતિ જેવા ઐતિહાસિક પાત્રો પસંદ કરવામાં આવતાં.*

*વાર્તા લહેરી અને ગીતમાળા જેવા સામયિકના વિશેષ અંકો બહાર પાડવામાં આવ્યા હતા.*

*સામયિકોના પુરુષ લેખકોમાં ન્હાનાલાલ ચમનલાલ વેદ, મૂળજી દુર્લભજી વેદ, હરિશંકર હરજીવન ત્રિપાઠી, રમણિક ત્રિવેદી વગેરેનો સમાવેશ થતો જ્યારે મહિલા લેખકોમાં શીરીન કેખુશરો કાબરાજી, જમનાબાઈ નગીનદાસ, વિજયાલક્ષ્મી ત્રિવેદી, કૃષ્ણાગૌરી રાવત વગેરે હતાં.*

1911*માં જ્હોનીસબર્ગના ટ્રાંસવાલમાં "ટ્રાંસવાલ વિમેન એસોસિએશન" દ્વારા મહિલાઓના હાથથી બનેલી ચીજ વસ્તુઓનું એક પ્રદર્શન ગોઠવવાનું હતું જેની જાહેરાત પણ આ સામયિકમાં છાપવામાં આવી હતી અને મહિલાઓને તેમાં ભાગ લેવા જણાવવામાં આવ્યું હતું.*

### 12.2.7 ગુણસુંદરી અને સ્ત્રી હિતોપદેશ

*આ સામયિકના સંપાદક હતા જયકૃષ્ણ વર્મા અને હીરાલાલ ગણાત્રા.* 1923*માં સપ્ટેમ્બરમાં આ સામયિક શરૂ થયો. સ્ત્રી માટે નવીન વિષયો લઈ આ સામયિક શરૂ કરવામાં આવ્યું. સરસ્વતી ચંદ્રના પ્રખ્યાત પાત્ર ગુણસુંદરીના નામથી નામકરણ કરવામાં આવ્યું હતું.*

*ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ દ્વારા હિતોપદેશ નામે એક ત્રિમાસિક બહાર પાડવામાં આવતું હતું તેને આની સાથે જોડી દેવામાં આવ્યું હતું. આથી આ માસિકનું નામ ગુણસુંદરી અને સ્ત્રી હિતોપદેશ રાખવામાં આવ્યું. આ સામયિકને ઓછી ભણેલી*

સ્ત્રીઓ પણ વાંચી શકે તેથી તેની ભાષા સરળ રાખવામાં આવી હતી. માસિક 64 પાનાનું અને તેનું લવાજમ 3.8 રૂપિયા રાખવામાં આવ્યું હતું. સ્ત્રીના જુદા જુદા પ્રશ્નો જેમ કે આરોગ્યલક્ષી સમસ્યાઓ, સામાજિક, ધાર્મિક, જાહેરજીવન, ગૃહજીવન, રાજકીય પ્રશ્નો, નીતિ જ્ઞાન, દેશ વિદેશના જ્ઞાન પ્રકાશિત થતાં હતાં. અન્ય ભાષામાં છપાતાં સામયિકોની માહિતી પણ આમાં છપાતી હતી.

સામયિક સ્ત્રીઓના તંત્રીપણા હેઠળ ચાલે અને સ્ત્રીઓના પ્રશ્નો સ્ત્રીઓ ચર્ચે એના માટે સંચાલકો એ જુદી જુદી સ્ત્રીઓના તંત્રી પદ અંતર્ગત જુદા જુદા અંકો બહાર પાડવાનું શરૂ કર્યું. શરૂઆતી અંકોમાં હંસાબેન મહેતા, વિનોદીનીબહેન, ભાનુમતીબેન ત્રિવેદી, ચૈતન્યબાલા મજૂમદારે લેખો લખ્યા. એ સમયનાં પ્રસિદ્ધ કવિઓ બોટાદકર, કેશવ શેઠ, રમણીક મહેતાની કવિતાઓ છપાતી જ્યારે પુરષોત્તમ માવજી, કૃષ્ણલાલ ઝવેરી, સુમંત મહેતા, હરગોવિંદ દાસ કાંટાવાલા જેવા લેખકોની કલમે સ્ત્રી પ્રશ્નોને ઉજાગર કરવામાં મદદ કરી.

જુદા જુદા દેશોની સ્ત્રીઓ વિશે માહિતી આપવામાં આવતી. તેમના પોશાક અને રહેણીકરણી વિશે લખાતું. જ્ઞાન ગોઠડી કોલમ અંતર્ગત મહિલાઓના સામાન્ય જ્ઞાનમાં વધારો કરનાર માહિતી અપાતી. કવિતાઓ, મનોરંજન આપતી વાર્તાઓનો પણ સમાવેશ થતો હતો.

ગાંધીયુગ દરમિયાન સામયિકમાં સ્ત્રી આદોલંકારીઓના અનુભવો વિશે પણ લેખો લખાતાં, જેથી મહિલાઓમાં રાષ્ટ્રીય આદોલનમાં જોડાવવા માટેનો જુસ્સો વધતો. જુલાઈ 1930નો અંક મહિલા અંક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

### 12.2.8 યશોદા

"યશોદા" માસિકની શરૂઆત 1927માં મણિલાલ નભુભાઈ દોશી દ્વારા કરવામાં આવી. અંકની દરેક આવૃત્તિ પર નેપોલિયનનું કથન "કહે નેપોલિયન દેશને કરવા આબાદ, સરસ રીત તો એજ છે દો માતાને જ્ઞાન." આ ઉપરાંત દરેક અંકના મુખપૃષ્ઠ પર પ્રસિદ્ધ વ્યક્તિના સ્ત્રી અંગેના વિચારો પ્રકાશિત કરવામાં આવતા હતા.

ઓક્ટોબર 1927ના પ્રથમ અંક પર સ્વામી વિવેકાનદનું કથન "જે દેશમાં જે પ્રજામાં નારી પૂજા નથી તે દેશ અને તે પ્રજા કોઈ કાળે મહાન કે ઉત્તમ થઈ શકે નહીં. નારીની શક્તિ અને મતિની અવગણના કરવાથી જ આજે તમારું અધપતન થયું છે. જે ઠેકાણે સ્ત્રીઓના આદર ન હોય, સ્ત્રીઓ જ્યાં ગમગીનીમાં જ સમય પસાર કરતી હોય તે સંસારની કે તે દેશની ઉન્નતિની આશા રાખવી નિષ્ફળ છે. મહામાયાની સાક્ષાત પ્રતિમા જેવી સ્ત્રી જાતિનો તમે ઉદ્ધાર નહિ કરો ત્યાં સુધી દેશનો ઉદ્ધાર થનાર નથી" છાપવામાં આવ્યું હતું.

સામયિકમાં સ્ત્રી જગત, મહિલા ધર્મ, બાળ ઉછેર, સખીને પત્ર, હાસ્ય, સુવિચાર જગત જેવા વિભાગો રહેતાં. સ્ત્રી જગતમાં સ્ત્રીઓની આર્થિક સમસ્યાઓ, સ્ત્રીઓની સામાજિક ફરજો, સ્ત્રી કેળવણીની જરૂરિયાત, હિન્દુ વિધવાઓનું ઓશિયાળું જીવન, નારી તું નારાયણી, માતૃપદની મહત્તા, સ્ત્રી જગત વર્તમાન અને ભવિષ્ય, સ્ત્રીઓની

*પરતંત્રતાથી મુક્તિ ક્યારે જેવાં લેખો લખાયાં હતાં. મહિલા ધર્મ અંતર્ગત સ્ત્રીઓની જાગૃતિ, જાપાન, ચીન અને અમેરિકામાં સ્ત્રીઓ, વહેમી સમાજ જેવા વિષયો આવરી લેવામાં આવતાં. બાલ વિભાગમાં બાળકના ભવિષ્યની વિધાત્રી એની માતા, તંદુરસ્ત માતાની અદ્દભૂત વાતો, માતા તરીકે સ્ત્રીઓનો ભાગ વગેરે લખાતાં. આ ઉપરાંત મારો માથેરાનનો પ્રવાસ જેવી પ્રવાસ નોંધો પણ છપાતી.*

*સુવિચાર સંગ્રહમાં દેશ વિદેશના વિચારકોના વિચારો ઉપરાંત સ્થાનિક કહેવતો પણ લખાતી.*

## 12.2.9 અન્ય સામયિકો

*"મહિલા સંશોધન" નામે 1930માં શરૂ થનાર આ સામયિકના સ્થાપક મીરાબેન દેસાઈ હતાં. મહિલાઓના સશક્તિકરણ, એમના શિક્ષણ, આરોગ્ય, સમસ્યાઓ અને અધિકારોને વાચા આપતું સામયિક હતું. "કહાની" જૂન 1944માં શરૂ થયેલા આ સામયિકમાં વાર્તાઓ છપાતી. ભાવનગરથી પ્રકાશિત થતાં આ સામયિકના પ્રકાશક શાંતિલાલ છોટાલાલ પરીખ હતાં. "શ્રીમતી", "સ્ત્રી પ્રજ્ઞા", "નારી કુંજ" જેવાં સ્ત્રી સામયિકો પણ છપાતાં હતાં. આ ઉપરાંત પરેજગાર સભા પાક્ષિક તરીકે છપાતું, જે 1845માં શરૂ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં તેના તંત્રી બેજનજી કોટવાલ અને દુર્ગારામ મહેતાજી હતાં. પાછળથી આ પદ મહિપતરામ રૂપરમે સંભાળ્યું અને તેમના તંત્રી પદે આ પાક્ષિક ખૂબ ખ્યાતિ પામ્યો. 1863માં 'સ્ત્રી જ્ઞાનદીપ' નામનું મેગેઝિન સોરાબજી મનચેરજી ભાગોલિયા દ્વારા શરૂ કરવામાં આવ્યું, જે એક શિક્ષક હતાં, તેના મુખપૃષ્ઠ પર લખાયેલી ઉક્તિ હતી "હિન્દુ તથા પારસી બાઈઓને જ્ઞાન ઉપજે એવા ઉપયોગી વિષયોનો સંગ્રહ" આ મેગેઝિનની વિશેષતા એ હતી કે તેમાં વિધવા સ્ત્રીઓના અનુભવો છપાતા હતાં.*

*આ જ સામયિકોમાંનું એક નામ 'સ્ત્રી સુબોધરત્ન' પણ હતું. ખેડા જિલ્લાની એક સામાન્ય કુટુંબની સ્ત્રી તુલસીબાઈ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. તુલસીબાઈ એ સમયનાં ગુજરાત અને મુંબઈ પ્રાંતના પ્રથમ મહિલા જર્નાલિસ્ટ હતાં. 'વિનિતા વિજ્ઞાન' 1909માં શરૂ થયેલ આ મુખપત્ર વિનિતા વિશ્રામના સ્થાપક નાની બહેન ગજ્જર દ્વારા શરૂ કરવામાં આવ્યું. આ પત્રમાં વિનિતા વિશ્રામમાં રહેતી વિધવાઓ તેમના અનુભવો લખતી. આ સિવાય ઘણી સ્ત્રીઓ તેઓ આત્મનિર્ભર કેવી રીતે બની તેના અનુભવો લખતી. 1913માં પ્રકાશિત થતો અન્ય પત્ર 'ગુલશન' હતો જે નવસારીથી પ્રકાશિત થતો. તેના તંત્રી દિનશા ભાગળિયા હતાં જે જાણીતા લેખક, ચિંતક અને નવલકથાકાર હતાં. તમામ સચિત્ર અંક સ્ત્રીઓના હાથે જ લખાતાં. આઠ વર્ષ ચાલી આ પત્ર બંધ થયું.*

## 12.3 સારાંશ

*ગુજરાતમાં છપાતાં આ સમાયિકોએ નારી ચેતનામાં આગવો સૂર પુરાવ્યો. બદલાતાં જતાં ગુજરાતી સમાજ, લાંબાગાળાના બ્રિટિશરો સાથેના વસવાટ, કેળવણી અંગેના બદલાતા વિચારો, સમાજમાં રહેલા દૂષણોને દૂર કરવા, માન્યતાઓ બદલવી તથા*

*સ્ત્રીઓને સમાન દરજ્જો અપાવવો અને તેમને તેમના અધિકારો પ્રત્યે સજાગ કરી બંધારણીય માંગણીઓ કરવા પ્રેર્યા. ટૂંકમાં કહીએ તો ગુજરાતમાં ચાલેલી આ સદી* (1850-1950) *માં સામયિકોની યાત્રામાં સ્ત્રી જીવનને આવરી લેતાં લગભગ તમામ પાસાઓ દર્શિત થતાં હતાં. સ્ત્રી જીવનને ઉન્નત બનાવવા સાંપ્રત સમયનાં અન્ય દેશોની સ્ત્રીઓના જીવનની ગતિ ઉપરાંત સ્ત્રીઓની તેમના આરોગ્ય વિશે સચેત કરવા અને તેની જાળવણી અને સાચવણી કેવી રીતે કરી શકાય તેની ચર્ચા આ સામયિકોમાં થયેલી આપણે જોઈ શકીએ છીએ. સાથે સાથે બાળઉછેરની શિખામણ તેમની પ્રત્યે દાખવવાની સજાગતા, માતા તરીકે સ્ત્રીની ભૂમિકા પણ વર્ણવી છે. ઉપરાંત સ્ત્રીઓના પ્રવાસના અનુભવો, તેમને આર્થિક ક્ષેત્રે દક્ષતા કેમ પ્રાપ્ત કરવી, તેના માર્ગદર્શન, કયા આર્થિક ક્ષેત્રો સ્ત્રીઓ માટે અનુકૂળ રહેશે તેની વાત પણ સામયિકોમાં કરાઇ હતી. વિદેશોમાં થતાં હસ્તકળા કારીગરીના પ્રદર્શનોમાં તેમને તેમની કુશળતા દર્શાવવાની તકો પણ આ સામયિકોના માધ્યમથી મળી. સ્ત્રીઓને તેમના અધિકારો માટે લડવાની દિશા આપવાની હોઈ આ સામયિકોએ તમામ પ્રકારની જવાબદારી સુપેરે નિભાવી. પરંતુ બધાં જ સામયિકોની મૂળ વાત હતી કેળવણી. લગભગ બધાંજ સામયિકોએ સ્ત્રી કેળવણી પર ખાસ ભાર મૂકતાં લેખો પ્રસિદ્ધ કર્યાં. સાથે કોઈ વિશેષ ક્ષેત્રમાં સફળતા કે સિદ્ધિ પ્રાપ્ત કરનાર સ્ત્રીઓની માહિતી પણ આ સામયિકો પૂરી પાડતાં. જેથી જાહેર જીવનમાં મહિલાઓને તેનાથી પ્રોત્સાહન મળે. આમ નારી જાગૃતિમાં આ સદીમાં પ્રકાશિત થતાં સામયિકોની ભૂમિકા ખૂબ અગત્યની હતી.*

## 12.4 તમારી પ્રગતિ ચકાસો

❖ **જોડકાં જોડો**

| વિભાગ-અ | વિભાગ બ |
|---|---|
| 1. *મહિલા* | A. *ભારતનો પ્રથમ સ્ત્રી સામયિક* |
| 2. *સ્ત્રીબોધ* | B. *સ્વદેશી આંદોલન સમયે સ્થપાયેલ મિલ* |
| 3. *સુંદરી સુબોધ* | C. *મણિલાલ નભુભાઈ દોશી* |
| 4. *બંગ લક્ષ્મી* | D. *બંધુ સમાજ* |
| 5. *યશોદા* | E. *મીરાબેન દેસાઈ* |

## 12.5 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| *આવિષ્કાર* | *નવી શોધનું સંશોધન* |
| *નારી ચેતના* | *મહિલાઓમાં આવતી જાગૃતિ* |
| *સામયિક* | *નિયત સમયમાં પ્રસિદ્ધ થતી પત્રિકા* |

| | |
|---|---|
| ધર્મસુધારણા આંદોલન | 19મી અને 20મી સદીમાં ભારતમાં સમાજ અને ધર્મમાં થયેલ સુધારાવાળી પ્રવૃત્તિઓ |
| ઈતર વાંચન | 5 જ્ઞાનમાં વૃદ્ધિ કરે અને ઉપયોગી હોય એવું વાંચન |
| મુદ્રણ | છાપકામની સમય પૃષ્ઠિકા |
| ઠરાવ | સંસ્થા દ્વારા તેની તત્કાલીન મંત્રાલયથી અમલમાં લાવવામાં આવતી તલમેલિત પૃષ્ઠિકા |
| સચિત્ર | સત્યને સરળતાથી સમજાવવામાં સહાયરૂપ થતા ચિત્રો સાથે લખાણની પૃષ્ઠિકા |
| બાનુંઓ | પારંપરિક મહિલાઓ માટે ઉપયોગાતા શબ્દો |
| પત્રમંજૂષા | વિવિધ રીતે સમાજને રજૂ કરતા સામાજિક કોલમો |
| ગૃહધર્મ | ઘરમાં ઉપયોગી ઘરની રીત યથાવત નૈતિક પૃષ્ઠિકા |
| પાકશાસ્ત્ર | વ્યંજન બનાવવામાં વિવિધ રીતે દર્શાવતી શાસ્ત્ર પૃષ્ઠિકા |

## 12.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(1-E) , (2-A), (3-D), (4-B), (5-C)

❖ **બહુ વૈકલ્પિક પ્રશ્નો**

(1) ભારતનો પ્રથમ સ્ત્રી સામયિક હોવાનો શ્રેય કોને ફાળે જાય છે ?

(a) સ્ત્રીજીવન (b) સુંદરી સુબોધ

(c) કહાની (d) શારદા

(2) સ્ત્રી બોધ સામયિક ક્યારે શરૂ કરવામાં આવ્યું?

(a) 1852 (b) 1854

(c) 1857 (d) 1859

(3) સ્ત્રી જીવન સામયિકના મુખપૃષ્ઠનું વિધાન ક્યું હતું ?

(a) સ્ત્રી સમાજની સર્જક

(b) "જીવનમાં શીલ, સંસ્કાર અને સૌંદર્યને પ્રેરતું સ્ત્રી માસિક"

(c) જીવન ઝરમર

(d) નારી ચેતના એજ સમાજ ચેતના

(4) બંધુ સમાજ દ્વારા ક્યું સામયિક શરૂ કરવામાં આવ્યું ?

(a) સુંદરી બોધ (b) હિતોપદેશ

(c) શ્રીમતી (d) ગુલ અફશાન

(5) બંગાળની કઈ કંપનીમાં મહિલાઓનો ફાળો સવિશેષ હતો ?

(a) અતુલ કંપની (b) બંગ લક્ષ્મી કંપની

(c) વર્ધમાન કંપની (d) સ્વરાજ કંપની

(6) જ્હોનીસબર્ગમાં કોના દ્વારા પ્રદર્શની યોજવાની જાહેરાત કરવામાં આવી હતી?

(a) આફ્રિકા વિમેન એસોસિએશન

(b) હિન્દુ મહિલા એસોસિએશન

(c) ટ્રાંસવાલ વિમેન એસોસિએશન

(d) અમેરિકન વિમાન એસોસિએશન

(7) ગુણસુંદરી સાથે કયા સામયિકને જોડી દેવામાં આવ્યું હતું?

(a) હિતોપદેશ (b) સુંદરી સુબોધ

(c) યશોધરા (d) સ્ત્રીબોધરત્ન

(8) યશોદા સામયિકની શરૂઆત કોણે કરી હતી?

(a) કરસનદાસ મૂળજી (b) બમનજી જમશેદજી

(c) મણીલાલ દોશી (d) મહિપતરામ રૂપરામ

(9) મીરાબેન દેસાઈએ કયું સામયિક શરૂ કર્યું હતું?

(a) સુંદરી સુબોધ (b) મહિલા સંશોધન

(c) સ્ત્રી જીવન (d) વિનિતા વિજ્ઞાન

(10) તુલસીબાઈ કયાંના વતની હતાં?

(a) સુરત (b) ભાવનગર

(c) કચ્છ (d) ખેડા

❖ **સ્વાધ્યાય**

1. ગુજરાતમાં 1850 થી 1950 સુધી પ્રકાશિત થતાં જુદા જુદા સામયિકોના નામ જણાવો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

2. *સ્ત્રી બોધ સામયિકમાં લખાતાં વિષયો પર સમીક્ષાત્મક નોંધ લખો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. *સ્ત્રી જીવન સામયિક વિશે સવિસ્તાર માહિતી આપો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

4. *સુબોધ સુંદરી સામયિકની વિશેષતા જણાવો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

5. *ગુજરાતી સામયિકોની નારી જીવન પર અસરો જણાવો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

## 12.7 સંદર્ભ


1. *મહેતા શિરીન, ગુજરાતમાં નારી ચેતના, ત્રિદિપ સુહાડ,* 2009.
2. *મહેતા શિરીન, પ્રસાદ,સંજય,સંગીતાસિંહ ,દોશી ટીના, "ગુજરાતમાં નારી ચેતના અને સામાજિક પરિવર્તનની ચળવળો", મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન,* 2019.
3. *શુક્લા નરેશ અને પટેલ હસમુખ, "સાહિત્ય સેતુ",* Year-11, Issue 5, Continuous Issue 65, September - October 2021.
4. *સુંદરી સુબોધ, (પ્રાપ્ત તમામ અંક), ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ.*
5. *સ્ત્રી જીવન, ગુજરાતી સાહિત્ય પરિષદ.*
6. *સ્ત્રી બોધ, ગુજરાતી સાહિત્ય પરિષદ.*
7. *યશોદા, અંક* 1 *થી* 8 1927*, અંક* 2 *થી* 8 1929*, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ.*
8. *કહાની, જૂન* 1944*, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ.*
9. *ગુલ અફશાન, ઓક્ટોબર*-1883 - *ડિસેમ્બર* 1885*, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ.*

## એકમ : 13 સર્વહારા અભ્યાસમાં મહિલાઓ અને યોગદાન

:: રૂપરેખા ::

**13.0** ઉદ્દેશો

**13.1** પ્રસ્તાવના

**13.2** 'સર્વહારા' નો અર્થ

**13.3** મિલમાં મહિલાઓનો સંઘર્ષ

**13.4** અમવાદાદ મ્યુનિસિપાલિટી સામે મહિલાઓની હડતાળ

**13.5** અમદાવાદ મિલમજૂર સત્યાગ્રહમાં મહિલાઓ

**13.6** સર્વહારા મહિલા આંદોલનમાં અગ્રણી નેતાઓ

**13.7** સર્વહારા મહિલાઓ માટે કાર્ય કરતી સંસ્થા 'સેવા'

**13.8** સારાંશ

**13.9** તમારી પ્રગતિ ચકાસો

**13.10** ચાવીરૂપ શબ્દો

**13.11** સ્વાધ્યાય

**13.12** સંદર્ભગ્રંથો

### 13.0 ઉદ્દેશો

- *સર્વહારા નો અર્થ અને સામાન્ય સમજુતીથી માહિતગાર થશે.*
- *સર્વહારા અભ્યાસમાં મહિલાઓ વિશે જાણી શકશો.*
- *સર્વહારા મહિલા આંદોલનનાં અગ્રણી નેતાઓ વિશે માહિતગાર થશો.*
- *'સેવા' સંસ્થાની સ્થાપના, પ્રસ્તુતિ, વિશે માહિતગાર થશો.*

### 13.1 પ્રસ્તાવના

*માનવ ઈતિહાસમાં સર્વહારા વર્ગ એ એવા લોકોના સમૂહ છે જે પોતાનું જીવન શ્રમ દ્વારા ચલાવે છે. આ વર્ગમાં પુરુષો જેટલું જ મહિલાઓનું પણ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. પરંતુ લાંબા સમય સુધી સમાજવ્યવસ્થાએ મહિલાઓનાં શ્રમ, ત્યાગ અને યોગદાનને માન્યતા આપેલી નહોતી, તેમ છતાં મહિલાઓએ સમાજ, ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ અને રાજકારણના ક્ષેત્રોમાં અવિસ્મરણીય યોગદાન આપ્યું છે. મહિલાઓએ દમન,*

*શોષણ અને અન્ય સામે લડીને પોતાના હક્કો મેળવવા માટે સંગઠિત થવાનું શરુ કર્યું. ઔદ્યોગિક ક્રાંતિના સમયમાં ફેક્ટરીઓમાં કામ કરતી મહિલાઓએ સમાન વેતન, સુરક્ષિત કામકાજની સ્થિતિ અને કામના કલાકો ઘટાડવા માટેની લડત ચલાવી. આ લડતો સમયાંતરે વિશ્વભરનાં શ્રમિક આંદોલનોનો ધર બની.*

19*મી સદીના ઉતરાર્ધમાં ભારતમાં પશ્ચિમ ભારત, ગુજરાત, મુંબઈ તેમજ અમદાવાદમાં કાપડ ઉદ્યોગની શરૂઆત થઈ. ભારતમાં ઔદ્યોગિક મૂડીવાદી આધુનિક અર્થવ્યવસ્થા ઊભી થઈ. કાપડની મિલો, તેમજ ફેક્ટરીઓમાં કામ કરતા સ્ત્રી-પુરુષોનો મજુર વર્ગ મોટા પાયા પર ઊભો થયો. ઈ.સ.* 1917-18*માં અમદાવાદમાં મિલમજૂરોની હડતાલ થઇ એ હડતાલમાં સ્ત્રી કામદારો પણ જોડાઈ હતી અને લડત આપી હતી.* The Bombay Presidency Industrial Commission *સમક્ષ ઈ.સ.* 1920*માં સ્ત્રી કામદાર અને બાળમજૂરોએ જૂબાની આપી હતી.*

*ભારતમાં ઈલાબહેન ભટ્ટ, અનસૂયા સારાભાઈ વગેરે આગવી વ્યક્તિઓએ શ્રમજીવી મહિલાઓ માટે સંગઠન ઊભું કર્યું. તેમના હક્કોની રક્ષા માટે અનેક કાર્યક્રમો ચલાવ્યા.*

## 13.2 'સર્વહારા' નો અર્થ

*'સર્વહારા' શબ્દ માર્ક્સવાદી વિચારધારામાંથી આવેલ છે, જેનો અર્થ છે-શ્રમજીવી વર્ગ અથવા શ્રમિક વર્ગ. આ વર્ગમાં પોતાના જીવન નિર્વાહ માટે પોતાનો શ્રમ વેચે છે તેમનો સમાવેશ થાય છે.*

*સર્વહારાને સમાજના છેવાડાના વર્ગો અથવા કચડાયેલા, દબાયેલા નિમ્નસ્તરીય સમાજના અથવા સબઓલ્ટર્ન તરીકે ઓળખાય છે. સબઓલ્ટર્ન શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ ઈટાલીના માર્ક્સવાદી, સામ્યવાદી વિચારક એન્ટોનિયો ગ્રામસીએ કર્યો હતો. તેઓ સાર્ડિનિયાના ટાપુના પ્રતની હતી.*

## 13.3 મિલમાં મહિલાઓનો સંઘર્ષ

*ગુજરાતમાં આધુનિક કાપડ ઉદ્યોગ વિકસ્યો હતો. ઈ.સ.* 1895 *સુધીમાં અમદાવાદમાં* 15 *મિલોની સ્થાપના થઈ ચૂકી હતી. મજૂરોની કુલ વસ્તીના* 12.9% *મહિલાઓ હતી.*

*અમદાવાદમાં પુરુષ મજૂરો મિલમાં* 14 *કલાક, સ્ત્રીઓ* 11 *કલાક અને* 5 *થી* 12 *વર્ષના બાળકો* 8 *કલાક કામ કરતા. પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓ અને બાળકોના મહેનતાણાના દર ઓછા હતા. મિલોના કારખાનામાં હવા ઉજાસ ન હતી. મશીનરી, અસ્તવ્યસ્ત પડેલી હોવાથી મજૂરોના બાળકોને ઈજા થતી. હાથ-પગ કપાઈ જતા ક્ષય અને અન્ય રોગોથી મજૂરો પીડાતા. મજૂરો માટે પીવાના પાણીની સગવડ ન હતી.*

*ઈ.સ.* 1886-87 *માં રણછોડલાલ છોટાલાલ અને બેચરદાસ લશ્કરીએ મહિલા મજૂરી વિશે કહ્યું કે, "જો સરકાર સ્ત્રી મજૂરોનાં કામના કલાક ઓછા કરવા વિશે દરમિયાનગીરી કરશે તો અમે મહિલાઓની છટણી કરી પુરુષ મજૂરો વધારી દઈશું."*

*ઈ.સ. 1895માં મિલમજૂર હડતાલમાં દલિત મહિલા મજૂરો મોટા પાયા પર પુરૂષો સાથે જોડાઈ હતી. આ મજૂર મહિલાઓમાં 'સામૂહિક જાગૃત્તિ' અને 'સામૂહિક ચેતના', 'અમે એક જૂથ છીએ' એ લાગણીનો સંચાર થયો હતો. તેઓ કઈ જ્ઞાતિ અને કઈ કોમમાંથી આવે છે એ ભૂલી જઈ એક થઈ લડતમાં સામેલ થઈ હતી. તેમના મન એક માત્ર પ્રશ્ન રોજી રોટી અને ભૂખમરાનો હતો. મહિલાઓએ આ હડતાલમાં અભૂતપૂર્વ ભૂમિકા ભજવી હતી.*

## 13.4 અમદાવાદ મ્યુનિસિપાલિટી સામે મહિલાઓની હડતાળ

*ઈ.સ. 1911માં અમદાવાદ મ્યુનિસિપાલિટીએ ઝાડુ વાળનારાઓને પગાર ચૂકવ્યો નહી તેથી મ્યુનિસિપાલિટી વિરોધમાં સ્ત્રીઓએ ભેગા મળી હડતાળ કરી. બે મહિના સુધી હડતાળ ચાલી. શહેરના રસ્તાઓમાં ગંદકી ફેલાઈ, ગટરો સાફ નાં થઈ જેથી બદબૂ ફેલાઈ. ઉપરોક્ત પરિસ્થિતિમાં નિસિપાલિટીએ નમવું પડ્યું. મહિલાઓને બે મહિનાનો પગાર ઉપરાંત હડતાળનો પણ પગાર ચૂકવવો પડ્યો. આવી રીતે દલિત મહિલાઓમાં જાગૃત્તિ આવી.*

## 13.5 અમદાવાદ મિલમજૂર સત્યાગ્રહમાં મહિલાઓ

*ઈસ. 1915માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત ફર્યા. ઈ.સ. 1917ના જુલાઈમાં પ્લેગ ફાટી નીકળ્યો. મજૂરોને પોતાના વતનમાં જતા રોકવા માટે 75 ટકા પ્લેગ બોનસ જાહેર કરાયું. મિલમાલિકોએ સાળ ખાતાના મજૂરોને 75 થી 80 ટકા બોનસનો લાભ આપ્યો. પરંતુ તાણાવાળાને લાભથી વંચિત રાખ્યા. તાણાવાળા પોતાને ન્યાય મળે એવી આશા એ અનસૂયાબહેન પાસે ગયાં અને પોતાના પ્રશ્નો રજૂ કર્યા. હડતાળ 21 દિવસ ચાલી. તા. 23 માર્ચ, 1918ના રોજ ચુકાદાથી 35% વધારો મળતો શરૂ થયો. હડતાળ સમયે ગાંધીજીએ કહ્યું કે "મિલના કામમાંથી સ્ત્રીઓ અને બાળકોને મુક્તિ આપવી જોઈએ. આ હડતાળમાં મહિલા કામદારો પણ જોડાઈ હતી. તેઓએ કામના કલાકો પગાર ઓછો, છટકણીની લટકતી તલવાર વગેરે મુદ્દાઓ પરના આંદોલનમાં ભાગ લીધો હતો.*

## 13.6 સર્વહારા મહિલા આંદોલનમાં અગ્રણી નેતાઓ

**અનસુયાબહેન સારાભાઈ (ઈ.સ. 1885 થી 1972)**



*ગુજરાતમાં મજુર આંદોલન શરૂ કરનારા પ્રથમ મહિલા અનસુયાબહેન હતા. અનસુયાબહેન પ્રસિદ્ધ ઉદ્યોગપતિ પિતા સારાભાઈ અને માતા ગોદાવરીબહેનના પુત્રી હતા. તેઓનો જન્મ 11 નવેમ્બર, 1885માં અમદાવાદમાં થયો હતો. તેઓએ મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજમાં માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી, તેમના 13 વર્ષની નાની ઉંમરે બાળલગ્ન થયા જે*

*અસફળ રહ્યા. ડૉ. એરુળકરની પ્રેરણાથી સમાજસેવાના કાર્યમાં જોડાયા. ઈંગ્લેન્ડથી ઈ.સ. 1913માં સ્વદેશ પાછા ફર્યા ત્યારબાદ ગાંધીજીના સંપર્કમાં આવ્યા.*

*ગાંધીજીના બતાવ્યા માર્ગ પર તેઓએ મજૂર પ્રવુત્તિઓ આરંભી. આ પ્રવુત્તિના આરંભ રૂપે તેમણે સૌપ્રથમ મજૂરોનાં બાળકો વચ્ચે જઈ કામ કરવાનું શરૂ કર્યું. ઈ.સ. 1914ની 15મી માર્ચ જ્યુંબિલી મિલની નજીકની અમરપુરા ચાલીના વિસ્તારમાં મજૂર બાળકો માટે શાળા શરૂ કરીને તેમણે પોતાની સેવા પ્રવુત્તિની શરૂઆત કરી. ધીમે ધીમે આ કાર્યપ્રવુત્તિનો વિસ્તાર કરી તેમણે મજૂર મહોલ્લાઓમાં બાળમંદિર, રાત્રિશાળા, કન્યા છાત્રાલય, અભ્યાસગ્રૂહ અને પ્રૌઢશિક્ષણની પ્રવુત્તિઓનો આરંભ કર્યો અને આ રીતે શ્રમિક મહિલાઓ અને યુવાનોના જીવનમાં પરિવર્તન લાવવાના પ્રયત્ન કર્યા. આ પ્રવુત્તિઓ દરમિયાન મજૂરોની મુશ્કેલીનું મૂળ કારણ ગરીબી છે એ બાબતની તેમને જાણ થઈ. બાર કલાકની સતત મહેનત કરનાર મજૂર ભરણપોષણને માટે પૂરતી ગણાય તેટલી આમદાની પણ મેળવી શકતો નથી. આ વિચારણા તેમના મનમાં પ્રબળ થતી ગઈ. તેમણે મજૂરોની આર્થિક સ્થિતિ સુધારવાના ભાગરૂપે મજૂરોના પગારની સુધારણાની લડત ચલાવી. ઈ.સ. 1917ની 4 ડિસેમ્બરના રોજ અમદાવાદમાં મજૂર હડતાળનો પ્રારંભ થયો. આ હડતાળ ત્રણ મહિના સુધી ચાલી. ત્રણ મહિના બાદ મજૂરોની માંગણીનો સ્વીકાર થયો અને તેમનો વેતનધારો માન્ય રાખવામાં આવ્યો. ઈ.સ. 1918માં સાળખાતાના મજૂરોની લડતમા પણ તેમણે માર્ગદર્શન પૂરું પાડ્યું. મજૂરોનાં પ્રશ્નો પર કામ કરતા તેમને લાગ્યું કે તેમના પ્રશ્નો અગણિત છે અને તે ધીરજપૂર્વક ઉકેલવા જોઈએ. ગાંધીજીના સતત માર્ગદર્શન હેઠળ ગાંધી વિચારોથી પ્રેરાઈને મજૂરોના તમામ પ્રશ્નોનાં ઉકેલ માટે ઈસ. 1920માં મજૂર મહાજન સંઘની સ્થાપના કરી. આ સંગઠન દ્વારા મજૂરોના પગાર વધારાની વાજબી માંગણીઓ, કામના મિશ્રિત કલાકો જેવી બાબતોમાં ધીરે-ધીરે નિર્ણયો લેવા લાગ્યા. અનસૂયાબહેનએ મજૂરો અને માલિકો બંનેનો વિશ્વાસ સંપાદન કર્યા. ગાંધીજીનું માર્ગદર્શન સ્વીકારી મજૂરો અને માલિકો વચ્ચે સમજૂતી, સહકાર અને વિશ્વવાસનું વાતાવરણ કાયમ કર્યું. અનસુયાબહેનની મહેનત અને કાર્યોના લીધે 'મજૂર મહાજન સંઘ' ઔદ્યોગિક ક્રાંતિના સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ સંસ્થા તરીકે ઓળખાય છે. પર વર્ષ સુધી તેઓએ આ સંસ્થાનું પ્રમુખપદ સાંભળ્યું અને 'મહાજન' નાં પ્રશ્નો ઉકેલવામાં અપ્રતિમ ધીરજ અને કુનેહથી કાર્ય કર્યું. ઉપરાંત, સ્ત્રી-મજૂરોનાં બાળકો માટે બાલવાડી અને આંગણવાડી સ્થાપી. સ્ત્રી મજૂરોના પ્રશ્નો ઉકેલવા અને શોષણ થતું અટકાવવાના કાર્યો કર્યા. જેથી આજે તેઓ ગુજરાતની 'મજૂર આલમના માતા' તરીકે ઓળખાય છે.*

### વીરબાળાબહેન નાગરવાડિયા

11, *ઓગસ્ટ,* 1913*ના રોજ કરાંચીમાં વીરબાળાબહેનનો જન્મ થયો હતો.* 16 *વર્ષની નાની ઉંમરે અમદાવાદના શ્રી રતિલાલ નાગરવાડિયા સાથે તેમના લગ્ન થયા અને તેઓ અમદાવાદમાં આવ્યા.*

ગુજરાતમાં સૌ પ્રથમ અમદાવાદમાં વ્યવસાયી બહેનો માટે હોસ્ટેલ બાંધવાની કામગીરી કરી હતી. ગામડાંની કે અન્ય શહેરોની મહિલાઓ અમદાવાદમાં નોકરી કરવા આવે તો તેમને એક સુરક્ષિત આશ્રય સ્થાન મળી રહે. આઝાદી પછી તેમણે મહિલાઓના ઉત્કર્ષના કામોમાં ઝંપલાવ્યું હતું. 'જ્યોતિસંઘ' મૃદુલાબહેન સારાભાઇ અને પુષ્પાહેન મહેતા સાથે પણ થોડા વર્ષો સમાજકાર્ય કર્યું. ઈ.સ. ૧૯૮૬માં ગ્વાલિયરમાં ભરાયેલ અખિલ હિંદ મહિલા પરિષદમાં તેમને મહિલા ઉત્કર્ષનાં ક્ષેત્રે કામગીરી કરવા બદલ બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. મહિલાઓ સાથેના સઘન સંપર્ક અને મહિલા ઉત્કર્ષ ક્ષેત્રે કરેલ નોંધપાત્ર પ્રવુત્તિઓને કારણે ગુજરાત રાજ્યએ તેમને મહિલા સુરક્ષા સમિતિના સભ્ય બનાવ્યા.

- **ઈલાબહેન ભટ્ટ**



7 સપ્ટેમ્બર 1933ના રોજ અમદાવાદમાં ઈલાબહેન ભટ્ટનો જન્મ થયો હતો. તેમણે ઈ.સ. 1952માં બી.એ. અને ઈ.સ. 1954માં એલ.એલ.બી.ની ડિગ્રીઓ પ્રાપ્ત કરી હતી. તેઓએ ગાંધીજી પ્રેરિત મજૂર મહાજન સંઘમાં કાયદાકીય સેવાઓ આપી હતી. અહીં આ સંસ્થામાં સ્ત્રીઓમાં 1952માં બી.એ. અને ઈ.સ. 1954માં એલ.એલ.બી.ની ડિગ્રીઓ પ્રાપ્ત કરી હતી. તેઓએ ગાંધીજી પ્રેરિત મજૂર મહાજન સંઘમાં કાયદાકીય સેવાઓ આપી હતી. અહીં આ સંસ્થામાં સ્ત્રીઓમાં પ્રશ્નોનો વિભાગ ઈલાબહેન સંભાળતા હતા. આ સ્ત્રીઓનું કોઈ અલાયદું સંગઠન ન હતું. તેમાંથી પ્રેરણા મેળવી 12 એપ્રિલ, 1972ના રોજ અમદાવાદમાં ઈલાબહેન ભટ્ટ એ 'સ્વાશ્રયી મહિલા સેવા સંઘ'. અંગ્રેજીમાં 'Self Employed Women's Association' ટૂંકમાં કહીએ તો 'SEWA' ની સ્થાપના કરી હતી. જે આજે ભારતમાં સહુથી વધુ સંખ્યાબળ ધરાવતું કામદારમંડળ છે. તેઓએ ઈ.સ. ૧૯૯૬ સુધી સેવાના પ્રધાનમંત્રી પદે રહ્યા હતા.

આ સંસ્થાનો મુખ્ય ઉદેશો છે કે, મહિલાઓને રોજગારી આપવી, મહિલાઓની આવકમાં વધારો કરીને આત્મનિર્ભર બનાવવી અને મહિલાઓમાં શિક્ષણ, આરોગ્ય અને કાનૂન બાબતે જાગૃતતા લાવવી.

'સેવા' ની પ્રવુત્તિઓ યુનિયન પ્રવુત્તિ, સહકારી, પ્રવુત્તિ અને સહાયક સેવાઓ એમ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. અ સંસ્થા મહિલાઓની તાકાતનું, સંગઠિત શક્તિનું એક ઉત્તમ ઉદાહરણ છે. ઈલાબહેનના અથાગ પરિશ્રમથી 'સેવા' દ્વારા સ્વાશ્રયી, ગરીબ, મજૂર મહિલાઓ દેશમાં પહેલીવાર સંગઠિત થઈ. નવા-નવા સાહસો અને મંડળો રચવાની અને તેનું નેતૃત્વ કરવાની મહિલાઓમાં આવડત વિકસી.

*ઈલાબહેન માને છે કે, 'જયારે જયારે બહેનોને વિકાસની તક મળે છે ત્યારે ત્યારે તો જીવન ઉદ્ધાર્ક પગલાં લે જ છે.*

*ઈ.સ.* 1975*માં મેક્સિકોમાં ભરાયેલી આંતરરાષ્ટ્રીય મહિલા પરિષદમાં ઈલાબહેને સ્ત્રીઓનાં સંગઠન અને બેંક બાબતની ચર્ચા વિચારણામાં મહત્ત્વનો ફાળો આપ્યો. આ પરિષદમાં તેમનો પરિચય મહિલા મિશેલ વોલ્શ સાથે થયો. તેમણે તથા અન્ય મહિલાઓએ ભેગા થઈને 'વિશ્વ મહિલા બેંક' સ્થાપીને દુનિયાભરની મહિલાઓને ધિરાણ આપવાનો વિચાર અમલમાં મુક્યો. પાંચ વર્ષ પછી ઈ.સ.* 1980*માં 'વિમેન્સ વર્લ્ડ બેકિંગ'ની સ્થાપના થઈ. ઈ.સ.* 1987*માં સ્વરોજગારી કરતી સ્ત્રીઓની સ્થિતિનો અભ્યાસ કરવા રચાયેલ નેશનલ કમિશનનાં અધ્યક્ષ તરીકે સેવા આપી.*

*ઈલાબહેને 'શ્રમશક્તિ', 'ગુજરાતની નારી', પ્રોફાઈલ્સ ઓફ સેલ્ફ એમ્પોઈડ વિમેન', 'ગ્રાઈન્ડ ઓફ વર્ક', 'આપણી શ્રમજીવી બહેનો' અને 'દુસરી આઝાદી-સેવા' નામના પુસ્તકો લખ્યા છે. આ ઉપરાંત 'સેવા'ના મુખ્યપદ'અનસૂયા'માં નિયમિત લેખો લખતા જે સર્વહારા મહિલા વિશે માહિતી આપે છે.*

*આમ, ઈલાબહેન આટલી વિશાળ સંખ્યામાં સ્વાશ્રયી બહેનોને સંગઠિત કરીને તેમના જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું.*

- **કમલાબહેન ગુર્જર**

*કમલાબહેન ગુર્જર દલિત મહિલા સમાજની વિચારસરણીના પ્રતિક સમાન છે. તેઓ કામદાર સંઘના અધ્યક્ષ અને હરિજન સેવક સંઘ-ગાંધી આશ્રમ સાથે સંકળાયેલા છે. ઈ.સ. કમલાબહેન ગુર્જરનું મૂળવતન વિરમગામ છે. દલિત મહિલાઓની જાગૃતિ માટે તેઓએ કાર્ય કર્યું છે. ઈ.સ.* 1986*માં ગોલણા હત્યાકાંડમાં પોલીસદમન વિરોધી તેમણે દલિત રેલી કાઢી હતી. આ ઉપરાંત સાબરકાંઠા, બાલવા-ઉના, તેલનાર-કપડવંજના દલિત અત્યાચારો, મહિલાઓ ઉપર થયેલા પોલીસ સિતમ સામે તેમણે જબરદસ્ત ઝુંબેશ આપી હતી.*

*ઈ.સ.* 1985*માં 'આદર્શ મહિલા સમાજ'ની સ્થાપના થઈ તેનું મહામંત્રી પદ કમલાબહેનએ શોભાવ્યું હતું. અત્યંજો અને મહિલા સફાઈ કામદારોના પ્રશ્નો માટે તેઓ હંમેશા આંદોલનો કરતા રહ્યા છે.*

## 13.7 સર્વહારા મહિલાઓ માટે કાર્ય કરતી સંસ્થા 'સેવા'

*ભારતમાં અસંગઠિત ક્ષેતમાં મોટી સંખ્યામાં મહિલાઓ કાર્યરત છે. જેમ કે –ઘરગથ્થુ કામદારો, હસ્તકળા કર્મચારીઓ, વેચાણકાર મહિલાઓ, દૂધ ઉત્પાદક સ્ત્રીઓ, ઔદ્યોગિક ક્ષેત્રમાં મહિલા કામદારો, ઘણીવાર આ મહિલાઓને યોગ્ય વેતન કે કાયદાકીય સુરક્ષા મળતી નથી. આવા સમયમાં 'સેવા' નામે સંસ્થા ઈ.સ.* 1971*માં ઈલાબહેન ભટ્ટે સ્થાપી. જેનું મુખ્ય કાર્યાલય અમદાવાદ ગુજરાતમાં સ્થિત છે. "સેવા" સંસ્થાનું પૂરુંનામ* " Self Employed Women's Association (SEWA) *છે. ઈલાબહેન ભટ્ટે અમદાવાદ ટેક્સટાઈલ મજૂર સંગઠન (*TLA) *માં કાર્ય દરમિયાન જોયું કે મોટી સંખ્યામાં સ્વરોજગારી હેઠળ કામ કરે છે પણ તેમનો કોઈ કાયદાકીય કે*

*સામાજિક સુરક્ષા હક્ક નથી. આથી તેમણે મહિલાઓ માટે અલગ સંસ્થા રચવાની જરૂર અનુભવી અને સેવા સંસ્થાની સ્થાપના કરી.*

- **"સેવા" ના મુખ્ય ઉદ્દેશો**

1. *મહિલાઓને રોજગારની સુરક્ષા આપવી.*
2. *મહિલાઓની આવકમાં વધારો કરીને આત્મનિર્ભર બનાવવી.*
3. *મહિલાઓમાં સંગઠન અને એકતાની ભાવના વિકસાવવી.*
4. *શિક્ષણ, આરોગ્ય અને કાનૂન બાબતે મહિલાઓમાં જાગૃતતા લાવવી.*

- **મુખ્ય કાર્યક્ષેત્રો**

**1. રોજગાર અને આવકમાં વૃદ્ધિ**

*"સેવા" સંસ્થા મહિલાઓને નાની બચત અને ધંધાની તાલીમ આપીને તેમને રોજગાર સાથે જોડે છે. આ ઉપરાંત ઘરગથ્થુ કામદાર, હસ્તકલા કારીગર, દૂધ ઉત્પાદક, ખાદ્ય પ્રોસેસિંગ વર્કર વગેરેને એક જૂથમાં જોડીને* Self Help Groups *બનાવે છે. જેથી તેમની આવકમાં વધારો થાય છે.*

**2. બેંકિંગ અને નાણાકીય સહાય**

*ઈ.સ.* 1974*માં 'મહિલા સેવા સહકારી બેંક'ની સ્થાપના કરવામાં આવી. આ બેંક મહિલાઓને નાની બચત, ધંધા માટે લોન, વીમા અને નાંણાકીય સલાહ પૂરી પાડે છે.*

**3. કાનૂની સહાય અને હક્કો માટેની લડત**

*આ સંસ્થા મહિલાઓને કાયદાકીય માર્ગદર્શન ન્યાયિક સહાય અને દસ્તાવેજી સહાય પૂરી પાડે છે. સેવા મહિલાઓનાં હક્કો માટે સરકાર સમક્ષ અવાજ ઉઠાવે છે.*

*પચાસ વર્ષથી વધારે વર્ષ પૂરા કરી ચૂકેલ 'સેવા' એ આજે એક વિશાળ વડલાનું રૂપ ધારણ કર્યું છે. યુનિયન પ્રવુત્તિ, સહકારી પ્રવુત્તિ અને સહાયક સેવાઓ એમ ત્રણ ભાગમાં તેની પ્રવુત્તિઓ વહેંચાયેલી છે. આ મોટા યુનિયનમાં નેજા હેઠળ બીડી-કામદારો, માથોડા-મજૂરો, ભરતકામ, મોતીકામ, વણાટકામ, ખેત મજૂરી, કાગળ વીણનારાઓ, ગુંદર વીણનારાઓ, રંગાટી કામદારો વગેરે નાના નાના અનેક યુનિયનો છે.* 71 *જેટલી સહકારી મંડળીઓ છે. તેમની પોતાની 'સેવા બેંક' છે. સેવા આરોગ્ય સમિતિ છે. 'સેવા અકાદમી' પણ છે. ઈ.સ. ૧૯૭૨માં એપ્રિલ માસમાં 'સેવા' ને ઈન્ડિયન ટ્રેડ યુનિયન એક્ટ હેઠળ કાયદેસર વ્યાવસાયિક સંગઠન રૂપે માન્યતા મળી.*

*'સેવા' એ મહિલાઓની તાકાતનું સંગઠિત શક્તિનું એક ઉત્તમ ઉદાહરણ છે. 'સેવા દ્વારા સ્વાશ્રયી, ગરીબ, મજૂર, મહિલાઓ દેશમાં પહેલીવાર સંગઠિત થઈ જેને પરિણામે તેમનું શક્તિકરણ થયું. પોતાના પ્રશ્નોને સમજીને નિરાકરણ લાવવાનું મહિલાઓમાં આવડત આવી.*

## 13.8 સારાંશ

*સર્વહારાએ સમાજના છેવાડાનાં વર્ગો અથવા કચડાયેલા, દબાયેલા, નિમ્નસ્તરીય સમાજના અથવા સબઅલ્ટન તરીકે ઓળખાય છે. આ વર્ગમાં મહિલાઓનું શોષણ થાય છે. મહિલાઓનાં શ્રમ, ત્યાગ અને યોગદાનને માન્યતા મળતી નથી. આવી મહિલાઓના ઉત્કર્ષ માટે ઈલાબહેન ભટ્ટે 'સેવા' સંસ્થા દ્વારા મહિલા ઉત્કર્ષની પ્રવુત્તિઓ કરી. અનસૂયાબહેન સારાભાઈ ગાંધી વિચારસરણી પ્રેરાયને શ્રમજીવી મહિલા માટે કાર્ય કર્યું. ટૂંકમાં, શ્રમજીવી દબાયેલી, કચડાયેલી મહિલાઓનાં ઉત્કર્ષ અને તેઓના પ્રશ્નોના નિવારણ માટે સંઘર્ષ થયા.*

## 13.9 તમારી પ્રગતિ ચકાસો

1. *'સર્વહારા' નો અર્થ જણાવો.*

2. *ઈલાબહેન ભટ્ટની કામગીરીનું વર્ણન કરો.*

3. *'સેવા' સંસ્થાની સ્થાપના અને પ્રવુત્તિ વિશે જણાવો.*

4. *વીરબાળાબહેન નાગરવાડિયાનો પરિચય આપો.*

5. *અનસૂયાબહેન સારાભાઈની કામગીરીનો વિસ્તૃત્ત પરિચય આપો.*

## 13.10 ચાવીરૂપ શબ્દો

- *મહિલા*
- *સર્વહારા*
- *સેવા*
- *મજૂર મહાજન સંઘ*
- *છેવાડાનાં વર્ગો*
- *સ્વાશ્રયી મહિલા*

## 13.11 સ્વાધ્યાય

**નિમ્નલિખિત પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

1. *'SEWA'નું પૂરું નામ જણાવો.*

2. *સર્વહારા શબ્દનો સૌપ્રથમ પ્રયોગ કોણે કર્યો હતો?*

3. *અમદાવાદ મ્યુનિસિપાલિકા સામે મહિલાઓએ કરેલ હડતાળ વિશે ચર્ચા કરો.*

4. *ઈલાબહેન ભટ્ટના જીવન વિશે જણાવી, તેમની પ્રવુત્તિ વિશે વિસ્તૃત ચર્ચા કરો.*

5. *કમલાબહેન ગુર્જરની કામગીરી ચર્ચો.*

6. *'સેવા' ના ઉદ્દેશો જણાવો.*

- *ખરાં-ખોટાંના જવાબો આપો.*

1. *સેવા સંસ્થાના સ્થાપક અનસૂયાબહેન હતા.*
2. *આદર્શ મહિલા સમાજની સ્થાપના ઈ.સ. 1985માં થઈ.*
3. *મહિલા સેવા સહકારી બેંકની સ્થાપના ઈ.સ. 1975માં થઈ હતી.*
4. *ઈલાબેહન ભટ્ટનો જન્મ અમદાવાદમાં થયો હતો.*

5. *'દૂસરી આઝાદી-સેવા' પુસ્તકના લેખક ઈલાબહેન ભટ્ટ છે.*

**જવાબો** (1) *ખોટું* (2) *ખરું* (3) *ખોટું* (4) *ખરું* (5) *ખરું*

**બહુ વૈકલ્પિક પ્રશ્નો**

**1.** *ગુજરાતમાં મજૂર આંદોલન શરૂ કરનાર પ્રથમ મહિલા કોણ હતા?*

(A) *અનસૂયાબહેન* (B) *ઈલાબહેન*

(C) *સરોજબહેન* (D) *કસ્તૂરબા*

2. *મજૂર મહાજન સંઘની સ્થાપના ક્યારે થઈ?*

(A) 1915 (B) 1930 (C) 1920 (D) 1901

3. *ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પરત ક્યારે ફર્યા ?*

(A) 1940 (B) 1915 (C) 1916 (D) 1917

4. *"વિમેન્સ વર્લ્ડ બેંક' ની સ્થાપના ક્યારે થઈ?*

(A) 1980 (B) 1981 (C) 1818 (D) 1920

5. *ગુજરાતનાં 'મજૂર આલમના માતા' તરીકે કોણ ઓળખાય છે?*

(A) *અનસૂયાબહેન* (B) *ઈલાબહેન*

(C) *મણિબહેન* (D) *પુષ્પાબહેન*

**જવાબો :** 1 (A), 2 (C), 3 (B), 4 (A), 5 (A)

## 13.12 સંદર્ભગ્રંથો


1. *મહેતા, શિરીન, 'ગુજરાતમાં નારીચેતના અને વંચિત મહિલાના પડકાર' (ભાગ ૧ અને ૨) દર્શક ઈતિહાસ નિધિ, અમદાવાદ, ૨૦૧૯*
2. *વ્યાસ, જય નારાયણ., મજુર મહાજન સંઘ, ઉસ્માનપુરા, અમદાવાદ,* 2022.
3. *ઠાકર મીનાક્ષી, 'ગુજરાતનાં નારી-રત્નો', ગુર્જર ગ્રંથરત્નકાર્યાલય, અમદાવાદ,* 2009
4. *ઠાકર બેલા, નારી પ્રતિભાઓ, ગુર્જર કાર્યાલય, અમદાવાદ,* 1999
5. *ગુજરાતી વિશ્વકોશ (એન્સાઈક્લોપીડિયા)* www.gujaratvishakosh.org.
6. विक्रम., एस, दलित महिलाएं, श्री नटराज प्रकाशन, नई दिल्ली, २०१०.
7. छिल्लर, मंजुलता., भारतिय नारी, अर्जुन पब्लिशिंग हाउस, नई दिल्ली, २०१०.
8. Ranjana Harish, Indian Womens Autobiographies, Arnold Publishers, New Delhi, 1993

9. Chaudhari, Maitrayee, Indian Women’s Movement, Reform and Revival, Reliant Publishers, Delhi, 1994.
10. Bhatt Ela, We Are Poor but so Many, Oxford University Press,2005.

| એકમ : 14 | આધુનિક સ્ત્રી આંદોલનો અને કાયદો |
|---|---|

**:: રૂપરેખા ::**

**14.0** ઉદ્દેશ્યો

**14.1** પ્રસ્તાવના

**14.2** ભારતમાં સ્ત્રી આંદોલનની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

**14.3** ભારતના મહિલા સંગઠનો

**14.4** ભારતમાં મહિલા આંદોલનો

**14.4.1** **20**મી સદી પૂર્વેના આંદોલનોમાં મહિલાઓની ભાગીદારી

**15.4.2** **20**મી સદીમાં આંદોલનોમાં મહિલાઓની બદલાયેલી ભૂમિકા

**14.5** ભારતમાં મહિલા આંદોલનકારી પ્રમુખ મહિલાઓ

**14.5.1** સ્વર્ણ કુમારી દેવી **(1856-1932)**

**14.5.2** સરોજિની નાયડુ

**14.5.3** સરલા દેવી **(1871-1946)**

**14.5.4** પંડિતા રમાબાઈ **(1858-1922)**

**14.5.5** સાવિત્રીબાઈ ફુલે

**14.6** તમારી જાતે ચકાસો

**14.7** સારાંશ

**14.8** ચાવીરૂપ શબ્દો

**14.9** તમારી જાતે ચકાસોના જવાબ

**14.10** બહુ વૈકલ્પિક પ્રશ્નો

**14.11** સ્વાધ્યાય

**14.12** સંદર્ભ ગ્રંથ

## 14.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે ..*

- *ભારતમાં થયેલ સ્ત્રી આંદોલનો વિશે માહિતગાર થશો.*
- *ભારતના જુદા જુદા ક્ષેત્રોમાં થયેલ આંદોલનો વિશે જાણશો.*
- *ભારતની જુદી જુદી આંદોલનકારી મહિલાઓ વિશે માહિતી પ્રાપ્ત કરશો.*
- *મહિલાઓના આંદોલનની અસરો જાણી શકશો.*
- *આદોલનો પછી સરકાર દ્વારા ઘડાયેલા કાયદાઓ વિશે સમજ પ્રાપ્ત કરશો.*
- *મહિલા વિષયક કાયદાઓની ઉપયોગિતા વિશે જાણશો.*

## 14.1 પ્રસ્તાવના

*સમગ્ર વિશ્વમાં મોટા ભાગના સમાજો પિતૃપ્રધાન સમાજ વ્યવસ્થાને અનુસરે છે. ભારત પણ તેમાંથી બાકાત નથી. ભારતીય સમાજ ધર્મપ્રધાન છે અને અનેક અસમાનતા જેવી કે જાતીય અસમાનતા, પ્રાદેશિક અસમાનતા,ધાર્મિક અસમાનતા, ભાષાકીય અસમાનતા, દરજ્જાની અસમાનતા આ તમામ અસમાનતાઓ સાથે સ્ત્રી પુરુષ અસમાનતા પણ જોવા મળે છે. પરિવારના પ્રમુખ તરીકે સદીઓથી પુરુષોનો દરજ્જો અકબંધ છે, તેથી સ્ત્રીઓ અનેક સ્થિતિમાં અસમાનતાનો અનુભવ કરે છે.*

*" સ્ત્રી જન્મતી નથી એને બનાવવામાં આવે છે."*

*- સિમોન દી બુવા*

*ઉપરોક્ત પ્રચલિત વિધાન ફ્રાન્સિસ મહાન નારીવાદી લેખિકા અને તત્વચિંતક સિમોન દી બુવાનો છે (લેખિકાનું પુસ્તક - સ્ત્રી ઉપેક્ષિતા). સિમોન ઉપરાંત અમેરિકાની અન્ય નારીવાદી લેખિકા કેટ મિલેટ પણ સિમોનના વિચારોથી એટલીજ પ્રભાવિત હતી. તેઓ શરૂઆતી* 'women's libeeaion movement' *ના પ્રવર્તક હતા. (પ્રથમ પુસ્તક-*sexual politics). *આ બંને મહિલાઓના મતે જે બે સંસ્થાઓને ઇતિહાસમાં સ્ત્રીની વર્તમાન દુર્દશા માટે જવાબદાર ગણી શકાય એ છે "વિવાહ 'અને "પરિવાર". આ બે એવી સંસ્થાઓ છે જેના કારણે જ સદીઓથી સ્ત્રી જુદી જુદી સમસ્યાઓથી ઘેરાયેલી રહી છે અને ક્યાંક ને ક્યાંક તેના કારણે હણાઈ છે.*

*આધુનિક સમયમાં મહિલાઓ પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થઈ છે અને જાહેર જીવનમાં સમાનતાનો દરજ્જો પ્રાપ્ત કરવા આંદોલનો પણ કરે છે. આધુનિક સમયમાં સમાજવાદનો 'જેન્ડર બાયસ' નો નારો વધુ જોર શોરથી બુલંદ થયો અને સ્ત્રી પુરૂષ સમાનતાની ચર્ચાઓ થવા લાગી. તેના માટે બંધારણીય આશરો લેવાના પ્રયાસ સક્રિય બન્યા છે. આની પૃષ્ઠભૂમિમાં ભારતીય સામાજિક ધાર્મિક સુધારણા આંદોલનને સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. સુધારક યુગના દરેક આંદોલનકારી સંસ્થાઓએ સ્ત્રી ઉદ્ધારક તરીકે કાયદાને જોયો. શરૂઆત રાજારામ મોહન રાયના પ્રયત્નો - સતી પ્રથા પ્રતિબંધક ધારા* (1829) *થી થાય છે. આના પછી ભારતમાં મહિલાઓની સ્થિતિ અને દરજ્જા સુધારણાના અનેક આંદોલનો થયા, જેની વિગતે વાત કરતાં પહેલા તેની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર એક વિહંગાવલોકન કરીએ.*

## 14.2 ભારતમાં સ્ત્રી આંદોલનની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

*સદીઓથી સમાજમાં સ્ત્રી પોતાનું સ્થાન નિશ્ચિત કરવા માટે સંઘર્ષ કરી રહી છે. ભારતમાં પ્રાચીન સમયથી જ આ સંઘર્ષ જોવા મળે છે. બુદ્ધ અને મહાવીરનો સમય (મહાજનપદ કાળ), રામાયણ કે મહાભારત કાળ કે પછી મૌર્ય કે ગુપ્તકાળ હોય. સ્ત્રી સંઘર્ષની ગાથા દરેક સમયની છે.*

*બુદ્ધકાલીન રચના "તેરીગાથા" (પદ્યરચના) જેમાં સુમંગલમતા અને મટ્ટા નામની ભીખુણિઓએ કવિતામાં પોતાની વ્યથા ઠાલવી છે. મટ્ટાની કવિતામાં તેની ભીખુણિ બન્યા પછીની આઝાદીના અહેસાસનો અનુભવ જોઈ શકાય છે.*

*"કિતની આઝાદ હું મેં કિતની અનોખી હે આઝાદી*

*તીન તુચ્છ વસ્તુઓ સે મુક્ત -*

*મુક્ત ઓખલી, મુસલ ઔર આપને ટેઢે માલિક સે,*

*પુનઃજન્મ ઔર મૃત્ય સે મુક્ત હું મેં*

*જિસ તમામને દબાએ રખા થા મુઝે*

*વો સબ અબ દૂર ફીક ચૂકા હે"*

*આવી જ એક વ્યથાભરી કવિતા સંગમ કાલીન (ઈ.પૂ. 100 -250) તમિલ ભાષામાં વેલલી વિટટીયારે પણ વ્યક્ત કરી છે.*

*મહાભારતમાં કુંતી, ગાંધારી અને દ્રોપદી જેવા પાત્રો પોતાના અધિકાર માટે સંઘર્ષ કરતાં જોવા મળે છે, તો રામાયણમાં સીતાનો સંઘર્ષ પણ આપણી સમક્ષ છે. સમયે સમયે અનેક સ્ત્રી પાત્રો ઈતિહાસમાં જોવા મળે છે, જેમણે સામાન્ય સ્ત્રી જીવનથી ભિન્ન પ્રકારના જીવનની કલ્પના કરી અને તેને જીવવાના સક્ષમ પ્રયાસો પણ કર્યાં. આવી જ સ્ત્રીઓ ઈતિહાસમાં પોતાના વિચારો અને કાર્યોની કારણે સમ્માનિત થઈ.*

*મધ્યકાળની વાત કરીએ તો જુદા જુદા પ્રાદેશિક ક્ષેત્રોમાં આવી નીડર મહિલાઓ સમાજ સુધારણા અને પોતાના અધિકારો માટે લડત કરતી જોઈ શકાય છે, જેમાં મહાદેવી અકકા અને સુલે સનકવા વીરશૈવ પંથી કન્નભાષી મહિલાઓ હતી. દક્ષિણ ભારતમાં નગ્ન અવસ્થામાં ભ્રમણ કરતી અને સમાજની કેટલીક રૂઢિવાદી માન્યતાઓનો વિરોધ કરતી. અકકા એ જાતિપ્રથાની ઘોર આલોચક હતી. એવી જ રીતે રાજસ્થાનના રાજપરિવારથી આવતી મીરાંબાઈ એ રાજા મહારાજાઓના જુલમ અને પતિની સત્તાનો વિરોધ કર્યો. વ્રજ ભાષા તથા ગુજરાતી ભાષામાં અનેક પદ તેમણે લખ્યાં. સમાજમાં જાગૃતિ માટેની એ સમયે અગ્રદૂત બની. ચૌદમી અને પંદરમી સદીમાં મહારાષ્ટ્રમાં જનાબાઈએ મરાઠીમાં અને બંગાળમાં જન્મેલી રામીએ બંગાળીમાં પોતાના વિચારો સ્ત્રી અધિકાર માટે વ્યક્ત કર્યા. બંને મહિલાઓનો જન્મ નીચી ગણાતી જાતિમાં થયો હતો. બંનેએ સમાજની રૂઢિઓ સામે અવાજ ઉઠાવી. એવીજ રીતે ગંગાસતી અને રતનાબાઈએ ગુજરાતમાં મહિલા અધિકાર માટે લડત*

કરી પોતાના લખાણો દ્વારા જાગૃતિ લાવી. 16મી સદીમાં તેલુગુ ભાષામાં રામાયણ લખનાર અતુકુરી મોલ્લા અને બંગાળીમાં રામાયણ લખનાર ચૌન્દ્રબૌલી સીતાના પાત્રને વધુ મજબૂત બતાવ્યું. ચૌન્દ્રબૌલીએ અલાઉદ્દીન ખલજીના સમયમાં લેવાતાં. અનેક કર અને કાયદાઓ જે સ્ત્રીઓની દુર્દશા કરવામાં જવાબદાર હતાં તેનો આજીવન વિરોધ કર્યો. આવી જ એક નીડર મહિલા હતી ઓરંગઝેબની પુત્રી ઝેબુન્નિશાં.

19મી સદીના ભારતીય સમાજની વાત કરીએ તો સમાજમાં અનેક બદીઓ પ્રવર્તમાન હતી. પરંપરાનાં નામે અનેક કુરિવાજો આપણે અનુસરતા હતા. સતી પ્રથા, વિધવાને પુનઃલગ્ન કરવાની મનાઈ, દીકરીને દૂધપીતી કરવી દહેજ પ્રથા વગેરે. મુસ્લિમ અને હિન્દુ સમાજમાં બને ધર્મના આગવા કાયદાઓ હતા. હિન્દુ સમાજના કાયદાઓનો મુખ્ય આધાર હિન્દુ ધર્મશાસ્ત્રના ગ્રંથો હતા જેમાં સ્મુતી સાહિત્યમાં મનુસ્મુતિ, પરાસરસ્મૃતિ, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, ગૌતમ ધર્મ સૂત્ર આપસ્તંભ, વિદુરનીતિ તથા અર્થશાસ્ત્ર વગેર આધારભૂત ગ્રંથો હતા. મુસ્લિમ ધર્મમાં શરિયત તથા હદીસના ગ્રંથો સહીઃ અલ બુખારી, સહીઃમુસ્લિમ, ફિક વગેરે કાયદાના મુખ્ય આધાર હતા. જેનો ઉપયોગ કરી સ્થાનિક ન્યાયલયો અને ઉચ્ચ ન્યાયાલયો નિર્ણય આપતા. ૧૯મી સદીમાં ભારતના એક મોટા ભૂભાગ ઉપર અંગ્રેજોની સત્તા સ્થપાઈ જાય છે અને અનેક કાયદાઓ દ્વારા તેઓ સમાજમાં સુધારા લાવવાનું સાહસ કરે છે કેટલા પરંપરાગત કુરિવાજ ભારતીય સુધારકો અને અંગેજી સત્તાના સંયુક્ત પ્રયાસોથી દૂર કરવાની શરૂઆત પણ થાય છે.

## 14.3 ભારતના મહિલા સંગઠનો

ભારતમાં મહિલાઓના અધિકાર અંગે જાગૃતિ પછી અનેક મહિલા સંગઠનો રચાયાં. ભારતીય પરિપેક્ષ્યમાં 19મી સદીનો મધ્યભાગ આ સંગઠનોનો ઉદ્ભવકાળ ગણી શકાય. આમાંના કેટલાક સંગઠનો બ્રિટિશ મહિલાઓ અથવા મિશનરીઓ દ્વારા શરૂ કરાયાં તો કેટલાંક ભારતીય મહિલાઓ દ્વારા શરૂ કરાયાં તો ક્યાંક આ સંગઠનોના ઉદ્ભવ પાછળ કેટલાંક સમાજ સુધારક સંગઠનોની પ્રેરણા હતી. મોટાભાગનાં સંગઠનોએ સ્ત્રીઓનાં સમાજમાં સ્થાન અને દરજ્જા સુધારણા માટે શિક્ષણને અગત્યનું ગણ્યું એટલે આ સંગઠનોએ સ્ત્રી શિક્ષણ પર વિશેષ બહાર મુક્યો. આ ઉપરાંત મહિલાઓમાં સામાજિક અને રાજકીય જાગૃતિ માટે પણ આ સંગઠનોએ કાર્ય કર્યું. એવા કાયદાઓના નિર્માણની માંગણી પણ કરવામાં આવી, જેનાથી મહિલાઓને રક્ષણ પ્રાપ્ત થાય. સમયાંતરે આ સંગઠનોએ સ્ત્રીઓના અધિકારો માટે પોતાના ઉદ્દેશ્યો અને લડતનું સ્વરૂપ પણ બદલ્યું. ભારતનાં જુદા જુદા ક્ષેત્રોમાં આ સંગઠનો અસ્તિત્વમાં આવ્યાં. 1819 માં કલકત્તામાં કન્યા બાલ સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિ દ્વારા જ સ્ત્રી શિક્ષણ સંબંધિત પ્રથમ ભારતીય પુસ્તક 1920માં પ્રકાશિત કરવામાં આવ્યું, જેની રચના ગુરુમોહન વિદ્યાલંકાર દ્વારા કરવામાં આવી હતી. 1927માં મિશનરી દ્વારા હુગલીમાં 12 કન્યા શાળાઓ શરૂ થઈ. "લેડીજ સોસાયટી ફોર નેટિવ ફિમેલ ઍજ્યુકેશન ઇન કલકત્તા ઇટ્સ વીસીનીટી" અંતર્ગત

*મિસ કૂક દ્વારા શાળાઓ ચલાવવામાં આવી. બંગાળમાં જનાના (અંદરમહેલ) નામે સ્ત્રી પ્રૌઢ શિક્ષણના કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા.*

*આ ઉપરાંત બંગાળમાં બંગ મહિલા સમાજ, બનારસમાં ભારત મહિલા પરિષદ, બેંગલોરમાં મહિલા સેવા સમાજ, અલાહાબાદમાં પ્રયાગ મહિલા સમિતિ,* 1882 *લેડીજ થિયોસૉફિકલ સોસાયટી,* 1886*માં બંગાળમાં સાખી સમિતિ,* 1910*માં સરલા દેવી દ્વારા સ્થાપિત ભારત સ્ત્રી મહામંડળ,* 1917*માં મદ્રાસમાં ભારતીય મહિલા એસોસિએશન,* 1920-21*માં રાષ્ટ્રીય સ્ત્રી સભાની સ્થાપના,* 1929*માં અખિલ ભારતીય મહિલા સંમેલનની સ્થાપના (ઓલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સ), ક્રિશ્ચિયન ટેનપેરન્સ યુનિયન, બંગાળ લેડિસ એસોસિએશન અને મહિલા સમાજ,* 19*મી સદીના અંતિમ તથા* 20*મી સદીના આરંભિક વર્ષોમાં બંગાળમાં બંગ મહિલા સમાજ અને અઘોરકામીની નારી સમિતિ, મહારાષ્ટ્રમાં સાતારા અબલા ઉન્નતિ, બેંગલોરમાં મહિલા સેવા સમાજ, બનારસમાં ભારત મહિલા પરિષદ અલાહાબાદમાં પ્રયાગ મહિલા સમિતિ સ્થપાયાં.*

**19મી સદીના અંતિમ બે દસકમાં બનેલી સીમાચિન્હ રૂપી ઘટનાઓ**

1857*ના મહાસંગ્રામ પછી રાણી વિક્ટોરિયાનો ઢંઢેરો બહાર પાડવામાં આવ્યો, જેમાં અંગ્રેજી સત્તા દ્વારા સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે હવેથી તેઓ ત્યાં સુધી ભારતીય ધર્મ અને સામાજિક બાબતોમાં દખલગીરી નહીં કરે જ્યાં સુધી ભારતીયો સ્વયં તેની માંગણી ન કરે. સુધારાવાદી નેતાઓ દ્વારા ક્યાંક ક્યાંક સુધારણા માટે અવાજ બુલંદ કરવામાં આવતો અને અંગ્રેજી સત્તા દ્વારા કેટલાક ફેરફાર થતાં. ક્યાંક મહિલાઓ દ્વારા પણ પોતાના અધિકારોની માંગણી કરવામાં આવી. એમાં પહેલી ઘટના પૂનાની ભણેલી* 11 *વર્ષની રૂકમાબાઈની છે, જેણે દાદાજી નામના મોટી ઉંમરના વ્યક્તિ સાથે લગ્ન થતાં તેમની સાથે જવાની ના પડી જેથી દાદાજી કોર્ટની શરણ લે છે અને* Restintion of conjugal Right *હેઠળ રૂકમાબાઈને સાસરે આવવાની ફરજ પાડી, પરંતુ રૂકમાબાઈએ સાસરે જવાની ના પડતાં કોર્ટે એમને જેલની સજા કરી. રૂકમાબાઈએ એ સજા સ્વીકારી. અંતે સમાજસુધારકો અને રાણી વિક્ટોરિયાની દરમિયાનગીરી કરતાં રૂકમાબાઈની વાત સ્વીકારાઈ અને આમ એની જીત થઈ.*

*અન્ય એક ઉદાહરણ બિહારની મૈતેયી જ્ઞાતિની ફૂલમણીનું છે. તેના લગ્ન* 35 *વર્ષના હરિમતિ સાથે થયા હતા. એ સમયે* 1860*ના ઇંડિયન પિનલ કોડ પ્રમાણે છોકરીની લગ્નની વયમર્યાદા* 10 *વર્ષની કરવામાં આવી હતી. વય નાની હોવાને કારણે હરિમતિ દ્વારા જાતીય સબંધ બાંધતા ફૂલમણિ મૃત્યુ પામી, જેના કારણે સુધારકોએ વિરોધ કર્યો. ખાસ કરી બે એમ મલબારીના પ્રયાસોથી* 1891*માં* age of consent bill *સંમતિ ધારો પસાર થયો જેમાં છોકરીની લગ્નની વય* 10 *થી વધારી* 12 *વર્ષ કરવામાં આવી, આ એક નોંધપાત્ર ઘટના હતી.*

## 14.4 ભારતમાં મહિલા આંદોલનો

### 14.4.1 20મી સદી પૂર્વેના આંદોલનોમાં મહિલાઓની ભાગીદારી

**1888નો દેહવિક્રય સંબંધિત કાયદાની માંગણી**

*કોંગ્રેસની સ્થાપનાના લગભગ પાંચ વર્ષ પછી એટલે 1890માં મહિલાઓએ તેમાં ભાગ લેવાનું શરૂ કર્યું, જેમાં કુલ પાંચ મહિલાઓએ ભાગ લીધો હતો. તેનો મુખ્ય આશય મહિલાઓના પ્રશ્નોને એક રાષ્ટ્રીય મંચ થકી વાચા આપવામાં આવે, જેથી સમગ્ર રાષ્ટ્રનું ધ્યાન તેમના તરફ કેન્દ્રીત થાય, જેમાં તેમણે બ્રિટિશ શુભચિંતકોનો પણ સહકાર મળ્યો. સૌપ્રથમ 1888ના અધિવેશનમાં વેશ્યાવૃત્તિ નિયમન માટે પ્રસ્તાવ મૂકવામાં આવ્યો. ત્યાર પછી 1892માં ફરી આ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો. તેને લગતા કાયદાઓનું નિયમન કરવાની માંગણી કરવામાં આવી.*

14.4.1.1 1890નું *કલકત્તાનું મહિલા આંદોલન*

*ભારતમાં મહિલાઓ દ્વારા સંચાલિત પ્રથમ આંદોલન 1890માં બંગાળમાં બ્રહ્મો સમાજની પ્રેરણાથી શરૂ થયું. આ આંદોલન બંગાળી બ્રાહ્મણ મહિલાઓ દ્વારા પડદા પ્રથાના વિરોધમાં થયો, જેમાં આ સ્ત્રીઓ શહેરોની ગલીઓમાં નીકળતી, ગીતો ગાતી અને લોકો જ્યાં ભેગા થાય ત્યાં પરદા પ્રથાના દૂષણોથી તેમને વાકેફ કરતી અને આ પ્રથાનો વિરોધ કરતી.*

14.4.1.2 1892*ના ધરામાં મહિલાઓનો પ્રસ્તાવ*

*ભારતમાં પરંપરાગત રીતે પ્રચલિત બાળલગ્ન વ્યવસ્થા એ સ્ત્રીના વિકાસમાં અવરોધ સમાન હતી. મહિલાઓમાં સામાજિક જાગૃતિ આવતાં આ પ્રશ્ન અંગે તેમણે સરકારનું ધ્યાન કેન્દ્રિત કર્યું. 1860માં લગ્ન અનુમતિની વય 10 વર્ષની નક્કી કરવામાં આવી, પરંતુ તેને લઈને કેટલાક સંગઠનો દ્વારા અને વ્યક્તિગત રીતે વિરોધની લહેર ઊઠી. આ વિવાદની શરૂઆત પુરુષો વચ્ચે થઈ, પણ ટૂંક સમયમાં ઉચ્ચ મધ્યમ વર્ગની સ્ત્રીઓ તેમાં જોડાઈ અને આ વિવાદે આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું. તેનો વિરોધ મોટા પાયે શરૂ થયો. લગ્ન સંમતિ વય વધારવા માટે માંગણી કરવામાં આવી. વય વધારનારાઓનો પક્ષ હતો કે છોકરીની 10 વર્ષની આયુ ઘણી નાની હોવાને કારણે ઘણા પ્રશ્નો ઉદ્ભવે છે અને તેનાજ કારણે ભારતનું ભૌતિક અને નૈતિક પતન થઈ રહ્યું છે. આના જ સંદર્ભમાં કલકત્તાની મહિલા ચિકિત્સકોએ વિવાહની વય વધારવા તથા સમાજ સુધારકોના સમર્થનમાં એક હજાર છસો (1600) હિન્દુ સ્ત્રીઓએ કાનૂની સુધાર લાગુ કરવા મહારાણી વિક્ટોરિયાને 1890માં એક યાચિકા આપી હતી.*

*પરિણામ સ્વરૂપે 1891માં* THE AGE OF CONSENT ACT *પસાર કરવામાં આવ્યો. જેમાં લગ્નની છોકરીની વય 10 વર્ષથી વધારી 12 વર્ષની કરવામાં આવી. આ કાયદાથી છોકરીઓની લગ્નવય તો વધી જ સાથે સાથે બાલ વિવાહ વિરુદ્ધ કાયદાકીય સંરક્ષણ મળ્યું. ઉપરાંત 12 વર્ષથી નાની છોકરી સાથે લગ્ન કરી શારીરિક સંબંધ બાંધનાર સામે બળાત્કારનો ગુનો દાખલ કરવાની જોગવાઈ કરવામાં આવી.*

*લોકોનું આ સમસ્યા સામે ધ્યાન આકર્ષિત થયું. સમાજની એક મોટી બદીથી લોકો જાગૃત થયા અને મહિલાઓના અધિકારો વિશે ચેતના જાગૃત થઈ.*

**વેશ્યાવૃત્તિ નિયમન કાયદાઓ માટે આંદોલનો**

14.4.1.3 *વેશ્યાવૃત્તિનો વિરોધ કરતાં આંદોલનો*

*બ્રિટિશ કાળમાં આ સમસ્યા મોટા પાયે ભારતમાં પ્રવર્તમાન હતી. અંગ્રેજ અધિકારીઓ અને સૈનિકોનો લાંબા સમયથી વસવાટ ઉપરાંત ભારતીય ધનિક વર્ગમાં પણ આ દૂષણ જોવા મળતું હતું. ખાસ કરી સૈનિક છાવણીની આજુબાજુ લાલ બજાર (રેડલાઇટ એરિયા) ઝડપથી વિકસવા માંડ્યા. જેના કારણે શિફિલિશના રોગીઓનું પ્રમાણ વધવા લાગ્યું. આથી વેશ્યાવૃત્તિને નિયમન કરવા માટે આ વર્ગ દ્વારા તથા સમાજસુધારક બુદ્ધિશાળી વર્ગ દ્વારા માંગ કરવામાં આવી. કોંગ્રેસના મંચથી મહિલાઓ જે મુદ્દો સૌ પ્રથમ રજૂ કરવા માંગતી હતી, તેમાં વૈશ્યાવૃત્તિ સૌથી અગત્યનો અને પ્રથમ મુદ્દો હતો.* 1888*ના કોંગ્રેસ અધિવેશનમાં પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો કે મહિલાઓ ભારતમાં વેશ્યાવૃત્તિના નિયમનના કાયદા માટે બ્રિટિશ શુભચિંતકો સાથે મળી આ મુદ્દા માટે લડત આપશે.* 19*મી સદીના અંત સુધી આ પ્રશ્ન વધુ ગંભીર બન્યો. સમાજસુધારકોની દૃષ્ટિ પણ તેના પર પડી કેટલીક પત્રિકામાં તેના વિશે લેખો પણ લખ્યા. મહિલા સુધારકોમાં સૌપ્રથમ સરલાદેવીએ તેના માટે અવાજ ઉઠાવ્યો અને 'ભારતી' સામયિકમાં તેના વિશે લખાણ પણ લખ્યાં. 'સંજીવની' પત્રિકામાં પણ આ સમસ્યાનાં નિરાકરણ માટે લખાયું.*

## 14.4.2 20મી સદીમાં આંદોલનોમાં મહિલાઓની બદલાયેલી ભૂમિકા

*ભારતમાં* 19*મી સદીના ઉત્તરાર્ધમાં મહિલા આંદોલનોની ભૂમિકા બદલાય છે. રાષ્ટ્રીય સ્વતંત્રતા આંદોલનમાં મહિલાઓની સક્રિય ભાગીદારી વધે છે. મહિલાઓની આંદોલનમાં ભૂમિકા તો બદલાઈ, સાથે સાથે વૃદ્ધિ પણ પામી. વીસમી સદીની શરૂઆતથી આઝાદી સુધીની તમામ લડતોમાં મહિલાઓની રાજકીય સમજણમાં પણ સ્પષ્ટ પરિવર્તન અને વિકાસ જોઈ શકાય છે.*

*ગાંધીજીના નેતૃત્વમાં લડાયેલ અનેક આંદોલનમાં મહિલાઓની મુખ્ય ભૂમિકા રહી. ગાંધીના સિદ્ધાંતોને વણી લઈ આઝાદીની ચળવળમાં ખૂબ અગત્યની ભૂમિકા નિભાવી. સ્વદેશી ચળવળમાં વિદેશી વસ્તુઓનો બહિષ્કાર, રેલીઓ કાઢવી સભાને સંબોધવી. સ્વદેશી ફંડ માટે અનાજ એકત્રિત કરવું વગેરે જેવા કાર્યોમાં સક્રિય ભૂમિકા ભજવી, જેમાં ભારતના જુદા જુદા ક્ષેત્રોથી અનેક લીડર મહિલાઓ સામે આવી, જેમાં બંગાળની સરોજની બોસ, પંજાબની સુશીલા દેવી, લાહોરની હરદેવી, ગુજરાત અને મહારાષ્ટ્રની અવંતીકાબાઈ ગોખલે, એસુબાઈ સાવરકર, સત્યભામા તિલક વગેરે હતી. ત્યાર પછી થનારા ક્રાંતિકારી આંદોલનોમાં પણ મહિલાઓ જોડાય છે. ભિખાજી કામા, કલ્પના દત્ત અને લક્ષ્મી સહેગલ જેવા અવિસ્મરણીય નામ છે. આ મહિલાઓએ ક્રાંતિકારીઓ માટે આશ્રય સ્થાન પૂરા પાડવા, ભંડોળ એકત્રિત કરવા, ગુપ્ત દસ્તાવેજો એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવા વગેરે જેવા કાર્યો કર્યાં. આ ઉપરાંત કેટલીક મહિલાઓએ તો સશસ્ત્ર હુમલાઓમાં ભાગીદારી પણ લીધી હતી,*

*જેમાં ચટગાવ શસ્ત્રાગાર કાંડમાં કેટલીક મહિલાઓ પણ જોડાઈ હતી, જેમાં સુહાસિની ગાંગુલી, સાવિત્રી દેવી, પ્રતિલતા વાડેડર અને કલ્પના દત્ત હતાં. જેમાંની પ્રતિલતા વાડેડરે તો એક યુરોપિયન ક્લબ પર બોમ્બ નાખ્યું અને ત્યાંજ શહાદત પણ વહોરી. દુર્ગાભાભી જે ભગતસિંહ, સુખદેવ અને ચંદ્રશેખર આઝાદનાં સાથી બને છે.*

## 14.5 ભારતમાં મહિલા આંદોલનકારી પ્રમુખ મહિલાઓ

### 14.5.1 સ્વર્ણ કુમારી દેવી (1856-1932)

*ભારતીય ઈતિહાસમાં મહિલાઓના ઉદ્ધાર અને સામાજિક દરજ્જામાં સુધારણા માટે કાર્ય કરનાર મહિલાઓમાં સ્વર્ણકુમારી દેવીનું નામ અગ્ર હરોળમાં આવે છે. રવીન્દ્રનાથ ટાગોરનાં બહેન હતાં. પરિવારમાંથી લેખન વાંચનનો ગુણ વારસાગત લઈને જન્મેલા લગભગ* 18 *વર્ષની ઉંમરે 'દીપ નિર્માણ' ઉપન્યાસ આપનાર આ સશક્ત મહિલાએ બંગાળની મહિલાઓ માટે ખૂબ કામ કર્યું. તે સમયના પ્રચલિત પત્રિકા 'ભારતી' ના સંપાદન મંડળની સભ્ય અને* 1884*માં મુખ્ય સંપાદક તરીકે સેવા આપી.* 1882*માં લેડીજ થિયોસૉફિકલ સોસાયટીની સ્થાપના કરી, જે* 1886*માં બંધ થઈ ગઈ. ત્યાર પછી* 1886*માં સાખી સમિતિ શરૂ કરી, તેના માધ્યમથી વિધવાઓને સહાય આપવાનું કાર્ય કર્યું. સ્વર્ણ કુમારી દેવી એવી મહિલાઓમાંના છે જેમને* 1890*ના કોંગ્રેસના અધિવેશનના મહિલા પ્રતિનિધિ તરીકે જોડાવવાનો અવસર મળ્યો.*

### 14.5.2 સરોજીની નાયડુ (1879 -1949)

*હૈદરાબાદમાં જન્મેલી કવયિત્રી, રાજનીતિજ્ઞ, નારીવાદી અને મહાન લીડર સરોજિની નાયડુ જે ભારતની કોકિલાના હુલામણા નામથી જાણીતી છે. પ્રથમ ભારતીય મહિલા જે કોંગ્રેસના અધ્યક્ષ તરીકે બિરાજમાન થાય છે. મહિલાઓના અધિકારો માટે તેમણે હંમેશ પોતાનો અવાજ બુલંદ કર્યો. તેઓ સ્પષ્ટપણે માનતા હતા કે રાષ્ટ્રવાદી હેતુઓને મહિલા મુક્તિ ચળવળોથી જુદા ન રાખી શકાય. તે સમાંતર પ્રક્રિયા છે. તેઓ વુમન ઈન્ડિયન એસોસિયેશન સાથે સંકળાયેલા હતા જે મહિલા સશક્તિકરણ માટે કામ કરતુ સંગઠન હતું.* 1917*માં સરોજિની નાયડુ અને એની બેસન્ટ અને અન્ય મહિલાઓનો એક મંડળ મહિલા મતાધિકાર માટે મોનટેગ્યુ(ભારતના રાજ્ય સચિવ)ને મળ્યા. જેના પ્રમુખ સરોજિની હતા. જેના પરિણામે* 1919 *ના મોનટેગ્યુ ચેમસફર્ડ સુધારામાં પ્રાંતીય પરિષદોમાં મહિલાઓને મતાધિકાર આપવામાં આવ્યો. આ ઉપરાંત તેમણે સવિનય કાનૂન ભંગ અને હિન્દ છોડો આંદોલનમાં સક્રિય રીતે ભાગ લીધો.*

### 14.5.3 સરલા દેવી (1871-1946)

*સ્વર્ણકુમારી દેવીની પુત્રી સરલા દેવી જે પાછળથી દેવી ચૌધરાણીના નામથી પ્રખ્યાત થયાં. તેમણે મહિલાઓના સન્માન અને રક્ષણ માટે કાર્ય કર્યું. તેઓ પણ ભારતી પત્રના સંપાદક રહ્યાં. આ પત્રના માધ્યમથી ભૌતિક સંસ્કૃતિનું અભ્યાન શરૂ કર્યું, જેમાં યુવા પુરુષો દ્વારા અતરંગ દળની સ્થાપનાનો આગ્રહ કર્યો જેથી અંગ્રેજ*

*અધિકારીઓ દ્વારા મહિલાઓની સાથે જે દુર્વ્યવહાર થતો હતો તે રોકવાનો પ્રયત્ન કર્યો. પ્રતિકાત્મક રૂપે ભારત માતાના માનચિત્ર પર હાથ રાખી તેઓ મહિલાઓના સન્માન રક્ષણ માટે પ્રતિજ્ઞા લેવડાવતા અને રાખડી પણ બાંધતા.*

*તેમણે 1903માં ઉદયાદિત્ય વ્રત અને વિરાષ્ટમી વ્રત શરૂ કર્યા. આ બંને વર્તન શોધક એ જ હતા. 1910માં તેમણે ભારત સ્ત્રી મહામંડળની સ્થાપના કરી, જેનો મુખ્ય ઉદ્દેશ સ્ત્રી શિક્ષણનો પ્રસાર કરવાનો હતો. મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે હસ્ત શિલ્પના કેન્દ્રો પણ ઊભા કર્યાં.*

### 14.5.4 પંડિતા રમાબાઈ (1858-1922)

*મહારાષ્ટ્રના ગંગાનગર જિલ્લામાં જન્મેલી પંડિતા રમાબાઈએ પૂનામાં આર્ય મહિલા સમાજની સ્થાપના કરી. 1882માં ભારતીય શિક્ષાની સ્થિતિ તપાસવા માટે જે આયોગ નિર્મિત થયું તેમાં તેઓને બોલાવવામાં આવ્યા.તેમણે અનેક સુધારાઓનુ સૂચન કર્યું ખાસ કરીને મહિલાઓના વિદ્યાલયોના નિરીક્ષણ માટે નિરીક્ષકો મુકવાની માંગ કરી ભારતીય મહિલાની ચિકિત્સક તપાસ મહિલાઓ દ્વારા જ થાય તે માટે મેડિકલ કૉલેજોમાં મહિલાઓની ભરતી કરવામાં આવે તેવી જોરદાર રજૂઆત કરી. ચર્ચા એટલી ઉગ્ર બની કે આ વાત રાણી વિક્ટોરિયા સુધી પહોંચી. અંતે તેમની વાતની અસરથી લેડી ડફરીને મહિલા ચિકિત્સા આંદોલનના રૂપમાં 1883માં રમાબાઈને ઈંગ્લેન્ડ પ્રશિક્ષિત થવા માટે મોકલવામાં આવ્યા. 1889માં તેમણે મુંબઈમાં શારદા સદનની સ્થાપના કરી જ્યાં બાળ વિધવાઓ માટે રહેવા તથા શિક્ષણની સગવડો આપવામાં આવતી.*

### 14.5.5 સાવિત્રીબાઈ ફુલે

*મહારાષ્ટ્રના સાતારા જિલ્લાની સવિત્રીબાઈ ફુલે મહિલાના શિક્ષણ અને અધિકાર માટે જીવનપર્યંત લડત આપતી રહી. તેમની શાળામાં દલિત વિદ્યાર્થિનીઓને નિશુલ્ક શિક્ષણ અપાતું. તેઓ ભારતની પ્રથમ અધ્યાપિકા બની. મહિલા શિક્ષા ઉપરાંત તેમણે દલિત ઉદ્ધાર પ્રવૃત્તિ અસ્પૃશ્યતા નિવારણ, બાળહત્યા રોકવાના પ્રયાસો કર્યાં. સાવિત્રીબાઈએ પૂણેમાં 18 શાળા માટે ખોલી. 1854માં વિધવાઓ માટે આશ્રમ ખોલ્યો. બાળલગ્નનો વિરોધ કર્યો. 1873 માં તેમણે સત્ય શોધક સમાજની સ્થાપના કરી. જેણે સમાજ સુધારણામાં મોટી ભૂમિકા ભજવી.*

## 14.6 ભારતમાં મહિલા અને કાયદો

*ભારતીય મહિલાઓની સ્થિતિ સુધારણામાં કાયદાએ બહુજ મોટી ભૂમિકા ભજવી છે. સમાજના ખોટા રીત રિવાજો હોય કે મુખ્ય પ્રવાહમાં થતાં અન્યાયો, એમની સામે રક્ષણ મેળવવા મહિલાઓ હંમેશા કાયદાની શરણે ગઈ. 1850 થી 1950ના સો વર્ષના ગાળામાં કેટલાક કાયદા બન્યાં. કેટલાક કાયદા ભારતીય શિક્ષિત વર્ગની માંગણી દ્વારા અમલી બન્યાં તો કેટલાક મહિલાઓની જાગરૂકતા અને પોતાના અધિકારો પ્રાપ્ત કરવા લડત અથવા આંદોલનોની* (Age of Consent Act, 1891) *ફળશ્રુતિએ પ્રાપ્ત થયા. સીમાચિન્હ રૂપી કાયદો 1829નો સતી પ્રથા પ્રતિબંધક કાયદો*

*હતો, જે રાજા રામમોહન રોયના પ્રયત્નોથી લોર્ડ વિલિયમ બેન્ટીક દ્વારા લાગુ કરવામાં આવ્યો. જેના થકી સતી પ્રથા ગેરકાયદેસર જાહેર કરવામાં આવી. આધુનિક વિશ્વમાં કાયદા દ્વારા અધિકારોનું ક્ષેત્ર વિસ્તૃત બન્યું પરંતુ મહિલાઓના સંદર્ભમાં તેની પ્રકૃતિ થોડી જુદી હતી. મહિલાઓ કાયદા બનાવવાની માંગ તો કરતી પરંતુ તેમના મનમાં કાયદાનું સ્વરૂપ અને રાજ્યની ભૂમિકા વિશે હંમેશા શંકા રહેતી. સમકાલીન રૂઢિવાદીઓનો વિરોધ પણ રહેતો. કેટલીક વખત તો તેનો દુરુપયોગ પણ થતો.* 1856*માં જ્યારે વિધવા પુનઃલગ્નનો ધારો પસાર કરવામાં આવ્યો ત્યારે તેનો એટલો દુરુપયોગ થયો કે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર તેમાં સંશોધન વિશે વિચારવા લાગ્યા. ત્યાર પછી* 1870*માં* Female Infanticide Prevention Act *(સ્ત્રી ભ્રૂણહત્યા નિવારણ કાયદો) - આ કાયદો અવધ ઉત્તર પશ્ચિમી પ્રાંતમાં પસાર કરવામાં આવ્યો.* Age of Consent Act, 1891 *(વય સંમતિ અધિનિયમ,*1891) *- આ ધારા અંતર્ગત ભારતમાં છોકરીઓની લગ્નની વય જે* 10 *વર્ષની હતી તે વધારીને* 12 *વર્ષની કરવામાં આવી.* 1929*માં બાળલગ્ન પ્રતિબંધ કાયદો પસાર કરવામાં આવ્યો, જે પ્રમાણે છોકરીઓની લગ્નની વય* 12 *વર્ષથી વધારી* 14 *વર્ષ કરવામાં આવી.*

*સંક્ષિપ્તમાં આટલું કહી શકાય કે મહિલાઓના આંદોલનોના પરિણામે અનેક કાયદાઓ બન્યાં, પરંતુ તેની સામે અનેક સમસ્યાઓ પણ આવી. જુદા જુદા સમૂહો વચ્ચે એક મત ઊભો ના થતાં તેની અમલવારીમાં મુશ્કેલી ઊભી થતી. એક જ વર્ગના લોકો વચ્ચે તેની કાર્યાન્વિત કરવા માટે સંઘર્ષ શરૂ થયાં, પરિણામે કાયદાની અગત્યતા ન જળવાઈ.*

## 14.7 તમારી પ્રગતિ ચકાસો

**એક વાક્યમાં ઉત્તર આપો**

1. *"સ્ત્રી જન્મતી નથી એને બનાવવામાં આવે છે" આ વિધાન કોનું છે?*

2. "SEXUAL POLITICS" *પુસ્તકના લેખિકા કોણ છે?*

3. *"જનાના" શું છે ?*

4. *સાખી સમિતિની રચના કોણે કરી ?*

5. *ભારતની 19મી સદી કોઈ પણ પાંચ મહિલા આંદોલનકારના નામ આપો.*

## 14.7 સારાંશ

*ભારતીય ઈતિહાસ તરફ દૃષ્ટિ કરીએ તો અનેક એવી સમસ્યાઓ જોવા મળશે જેની સામે મહિલાઓ સદીઓથી આંદોલન કરી રહી છે. સમાજમાં સન્માન પ્રાપ્ત કરવા,પોતાના અધિકારો મેળવવા,પોતાની સ્વતંત્રતા માટે, ઈચ્છિત જીવન જીવવા માટે, ન્યાય માટે, કુરિવાજો સામે, ખોટી માન્યતા સામે. આ લડતમાં ક્યારેક તે એકલી લડી છે તો ક્યારેક તેના સહાયક તરીકે બુદ્ધિજીવી પુરુષ વર્ગે તેના હિતો માટે અવાજ ઊઠાવ્યો છે પરંતુ દરેક સમયમાં સ્ત્રી જાગૃતિ માટે કોઈ પરિબળે અગત્યની ભૂમિકા ભજવી હોય તો તે શિક્ષણ હતું, જેના થકી સ્ત્રી પોતાના હક્કો પ્રત્યે જાગૃત બની અને તે મેળવવા માટે પ્રતિબદ્ધ બની. બ્રિટિશ કાળમાં સ્ત્રીના અધિકારો તથા સુરક્ષા માટે કેટલાક કાયદાઓ બન્યા પરંતુ સરકાર માટે તેને કાર્યાન્વિત કરવા મુશ્કેલ હતા કારણ કે સમાજનો એક મોટો વર્ગ તેની સાથે સહમત ન હતો. આવા સંજોગોમાં કાયદાની ઉપયોગિતા નહીવત રહેતી. આઝાદી પછી પણ અનેક કાયદાઓ બન્યા ક્યાંક એ કાયદાઓ સફળ રહ્યા તો ક્યાંક નિષ્ફળ. સમાજની વિચારધારા બદલાય તો જ આ કાયદાની ઉપયોગિતા રહે. જરૂર છે સમાજની વિચારસારણી બદલવાની, લોકજાગૃતિ લાવવાની તો જ સમાજ બદલાશે, મહિલાની સ્થિતિ બદલાશે અને દેશ પ્રગતિના પંથે આગળ વધશે.*

## 14.8 ચાવીરૂપ શબ્દો

- *નારીવાદઃ મહિલાને સમાજમાં પુરુષો જેટલા જ અધિકાર અને તકની પ્રાપ્તિ થવી જોઈએ એવો સિદ્ધાંત.*
- *જેન્ડર જસ્ટિસઃ સમાજમાં રહેલ દરેક વ્યક્તિને તેમની જાતી ઓળખને ધ્યાનમાં લીધા વગર સમાન તકો, અધિકારો અને સંસાધનોનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા છે તેવો ન્યાય.*
- *તેરીગાથાઃ બૌદ્ધ ધર્મના ભિક્ષુ અને ભિક્ષુણીઓ દ્વારા રચાયેલ પદ્ય રચનાઓનો સંગ્રહ (લગભગ 100 જેટલી ભિક્ષુણીઓની રચના એમાં સામેલ છે )*

- *મિશનરીઃ ખ્રિસ્તી ધર્મના પ્રચાર અર્થે વિદેશમાં મોકલવામાં આવતા વ્યક્તિ*
- *વય સંમતિ ધારોઃ એવો કાયદો જે ઓછામાં ઓછી લગ્નની ઉંમર નક્કી કરે કે જેમાં વ્યક્તિ કાયદેસર રીતે જાતીય પ્રવૃત્તિ માટે સંમતિ આપી શકે. બ્રિટિશ કાળમાં આ કાયદો* 1891*માં પસાર કરવામાં આવ્યો જેમાં બાળકીની લગ્નની વય* 10 *વર્ષ થી વધારી* 12 *વર્ષ કરવામાં આવી*
- *સતી પ્રથાઃ ભારતમાં પ્રચલિત પ્રથા જેમાં સ્ત્રી પોતાના પતિના મૃત્યુ પછી તેની ચિતાની સાથે પોતે પણ બળી જાય છે.*
- *રાણી વિક્ટોરિયાનો ઢંઢેરોઃ* 1858*માં મહાવિદ્રોહ પછી બ્રિટિશ રાણી વિક્ટોરિયા દ્વારા બહાર પાડવામાં આવેલું જાહેરનામું જેમાં બ્રિટિશરોની નીતિ અંગેની ચોખવટ કરવામાં આવી હતી*
- *શિફિલિશઃ બેક્ટેરિયા દ્વારા ફેલાતો એક ચેપી રોગ જે મોટાભાગે જાતીય સંપર્ક દ્વારા ફેલાય છે.*
- *થિયોસૉફિકલ સોસાયટીઃ મૂળ અર્થ* Divine wisdom *(દૈવી અધિકાર) સમાજ સુધારના માટેની સંસ્થા જેની સ્થાપના* 1882*માં મદ્રાસના ઓડિયારમાં કરવામાં આવી હતી. મૂળ અમેરિકાના કર્નલ આલ્કોટ અને મેડમ બ્લાવેસ્ટકિ દ્વારા* 1875*માં સ્થાપિત સંસ્થા. ભારતમાં તેનું નેતૃત્વ શ્રીમતી એની બેસન્ટે લીધું હતું. મૂળ ધર્મના મૂલ્યોને અપનાવવા તથા આંતરરાષ્ટ્રીય ભાતૃભાવના મૂલ્યોનો ફેલાવો કરવાના હેતુથી સ્થાપિત આ સંસ્થા એ ભારતમાં સુધારણા માટે કાર્ય કર્યું.*
- *રાષ્ટ્રવાદઃ પોતાના રાષ્ટ્ર પ્રત્યે વફાદારી, તેના માટે સર્વસ્વ ન્યોછાવર કરવાની ભાવના.*

## 14.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

(1) *સિમોન દી બુવા*

(2) *કેટ મિલેટ*

(3) *બંગાળમાં સ્ત્રી પ્રૌઢ શિક્ષણ માટેના કેન્દ્ર*

(4) *સરલા દેવી*

(5) *સુવર્ણકુમારી, પંડિતા રમાબાઈ, કલ્પના દત્ત, એની બેસન્ટ,સરોજની નાયડુ*

## 14.10 બહુ વૈકલ્પિક પ્રશ્નો

(1) *થેરીગાથા કયા ધર્મ સાથે સંકળાયેલ રચનાઓ છે ?*

(A) *હિન્દુ* (B) *બૌદ્ધ*

(C) *જૈન* (D) *શીખ*

(2) *સ્ત્રી શિક્ષણ સંબંધિત પુસ્તક સૌપ્રથમ ક્યારે પ્રકાશિત થયું ?*

(A)1918 (B)1919

(C)1920 (D)1921

(3) લેડીજ સોસાયટી ફોર નેટિવ ફિમેલ ઍજ્યુકેશનની સ્થાપના ક્યાં કરવામાં આવી ?

(A) મદ્રાસ (B) મુંબઈ

(C) કલકત્તા (D) દિલ્હી

(4) સવર્ણકુમારી દેવી નીચેનામાંથી કોના પુત્રી હતા ?

(A) વ્યોમેશચંદ્ર બેનરજી (B) રવીન્દ્રનાથ ટાગોર

(C) સચિન્દ્ર સાનયાલ (D) ભગવતી ચરણ

(5) 1890માં કોની પ્રેરણાથી મહિલાઓએ બંગાળમાં પરદા પ્રથા વિરૂદ્ધ આંદોલન ચલાવ્યું ?

(A) બ્રહ્મો સમાજ (B) આર્ય સમાજ

(C) પ્રાર્થના સમાજ (D) વેદ સમાજ

(6) ભગતસિંહ અને સુખદેવના ક્રાંતિકારી મહિલા સહાયક કોણ હતા ?

(A) મેડમ ભિખાજી કામા (B) સરોજીની નાયડુ

(C) ચારૂમતી (D) દુર્ગા ભાભી

(7) યુરોપિયન ક્લબ પર સશસ્ત્ર હુમલો કરનાર મહિલા ____________ હતા.

(A) કલ્પના દત્ત (B) સુહાસિની ગાંગુલી

(C) પ્રતિલતા વાડેડર (D) સાવિત્રીદેવી

(8) દેવી ચૌધરાની નામથી જાણીતી થયેલી મહિલા આંદોલનકારી _________

(A) સરલાદેવી (B) એસુમાતિ

(C) સુશીલાદેવી (D) હરદેવી

(9) મેડિકલ કૉલેજમાં મહિલાઓના દાખલાની પુરજોશ હિમાયત કરનાર ______ હતા.

(A) સરલા દેવી (B) એની બેસન્ટ

(C) પંડિતા રમાબાઈ (D) તારાબાઈ સિન્દે

(10) ____________ પ્રથમ મહિલા અધ્યાપિકા હતા.

(A) સાવિત્રીબાઈ ફુલે (B) બહિકાજી કામા

(C) ફાતિમા શેખ (D) આંસુયાબેન સરાબાઈ

## 14.11 સ્વાધ્યાય

1. *પ્રાચીન ભારતમાં મહિલાઓની સ્થિતિનો ચિતાર આપો.*
2. 20 *મી સદીમાં મહિલા આંદોલનોનું સ્વરૂપ વિગતે ચર્ચો.*
3. *શું કાયદાનું ઘડતર મહિલાઓની સુરક્ષા માટે પૂરતું છે - તમારા વિચારો જણાવો*
4. *બ્રિટિશ કાળમાં મહિલાઓના અધિકાર માટે રચાયેલા કાયદાની સમીક્ષા કરો?*
5. *સાવિત્રીબાઈ ફુલેનું સમાજ સુધારણામાં યોગદાન તપાસો.*
6. *ભારતમાં* 1850 *થી* 1950 *વચ્ચે કાર્યરત મહિલા સંગઠનોની માહિતી આપો.*

## 14.12 સંદર્ભ ગ્રંથ


1. *કુમાર, રાધા. અનુ. સિંહ, રમા શંકર, "સ્ત્રી સંઘર્ષ કા ઈતિહાસ* (1800-1950)*", વાણી પ્રકાશન, નવી દિલ્લી,* 2022
2. *શર્મા, પી. ડી. "મહિલા સશક્તિકરણ ઔર નારીવાદ", રાવત પબ્લિકેશન્સ જયપુર,* 2017
3. *ગાંધી, બી. એન. "મહિલા અને કાયદો", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,* 2010
4. *મહરોત્રા, દિપ્તી પ્રિયા."ભારતીય મહિલા આંદોલન-કાલ આજ ઓર કાલ", સંપૂર્ણા ટ્રસ્ટ નવી દિલ્લી*
5. https://www.hercircle.in/engage/g[a]-inspired/achievers/a-brief-history-of-women-rights-freedom-and-gender-equality-in-india
6. *કુમાર, રાધા, "સ્ત્રી સંઘર્ષ કા ઈતિહાસ", વાણી પ્રકાશન,* 2011.
7. https://www.biannica.com/biography/Sarojini-Naidu
8. https://www.biannica.com/biography/Savitribai-Phule

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ


**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**



978-93-5598-766-2